પારસી અંજોમનનાં ફંડો અને મીલકતોના ટરસ્તીઓ સામેના મુકદ્દમાનો ફેસલો.

નામદાર જજો મેસરસ ડાવર અને બીમને આપેલા જુદા જુદા ચુકાદા.

["મુંબઇ સમાચાર" ના તા૦ ૨૮ મી અને તા૦ ૩૦ નવેમ્બર ૧૯૦૮ ના અંકો ઉપરથી.

કીમત:— દહોડ આનો.

કોટમાં ફોર્બસ રોડપર નવા મોદીખાને આઇસનાં કારખાનાની સાંમે "મુંબઇ સમાચાર" છાપાખાનામાં પોતાને માટે કેખસરૂ માણેકજી બરજોરજી મીનોચેહેરહોમજીનાએ છાપીને છપાવેજ ઠેકાણે પ્રગટ કર્યું છે.

મુંબઇ.

પારસી અન્જોમનનાં ફંડો અને મીલકતોના ટ્રસ્તીઓ સામેના મુકદમાનો ફેંસલો.

નામદાર જજો મેશરસ દાવર અને બીમને વાંચેલા જુદા ચુકાદા.

જરથોશ્તી ધરમમાં વટલેલા જુદદીનને ટ્રસ્તીઓને હસ્તકનાં ફંડો અને મીલકતોનો લાભ ભોગવવા દઈ શકાય કે?

ટ્રસ્તીઓની નેમણુક કાયદેસરની છે કે?

નામદાર જજ મી૰ દાવરે બંનેનો નકારમાં વાલેલો જવાબ.

નવા ટ્રસ્તીઓની નેમણુક માટે એક યોજના ઘડાવવાનો તેમનો હોકમ.

ખરચને લગતો સવાલ.

બંને પક્ષોને ટ્રસ્તીઓને હસ્તકનાં ફંડોમાંથી તે આપવાનો નામદાર મી૰ દાવરનો હોકમ.

સર દીનશાહ માણેકજી પીટીટ, સર કાવસજી જેહાંગીર, મી૰ રૂસતમજી બેહેરામજી જીજીભાઈ, મી૰ રતનજી જમશેદજી તાતા, મી૰ બાપુજી સોરાબજી પટેલ, મી૰ રતનજી દાદાભાઈ તાતા અને ડાકટર નાનાભાઈ નસરવાનજી કાત્રકે મુંબઈની પારસી અનજોમનનાં ફંડો અને મીલકતોના કહેવાતા ટ્રસ્તીઓ સર જમશેદજી જીજીભાઈ, મી૰ હોરમજી અરદેશરજી આબબલેસ, મી૰ જમશેદજી ખરશેદજી જમશેદજી, મી૰ મેહેરવાનજી મનચેરજી કામા અને મી૰ બહમનજી દીનશાહ પીટીટ સામે એવું જાહેર કરાવવા માટે દાવો કરયો હતો

કે તેઓ કાયદાસર નેમાએલા ત્રસ્ટી નથી, ન વા ત્રસ્ટીઓ નેમવાની સતા મુંબઇની જરથોસ્તી અનજોમનની છે, ૧૮૮૪ ના વરસના ત્રસ્ટડીડમાં ત્રણ દખમા સગડીઓ અને નસાખાનાની આપવામાં આવેલી વીગતો નકામી છે; કોરટે જાહેર કરવું કે તેમના સંબંધમાં જે જાહેરનામા પ્રતીવાદીઓએ કહાડયાં છે તે નકામાં અને રદ બાતેલ છે, ૧૮૫૧ અને ૧૮૮૪ ના ત્રસ્ટડીડોમાં વરણવેલી મીલકતના વહીવટ માટે કોરટે એક યોજના ઘડવી, અને તેમને માટે લાયક ત્રસ્ટી નેમવા.

આ મુકદમાની તપાસ નામદાર જજો મેશરસ દાવર અને બીમન આગળ ગયા ફેબરવારી માસમાં નીકળતાં પ્રતીવાદીઓ તરફથી તપાસ માટે નીચે પ્રમાણેના પાંત્રીસ મુદા ઉભા કરવામાં આવયા હતા :—

તપાસ માટે ઉભા કરવામાં આવેલા મુ૰ા.

(૧) જરથોસ્તી શબદ યા મજદીયસની અંનજોમન શબદ કે જે દસ્તાવેજોમાં વાપરવામાં આવયો છે, યા ફરીઆદનામામાં જણાવવામાં આવયો છે, તે શબદોમાંના અરથમાં જરથોસતી ધરમમાં દાખલ કરવામાં આવેલા શખસો આવી જાય છે કે નહી?

(૨) મજકુર દસ્તાવેજોમાં એ શબદો વાપરવામાં આવયા છે તેમાં લેખીત બચાવના ૧૪ માં ફકરામાં જણાવેલા શખસો સેવાય બીજાઓ પણ આવે છે કે નહી અને જો આવતા હોય તો તેવા શખસો કોણ છે?

(૩) મોટી અને તવંગર સ્થાવર અને જંગમ મીલકતો ધરમ સંબંધી અને સખાવતી કામો માટે અને જરથોસ્તી ધરમ પાળતા શખસોના ફાયદા માટે આપવામાં આવી છે કે નહીં કે, જે શખસોમાં જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવેલા વટલેલો પણ સમાઇ જાય છે?

(૪) તા૰ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ માં કરવામાં આવેલું ડીડ ઓફ ત્રસટ એક નકારૂં છે કે નહીં અને તે મુજબ જે ત્રસ્ટ થયું છે તે ફરયાદનામામાં જણાવવામાં આવયા મુજબ ગેરકાયદાપુરવક છે કે નહી?

(૫) ૪ થી ડીસેમબર ૧૮૫૧ ને દીવસે જે ડીડ કરવામાં આવયું હતું તેમાં આપવામાં આવેલી સતા આ તદન ગેરવાજબી છે કે નહીં?

(૬) ૨૫ મી સપટેમબર ૧૮૮૪ ને દીવસે કરવામાં આવેલી ડીડમાંથી આપવામાં આવેલી સતા ફરીયાદના ૨ જા ફકરામાં જણાવયા મુજબ ગેરકાયકાપુરવક છે કે નહી?

(૭) સ્થાવર અને જંગમ મીલકતના ત્રસ્તીઓની સતા જે મજકુર બે ત્રસ્ટડીડોમાં આવી જાય છે તે હમેશાં મુંબઇના જરથોસ્તીઓમાં છે કે નહી?

(૮) મજકુર ડીડો યા તેમાંનું કોઇ પણ પારસી કોમમાંથી છુપાવવામાં આવયું હતું કે નહી અને તેની તપાસ લેવા દેવામાં આવી હતી કે નહી?

(૯) પારસી કોમ સામાનય રીતે અને વાદીઓ મુખયકરીને મજકુર ડીડની હઇયાતી વીશે ઘણા વરસો થયાં જણાતા હતા કે નહી? અને પારસી કોમના સભાસદો મજકુર ડીડો એકઝીકયુટ થયા પછી તેમની હસ્તી વીશે જાણતા હતા કે નહી.

(૧૦) વાદીઓનો દાવો જયાં સુધી મજકુર ૧૮૮૪ ના ડીડને સુધારવા માગે છે તયાં સુધી અને જયાં સુધી તે મજકુર જડીમાં આપવામાં આવેલી સતાને ચેલેનજી

કરે છે ત્યાં સુધી તેને લીમીટેશનનો બાધ લાગુ પડે છે કે નહી?

(૧૧) મજકુર ૨૫ મી સપટેમબર સને ૧૮૮૪ નું ડીડ એક્ઝીક્યુટ થવા આગમચ કાંઇ સ્થાવર મીલકતોના વેલીડ ત્રસ્ટો થયાં હતા કે નહીં ?

(૧૨) તરસ્ટને લગતાં કાયદા ધયાનમાં લેતાં વાદીઓ કોઇ પણ ત્રસ્ટ જે ૧૮૮૪ના ડીડમાં આવેલા ત્રસ્ટની વીરૂધ હોય તે પુરવાર કરી શકે કે નહી સીવાય કે તેઓ કોઇ લંબાણથી મજકુર કાયદાની જરૂરીયાતોને સંતોષ આપી શકે.

(૧૩) પ્રતીવાદીઓ મજકુર બે ત્રસ્ટ ડીડમાં જણાયલી કોઇપણ મીલકતના કાયદા પુરવક ત્રસ્ટીઓ છે કે નહી?

(૧૪) મજકુર મીલકતોના કારોબારના સંબંધમાં કોઇપણ યોજના ઘડી કાઢવાની જરૂર છે કે નહી?

૧૫ ઉપલા ૧૮૮૪ ના ડીડમાંના ચોકસ ત્રસ્ટો ખોટી રીતે ડીકલેર કરવામાં આવયા છે કે નહી ?

(૧૬) મજકુર પલેનટના ૫, ૬, ૭, ૮, ૯, ૧૦ અને ૧૧ મા ફકરામાં જે તોહમતો મુકવામાં આવયા છે તે ખરાં છે યા નહીં ?

(૧૭) મજકુર ડીડનાં ત્રસ્ટો કોઇપણ રીતે બીજાં ચોકસ ત્રસ્ટોથી જુદાં પડે છે યા નહીં ?

(૧૮) જેમ પલેનટના ૧૨ મા ફકરામાં જણાવવામાં આવયું છે તેમ કોઇ પણ શખસ જે લેખીત બચાવના ૧૪ મા વરગમાં આવતો નહી હોય કોઇપણ વેળા ત્રસ્ટનો લાભ લેવાનો દાવો કરયો છે યા નહીં ?

(૧૯) ફરીયાદનામાના ૧૩ મા ફકરામાં જે સવાલો ઉઠાવવામાં આવયા છે તે સવાલો એક ફ્રેંચ બાનુ જે એક ફરીયાદીની મોહોરદાર થાય છે તેવણના જરયે સતી ધરમમાં દાખલ થવાથી ઉભા થતા હતા કે નહી ?

(૨૦) ફરીયાદનામાના ૧૬ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે લાગુ પડતાં છે કે નહીં ? મુખય કરી તેનો સંબંધ ૪ થા ફકરા સાથ સરખાવી જોતાં ? અને મજકુર તોહોમતોમાંના થોડાંક જે પ્રતીવાદીઓ સામે ચોકસ આરોપો મુકે છે તે ખરાં છે કે નહીં ?

(૨૧) ૧૮૮૪ ની ૨૫ મી સપટેમબરનું ડીડ વાદીઓ ઉપર પણ બંધન કરનારૂં છે કે નહી ?

(૨૨) પ્રતીવાદીઓ યા તેઓમાંના કોઇને પણ ત્રસ્ટીઓ તરીકેના ઓધા ઉપરથી ખસેડવા જોઇએ કે નહી કે જે મુજબ ફરીઆદનામામાં ભલામણ કરવામાં આવી છે?

(૨૩) લેખીત બચાવના ૨ જા અને ૩ જા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે યા નહી ?

(૨૪) આ ફરીઆદી માંડવાનું કે ૩ જા અને ૯ મા ફકરામાં જણાવવામાં આવેલા સીવાય કાંઇ વાજબી કારણ છે કે નહી અને જો નહી હોય તો જે દાદ માગવામાં આવી છે તે વાદીઓને આપી શકાય કે નહી ?

(૨૫) લેખીત બચાવના ૮ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે યા નહી.

(૨૬) ફરયાદનામામાં જે ચીજો જણાવવામાં આવી છે તેથી ફરીઆદીને ટકા

મળે છે કે નહી અને જો નહી મળતો હોય તો પછી વાદીઓને દાદ મળે કે નહી?

(૨૭) લેખીત બચાવના ૧૩ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે કે નહી?

(૨૮) લેખીત બચાવના ૧૪ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે યા નહી?

(૨૯) મજકુર ૧૮૫૧ અને ૧૮૮૪ નાં ડીડોની તવારીખ ખરી રીતે લેખીત બચાવના ૨૬ અને ૨૮ માં જણાવવામાં આવી છે કે નહી?

(૩૦) પ્રતીવાદીઓ ત્રસ્ટીઓ તરીકે મોટાં ફંડો જે ત્રસ્ટમાં આપવામાં આવયાં છે તે તેઓ ધરાવે છે કે નહી?

(૩૧) મજકુર ડીડો પ્રમાણે લાંબો વખત થયાં ચાલતું આવયું છે કે નહી અને તે બહાલ રાખવાં જોઇએ કે નહી?

(૩૨) પારસી કોમનો મોટો ભાગ મજકુર ડીડોને પસંદ કરે છે કે નહી અને તે જારી રાખવાં જોઇએ એવી તેઓ ઇચ્છા રાખે છે કે નહી અને તે રીતે અને તેઓ જારી રાખવાં જોઇએ તે નકી કરવા માટે મજકુર બીના ધયાનમાં રાખવી જોઇએ કે નહી?

(૩૩) લેખીત બચાવના ૩૧-૩૨ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે કે નહી?

(૩૪) લેખીત બચાવના ૩૬ મા ફકરામાં જે તોહોમતો મુકવામાં આવયાં છે તે ખરાં છે યા નહી?

૩૫ અને ૩૭ મા ફકરામાં જે તોહોમતો છે તે ખરાં છે યા નહી?

મુદાઓનો ચુકાદો.

આ મુદાઓની તપાસ લગભગ ચાળીસ દીવસ સુધી ચલાવવામાં આવી હતી અને તે પછી તેનો ફેંસલો આગમચથી જાહેર કરવા પ્રમાણે ગઇ પરમે નામદાર જજો મેથરસ દાવર અને બીમને કરયો હતો. તેઓ બંનેએ બે જુદા ચુકાદા તઇયાર કરયા હતા અને તે તેઓએ વાંચી સંભળાવયા હતા. તેઓએ એકમતે ઠરાવયું છે કે હાલના ત્રસ્ટીઓ ગેરકાયદે નેમાયલા છે, પોતાના વારેસ ત્રસ્ટીઓ નેમવાની જે સતા તેમને આપવામાં આવી છે તે ગેરકાયદેની છે, અને નવા ત્રસ્ટીઓ કાયદેસર નેમવાની એક યોજના તઇયાર કરવી. વધુ તેઓએ એમ ઠરાવયું છે કે એક જરથોસ્તી થયલા જુદદીનને પારસીઓનાં જે ધરમ ખાતાં અને ફંડો હાલના ત્રસ્ટીઓના કાબુ હેઠળ છે તેમનો ભોગવટો કરવાનો હક નથી. એટલું ઠરાવી ખરચ બંને પક્ષોને અનજોમનનાં ફંડોમાંથી આપવા હોકમ તેઓએ કરયો હતો.

નામદાર જજ મી૦ ડાવરનો ચુકાદો.

નામદાર જજ મી૦ દાવરે જુદા જુદા સવાલોની તપાસ બહુ લંબાણથી લીધા બાદ છેવટે પોતાની તરફથી ચુકાદો આપતાં જણાવ્યું હતું કે,

આ મુકદમાના સાત વાદીઓ મુંબઈની પારસી કોમના સભાસદો છે. તેઓ જરથોસ્તી ધરમ પાળે છે. પાંચ પ્રતીવાદીઓ પણ તેજ કોમના સભાસદો છે તથા તેજ ધરમ પાળે છે.

પારસીઓની તવારીખ.

હીંદમાંના પારસીઓ ઇરાનીઓની એક ટોળીથી ઉતરી આવેલાઓ છે, જેઓને આશરે બારસો વરસ ઉપર એસ્લામીઓએ ધરમને કારણે હેરાનગતી આપવાથી પોતાનું વતન છોડવાની ફરજ પડી હતી. ઉપલા ઇરાનીઓએ કોહીસ્તાનમાં તથા પાછળથી ઓરમજના ટાપુમાં આશરો લીધા પછી આખરે હીંદમાં પોતાનું વતન કીધું હતું તથા હાલમાં મુંબઈ તેઓનું મુખય વડું મથક છે.

હીંદમાં આવયા પછી તેઓએ પોતાના વડીલોના ધરમ મુજબ ચાલવાનું ચાલુ રાખયું છે અને જયાં પણ તેઓ મોટી સંખયામાં જઇ વસ્યા છે ત્યાં તેઓએ પોતાનાં ધારમીક કીયા કામો કરવા તથા બંદગી ગુજારવા માટે આતશબેહેરામો, અગીઆરીઓ તથા દરેમેહેરો બાંધી છે તથા પોતાનાં ધારમીક ફરમાનો મુજબ લાશોનો નીકાલ કરવા માટે દોખમાં બાંધયાં છે. તેઓની બંદગી કરવા માટેની જગયાઓ સાધારણ રીતે "ફાયર ટેમપલ" તરીકે તથા દોખમા "ટાવરસ ઓફ સાઇલનસ" તરીકે ઓળખાય છે.

પારસી બોલ પારસ અથવા ફારસ નામના ઇરાનના એક પ્રાંત ઉપરથી નીકળેલો છે, જે પ્રાંતમાંથી હીંદમાં અસલી આવી વસનારાઓ આવયા હતા. જ્યાં પણ પારસીઓ મોટી કે નાની સંખયામાં જઇ વસ્યા છે ત્યાં તેઓ હમેશાં પોતાની જુદી કોમ તરીકે રહયા છે અને તે સબબે આપણે મુંબઈની, સુરતની, નવસારીની તથા આખાં હીંદનાં કેટલાંક બીજાં મથકો ખાતેની પારસી કોમો જોઇએ છીએ. હાલના દાખલામાં કોર્ટને મુંબઈની પારસી કોમ સાથે નીસબત છે.

મુંબઈમાં પારસીઓનો શુરૂઆતનો વખત.

પારસીઓ પહેલાં કયારે આવી મુંબઈમાં વસ્યા તેની કોઇ સબાધાર નોંધ નથી પણ આટલું તો નકી લાગે છે કે, સને ૧૬૬૮માં શાહજાદી કેથેરાઇન ઇંગલંડના બીજા ચારલસ રાજા સાથે પરણી ત્યારે પહેરામણી તરીકે મુંબઈનો ટાપુ પોરચુગીઝોએ અંગ્રેજોને આપી દીધો તેની કેટલોક વખત આગમચ તેઓની નાની સંખયા એ ટાપુમાં આવી વસી હતી. તેઓએ મુંબઈમાં વસવાટ કરવાનું ચાલુ રાખયું, તેઓની સંખયા વધી તથા તેઓ ઘટતા વખતમાં એક આબાદ અને સારી રીતે નીભેલી કોમ તરીકે અંગ્રેજી અમલ હેઠળ રહેવા લાગયા. તેઓએ પોતા માટે ઘણાં આતશબેહેરામો બાંધયાં તથા કોમની વધતી જતી જરૂરીયાતોને પહોંચી વળવા માટે વખતોવખત દોખમાં બાંધતા ગયા. પોતાની કોમના સભાસદો માટે તેઓએ ઘણાં સખાવતનાં ફંડો તથા ખાતાંઓ સ્થાપયાં તથા પારસી કોમ જેમ સંખયા તથા આબાદીમાં વધતી ગઇ તેમ તેઓનાં સખાવતી ખાતાં તથા ફંડો વધારે પઇસાદાર તથા વીશાળ બનયાં. હાલમાં મુંબઇમાં ફકત કોમના લાભ માટે ઘણી કીમતી સ્થાવર મીલકતો સખાવતમાં આપવામાં આવી છે તથા ધારમીક અથવા જાહેર કામની સખાવત માટે નગદ રકમનાં અથવા જામીનગીરીઓવાળાં ફંડો ત્રેપન લાખ રૂપયાથી વધુ જેટલાં થાય છે. આ મીલકતો અને ફંડો આ મુકદમાના પાંચ પ્રતીવાદીઓના કબજા તથા વહીવટ હેઠળ છે. આ મીલકતો તથા ફંડો કોમના સભાસદોમાં કરવામાં આવેલાં જાહેર ઉઘરાણાંથી અથવા તો તેઓના જુદા જુદા સભાસદોએ આપેલી બખશેશો અથવા વસીયતનામામાં ફરમાવેલી રકમોથી હસ્તીમાં આવયાં હતાં. વાદીઓ સામાનય રીતે પોતાની કોમમાં પારસી પંચાયતની મીલકતો તથા ફંડોના ત્રસ્તીઓ તરીકે ઓળખાય છે. તેઓની આગળ થઇ ગયલા ત્રસ્તીઓનાં રાજીનામાં કે મરણથી જગયા ખાલી પડતાં તેઓ બધાઓની તે ઉપર નેમણુક કરવામાં આવી છે અને તેઓ એવી ખાલી જગયા પડે તયારે તે પુરવાની પોતાને સતા હોવાનો દાવો કરે છે.

વાદીઓની અરજ.

આ મુકદમામાં વાદીઓ એવી તકરાર લે છે કે, પ્રતીવાદીઓ કાયદેસર ત્રસ્તીઓ નેમાયા નથી. તેઓ એવી તકરાર લે છે કે, તેઓની તુરતના આગમચના ત્રસ્તીઓ પણ કાયદેસર ત્રસ્તીઓ હતા નહી અને તેઓને પ્રતીવાદીઓને નેમવાનો હક હતો નહી. તેઓ એવો દાવો કરે છે કે પારસી પંચાયતને લગતાં આ સખાવતી ફંડો તથા મીલકતોના ત્રસ્તીઓની નેમણુક કરવાનો હક હમેશા મુંબઇનાં જરથોસ્તીઓનાં સામાનય મંડળના હાથમાં રહેલો છે તથા ત્રસ્તીઓ આ સતા ખુંચવી લઇ જોકે તેઓને કાયદેસર હક હતો નહી તે છતાં તે કેટલોક વખત થયો વાપરતા આવયા છે. પોતાનાં ફરયાદનામામાં વાદીઓ કોઇ પણ પ્રતીવાદી સામે ગેરવરતણુક ચલાવવાનો કોઇ આરોપ મુકતા નથી પણ તેઓ એવો દાવો કરે છે કે ત્રસ્તીઓની નેમણુક કરવાનો હક મુંબઇના જરથોશતીઓનાં સામાનય મંડળના હાથમાં છે તથા તે હમેશા રહેતો આવયો છે, જેથી આવો હક આ મુકદમામાં જાહેર કરવો તથા તે નકી કરી આપવો. તેઓ એવું જાહેર કરવાની અરજ કરે છે કે પ્રતીવાદીઓ કાયદેસર ત્રસ્તીઓ નેમાયા નથી તથા ત્રસ્તીઓની નેમણુક કરવાનો હક મુંબઇના જરથોશતીઓનું સામાનય મંડળ ધરાવે છે. તેઓ એવી અરજ કરે છે કે ત્રસ્તીઓની નેમણુક કરવા તથા આ ફંડો અને મીલકતોનો ઘટતો કારોબાર ચલાવવા માટેની એક યોજના ઘડી કહાડવી.

પ્રતીવાદીઓ તરફથી આપવામાં આવતો જવાબ.

પ્રતીવાદીઓ મુકવામાં આવેલા આરોપ નાગાડે છે તથા એવી તકરાર લે છે કે આ મીલકતો તથા ફંડના તેઓ કાયદેસર ત્રસ્તીઓ નેમાયા છે તથા તેઓ દાવો કરે છે કે ત્રસ્તીઓની જેમ ખલી જગય પડે તેમ તે પુરવાનો તેઓને હક છે. તેઓ જણાવે છે કે અમારી આગળ ઓધો ભોગવી ગયલાઓને ખાલી જગયા પુરવાનો હક હતો તથા તેમ કરવાનું તેઓએ પચાસથી વધુ વરસ સુધી ચાલુ રાખયું હતું તથા તેઓ એવી તકરાર લે છે કે આટલાં બધાં વરસ થયાં આ ગોઠવણ સંતોષકારક માલમ પડી છે, જેથી તેને હરકત કરવી જોઇતી નથી તથા ત્રસ્તીઓની નેમણુંક કરવા અથવા તો ત્રસ્ટની મીલકતો અને ફંડોના કારોબાર ચલાવવા માટે કોઇ પણ યોજના ઘડવી જોઇતી નથી. આ મુકદમાની પેહલી શાખા છે.

જરથોસ્તી ધરમનું ફરમાન.

મુકદમાની બીજી શાખામાં વધારે મોટી અગતના મુદાઓ ઉભા થાય છે તથા તેણે મુંબઇની પારસી કોમમાં ભારે ચકચાર તથા ઉચકેરણીને જનમ આપયો છે. વાદીઓ જણાવે છે કે જરથોશતી ધરમ જુદદીનોને એ ધરમમાં વટલાવવાની પરવાનગીજ આપતો નથી પણ તેવું ફરમાવે પણ છે. તેઓ એવો દાવો કરે છે કે પ્રતીવાદીઓના હાથમાં હાલમાં જે મીલકતો તથા ફંડો છે તેમાંનાં કેટલાંક તેઓના સથાપનાર અથવા સખાવત કરનાર આસામીઓએ ફુલ જરથોશતીઓને અસલ અરપણ કીધાં હતાં તથા બધા જરથોશતીઓ કે જેમાં જેઓ પારકા ધરમમાં જનમયા હોય તથા પાછળથી એ ધરમમાં વટલયા હોય તેઓને એ ફંડો તથા મીલકતનો ઉપગોગ કરવાનો તથા લાભ મેળવવાનો હક છે. આ મીલકતોમાંથી જે મીલકતો પારસી ધરમમાં વટલેલાઓ સુધાં બધા જરથોશતીઓના ઉપયોગ તથા લાભ માટે આપવાનો એરાદો રાખવામાં આવેલી મીલકતો તરીકે વાદીઓએ ચુંટી કહાડી છે તે વાલકેશ્વર ખાતેનાં પાંચ દોખમાઓ, આ દોખમાના સંબંધમાં ઉભી કરવામાં આવેલી તથા નીભાવવામાં આવતાં કેટલાંક સગડીઓ અને નસાખાનાઓ તથા આદારા અગીયારી છે. તેઓ એવો પણ દાવો કરે છે કે એવા વટલેલોને દોખમામાં ફુલે રવાનોને અવલમંજલ પહોંચાડવાનાં ફંડમાં ભાગ પાડવાનો તથા તેમાં લાભ લેવાનો હક છે. તેઓ વધુ તકરાર લે છે કે તેઓનાં ફરયાદનામામાં જણાવવામાં આવેલાં તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪નાં ત્રસ્ત ડીડમાં ત્રસ્તને લગતો ખોટો ખોલાસો આપયો છે અથવા તો તે ખોલાસાનો પ્રતીવાદી વાદીઓ જે અરથ ઉઠાડે છે અને તેઓ એવું જાહેર કરવાની કોરટને અરજ કરે છે કે ત્રસ્ટ ડીડમાં સમાવેલાં ત્રસ્તો, જયાં સુધી કમમાં કમ ત્રણ દોખમાં, સગડીઓ, નસાખાનાઓને લાગુ પડે છે તે ગેરકાયદેસર

અને રદ એ બાબતમાં છે કે તેઓ અસલ ત્રસ્તોથી જુદાં પડે છે તથા તેઓ એવી અરજ કરે છે કે જે ખરેખરાં ત્રસ્તોની રૂએ આ મીલકતો ધરાવવામાં આવી છે તે નક્કી કરવાં તથા જાહેર કરવાં.

જુદદીનોને ધરમમાં વટલાવવાનું ફરમાન.

સને ૧૮૮૪ નાં ત્રસ્ત ડીડમાં સમાવવામાં આવેલાં ત્રસ્તોમાં જણાવેલી વીગતો ગેરકાએદેસર અથવા રદ છે એવું સ્વીકારવાને પ્રતીવાદીઓ ના પાડે છે તથા ત્રસ્તમાં જણાવેલી આ વીગતો અસલી વીગતોથી જુદી છે એવું સ્વીકારવાને પણ તેઓ ના પાડે છે. તેઓ એવી તકરાર લે છે કે દરેક મીલકત તથા ફંડના સ્થાપક અથવા નાણું ભરનારનો એરાદો એ હતો કે જરથોસ્તી ધરમ પાળતી પારસી કોમને અને નહી કે એ ધરમમાં વટલેલા શખસોને તેનો લાભ આપવો—એવા વટલેલા કોઇ પણ વખતે સખાવત કરનારાઓના ધયાનમાં હતા નહી. અમો આગળ પ્રતીવાદીઓએ એવી તકરાર લીધી છે કે જોકે જરથોસ્તે ફેલાવેલા ધરમમાં વટલાવવાનો એરાદો રાખવામાં આવયો હતો તે છતાં પારસીઓ હીંદમાં આવઃ વસ્યા ત્યારથી તેઓએ કદી જુદદીનોને પોતાના ધરમમાં વટલાવવાની કોશેશ કીધી નથી અથવા તો તેઓને વટલાવાનું ઉતેજન આપયું નથી તથા જેઓએ ધારમીક ખાતાં અથવા ફંડો સ્થાપયાં છે અથવા તેમાં નાણું ભરયું છે તેઓએ કોઇ પણ જુદદીનને જરથોશતી ધરમમાં વટલાવવામાં આવશે તથા તે એવાં ખાતાં અથવા ફંડોનો ઉપયોગ કરવા અથવા લાભ મેળવવાની કોશેશ કરશે એવો ખીઆલ કીધો હતો નહી. તેઓ એવી તકરાર લે છે કે જોકે એક મીલકત અથવા ફંડ જરથોસ્તીઓ, માજદીયશનીનો, જરથોસ્તી અનજુમન, ઝોરાસ્ત્રીયન અનજુમન અથવા એવાજ બીજા સામાનય બોલોમાં કોમને અરપણ કરવામાં આવયું હોય તે છતાં એવા બોલોનો ઉપયોગ કરવામાં સ્થાપકોનો એરાદો જરથોશતી ધરમ પાળતા ફક્ત પારસી કોમના સભાસદોને તેનો લાભ આપવાનો હતો અને જેઓ પારસી કોમની બાહેર જનમયા હોય પણ પાછળથી જરથોશતી ધરમમાં વટલ્યા હોય તેવા શખસો એ ધારમીક ખાતાંઓના સ્થાપકોના ધયાનમાં પણ હતા નહી. પોતાનાં સખીત જવાબનામાંના ચઉદમા ફકરામાં પ્રતીવાદીઓએ પારસી કોમના સભાસદો કોણ કહેવાય તથા એવા સભાસદો તરીકે કોમના તરેહવાર સભાસદોએ સ્થાપેલાં તથા મદદ કીધેલાં સખાવતી ફંડો તથા ખાતાંઓનો લાભ મેળવવાનો કોણને હક છે તે ખુલા શબદોમાં જણાવયું છે. તેઓ પેહેલવેહેલાં એસ્લામીઓના જુલમાટને સબબે હીંદમાં આવેલા અસલ ઇરાનીઓથી ઉતરી આવેલાઓ છે, કે જેઓ જરથોશતી ધરમ પાળે છે તથા બીજા જે જરથોશતી ઇરાનમાં રહયા હતા પણ જેઓ હીંદમાં આવી થોડા વખત સુધી અથવા કાયમના અહીંઆં રહે છે અને જરથોશતી ધરમ પાળે છે તેઓ છે. આ બે વરગો ઉપરાંત તેઓ જણાવે છે કે એક ત્રીજા વરગના શખસોના સંબંધમાં અપવાદ રાખવામાં આવયો છે. તેઓ જુદદીન માતા તથા પારસી પીતાને પેટે અવતરેલાં છોકરાંઓ છે. જોકે આ વરગની તરફેણમાં અપવાદ રાખવામાં આવયો છે તે છતાં તેઓ જણાવે છે કે છેક અસલના વખતથી પારસી કોમ એ અપવાદ તરફ પસંદગી બતાવતી નથી તથા પ્રતીવાદીઓ ઉમેરે છે કે અસલના વખતથી ચાલતા આવેલા રેવાજને માન આપી પારસી પીતાઓનાં એવાં છોકરાંઓના હક સામે અમે વાંધો લીધો નથી. પણ આ વરગ ઘણો નાનો છે.

બંને પક્ષોની તકરાર.

આ મુકદમાના પક્ષોની તકરાર ટુંકમાં આ છે. આ મુકદમો દીવાની વહીવટના કાયદાની ૫૩૯ મી કલમ મુજબ માંડવામાં આવયો છે તથા તે માટે એડવોકેટ—જેનરલની બહાલી મેળવવામાં આવી છે. મારી પાટી ઉપર આ મુકદમો આવયો તે પછી વાદીઓના ધારાના હેમાયતીએ ૬૩ મી કલમ મુજબ મને એવી અરજ કીધી કે મારે નામદાર વડા જજને રીપોર્ટ કરવો કે આ મુકદમો બે જજોએ સાથે મળી સાંભળવાનું સલાહકારક થઇ પડશે. આ અરજની સામે પ્રતીવાદીઓનો ધારાનો હેમાયતી થયો હતો નહી. ઉપલી અરજીની નેમ એ હતી કે આ દેશમાં અપીલ કરવાનો ખરચ તથા મેહેનત બચાવવી તથા બંને જજો એકમતે ચુકાદો આ

યે અને તે સામે કોઇ પણ પક્ષ અપીલ કરવા માગે તો તેણે સીધી પ્રીવી કાઉનસીલને અપીલ કરવી. આ મુકદમામાં સમાયલા કેટલાક મુદાઓની અગત તરફ જોતાં બે જજોએ આ મુકદમો સાંભળવાની દરખાસ્ત મેં આવકારદાયક લેખી અને તેથી ઉપલી અરજની મેં વડા જજને ખબર આપી, જેણે મારી સાથે મારા બાઇબંધ નામદાર જજ મી૦ બીમેનને મુકદમો સાંભળવા માટે મુકરર કીધા. હું આગળ ચલાવું તે આગમચ આ મુકદમાની લાંબી સુનાવણી વેળા અમો સનમુખ રજુ કરવામાં આવેલી જુબાની દાખેલ કરવા જેવી તથા મુકદમા સાથે લાગતી વળગતી છે કે કેમ તેના સંબંધમાં ઉભા થયેલા ઘણા ગુંચવાડા ભરેલા સવાલોનો ફડચો કરવામાં તેઓ તરફથી મળેલી કીમતી મદદનો હું આભારની લાગણી સાથે સ્વીકાર કરૂં છું તથા આ મુકદમામાં તેઓ સાથે બેસવામાં ખાસ માન મળેલું સમજું છું. હું ધારૂં છું કે અત્રે આ કહેવાની પણ જરૂર છે કે અમો સનમુખ રજુ કરવામાં આવેલી જુબાની દાખેલ કરવાજોગ તથા મુકદમાને લગતી છે કે કેમ તેનો નીરણય કરતાં અમોએ જુબાનીને લગતા કાયદા તથા જુબાનીના નીયમોનો ઉદાર રીતે અર્થ કીધો છે—ઘણાખરા દાખલાઓમાં જે જુબાની રજુ કરવામાં આવી છે તે સ્વીકારી છે—કારણકે અમને લાગયું છે કે, એક મુકદમાનો છેવટનો ફડચો પારકા મુલકની અદાલત કરનાર છે તયારે જુબાની નોંધી પોતાને ઘટતું લાગે તેમ તે સ્વીકારવા અથવા રદ કરવાનું તે છેવટની અદાલતની મુનસફી ઉપર છોડવું.

મુકદમામાં સમાયલા બે મુખય સવાલો.

જોકે તે તપાસ વેળા ઘણા મુદાઓ ઉભા કરવામાં આવયા હતા તથા ઓછી વધતી અગતની ઘણી બાબતો ઉપર અમો સનમુખ તકરાર ચલાવવામાં આવી હતી તે છતાં અમને લાગે છે કે, આ મુકદમામાં નીચના બે મુખય સવાલો સમાયલા છે :—

(૧) પારસી પંચાયતની મીલકત તથા ફંડના પ્રતીવાદીઓ કાયદેસર ટ્રસ્ટીઓ નેમાયા છે કે; તથા તેઓમાંના એક અથવા વધુનું રાજીનામું અથવા મરણ વેળા ખાલી જગયા પડતી જાય તેમ તે પુરવાનો તેઓને હક છે કે?

(૨) બીજા ધરમમાં જનમેલા શખસને પાછળથી જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવે તથા તે ધરમમાં લેવામાં આવે તેને દાવામાં જણાવવામાં આવેલાં તથા હાલમાં પ્રતીવાદીઓમાંના સ્વાધીનમાંનાં તથા વહીવટ હેઠળનાં ધારમીક ખાતાં તથા ફંડોનો લાભ મેળવવાનો હક છે કે?

પ્રતીવાદીઓના લેખીત જવાબમાંના ચોથા ફકરામાં એવી તકરાર લેવામાં આવી છે કે, એવું કહેવામાં આવયું નથી કે, ફરીઆદનામામાં જણાવવામાં આવેલી ઘણી મીલકતોમાં વાદીઓના હક ના પાડવામાં આવયા છે તથા તેટલા માટે તેઓ એવી અરજ ગુજારે છે કે, ફરીઆદનામામાં ફરીઆદીઓને ફરીઆદ લાવવાનો કાંઇ સબબ જોવામાં આવતો નથી. પોતાના ભાષણ વેળા મી૦ એંગમેને આ બાબતમાં લંબાણથી તકરાર લીધી હતી. તેણે એવી તકરાર લીધી હતી તથા હું ધારૂં છું કે, ઘણાં વજુદથી તે લીધી હતી કે, વાદીઓ બધા પારસી કોમના તથા જરથોસ્તી ધરમ પાળતા સભાસદો તથા વાદીઓને હસ્તકનાં બધાં ખાતાં, મીલકતો તથા ફંડોમાં લાભ લેવાના તેઓના હક વીશે કોઇ પણ વેળા સવાલ ઉઠાવવામાં આવયો નથી તથા તેથી મુકદમાની બીજી શાખાને લાગેવળગે છે ત્યાં સુધી તેઓને પોતાનો મુકદમો ચલાવવાનો હક નથી. જે સંજોગો વચે આ મુકદમો માંડવામાં આવયો તે ધયાનમાં લેતાં આ તકરારનું મુસ્તકીમપણું વધુ સ્પષ્ટ માલમ પડશે.

મુકદમો માંડવાના સંજોગો.

સને ૧૯૦૩ માં મુકદમાના છઠા વાદી મી૦ આર૦ દી૦ તાતા પેરીસમાં એક ફ્રેંચ બાનુ સાથે પરણયા હતા. તેઓ તેણીને મુંબઇ લાવયા તથા એક શેહેનશાહી મોટા ધરમગુરૂ દસ્તુર કઇખશરૂ જામાસ્પજી પાસે તેણીની નવજોતની કીયા કરાવી તથા તેમ કરી તેણીને સુદરેહ કુશતી પેહેરાવયો, કે જે જરથોસ્તી ધરમ પાળનારાઓની બાહેરની નીશાની છે. તે પછી પારસીઓના રીતરેવાજ મુજબ તેઓએ તેણી સાથે પોતાનાં લગનની કીયા કરાવી. તે પછી તેઓએ દાવો કીધો કે, મારી સ્ત્રી પારસી થઇ છે તથા જરથોસ્તી ધરમ પાળે છે તથા તે સબબે પારસીઓનાં બધાં સખાવતી અને ધારમીક ફંડો અને ખા

તેઓમાં લાભ લેવાનો તેણીને હક છે. તેઓએ એવો દાવો કીધો કે, તેણી બીજા હકો ઉપરાંત બધાં આતશબેહેરામોમાં દાખલ થવાનો હક ધરાવતી હતી તથા તેણીનાં મરણ બાદ પોતાની લાશને દોખમે લઇ જવામાં આવે એવી માગણી કરવાનો હક ધરાવતી હતી. આથી પારસી કોમના મોટા ભાગમાં ભારે ગડબડ ઉભી થઇ. તેઓમાં કમીટીઓ નેમવામાં આવી, જાહેર સભા ભરવામાં આવી તથા ભેગી મળેલી એક સામાનય સભામાં પારસી કોમે ઠરાવ કીધો કે, એ બાનુને તેણીને માટે જે હક ઇલાકા મેળવવાનો દાવો કરવામાં આવતો હતો તે મેળવવાનો હક હતો નહી. પ્રતીવાદીઓએ આ વેળા ચોકસ જાહેરનામાં બાહેર પાડયાં, જે ઉપરથી એક બાજુએ મી૦ તાતા તથા તેઓના સોલીસીટરો અને બીજી બાજુએ પ્રતીવાદીઓ વચ્ચે પત્રવેહેવાર ચાલયો. આ પત્રવેહેવાર ફરયાદનામાં સાથે જોડવામાં આવયો છે તથા તે ઉપર "એ" નીશાની કરવામાં આવી છે તથા આ મુકદમામાં "એકઝીબીટ એ ૭૮" તરીકે નોંધવામાં આવયો છે. આ પત્રવેહેવાર ૧૯૦૫ ના મે તથા જુન માસમાં ચાલયો હતો. મુકદમો નવેમબર ૧૯૦૬ માં માંડવામાં આવયો હતો. એવું જણાય છે કે, આ મુકદમો નોંધાવયાની આગમચ ત્રસ્ટીના ઓધા ખાલી પડતાં ત્રસ્તીઓએ પોતેજ પુરવાનો રેવાજ હતો તે તરફ પારસી કોમના કેટલાક સભાસદો અણગમાથી જોતા હતા. મુકદમાના બીજા વાદીઓ કોમના સભાસદોમાંના કેટલાક છે, કે જેઓ પ્રતીવાદીઓ કાયદેસર ત્રસ્તીઓ નેમાયલા છે કે તથા ખાલી પડેલી જગયા તેઓને પોતાને પુરવાનો હક છે કે કેમ તે વીશે શક ધરાવતા હતા. તેઓ છઠા વાદીના અંગત મીત્રો જણાય છે તથા તેની સ્ત્રી જે કમનસીબ સ્થીતીમાં મુકાઇ છે તે માટે દીલસોજી ધરાવતા હોવા જોઇએ. આ મુકદમો માંડવામાં તેઓ છઠા વાદી સાથે જોડાયા હતા, કે જે મુકદમાની નેમ છઠા વાદીની સ્ત્રીની તથા પ્રતીવાદીઓની ખરી સ્થીતી નકી કરવાની છે.

મીસીસ તાતાના લાભ માટે થયલી બધી ભાંજગડ.

મીસીસ તાતાની નવજોત તથા લગન પછી એક ઉતરતા વરગની રજપુત સ્ત્રી જેણીને પારસીથી છોકરાં થયાં હતાં તેણીએ પણ એજ રીતે સુદરેહ કુશતી પેહેરયો. આ મુકદમાની બીજી શાખા સાથે લાગેવળગે છે જયાં સુધી આખી લડત આ બે બાનુઓના સંબંધમાં ચલાવવામાં આવી છે. ખરૂં જોતાં લડત છઠા વાદીની ફ્રેંચ સ્ત્રીના સંબંધમાં ચલાવવામાં આવી છે. બીજી સ્ત્રીના સંબંધમાં અમે ઘણું થોડું સાંભળયું છે તથા તેણીનું નામ ખાલી અહીં તહીં દેવામાં આવયું હતું. મી૦ સ્ટ્રેંગમેને અમો સનમુખ તકરાર એ લીધી હતી કે, કોરટે પોતાના મારગથી વેગળા જઇ જે લોકોના હકો વીશે સવાલ અથવા તકરાર ઉઠાવવામાં આવી નહી હોય તેઓના ફરમાવયાથી જે લોકો કોરટમાં આવયા નહી હોય તેઓના હક ઇલાકા નકી કરવા જોઇતા નથી. તેણે હું ધારૂં છું કે, વાજબી રીતે તકરાર લીધી હતી કે, આ મુકદમાનો ચુકાદો ઉપલી બંને સ્ત્રીઓને બાંધી લેશે નહી તથા એ બાબતને લગતી પોતાની તકરારમાં પ્રતીવાદીઓ ફાવશે તો તેઓની સામે બીજો દાવો માંડતાં આ બે સ્ત્રીઓને અટકાવી શકાશે નહી. તેણે તકરાર લીધી હતી કે, આ બે સ્ત્રીઓ એકલીજ છે કે, જેઓના હકો ના પાડવામાં આવયા છે. તેઓ આ મુકદમામાં પક્ષકાર નથી તથા તેઓની ગેરહાજરીમાં અને તેઓની પીઠ પછવાડે તેઓના હકનો ફડચો કરવાને અમારે ના પાડવી જોઇએ છે. મેં આગળ જણાવયું છે તેમ પ્રતીવાદીઓના ધારાના હેમાયતીની આ તકરારમાં ઘણી વજુદ છે તથા તે સંભાળભરેલું ધયાન આપવા લાયક છે. આ તકરારો તે છતાં મુકદમાની બીજી શાખાને લાગુ પડે છે તથા આ ઇચછવાજોગ છે કે જુદદીનોના હકની તપાસ ઉપર આપણે આવયે તયાં સુધી એ બાબત ઉપર અભીપ્રાય આપવાનું મુલતવી રાખવું.

મુસાફરોએ આપેલું કલ્પીત વરણન.

અમો સનમુખની મુકદમાની સુનાવણી વેળા પક્ષકારો તરફથી લબાર લંબાણ મોઢેની જુબાની રજુ કરવામાં આવી હતી, તે ઉપરાંત એકઝીબીટ તરીકે સંખયાબંધ આચરયાં રજુ કરવામાં આવયાં છે તથા શબદકોષ, તવારીખ, એનસાઇકલોપીડીઆ તથા તરેહવાર મંડળોનાં ચોપાનયાં

એવી તરેહવાર ચોપડીઓમાંથી સંખયાબંધ ફકરા વાંચવામાં આવ્યા હતા. તે ઉપરાંત જુદે જુદે વખતે હીંદ તથા ઇરાનની મોલાકાત લેનારા મુસાફરોએ જે ખીઆલ બાંધ્યો હતો તેથી પણ અમને વાકેફ કરવામાં આવ્યા હતા. અમો સનમુખ વીવેચન કરવામાં આવેલા સવાલો ઉપર અમારૂં મત બાંધવામાં તે ઝાઝા મદદગાર થઇ પડયા હોય એવું મને લાગતું નથી. મુસાફરીને લગતી ચોપડીઓમાં આવેલી ટીકા ઘણીખરી તદન ભુલભરેલી તથા ખોટે રસ્તે દોરવનારી હતી. દાખલા તરીકે બે ચોપડીઓમાંથી અમો સનમુખ વાંચવામાં આવેલા ફકરાઓમાં છાપરાં સાથેનાં દોખમાનો કલપીત ચીતાર આપવામાં આવ્યો હતો, જેમાં સુવાડેલી ચાર લાશો ગીધો ખાતાં હોય તેવું બતાવવામાં આવતું હતું. કેપટન અલેકઝાનડર હેમીલટન નામના કોઇ એક શખસે લખેલી બીજી ચોપડીને ૧૬૧ મે પાને મેં નીચલો ફકરો વાંચ્યો હતો:—

જમણી કે ડાબી આંખ પેહેલી ઢુપવામાં આવે છે તેની તપાસ.

તેઓ (એટલે કે પારસીઓ) એક આંખ કહાડી લેવામાં આવે તયાં સુધી લાશ ઉપર આખો દીવસ નજર રાખે છે. જો ગીધ જમણી આંખથી ખાવાનું શરૂ કરે તો તેઓ ખુશી થઇ ખાણું લે છે. પણ જો ડાબી આંખથી શુરૂ કરે તો મરનારના આતમાનાં કમનસીબ માટે શોક અને વીલાપ કરે છે, કારણ કે જમણી આંખ સાથે ભવીષનાં સુખનો અને ડાબી સાથે મુસીબતનો સંબંધ રહેલો તેઓ માને છે.

આ બે દાખલા તથા ફકરો મેં આપ્યો છે તે અસલના વખતના પારસીઓના રીતરેવાજોનું સતાદાર વરણન આપતી ગણવામાં આવતી ચોપડીઓમાંથી અમો સનમુખ ઘણા ફકરાઓ વાંચવામાં આવયા છે તે કેવા ખોટા તથા ખીઆલી ફકરાઓ ધરાવે છે તેના નમુના રજુ કરે છે.

અમો સનમુખ એકઝીબીટ તરીકે રજુ કરવામાં આવેલા અસલી દસતાવેજો વધારે કામના છે. હાલમાં પોતાને મળી શકેલાં આધારમાંથી બંને પક્ષોએ આ મુકદમાનો ફડચો લાવવામાં અમને મદદ કરે એવાં તેઓને લાગેલાં આધારો બંને પક્ષે રજુ કીધાં છે. મેં એ દરેક એકઝીબીટ સંભાળ તથા ધયાનથી તપાસી છે તથા તેનો અભયાસ કરવામાં આ મુકદમો ખલાસ થયા પછી પડેલી બરમીની રજાનો મોટો ભાગ ગયો છે. મુકદમામાં દરેક એકઝીબીટ વીશે જુદો એશારો અથવા વીવેચન કરવાનું અશકય છે, જેથી હું વધુ અગતની થોડીક એકઝીબીટો વીશેજ બોલીશ. વળી આ બધી એકઝીબીટોનો સાથે સંભાળભરેલો અભયાસ કીધાથી હું ચોકસ નવેડાઓ ઉપર આવવાને શકતીવાન થયો છું કે, જે નીવેડાની ખરાંપણાં વીશે મને કાંઇ શક લાગતો નથી.

અમો સનમુખ ઘણા મુકદમાથી વેગળા જતા મુકદમાઓ ઉપર તકરાર ચલાવવામાં આવી હતી તથા તકરાર ચલાવતી વેળા સંખયાબંધ મુકદમાઓ કોર્ટમાં ટાંકવામાં આવયા હતા. આનો પણ અભયાસ કરતાં ઘણો વખત લાગયો છે પણ જે નીવેડા ઉપર હું આવયો છું તે જોતાં આ મુકદમામાંના ઘણા થોડાજ આપણી સનમુખના મુકદમામાં ઉભા થતા બે અગતના સવાલો સાથે સંબંધ ધરાવે છે.

ત્રસ્તીઓ તરીકેની પ્રતીવાદીઓની નેમણુક કાયદેસર ગણવાનો સવાલ.

આ બે મુખય સવાલોમાંના એક ઉપર હું હવે વીવેચન કરીશ. તે એ છે કે, પારસી પંચાયતની આલેકીનાં ફંડો તથા મીલકતો જે હાલમાં પ્રતીવાદીને સ્વાધીન છે તથા જેનો તેઓ વહીવટ કરે છે તેના તેઓ કાયદેસર નેમાયલા ત્રસ્તીઓ છે કે તથા પોતાના ઓધા ખાલી પડે તેમ તે પુરવાનો તેઓને હક છે કે?

આ સવાલનો ફડચો કરવાનો મુખય આધાર કોરટમાં નોંધાવવામાં આવેલાં આધારો ઉપર રહે છે. પ્રતીવાદીઓની હાલની સ્થીતીનો બરાબર ખીઆલ કરવા માટે ત્રસ્તીઓનું મંડળ કેવી રીતે પ્રથમ હસ્તીમાં આવયું તે જાણવાની જરૂર છે તથા તે માટે આગળ પારસી પંચાયતને નામે ઓળખાતું મંડળ કે જે હાલમાં હસ્તીમાં નથી તેનાં બંધારણ તથા સ્થીતીનો ખરો ખીઆલ મેળવવાની જરૂર છે. પંચાયતનાં મુળની તવારીખ તેની હયાતી તથા પાછળથી નીપજેલાં મરણ સુધીમાં થયલા ફેરફાર—અમો સનમુખ રજુ કરવામાં આવેલા આધારો ઉપરથી જોઇ શકાય

છે. આ જુબાની અહીંતહીંથીજ મળવી શકાઇ છે.

પંચાયતનો અરથ હું સમજું છું તેમ એક કોમ અથવા નાતના પઇસાદાર વગવાળા તથા ઉમરે પહોંચેલા આસામીઓનું બનેલું મંડળ છે. એવાં ખાતાંથી અસલી ઇરાનીઓ તદન બીનવાકેફ હતા. આ ખાતું શુધ હીંદી છે. ઇરાનથી પેહેલા હીંદમાં આવનારાઓ મોટાં દુખ તથા સંકટો વેઠયા પછી હીંદમાં આખરે શાંતીથી ઠરીઠામ થયા. હીંદુઓએ તેઓને મીત્રતાભરેલો આવકાર આપયો, જેના આભારમાં તેઓની લાગણી નહીં દુખવવાની પારસીઓ ભારે કાળજી રાખતા હતા. વખત પસાર થયો તેમ પોતાના હીંદુ ભાઇબંધોના રીતરેવાજો તેઓએ અખત્યાર કીધા તથા તેઓનાં કેટલાંક ખાતાંઓની નકલ કીધી. એવી રીતે નકલ કરવામાં આવેલું એક ખાતું પોતાની કોમના થોડાક અકાબરોની બનેલી કમીટીને બધા સંસારી તથા ધારમીક સવાલોને લગતાં કોમનાં કામનો વહીવટ ચલાવવાની સતા આપી ઉભું કરવામાં આવેલું મંડળ હતું. આવી કમીટી હીંદમાં ઘણા પુરાણા વખતથી પંચાયત તરીકે ઓળખાતી આવી છે. પોતાના હુકમો અને ફરમાનો મુજબ ચાલવાની ફરજ પાડવાનું પંચાયતના હાથમાં સરવથી બળવંત હથયાર હમેશાં નયાત બાહેર મુકવાનું જોવામાં આવે છે. નયાત બાહેર મુકવું એટલે કે, એક નાતનો સભાસદ જે લાભો મેળવવાનો હક ધરાવતો હોય તે છીનવી લેવો તથા બધા સંસારી મેળાવડાઓ અને ધારમીક કીયાઓમાંથી તેને બાતેલ રાખવો. આપણને હાલમાં મુંબઇમાં જે રીતની પારસી પંચાયત હસ્તી ધરાવતી હતી તેની સાથે કામ છે. પારસીઓ મુંબઇમાં ઠરીઠામ થવા લાગયા તથા તેઓની સંખયા વધતી ગઇ તયારે પોતાની કોમનો વહીવટ ચલાવવા માટે તથા કોમના કોઇ આસામીઓ સંસારી નઇતીક તથા ધારમીક ફરમાનોનું ઉલંઘન કરનારને જરૂર જણાય તો સજા કરવા માટે કોઇ સતાદાર મંડળ નેમવાની જરૂર માલમ પડી હતી. પારસીઓ પોતાને પોતાની આસપાસ જોવામાં આવતી સંખયાબંધ હીંદુ નાતોમાં એક જેવાજ પોતાને ગણવા લાગયા. સરકારી ઓચરીયાઓમાં તેઓને પારસી નાત તરીકે ઓળખવામાં આવતા હતા. (એકઝીબીટ એ૦ ૯૮) જોકે પંચાયત લાંબો વખત થયો કબરવાસ થઇ છે તથા જોકે અઢીસોથી વધુ વરસ પ યાં પારસીઓની નાની કોમ મુંબઇમાં આવી વસી હતી તે હમણા મોટી, પઇસાદાર, તથા લાગવગવાળી બની છે તે છતાં બધા વેહેવારૂ સબબોસર તે મુંબઇમાં પેહેલાં આવી વસી હતી તેવીજ રીતે રહી છે એટલે કે શેહેરમાંની ઘણી નાતોમાંની એક જેવી છે. એક નાતની પંચાયતનાં બંધારણનો એક અગતનો નીયમ એ છે કે એક મળેલી સભામાં આખી નાત તરફથી તેની ચુંટણી થવી જોઇએ. પારસી પંચાયત પ્રથમ કયારે હસ્તીમાં આવી તથા તેની પહેલાં કેમ ચુંટણી કરવામાં આવી તેના સંબંધમાં અમો સનમુખ કાંઇ ભરૂસેદાર જુબાની પડી નથી. પારસી પંચાયતના સંબંધમાં બોલતાં મરહુમ મી૦ દોસાભાઇ ફરામજીએ "પારસીઓની તવારીખ" નાં પહેલાં પુસ્તકને ૨૧૭ મે પાને જણાવયું છે કે પહેલી પારસી પંચાયતે પોતાનું બંધારણ પોતેજ કરયું હતું. આ વાત ફકત અનુમાન ઉપરથીજ જણાવેલી હોવી જોઇએ. બંને પક્ષોએ ઘણી શોધખોળ પછી અમો સનમુખ રજુ કીધેલાં ઓચરયાં આ અનુમાન ખોટું ઠરાવે છે. પંચાયત સજા કરવાની ચોકસ સતા ધરાવતી હતી તથા કોમના ગુનહેગાર સભાસદોને દંડ કરવા તથા સજા કરવાની તેને સતા હતી. એવી સતા તેઓને નાતની સંમતીથીજ મળી શકે તથા હું ધારૂં છું કે એવી સંમતી વગર ઉભાં થયલાં મંડળની સતા કોઇ પણ નાત સ્વીકારે નહીં. મારા ધયાનમાં આ વાત ઉતરતી નથી કે કોમના પાંચ દસ કે પંદર આસામીઓ તેમાં વળી જણાવે કે અમો હવે પંચાયત બનયા છીએ અને અમો કોમના સભાસદો ઉપર અમલ ચલાવીશું. હું નહીં ધારતો કે એવાં મંડળના હોકમને કોઇ પણ કોમ તાબે થાય. પંચાયતમાં મુખય તતવ એ છે કે આખી કોમકોમના મુખય વડાઓને સતા સ્વાધીન કરે. પંચાયતના સભાસદોની પાછળથી ચુંટણી કરવામાં આવતી હોયાની જુબાની રજુ કરનારાં અત્રે દાખલ કરવામાં આવેલાં ઓચરયાં ઉપરથી આ અનુમાન ખોટું પડે છે કે શુરૂઆતમાં એ મંડળ પોતાની મેળે ઉભું થયું હતું.

ખાસડાંનો માર.

આ બાબત ઉપર અમો સનમુખ સઘળી જુબાની રજુ કરવામાં આવી હતી, જેથી અમો સનમુખ રજુ કરવામાં આવેલાં ખબરમાં શું પુરવાર કરે છે તે જાણવા માટે આપણે થોડાંક અગતનાં ખબરમાંની તપાસ લઈશું. પંચાયત સને ૧૭૭૮ નાં વરસની અગાઉ આગમચ સ્થાપવામાં આવી હતી તે એટલા ઉપરથી માલમ પડશે કે ચોક્કસ પક્ષો પોતાને "મુંબઈની પારસી પંચાયતના મેનેજરો તરીકે ઓળખાવી ગવરનર હોરનબીને નીચલી ફરયાદ કરનારી" અરજી કીધી હતી:—"કેટલાક હલકા પારસીઓ અમારા ધરમનાં કાનુનોથી બીનવાકેફ છે તથા તેનું ઉલંઘન કરે છે." તેઓએ જણાવયું હતું કે અમો. એ રીતી અટકાવવાને આતુર છીએ પણ દર વખત કોર્ટને મેહેનત આપવા રાજી નથી. આથી અમો અરજ કરીએ છીએ કે પંચાયતમાં તેઓને "તેઓના ગુનાહ મુજબ ખાસડાંના માર મારી નામોશી લગાડવા માગય છીએ. તા૦ ૫ મી જુલાઈ ૧૭૭૮ ને દીને ગવરનર હોરનબીએ અરજદારોને બીજી ઉપરાંત એ સતા આપી હતી કે ગુનેહગારોને ખાસડાંવતી મારવા પણ તેઓને જણાવયું હતું કે તમારે તેઓનાં શરીર ઉપર બીજી કોઈ પણ રીતે મારફાડ કરવી નહી. આ અરજી તથા તેના જવાબની નકલ મી૦ ડોસાભાઈ ફ્રરામજીની ચોપડીનાં પેહેલાં પુસ્તકને ૨૧૯ મે પાને આપી છે. પંચાયતની સતા પહેલવહેલીવાર સતાવાર રીતે સ્વીકારવામાં આવેલી હોવાનો આ દાખલો છે.

૧૮૮૭ નાં વરસ આગમચ મોબેદોએ બેહેદીનોના છોકરાઓ સાથે પોતાની છોકરીઓ પરણાવવાની ના પાડયાથી તેઓ વચે પંચાતી ઉઠી હતી. તે એટલી બધી વધી ગઈ હતી કે સરકારને વચે પડી આ વાંધો પતાવવા માટે કમીશન નેમવાની જરૂર જણાઈ હતી. તેનું એક પરીણામ એ આવયું હતું કે સરકારે પારસી કોમને બાર મોબેદો તથા બાર બેહેદીનોનાં નામ આપવાને જણાવયું હતું, જેમાંથી છ મોબેદ તથા છ બેહેદીનોની તેણે ૧૭૮૭ માં પંચાયત નેમી હતી. પંચાયતની આખી તવારીખમાં પંચાયતના સભાસદો સરકારે નેમવાનો આ એક જ દાખલો માલમ પડે છે તથા આ વઢન બાલું છે કે સરકારને પારસી કોમમાં પડેલા મજબુત વાંધાને લીધે વચે પડવું પડયું હતું જે વાંધાને સબબે પારસીઓ પંચાયત માટે પોતાના સભાસદો નેમી શકે તેવું હતું નહી.

બાર બેહદીનો અને છ મોબેદોની આખી અંજોમને કરેલી નેમણુક.

પંચાયતના ઈતીહાસનો બીજો પુરાવો પરીશીષ્ટ "બી" ઉપરથી મળે છે. "આખી પારસી અનજોમન" ની તા૦ ૪ થી મારચ ૧૮૫૮ ને દીને મળેલી એક સભાના કામકાજની નોંધ અને ઠરાવો તેમાં છે. તેમાં બીજાંની સાથે એક ઠરાવ એવો કરવામાં આવયો હતો:—

"આજે અત્રે મળેલી આખી અનજોમન ઠરાવ કરે છે કેઃ—

આપણી કોમને લગતા સંસારી વાંધાઓ ઉભા થતાં તે સાંભળવા અને નીવેડો કરવા માટે બાર બેહદીનો અને છ મોબેદો મળી અઢાર શખસોની બનેલી પંચાયત હવેથી નેમવામાં આવશે. તે મુજબ નીચેના અઢાર ગ્રહસ્થોને પંચાયતના અધીકારીઓ તરીકે નેમવામાં આવે છે."

તે પછી સભામાં નેમવામાં આવેલા અઢાર શખસોનાં નામો આપવામાં આવયાં છે. ઠરાવની અગાઉ શુરૂઆતમાં કરવામાં આવેલાં લખાણ ઉપરથી દેખાય છે કે સને ૧૭૮૭ માં સરકારે નેમેલી પંચાયતના સભાસદો ગુજરવા પછી તેમની જગાએ તેમના પુત્રો આવયા હતા. પણ તેનો અરથ એવો કરી શકાય જે જગા રોકવાનો તેમને હક ન હતો તે તેમણે વગર જરૂરે રોકી હતી. નેમણુક કરવાનો હક અનજોમનને હતો અને આ બનાવમાં બનયું હતું તેમ તે આખી અનજોમનની સભામાં અમલમાં મુકવાનો હતો.

ચીન ગયલા સભાસદની આખા અનજોમને પુરેલી જગા.

પરીશીષ્ટ "સી" માં "મુંબઈની આખી પારસી અનજોમન (કોમ) ની તા૦ ૨૭ જુલાઈ ૧૮૧૮ ને દીને મળેલી બીજી સભાની મીનીટ છે. તે સભામાં ઠરાવ કરવામાં આવયો હતો કે નેમવામાં આવેલા

અદાર અધીકારીઓમાંના એક અંધયારૂ હોરમસજી દોરાબજી બસ્કરી વેપાર અરથે ચીન ગયલા હોવાથી તેમની જગાએ દસ્તુર એદલજી દોરાબજી સંજાનાને નેમવામાં આવે છે.

બેહેસ્તનશીન થયલા સભાસદોની પુરેલી જગા.

પરીશીષ્ટ " એ ૪૭ " બતાવે છે કે ખાલી પડેલી જગા સને ૧૮૨૩ માં મળેલી " આખી અનજોમન " ની બીજી સભામાં પુરવામાં આવી હતી. તે સભામાં ઠરાવ કરવામાં આવયો હતો કે:—

" વળી પારસી નવરોજી મેહેરજી અને પંથકી દોરાબદારૂ ફરામજી, જેઓ પંચાયતના સભાસદો હતા તેઓ બેહસ્તનશીન થયા છે. પંચાયતમાં બેસવા માટે ' આખી પંચાયાત ' પારસીઓ જમશેદજી જીજીભાઈ અને હોરમસજી દોરાબજીને પંચાયતમાં બેસવા નેમવામાં આવે છે—તા૦ ૧૫ મી ઓકટોબર સને ૧૮૨૩. "

આ ઠરાવની નીચે વાડીઆ બમનજી હોરમસજી અને કોમના છેંતાલીસ બીજા સભાસદોએ સહી કરી છે.

અનજોમનને પંચાયતના બે સભાસદોએ આપેલાં રાજીનામા.

પંચાયતની હસ્તી દરમીયાન બનેલો બીજો જાણવાજોગ બનાવ પરીશીષ્ટ " એ ૫૯ " ઉપરથી મળે છે. તા૦ ૮ મી જુન ૧૮૩૬ ને દીને, પંચાયતનાં કામકાજથી અસંતોષ પામેલા વાડીઆજી નવરોજજી જમશેદજીએ રાજીનામું આપતાં જણાવયું હતું કે:—

" આપણી કોમમાં હાલમાં ઘણી અયોગ્ય ચીજો બને છે અને તેમને અટકાવવા માટેની કાંઈ ગોઠવણ કરવામાં આવી નથી."

એ પત્રને ફેરવવામાં આવતાં તે પંચાયતના એક બીજા સભાસદ ફરામજી કાવસજી બનાજીને તે મળયું. તા૦ ૧૦ મી જુન ૧૮૩૬ ને દીને તેમણે પોતાનાં ભાઇબંધનાં રાજીનામા ઉપર લંબાણ નોંધ કરી પોતે પણ રાજીનામું આપયું. નોંધ દરમયાન તેમણે સજા પામયા વગર પસાર થયલી કેટલીક બદીઓ વીશે લંબાણ વીવેચન કરયું છે. એ નોંધ મુકદમાના બીજા ભાગ માટે વધુ ઉપયોગી છે પણ હાલ તુરત એટલું જ બતાવવા માટે તે અગત્યની છે કે રાજીનામું અનજોમનને આપવામાં આવયું હતું. તે વખતે પત્રને છેડે ફરામજી કાવસજી બનાજી લખે છે કે:—

" તમો અનજોમનના ગ્રહસ્થોને હું જણાવું છું કે:—અનજોમનની સભા તમો જયારે ગ્રહસ્થો બોલાવો તયારે મહેરબાની કરી મારી અરજ તેની સનમુખ રજુ કરજો કે અનજોમનનાં ગ્રહસ્થોએ મને પંચાયતના કામમાંથી મુકત કરવો અને તે કામ કોઈ બીજા ગ્રહસ્થોને સોંપવું."

" ઉપલી ટુંકી નોંધ કરીને વાડીયાજી નવરોજીએ પોતાના આખાનું રજીનામું આપવાની અનજોમનના સભાસદો પાસે પરવાનગી માગી હતી."

દસ્તાવેજ બતાવે છે કે રાજીનામું અનજોમનને આપવામાં આવયું છે અને તેનું કારણ એ હતું કે પંચાયતના સભાસદોને નેમવાનું કામ અંજોમન કરતી હતી.

પંચાયતના સભાસદોની સંખયા વધારવાનો ઠરાવ.

પોતાના બે આગેવાન હમશરીકોએ આપેલાં રાજીનામા અને કોમમાં દાખલ થયલી બદી સામે તેમણે ઉઠાવેલો મજબુત વાંધો એ બંનેથી બીજા સભાસદોમાં જાગ્રુતી આવેલી લાગે છે. " આખી પંચાયત " ની એક સભા તા૦ ૨૩ મી જુન ૧૮૩૬ ને દીને મળી હતી. અને તેમાં કરવામાં આવેલા ઠરાવોમાંનો એક એવો હતો કે:—

" ચોથો આ છે. આપણી પંચાયતમાં સભાસદો ઘણા થોડા છે અને જયારે કાંઈ કામ કરવાનું હોય છે તયારે કેટલાક સભાસદો હાજર થતા નથી અને તેથી અંજોમનનું કામ તરત થતું નથી. અને તેથી આજે ઠરાવ કરવામાં આવે છે કે જુના સભાસદો ઉપરાંત, કુલે સાડત્રીસ ગ્રહસથો થાય, તેટલા બીજા નવા સભાસદોને નેમીને " જે જગાએ અનજોમન મળશે ત્યાં " " જાહેર કરીને પછી ચોપડામાં દાખલ કરવામાં આવશે."

આ સભાની નોંધ અને તેમાં કરવામાં આવેલા ઠરાવો પરીશીષ્ટ " એ ૬૪ " માં લખવામાં આવયા છે. આ પરીશીષ્ટ જે ઉપરથી જણાય છે કે નવા સભાસદોને પંચાયતના સ

ભાસદોએ પસંદ કરીને તેમનાં નામો પછી ભરનારી અનજોમન પાસે મુકવાનાં હતાં. જો અનજોમન અથવાં કોમની સામાન્ય સભા તે નેમણુંક બહાલ રાખે તો તેઓને સભાસદો તરીકે નેમવામાં અને તેમનાં નામ પારસી પંચાયતના ચુંટી કહડાયલા સભાસદો તરીકે અનજોમનનાં દફતરે લખવામાં આવતાં.

પંચાયત ક્યારે મરણ પામી તે વીશે મી૦ મોદીની જબાની માનવાનાં કારણો.

આ દસ્તાવેજ એક બીજી રીતે ઉપયોગી છે. પંચાયતની હસ્તી ક્યારે બંધ થઇ તે વીશે પક્ષકારો વચે ઘણો મતભેદ છે. મી૦ ડોસાભાઇ ઇતીહાસના પહેલાં વાલમના ૨૩૬ માં પાને લખે છે કે પંચાયત સને ૧૮૩૬ માં બંધ થઇ. મી૦ જીવણજી મોદી પોતાની જબાનીમાં કહે છે કે તે ૧૮૬૨ માં બંધ થઇ. મી૦ મોદીએ કહયું બરાબર છે. પ્રતીવાદીઓ પાસેનાં જુનાં દસ્તાવેજો સંભાળભરી રીતે તપાસવા પછી તેઓ તેમ કહે છે અને તે માટેનાં જે કારણો તેઓ આપે છે તે સંગીન છે. મી૦ ડોસાભાઇ દેખીતી રીતે ખોટા ખીઆલમાં છે એમ એટલા ઉપરથી દેખાય છે કે પંચાયત સને ૧૮૩૬ માં મરણ પામવાને બદલે તે વરસના જુન માસમાં તેણે વધુ સભાસદોને ચુંટવાનો ઠરાવ કરીને નવું બળ ઉમેરયું હતું અને સંખયા સાડત્રીશ જેટલી કરીને પોતાનું કામ વધુ સારી રીતે અને ઝડપથી કરવાની જોગવાઇ કરી હતી. પરીશીષટ એ ૬૪ પુરવાર કરે છે કે પંચાયત સને ૧૮૩૬ માં મરણ પામવાને બદલે પોતાની ફરજ માટે જાગરૂત થઇ હતી અને તેણે પોતાની ફરજ વધારે સારી રીતે અને ઝડપથી કરવાનો પોતાનો ઠરાવ જાહેર કરયો હતો. સને ૧૮૬૫ અગાઉનાં ઘણાં વરસોથી પારસીઓ ખાસ કાયદા માટે હીલચાલ કરી રહયા હતા. પારસી લગન અને છુટાછેડાને લગતો કાયદો અને પારસી વારસા હીસ્સાને લગતો કાયદો સરકારે અમને ઘડી આપયો. આ બંને કાયદા સને ૧૮૬૫ ના એપ્રીલ માસથી અમલમાં મુકાયા હતા. તે અગાઉ ઘણા વખતથી જણાયલું હતું કે ખાસ કાયદા ઘડવામાં આવનાર છે. એ કાયદા અમલમાં આવતાં પંચાયતની ફરજો ખલાસ થઇ અને મી૦ મોદી કહે છે તેમ બનવાજોગ છે કે કાયદા અમલમાં આવવાની નેમ રાખીનેજ પંચાયત મરી ગઇ હતી.

સને ૧૮૬૦ માં પંચાયતની હસ્તી હોવાનો પુરાવો.

પંચાયત સને ૧૮૬૦માં મરી ગઇ ન હતી પણ સને ૧૮૬૦ સુધીના સઘળા બનાવોમાં મજબુત અને આગેવાની ભરયો ભાગ લેતી હતી તે પરીશીષટ નંબર ૬૯ થી પુરવાર થાય છે. તા૦ ૫ મી એપ્રીલ ૧૮૬૦ ને દીને માણેકજી નશરવાનજી પીટીટને બંગલે પારસી કોમના આગેવાનોની મળેલી સભામાં બનેલા બનાવોનું વરણન આપનાર તે એક ચોપાનયું છે. એવું જણાય છે કે પંચાયતના સંબંધમાં ઘણી ખરાબ ટીકા કરવામાં આવતી હતી અને વરતમાનપત્રોમાં તે સામે હુમલા કરવામાં આવતા હતા તેથી પોતાના કામકાજ વીશે ખોલાસો આપવાને પંચાયતના સભાસદોએ આગેવાન પારસીઓની એક સભા બોલાવી હતી. તે સભામાં મી૦ સોરાબજી જમશેદજી જીજીભાઇએ એક લંબાણ ખોલાસો વાંચયો હતો, જેને તેમનાં દફતરોમાંના કેટલાક ઉતારા સાથે એક ચોપાનયાંનાં આકારમાં પંચાયત તરફથી પ્રગટ કરાવવામાં આવયો હતો. આ ચોપાનયુ પરીશીષટ ૬૯ વાંચતાં કબુલ કરવા વગર નહીં ચાલે કે પંચાયત સને ૧૮૬૦માં જીવતી હતી.

પહેલા સર જમશેદજીએ લખેલા ખોલાસા—એ—પંચાયતમાંથી લીધેલા ઉતારાઓ.

પંચાયતના સભાસદો નેમવાનો હક આખી કોમને હતો અને પારસીઓની અનજોમન વખતેજ તેનો અમલ કરવામાં આવતો હતો તેનો પુરાવો કોર્ટ પાસે રજુ થયલાં બીજાં પરીશીષટો ઉપરથી પણ જોવાને બની આવે છે. એવું જણાય છે કે સને ૧૮૪૩ માં કે અગાઉ પારસી પંચાયતનાં કામો ઉપર ઘણી કડવી ટીકા કરવામાં આવતી હતી. આ આ કડવી ટીકાઓનું ખોટી પાડવા અને પંચાયતનાં કામોનો ખરો ખોલાસો આપવા માટે સને ૧૮૪૩ માં ખોલાસા—એ—પંચાયત નામનું પુસ્તક પ્રગટ કરયું હતું. આ પુસ્તક લખનારે પોતાનું નામ છુપુ રાખીને "ખોદાનો બંદો અને મઝદયશની ધરમનો માન

મારો " એવો તખલ્લુસ મુક્યો હતો. તેનું નામ બાંધી વખત છુપું રહયું નહતું અને સભાળાઓ કબુલ રાખે છે કે તે પુસ્તકના કરતા પહેલા પારસી બેરોનેટ સર જમશેદજી જીજીભાઈ, પહેલા પ્રતીવાદીના બપાવા હતા. પરીશીષટો એ ૪૮, એ ૪૯ અને એ ૫૦ આ ચોપડીમાંથી ઉતારી લેવામાં આવયાં છે.

પરીશીષટ એ ૪૮ આ પુસ્તકના ૨૫૫ માં પાનામાંનો ઉતારો છે. અત્રે પંચાયતના એક સભાસદને કેવી રીતે ચુંટવામાં આવે છે તેનું વરણન સર જમશેદજી આપે છે. તા૦ ૪ થી મારચ ૧૮૧૮ ને દીને કોમ કેવી રીતે મળી હતી અને ૧૮ ગ્રહસ્થોને પંચાયતના સભાસદો તરીકે ચુંટી કહાડવામાં આવયા હતા તે વીશે લખવા પછી તેઓ લખે છે કે:—

"અને જયારે પણ આ સાહેબોમાંના કોઇ મરણ પામે છે તયારે તેમની જગાએ બીજાને નેમવામાં આવે છે અને જયારે પણ પંચાયત કોઇ કામને માટે મળે છે તયારે તે અંજોમનને નીચે પ્રમાણે જાહેર કરવામાં આવે છે કે ફલાણા ફલાણા ગ્રહસ્થ મરણ પામયા છે. આજથી ફલાણા ગ્રહસ્થને પંચાયતના સભાસદ તરીકે અંજોમન તરફથી નેમવામાં આવે છે. તમો તે નેમણુંક પસંદ કરો છો." તે ઉપરથી હાજર રહેલા સભાસદોમાંના કેટલાકો કહે છે કે "હા, સાહેબ, અમે તે કબુલ રાખયે છીએ. તેમને સભાસદ તરીકે નેમો." તે પછી તે બીના પંચાયતનાં દફતરોમાં દાખલ કરવામાં આવે છે અને હાજર રહેલા સભળાઓની સહી તે ઉપર લેવામાં આવે છે. તે પછી તે રાંખયા પંચાયતના સભાસદ બને છે.

પરીશીષટો એ ૪૯ અને એ ૫૦ એ પુસ્તક ખોલાસા—એ—પંચાયતનાં પાનાં ૨૫૮ ઉપરના ઉતારા છે. પહેલામાં સર જમશેદજી કહે છે કે:—

"તેટલા માટે બાકી રહેલા પાંચની જગાએ નવા સભાસદોને અંજોમનની સભામાં નેમવાના છે. પણ જુના રેવાજ મુજબ તેમને હજુ નેમવામાં આવયા નથી."

પાછલા ઉતારામાં સર જમશેદજી, પંચાયતે જગા પુરાવા માટે નેમેલાં પાંચ સભાસદોના સંબંધમાં, કહે છે કે:—

"પણ તેઓ હજુ દાખલ થયા નથી, કારણ કે પંચાયતના જુના કાનુનો મુજબ અંજોમન પાસે સરેસ્તા મુજબ તે જાહેર કરવામાં આવયા પછી તેની નોંધ પંચાયતના ચોપડામાં થઇ નથી."

પંચાયતના સભાસદો સામે ફરયાદ.

સને ૧૮૫૬ ના ફેબરૂઆરી માસમાં તેની આસપાસ પારસી લૉ એસોસીએશનના સેક્રેટરી મી૦ નવરોજી ફરદુનજીએ એસોસીએશનની સબ કમીટી પાસે એક ભાષણ કરયું હતું. તે ભાષણ જાળવી રાખવામાં આવયું હતું અને તે પરીશીષટ એ ૫૧ના આકારમાં અમારી પાસે છે. તે ભાષણમાં તેઓ તે વખતે જે ગ્રહસ્થો પંચાયતના સભાસદો હોવાનો દાવો કરતા હતા તેમના સંબંધમાં બોલતાં કહયું હતું કે:—

"આ ગ્રહસ્થોમાંના ઘણાને આપણી અંજોમનની પંચાયતના સભાસદો કહી નહી શકાય; કારણકે આપણા અકાબરો અને ગ્રહસ્થોએ જુના રેવાજ મુજબ અંજોમનની નાની કે મોટી સભા બોલાવીને, તેમને પંચાયતના સભાસદો તરીકે નેમયા નથી અને તેમની નેમણુંક કરવામાં આવયા પછી પંચાયતના દફતરમાં તેમનાં નામો દાખેલ કરવામ આવયાં નથી."

પારસી લૉ કમીશન પાસે પડેલી જબાની.

અને મી૦ નવરોજજી ફરદુનજીએ પારસી લૉ કમીશન પાસે તા૦ ૩૧ મી મારચ ૧૮૬૨ ને દીને જબાની આપતાં કહયું હતું કે:—

"જુની પંચાયત આતસબેહેરામ સરખી કોઇ પવીત્ર જગામાં મળેલી સામાનય જાહેર સભામાં ચુંટવામાં આવતી હતી...... ...તે પ્રજાએ ચુંટેલી એક સંસ્થા હતી... ......ખાલી પડતી જગા સાધારણ સંજોગોમાં આ રીતે કરવામાં આવતી હતી. જીવતા રહેલા સભાસદો નવાને માટે દરખાસ્ત મુકતા અને જો તેમની સામે કાંઇ વાંધો નહી હોય તો તેઓને ચુંટી કહાડવામાં આવતા હતા. તેમની ચુટણીને પારસી કોમ તરફથી બહાલ રાખવામાં આવતી હતી અને બહાલી ઉપર સહી કરી ચોપડામાં તે રાખવામાં આવતી હતી." (જુઓ પરીશીષટ "કયુ").

અંજોમનના ચુંટણી કરવાના હકને ટેકો આપનારો દસ્તાવેજ.

હવે, પરીશીષ્ટ એ ૫૪ મરહુમ મી૦ જમશેદજી જીજીભાઈએ સર જે. જે. બેરોનેટ ઈનસ્ટીટયુશન અને જરથોસ્તી અંજોમનના સભાસદો જોગ તા૦ ૧૧ મી અકટોબર ૧૮૫૯ ને દીને લખેલો પત્ર છે, જેમાં પારસી પંચાયતના એક સભાસદને નેમવાનો હક જરથોસ્તી અંજોમનને હોવાના કેટલાક ગ્રહસ્થો તરફથી કરવામાં આવતા દાવાને ટેમણે પસંદ કરયો છે.

ત્રસ્તડીડમાંનો એક ફકરો.

હાથમાંની બાબતને લગતાં વધુ અગતનાં દસ્તાવેજોની તપાસ પુરી કરવા અગાઉ મારે એક બીજા દસ્તાવેજના સંબંધમાં ઈશારો કરવો જોઈએ. તે દસ્તાવેજ સ્થાવર મીલકતનું ત્રસ્તડીડ—"પરીશીષ્ટ યુ"—છે, જે તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ ને દીને પ્રતીવાદીની જગા ઉપરના આગલા હોદેદારોએ તઈયાર કરાવયું હતું. આ એક અગતનો દસ્તાવેજ છે કે જેના ઉપર પ્રતીવાદીઓએ સુનાવણી દરમીઆન ઘણો ભાર મેલયો છે. ડીડમાંનો એક ફકરો એવો છે કે:—

"મુંબઈના પારસીઓનાં સંસારી અને ધારમીક કામો તેમજ ધારમીક કે લગન સંબંધી કે ધારમીક ઝઘડાઓની પતાવટ કરવાનું કામ કોમે પંચાયત અથવા કોમના ઘણી લાગવગ ધરાવનારા અથવા આગેવાન સભાસદોમાંથી પસંદ કરવામાં આવેલી એક કમીટીને ઘણાં વરસોથી સોંપેલું હોવાથી"

પ્રતીવાદીઓની રદ જતી એક તકરાર.

પ્રતીવાદીઓના ઓધા ઉપરના આગલા આસામીઓએ સને ૧૮૮૪ માં, પંચાયતને આપવામાં આવેલી સતા કોમે આપી હતી. એમ કબુલ રાખવા પછી, મી૦ લેંગમેને પ્રતીવાદીઓ તરફથી કહયું હતું તેમ પંચાયતમાં ખાલી પડેલી જગા પુરવા માટેના સભાસદોનું નામ અંજોમન પાસે રજુ કરવાનો રૈવાજ સને ૧૮૪૩ અગાઉ મરણ પામયો હતો એવી તકરાર પ્રતીવાદીઓ કદાચ લાવી શકશે.

"પારસીઓ આ ટાપુ ઉપર વસ્યા તે પછી પંચાયતના સભાસદો તરીકે થોડા આગેવાનોને ચુંટવાનો રૈવાજ હતો."

અમારી પાસે બીજા ઘણા દસ્તાવેજો છે કે જે ઉપરથી સીધી યા આડકતરી રીતે એવું પુરવાર થાય છે કે મુંબઈની પારસી પંચાયતને આખી અંજોમન તરફથી ચુંટવામાં આવતી હતી. હમેશ બને છે તેમ એવા પણ બનાવો અમુક વખતે બનયા છે કે અંજોમનના હકોને વીસારી મેલવામાં આવયા છે પણ મને લાગે છે કે તેવા બનાવોથી કોમના એક સ્થાપીત થયલા રૈવાજ ઉપર કાંઈ અસર થતી નથી. કોર્ટ સનમુખ બોલી જુબાની ઉપરથી હું ઠરાવું છું કે મુંબઈના પારસીઓમાં, તેઓ આ ટાપુ ઉપર વસ્યા તે પછી, થોડા આગેવાનોને તેમની પંચાયતના સભાસદો તરીકે ચુંટી કહાડવાનો રૈવાજ હતો તે રીતે ચુંટાયલા સભાસદોની સંખયા જુદા જુદા વખતે અનજોમનને યોગય લાગે તેવી જુદી જુદી હતી એમ પુરવાર કરવામાં આવયું છે. અમારી પાસે પુરવાર થયેલો જુનો રૈવાજ એવો હતો કે એક જગા ખાલી પડતાં બાકી રહેલા સભાસદો નવાનું નામ આપતા હતા. એ નામ કોમના સભાસદોની તે પછીની સભા પાસે રજુ કરવામાં આવતું હતું અને જો તે બહાલ રાખવામાં આવે તો તેને પંચાયતના સભાસદ તરીકે નેમવામાં આવતો હતો. હું ધારૂં છું કે એ તો શંકા ઉઠાવી નહીં શકાય તેવી રીતે પુરવાર થયું છે કે પંચાયતના સભાસદોને ચુંટવાનો હક મુંબઈની પારસી કોમના સામાનય સમુદાયને હતો.

ફંડો અને ત્રસ્તીઓ સંબંધી વીચાર.

પારસી પંચાયત કેવી રીતે હસ્તીમાં આવી. તેનું બંધારણ કેવું હતું, તેની સતા કેવી હતી, તેમના સભાસદોને કેવી રીતે ચુંટવામાં આવતા હતા અને કોના તરફથી ચુંટવામાં આવતા હતા તે તપાસવા પછી હવે જરૂરનું થઈ પડે છે કે કોમનાં ફંડો અને મીલકતોના ત્રસ્તીઓ કેવી રીતે હસ્તીમાં આવયા અને હાલના પ્રતીવાદીઓએ ત્રસ્તીઓ તરીકેનો હોધો કયારે સંભાળયો છે.

સને ૧૮૨૩ સુધીની ફંડોની સ્થીતી.

એવું જણાય છે કે સને.૧૮૨૩નાં વર સ અગાઉ કોઇ ટ્રસ્તીઓ હતા નહીં. પંચા યતના સભાસદો અથવા તેઓમાંના કે કોઇ એ ક કોમનાં ફંડો પોતાના કબજામાં રાખતો અને તે વખતે હસ્તી ધરાવતી સ્થાવર મી લકતોનો કારોબાર કોમના બીજા અકાબરો ની સાથે તે કરતો. સને ૧૮૨૩માં ફંડો અ ઢાર હજાર રૂપીઆ જેટલાં હતાં, જેમાંનો મોટો ભાગ વાડીયાજી હોરમસજી બમનજીનાં કબ્જામાં હતો. તેમણે છ ટકા વયાજ આપવા નું કબુલ કરેલું હોવા છતાં, ધરમાદાનાં આ ફંડો ઉપર તેઓ નવ ટકા લેખે વયાજ આપ તા હતા. સને ૧૮૨૩માં આ ફંડો વધુ વ ખત રાખવાની જવાબદારીમાંથી છુટા થવા ની ઇચ્છા તેમણે જાહેર કરી અને "પંચાય તના તથા આખી અંજોમનના અકબરો" જોગ એક પત્ર લખી પોતા પાસેના પઇસા લઇ જઇને બીજે અમાનત મુકવાની તેમણે માગણી ક રી હતી. એ પત્ર પરીશીષ્ટ એ પર છે. એ પ ત્ર મી૦ ફરામજી કાવસજી બનાજીને મળતાં પં ચાયતમાંના પોતાના હમશરીકોને તેમણે પ ત્ર લખયો કે તેમણે લખીને ત્રણ ગ્રહસ્થોને નેમવા કે જેઓ આ નાણાંની વયવસ્થા એ ક વરસ સુધી કરી શકશે. એ પત્ર–પરીશી ષ્ટ એ ૫૩–માં મી૦ ફરામજી નાણા કેમ રો કવા અને ટ્રસ્ટીઓએ કેમ વરતવું તે વીશે ઘણી સુચનાઓ કરે છે. તા૦ ૨૮ મી ન વેમબર ૧૮૨૩ ને દીને મળેલી પંચાયતની સભામાં થયલા કામકાજની નોંધ પરીશીષ્ટ એ ૫૫ માં છે. એ સભામાં પંચાયતના ચા ર સભાસદો–વાડીયાજી હોરમસજી બમનજી, ફરામજી કાવસજી બનાજી, વાડીયાજી નવરોજી જમશેદજી અને જમશેદજી જીજીભાઇને "પં ચાયતનાં નાણાની સંભાળ રાખવા માટેના ટ્ર સ્ટીઓ" તરીકે નેમવામાં આવયા હતા. તે ઓએ નાણા મી૦ વાડીયાજી પાસેથી લઇને તે વખતની જાણીતી પેહેડી રીમીંગટન કાફ રડની કંપનીમાં અમાનત મેલવાનાં હતાં; અ ને તે રીતે તેમણે મી૦ વાડયાજી પાસેથી થી રૂપયા પંદર હજાર આઠસો ત્રેસ ઠ મેળવયા હતા. તેજ સભામાં ઠરાવવામાં આવયું હતું કે વખતો વખત મળતી ના ની રકમો મી૦ ફરામજી કાવસજી પાસે અ નામત રાખવી. તેમાંથી તેમણે પરચુરણ ખ રચ ચલાવવો અને તે રકમ એક હજાર રૂ પયા જેટલી થાય ત્યારે તે મેશરસ રીમીંગટ ન કાફર્ડની કંપનીમાં ભરવી.

આ ઠરાવો મુજબ સને ૧૮૨૩ના ડી સેમબર માસની શરૂઆતમાં રૂપયા અઢાર હજાર બાસઠ મેશરસ રીમીંગટન કાફર્ડની કં પનીમાં જમે કરાવવામાં આવયા હતા, જે મણે જમશેદજી જીજીભાઇને તેમના પત્રમાં લખેલા જવાબ ઉપરથી જણાય છે કે ચોક સ શરતોએ તે નાણાં રાખીને તે ઉપર પાં ચ ટકા જેટલું વયાજ આપવાનું અને આ વક કે ઉપાડ ઉપર કમીશન નહીં લેવાનું કબુલ કરયું હતું. એ બંને પત્રો પરીશીષ્ટ એ ૫૬ માં છે. પારસી પંચાયતનાં ફંડોના ટ્રસ્ટીઓ સને ૧૮૨૩ માં પહેલી વખત કેવી રીતની હસ્તીમાં આવયા તે આ દસ્તાવેજો ઉપરથી ચોખ્ખી રીતે જોઇ શકાય છે.

સ્થાવર મીલકતના વહેવારૂ ટ્રસ્તીઓ.

આ ચાર ગ્રહસ્થોને ફંડોના ટ્રસ્તીઓ તરીકેજ નેમવામાં આવયા હતા, છતાં તે ઓ કોમની માલેકીની સ્થાવર મીલકતનો વ હીવટ પણ કરતા હતા. સને ૧૮૨૩ અ ગાઉની પારસી કોમની સ્થાવર મીલકત, મી૦ મોદીના જણાવયા મુજબ, મલબાર હીલ ઉપરનાં દોખમાઓ, એટલે કે મોદીનું દોખમું, માણેકજી શેઠનું દોખમું, અને અંજોમનનું અથવા પંચાયતનું દોખમું એ હતાં. તે દોખમાઓની સાથે એ જમીન ઉપર બાકી શ્રોફની સગડી અને સગડીવાળા નું ઘર પણ હતાં. તે ઉપરાંત સને ૧૮૨૩ અગાઉની મીલકતમાં કોટનું નસાખાના હ તું. સગડી એ દોખમામાં શબની સાથે જ તા ગ્રહસ્થો માટે એક છાપરાવાળું બાંધ કામ છે, જ્યાં તેઓ વીસામો લે છે, હાથ મોહડું ધોય છે અને બંદગી કરે છે. સગ ડીઓનો ઉપયોગ પારસીઓએ ભેળા થવા અને મુવેલાઓને માટે પવીત્ર દીવસો ઉપર બંદગી કરવા માટે પણ કરવામાં આવે છે. નસાખાના એક ઘર છે, જેમાં મુવેલા પાર સીને દોખમામાં લઇ જવા માટેની લોઢાની ખાટલી અને બીજો જરૂરી સામાન રાખવામાં આવે છે અને જેમાં ખાંધયાઓ વસે છે. સને ૧૮૨૩ માં નેમવામાં આવેલા ટ્રસ્તીઓ આ સ્થાવર મીલકતના ટ્રસ્તીઓ પણ વહેવારૂ રીતે થયા હતા. આ રીતે કોઇ

પણ વાજબી વધું વજનદ પુરવાર થાય છે કે જુના રેકર્ડ મુજબ પંચાયતને અંજૅમન એટલે કે મુંબઇના પારસી વતનીઓની આમન્ય સભા તરફથી નેમવામાં આવતી હતી, અંજૅમનનાં ફંડો અને મીલકતનો કબજો અને વહીવટ તેના હાથમાં સને ૧૮૨૩ સુધી હતો અને સને ૧૮૨૩ માં તેમણે દેખીતી રીતે ફંડોના પણ વહેવારૂ રીતે તે ફંડો અને મીલકતોના ત્રસ્તીઓ તરીકે પોતામાંના ચારને નેમયા હતા. અમો પાસે રજુ થયલાં દસ્તાવેજ ઉપરથી જણાય છે કે ત્રસ્તીઓ નેમવાનો હેતુ હમણા વેળાએ અને બીજા સર અવસરે જાહેર કરવામાં આવતી સખાવત જે આપવામાં આવતી ન હતી અને તેથી કોમને નુકસાન જતું હતું તે માગવા અને મેળવવાની સત્તા કેટલાક શખસોને આપવાનો હતો. સને ૧૮૫૧ સુધી કોઇ પણ દસ્તાવેજ કરવામાં આવયો ન હતો, એટલે કે ફંડો અને મીલકતો કોને અરપણ કરવામાં આવી હતી અને તેમનો કેવો ઉપયોગ કરવાનો હતો તે નકી કરનારૂં કોઇ ત્રસ્તડીડ ન હતું.

ત્રસ્તદીડની સને ૧૮૫૦ માં થયલી હીલચાલ.

સને ૧૮૫૦ માં આવાં એક ત્રસ્તદીડની જરૂર પંચાયતના સભાસદોને જણાઇ હતી અને તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૫૦ ને દીને પંચાયતના સેક્રેટરી તરફથી પંચાયતના શેઠીઆઓ જોગ એક પત્ર લખવામાં આવયો હતો (પરીશીષટ એ ૬૬). તે પત્રમાં જણાવવામાં આવવું છે કે "પારસી પંચાયતનાં ફંડોનું ત્રસ્તદીડ કરવાની ઘણીજ જરૂર છે" પણ "તે ત્રસ્તદીડ બાર અધીકારીઓનાં નામોનું કરવામાં મુશ્કેલી" હતી અને તેટલામાટે "તે પાંચ કે સાત સહેબોનાં નામનું બનાવવાનો ઇરાદો રાખવામાં આવયો હતો." અને કયા ગ્રહસ્થોને તેઓ ત્રસ્તીઓ તરીકે નેમવા માગે છે તેમનાં નામો આ સાહેબો પાસે માગવામાં આવયાં છે. પત્રમાં જણાવવામાં આવયું છે કે હમણાના ત્રસ્તીઓ (૧) સર જમશેદજી જીજીભાઇ નાઇટ, (૨) વાડીયાજી નવરોજી જમશેદજી, ફરામજી કાવસજી બનાજી અને વાડીયાજી બમનજી હોરમસજી છે. આ ઉપરથી જોવાને બની આવે છે કે એક વખત માટે નેમવામાં આવેલા ચાર ત્રસ્તીઓમાંના ત્રણ ત્રસ્તીઓ તરીકે સને ૧૮૫૦ સુધી ચાલુ રહયા હતા. ચોથા ત્રસ્તી વાડીયાજી હોરમસજી બમનજી તા૦ ૧૨ મી મારચ ૧૮૨૬ ને દીને મરણ પામયા હતા અને તેમના પુત્ર બમનજી હોરમસજીને "આપણી પંચાયતનાં કામકાજ ઉપર નજર રાખવા" માટે નેમવામાં આવયા હતા. એ દસ્તાવેજ તા૦ ૫ મી મે ૧૮૨૬ ને દીને મુંબઇની આખી અંજૅમને સુરતની અંજૅમન ઉપર લખેલો પત્ર છે. તે ઉપરથી ખાત્રી રીતે જોઇ શકાતું નથી કે બમનજીને પંચાયતના એક સભાસદ તરીકે નેમવામાં આવયા હતા કે તેમના બાપની જગાએ ત્રસ્તી તરીકે નેમવામાં આવયા હતા. પણ પરીશીષટ એ ૬૬ ઉપરથી જણાય છે કે તેઓ તેમના બાપની જગાએ ત્રસ્તી તરીકે દાખલ થયા હતા અને સને ૧૮૫૦ સુધી તેઓ ત્રસ્તી તરીકે કામ કરતા હતા.

ત્રસ્તદીડનો ખરડો.

તા૦ ૨૨ મી ઓકટોબર ૧૮૫૧ ને દીને એક બીજું સરકયુલર કહાડી તેની સાથે ત્રસ્તદીડનો ખરડો પંચાયતના સભાસદોની બહાલી માટે ફેરવવામાં આવયો હતો. આ ખરડો પરીશીષટ એ ૬૭ છે.

તા૦ ૪ થી ડીસેમબર ૧૮૫૧ ના દીને ફંડો અને જામીનગીરીઓનું એક ત્રસ્તદીડ બનાવવામાં આવયું હતું. ફરામજી કાવસજી બનાજી તે દરમેઆન તા૦ ૧૨ મી ફેબરૂઆરી ૧૮૫૧ ને દીને ગુજરયા હતા, જે મરણ એ ૬૬ વાળાં પત્ર પછી અને ત્રસ્તદીડ અથવા અગાઉ નીપજયું હતું. એ ત્રસ્તદીડ મુજબ પારસી પંચાયતનાં ફંડો અને જામીનગીરીઓના ત્રસ્તીઓ તરીકે પંચાયતનાં પાંચ સભાસદોને નેમવામાં આવયા હતા.

ત્રસ્તીઓની બોહોળી સતા.

આ ત્રસ્તદીડમાંનો એક ફકરો ઘણોજ અગતનો છે. તે નીચે મુજબ છે:—

"ઉપલાં ત્રસ્ત ફંડો અને જામીનગીરીઓના સંબંધમાં કોઇ દસ્તાવેજ કે ત્રસ્તદીડ કરવામાં આવવાં નથી, પણ હવે ઇછવાજોગ લાગે છે કે કેટલાક નવા ત્રસ્તીઓ નેમવા જોઇએ, તેમની ફરજો નકી કરવા માટે આ ત્રસ્ત બનાવવું જોઇએ, નવા ત્રસ્તી

ઓ નેમવાની અને ઉપર્યા ટ્રસ્ટનો વહીવટ કરવાની સઘળી જરૂરી સતા તેમને આપવી જોઇએ."

જોઇ શકાશે કે નવા ટ્રસ્તીઓની નેમણુંક કરવાની સતા ટ્રસ્તીઓને આપવાના બીનાબનો જનમ અત્રે પહેલીજ વાર થાય છે. તેને ટ્રસ્તડીડમાંના એક બીજા ફકરામાં વધુ ટેકો આપવામાં આવયો છે જે આવો છે કે:—

"જો ઉપર જણાવેલા ટ્રસ્તીઓ અથવા તેઓમાંના કોઇ અથવા આમાં હવે પછી જણાવયા મુજબ નેમવામાં આવનારા ભવીષયના ટ્રસ્તી કે ટ્રસ્તીઓ મરણ પામે, ફરજમાંથી મુક્ત થવા માગે, ટ્રસ્તો અને તેમને આપવામાં આવેલી સતાઓ મુજબ વરતવા નાલાયક નીવડે અથવા ના પાડે તો, તયારે અને તે બાબતમાં જયારે જયારે જરૂર પડે તયારે બાકીના ટ્રસ્તીઓ અથવા તેમણે લખી સહી કરી અને મોહોરછાપ કરી આપેલાં દસ્તાવેજ કે દસ્તાવેજો વડે નેમાયલા તેમના એકઝીકયુટરો કે એડમીનીસ્ટ્રેટરો જે શખસ કે શખસોને ટ્રસ્તી કે ટ્રસ્તીઓ તરીકે પસંદ કરશે, કોઇની બદલીમાં મુકશે અથવા નેમશે તો તે કાયદેસરનું ગણાશે."

ટ્રસ્ટીઓને બોહોળી સતા આપવાનો સહી કરનારા છ જણાને તે લેવાનો ટ્રસ્ટીઓને હક્ક હતો કે?

સને ૧૮૫૧ ના દસ્તાવેજમાંથી આ ફકરાને એવું બતાવવાને માટે આગળ ઉતારી લીધા છે કે ડીડ મારફતે ટ્રસ્ટીઓને ખાલી પડતી જગા પુરવાની કેવી બોહોળી સતાઓ આપવામાં આવી હતી, પ્રતીવાદીઓના દાવાનો આ મુળ આધાર છે અને ડીડમાંની આ સતા સામેજ વાદીઓ સઉથી વધુ મજબુત રીતે થાય છે. ડીડ નીચે સહી કરનારા છ આસામીઓ છે, જેઓ ઘણા ભાગે તે વખતની પંચાયતના સભાસદો હતા અને તે છ જણા પોતાઆંના પાંચને કોમના ફંડો અને જામીનગીરીના ટ્રસ્ટીઓ તરીકે નેમી તેમને અને તેમના વારસોને પોતામાંથીજ ખાલી પડતી જગા પુરી લેવાની સતા આપે છે. જે સતા તે રીતે તેમને આપવામાં આવી છે તે આપવાનો એ છ આસામીઓને કે તે લેવાનો ટ્રસ્ટીઓને હક હતો કે?

જવાબ દેખીતી રીતે નકારમાંજ મળે છે અને ભારે વીશ્વાસ સાથે દલીલો કરવા છતાં મી૦ એન્જીનીયરને પણ કબુલ રાખવું હતું કે જો કોઇ મુકદમો સને ૧૮૫૧ માં માંડવામાં આવયો હોત તો જગા ખાલી પડતાં તે પુરવા માટેની યોજના કોરટે નકી કરી આપી હોત. અમારી પાસે દલીલ કરવામાં આવી છે તેમ બનવાજોગ છે કે ડીડમાં દાખલ કરવામાં આવેલી નેમણુકને લગતી આ સતા સારામાં સારી ઇચછાઓથી દાખલ કરવામાં આવી હોય, પણ તેથી એવાં કામનાં કાયદેસરપણાં કે વાજબીપણાં ઉપર કાંઇ અસર થતી નથી.

પંચાયતના સભાસદોની હસ્તી.

પંચાયતના સભાસદોની હસ્તીનો આધાર અંજુમન ઉપર છે—તેઓએ પોતાની સતા અંજુમન પાસેથી મેળવી હતી. પહેલાં તો તેઓને આખી કોમને બંધનકરતા થાય એવા ટ્રસ્ટીઓ નેમવાનો હક હતોજ નહી. પ્રથમ તો એ નેમણુકો ખુલી રીતે પોતાની સગવડના સબબેજ કરવામાં આવી હતી એક રીતે ટ્રસ્ટીઓની આવી નેમણુકનો અરથ એવો હતો કે તેઓએ પોતાની ફરજો એક બીજા નાના મંડળને સપુરદ કરી હતી. તે વાજબી ઠરાવી શકાય; પણ તેથી કાંઇ તેઓને એવો હક તેઓને સપુરદ કરવાનો રતીભાર પણ હક હતો નહી કે જેથી જેઓને તેઓએ ચુંટી કાઢયા હતા તેઓને ભવીષય માટે એવી સતા આપે કે જેથી ભવીષયના ટ્રસ્ટીઓની ચુંટણીમાંથી બીજા બધાને બાતલ કરી શકે. ડીડમાં આપવામાં આવેલી એ સતા કદી પણ વાજબી નહી ઠરાવી શકાય એવી છે. પંચાયતના સભાસદોને કોમ તરફથી નેમવામાં આવયા હતા. તેઓ જ્યારે પંચાયતમાં હોય તે વખતે તેને લગતા ફંડો અને મીલકતોના વહીવટ કરવાની સતા શીવાય બીજી કોઇ પણ સતા તેઓને આપવામાં આવી હતી નહી. તેઓએ જ્યારે પોતાનામાંના કેટલાકને ટ્રસ્ટી નેમયા ત્યારે કોમને કદી પણ પુછવામાં આવયું નહતું. તેઓને પોતાના વંશજોને પંચાયતમાં નેમવાની કોઇ પણ સતા હતી નહી. કોમની મીલકત માટે ટ્રસ્ટીઓ નેમવાની કાયદેસરની કોઇ પણ સતા તેઓને ન હતી, અને જે સતા તેઓને ન હતી, તે સતા બીજાને આપવાની

તેઓને કશી પણ હક ન હતો. આ ટ્રસ્ટ ડીડજ મુખ્ય પાયો છે કે જેના ઉપર બન્ને પક્ષના ધારાશાસ્ત્રીઓ પોતાના મુકદમાનો આધાર લે છે.

જવાબપક્ષના ધારાશાસ્ત્રીની દલીલ.

ફંડો અને જાગીરગીરીઓના પ્રતીવાદીઓ કાયદાસર રીતે નેમાયલા ટ્રસ્ટીઓ છે, એવી પ્રતીવાદીઓના ધારાશાસ્ત્રીની દલીલ હું પ્રથમ હાથ ધરીશ. સ્થાવર મીલકતો સંબંધમાં તેઓની દલીલ હું પાછળથી હાથ ધરીશ. આપણે જોયું છે કે ૧૮૨૩ માં જ્યારે ટ્રસ્ટીઓની પ્રથમ નેમણુક થઈ ત્યારે રૂ ૧૮૦૦૦ નું ફંડ હતું. અને ૧૮૫૧ માં જુના ફંડમાં ઉમેરો કરીને અને નવા ફંડોને જનમ આપીને એ ફંડો દોઢ લાખ જેટલા કરવામાં આવ્યા હતા, અને તે ટ્રસ્ટીઓના હાથમાં હતું. આ બધી રકમ જુદા જુદા પંદર ફંડમાં વહેંચાયલી હતી. એ ફંડોની વીગત પરીશીષ્ટ ચોપનમાં છે. વ્યાજ વગેરે બીજા વધારાથી આ પંદર ફંડોની રકમ હમણા સાડા છ લાખ રૂપીઆ જેટલી થઈ છે. મી૦ એંગમેને એવી દલીલ આગળ કરી છે કે ઘણામાં ઘણું કોરટ અમારે માટે કરી શકે તે આટલુંજ છે કે આ સાડા છ લાખ રૂપીઆ માટે ટ્રસ્ટીઓની નેમણુંક કાયદાસર થઈ ન હતી. પણ બીજી બાબતો સંબંધમાં તેઓ ભાર દઈને કહે છે કે "કોર્ટ અમને આંગળી પણ લગાડી શકશે નહીં" આ "બીજી બાબત" શું છે? અને તે સંબંધમાં કોરટ તેમને કેમ પુછી ન શકે? એમ દેખાય છે કે ૧૮૫૧ અને ૧૮૭૧ ની વચમાં, બીજાં તેવીસ ફંડો હસ્તીમાં આવ્યાં હતાં, જેની વીગત પરીશીષ્ટ ૫૯ માં છે. ૧૮૭૧ ના સપટેમબર મહીનાની ૧૬ મી તારીખે એ ૪૪ પરીશીષ્ટવાળું ડીડ તઈયાર થયું હતું. એ ડીડના ક ૧ સીડયુલમાં દેખાડવામાં આવેલું એક ફંડ, ઝોરાસ્ત્રીઅનોની લાશ દોખમે ચઢાવવાની બાબતમાં છે, જે સંબંધમાં વાદીઓ જણાવે છે કે જરથોસ્તી ધરમમાં વટલેલાઓને પણ ભાગ લેવાનો હક છે. ૧૮૭૧ થી અત્યાર સુધીમાં બીજાં બસોથી વધુ ફંડો હસ્તીમાં આવ્યા તેની વીગત પરીશીષ્ટ ૬૦ માં છે. ધરમાદા અને સખાવતને લગતા પારસી કોમના બધા ફંડોની બાબે હક લાગ વેપત બાબતી વધુ છે. મી૦ એંગમેન એવી દલીલ લાવે છે કે આ બાબત વધી જાણની નથી કે ૧૮૫૧ માં ટ્રસ્ટીઓની નેમણુક કાયદાસર થઈ હતી કે નહીં. ૧૮૫૧ પછીથી અત્યાર સુધી તે ડીડમાં જણાવેલી સતા અનુસાર તેઓ ટ્રસ્ટીઓ નેમતા આવ્યા છે. એ બાબત લોકોને ખબર હોવી જોઈએ, કેમકે ૧૮૮૬ સુધી ટ્રસ્ટીઓ પોતાનો હીસાબ "મુંબઈ સમાચાર" માં પ્રગટ કરતા હતા ને તે બાદ જુદા પુસ્તકાકારે તેઓ તે પ્રગટ કરે છે. આ હીસાબ જુદા જુદા ટ્રસ્ટીઓના નામ હેઠળ પ્રગટ થતા હતા જે દેખાડે છે કે તેઓ હમેશાં એકજ ન હતા. કોમને એ પણ જાણીતું હતું કેમકે ગુજરાતી વરતમાન પત્રોમાં તે બાબત પર લેખ આપતા હતા. જે દેખાડતું હતું કે ટ્રસ્ટીઓ ખાલી જગયા પુરતા હતા. આ દલીલપરથી એમ કરવાનો પ્રયતન કરવામાં આવયો છે કે કોરટે એવા ઠરાવપર આવવું કે જે દરેક માણસે કોમના લાભ માટેના ધરમાદા ફંડોમાં રકમો આપી હોય અથવા નવા લાભો આપવા માટે ફંડમાં આપયું હોય તેઓને એ વાતની પુરી માહીતી હતી કે તેઓ તે વખતના ટ્રસ્ટીઓને જે ફંડ આપતા હતા, તેઓને ખાલી પડેલી જગયા પુરવાનો હક હતો અથવા તેઓ પોતાના વંશજોને તે જગ્યાપર નેમતા હતા. દરેક બક્ષીસ આપનારને એ વાતની માહીતી હતી એવી દલીલના આધારે કોર્ટને એમ કહેવામાં આવયું છે કે તેણે એમ ઠેરવવું કે જયારે દરેક બક્ષીસ કરનાર નાણાં આપતો ત્યારે ટ્રસ્ટીઓ જે કરતાં હતાં તેની તેને ખબર હોવાથી, તેણે તેઓમાંથી જે કોઈ રીટાયર થાય કે મરણ પામે તેના વંશજની નેમણુંક કરવાની સતા આપી હતી. ગમે તેમ હોય, પણ મી૦ એંગમેને આગ્રહ કરયો કે કોરટે એવું ઠરાવવું કે ૧૮૫૧ પછી હસ્તીમાં આવેલા દરેક ફંડને જનમ આપનારે, હમણા જે હક માટે ટ્રસ્ટીઓ લડે છે, તે હક તેઓમાંના દરેકને આપયો હતો. આ દલીલથી મારાપર કે મારા વીદવાન બીરાદર મી૦ બીમનપર જરા પણ અસર થઈ નથી, અને જે મી૦ એંગમેન અને તેના વીદવાન મીત્રોને મજબુત દલીલ લાગતી હતી, તેની અસર અમારાપર કોઈ પણ રીતે ન થવાથી મી૦ એંગમેનને અણ

યખી લાગી હતી. પહેલાં તો જે બાબત સ્વીકારવાનું કોરટને જણાવવામાં આવયું હતું, તે બાબત અમારા આગળ રજુ થયલી વીગતોથી સાબીત નથી થતી. હું સઉથી પ્રથમ તો એમ માની શકતોજ નથી કે હજારમાંથી એક પણ પારસી ત્રસ્ટીઓ તરફથી પ્રગટ થયલા મોટા ચોપડાઓ વાંચતો હતો.

ત્રસ્ટીઓની લાયકાત.

અગાઉથી તે અતયાર સુધી ત્રસ્ટીઓ ઘણા બાહોશ અને ખાનદાની માણસો થતા આવયા છે. તેઓ તરફ આખી કોમ માન અને વીશ્વાસની લાગણીથી જોતી આવી છે. તેઓએ હમેશા ધરમાદા ફંડોનો એટલો સારી રીતે વહીવટ કરયો છે કે તેઓના કારોબાર સામે કદી પણ કોઇએ ફરીઆદ ઉઠાવી નથી. તેઓ હમેશાં સારા વીશ્વાસુ માણસો હતા. કોમના માણસોએ જોયું હશે—નખતે તેઓને ખબર પણ હોય—કે તેઓ પોતાની અંદરથી નેમણુક કરતા હતા, પણ તેઓને તેમ કરવા હક હતો કે નહી તેની દરકાર કોને હતી? પોતાના કુટુંબમાં બનતા સારા નરસા પ્રસંગે, જયારે કોમનો કોઇ આ ખુસ ફંડમાં નાણાં ભરવા ઇચ્છા કરતો, અથવા નવું ફંડ સ્થાપવા ધારતો અથવા નવી સખાવત કરવા ધારતો તયારે તેને માલમ પડતું કે કોમના ફંડનો કબજો ધરાવનાર કેટલાક સારા અને પ્રમાણીક માણસો કોમમાં હતા. બધી ધરમાદા બક્ષેસોનો બરાબર વહીવટ કરવા માટે તેઓ એક ખાતું અને તેના કારોબાર માટેની ગોઠવણો ધરાવતા હતા, અને અતયાર સુધી તેઓએ તેનો વહીવટ કોમને સંતોષ મળે એવી ઉતમ રીતે કરયો હતો. તેઓને વધુ શેની જરૂર હતી? તેઓને પઇસા મોકલી, તે નાણાં મોકલવાનો હેતુ અને તેનો ઉપયોગ કરવાની રીતી જણાવયાથી અને બીજું બધું તેનાપર મુકવામાં તેને સંતોષ રહેતો. નાની મોટી રકમ આપનાર હજારોમાંથી એક પણ, ત્રસ્ટીઓની નેમણુક બાબત બીચાર કરવા મહેનત લેતો હતો નહી એમ કહેવાની હું હીમત કરૂં છું. તેઓએ એમ માની લીધું કે અતયાર સુધી તેઓ જે કરતા હતા તેમ કરવાનો તેમને હક હતો, અને જ્યારે આ તે વખતના ત્રસ્તીઓને નાણાં સોંપતા હતા ત્યારે તેઓને જરા પણ ખયાલ ન હશે કે એમ કરવાથી ત્રસ્ટીઓના હમણા સુધીના હકોમાં તેઓ ઉમેરો કરતા હતા. હું ધારૂં છું કે મુંબઇમાં એવું કોઇ પણ કુટુંબ નહી હશે કે જેણે આ ફંડોમાં નાની અથવા મોટી કોઇ પણ રકમ આપી નહોય? આ બક્ષેસો મરણ પામેલાંઓની યાદમાં તેઓની ત્રીજા દીવસની ક્રીયાના દીવસે જાહેર કરવામાં આવે છે. એવું માનવું મને તો મુરખાઇ ભરેલું લાગે છે કે જયારે કોઇ પારસી રૂપયા પાંચ અથવા પાંચ હજારની રકમ કોઇ ધરમાદા ફંડમાં ભરી જે માણસોને એવું કોઇ પણ માનવાનું કારણ હતું નહી કે તેઓની નેમણુક કાયદાસર થઇ હતી નહી, તેઓ ઉપર એક પત્ર સાથે મોકલતો, તે વખતે તે બેસીને એવો વીચાર કરતો હોય કે "હું આ પઇસા પંચાયત ફંડના ત્રસ્ટીઓપર મોકલું છું. હું જાણું છું કે હઇયાત ત્રસ્ટીઓ પોતાના મરણ પામેલા માત્રોની જગયાએ નવાની નેમણુક કરે છે: હું તેઓને મારા નાણાના ત્રસ્ટી બનાવું છું, અને હું એવી ઇચછા રાખું છું કે તેઓની નેમણુક કાયદાસર હોય યા નહી તે છતાં મારા નાણાંની બાબતમાં તેઓ અત્યાર સુધી જે સત્તા ભોગવતા આવયા છે તે સરવે તેઓમાં રહે."

વરતમાનપત્રોમાં પ્રગટ થત ખબર.

મી૦ સેંગમેન એ બાદ એવી દલીલનો આધાર લે છે કે નેમણુકોની ખબર વારંવાર વરતમાનપત્રોમાં પ્રગટ થતી હતી. ધારો કે તેમ થતું હતું તેથી શું બધા અથવા કોઇ પણ બક્ષેસ કરનાર શું તે ખબર વાંચતોજ હતો કે? અને ધારો કે કોમનો દરેક માણસ તે વાંચતો હોય તે છતાં શું એવું તે કેવી રીતે માની શકે કે તેઓની નેમણુક એક એવા હકની રૂએ થતી હતી કે જે હક તેઓને હતોજ નહી? કુદરતી રીતે દરેક વાંચનાર જે વાત ધારી થકે—અને બનવા જોગ છે કે દરેક પારસીએ લાંબો વખત એમજ ધારયું હશે—કે ત્રસ્ટીઓ જે કરતા હતા તે માટે તેઓને કાયદાસર સતા મળી હશે. પ્રાચીન ઘણા દસ્તાવેજોની બારીક તપાસ બાદજ એ વાત ખુલ્લી થાય કે ત્રસ્ટીઓના જણાવયા પ્રમાણેની કોઇ પણ સતાઓ તેઓને આપવામાં આવી ન હતી.

વળી વીદવાન ધારાશાસ્ત્રી જણાવે છે કે ત્રસ્ટીઓના નેમણુકો સંબંધમાં વર્તમાનપત્રો એ ટીકા કરી હતી, અને એ વાતના ટેકામાં તેણે ગુજરાતી પત્રોનાંના અરધા ડઝન ઉતારાઓ રજુ કરયા છે. તેઓ પરીશીષ્ટ ૬૨,૬૩,૬૪,૬૫, ૮૭ અને ૮૮ છે. એ ૧૮૫૯ અને ૧૯૦૧ ના વરસ વચે પ્રગટ થયલા લેખોના ઉતારા છે. ૪૨ વરસની મુદત દરમયાન છ લેખો પ્રગટ થયા એ કાંઇ ઘણું ગણાય નહી, અને ધારો કે દરેક પારસી તે વાંચતો હતો, પણ તેથી શું સાબેત થાય છે? ધારો કે કોઇ પારસી એવો લેખ વાંચતો હોય કે જેમાં કોઇ નેમણુક વીરૂધ વીચાર જણાવી એવી ટીકા કરવામાં આવી હોય કે તેઓને તેવી નેમણુક કરવા સતા ન હતી. તે વાંચયાથી એક સામાનય ડહાપણવાળો પારસી શું કહેશે? તે કહેશે "આ પત્રો નવા ત્રસ્ટીઓ નેમવાના ત્રસ્ટીઓના હક ઉપર શક લાવે છે, પણ એ શંકાઓ માત્ર પોતાનાં પત્ર ભરવાને તેઓ પેદા કરે છે, અથવા તે લેખો ત્રસ્ટીઓ તરફ ખરાબ લાગણી ધરાવનાર તરફથી લખાયલા છે. તેઓ ઘણા આબરૂદાર અને સંસારમાં મોટો દરજજો ધરાવનાર માણસો છે, આખી કોમ તેઓપર વીશ્વાસ રાખી માન આપે છે, અને પત્રોની ટીકાઓ ખરી હોય તો તેઓ એવું ખોટું કામ કદી પણ કરેજ નહી. ત્રસ્ટીઓની નેમણુક કરવાનો કોમનો હક લઇ લેવાને અને તેઓને જે હક ન હોય તે હક ખોટી રીતે હાથ કરવાને તેઓ કદી પણ યોગય ધારેજ નહી." એક સામાનય ડહાપણ ધરાવનાર એમ પારસીઓ વીચારી કહેશે કે, જે પત્રો ત્રસ્ટીઓના હકપર શંકા નાખે છે, તે માનવા હું નાખાડું છું. જો ત્રસ્ટી તે હકનો દાવો કરતા હોય તો તે માટે તેઓ પાસે કારણો હોવાં જોઇએ.

૧૮૫૧ નું દીડ.

૧૮૫૧ નું દીડ લાં હતું. તે તેઓની નેમણુકને લગતી સતાની કલમ ધરાવતું હતું. તેઓ તે ઉપરથી દેખીતી રીતે એવાજ નીરણયપર આવે કે તે વખતના ત્રસ્ટીઓએ દીડમાં કોઇ નવી સતા ઉમેરી હશે નહી, અને તે વખતના ત્રસ્ટીઓએ તે સતા સ્વીકારવા માટે મજબુત કારણો શીવાય તેનો સ્વીકાર કરયો હશે નહી.

બચાવપક્ષનો આ સઘળો આધાર ૧૮૫૧ ના દીડ ઉપર લેવામાં આવયો છે. પણ એવો આધાર લેવાની કોઇપણ દલીલ તે દીડમાં નથી, અને પાયા વગરની ઇમારતો માફક અથવા મજબુત પાયા વગરના કામો માફક તે પણ પડી જવા જોઇએ. પંચાયતના છ સભાસદોએ પોતામાંના છ માણસોને જે સતા આપી હતી તેવી સતા આપવાનો તેઓને હક હતો નહી, અને જે કામ મુળમાંજ ખોટું અને બીનકાયદેસર હતું, તે બાદ જે કામ કરવામાં આવયા તે કાંઇ તેથી કાયદેસર ઠરતા નથી.

અસલના વખતથી પારસી કોમમાં પારસી પંચાયતના સભાસદો નેમવાનો રીવાજ સંતોષકારક રીતે સાબીત કરવામાં આવયો છે. પણ કોમે પંચાયતને ત્રસ્ટીઓ નેમવાનો હક કદી પણ આપયો ન હતો. પંચાયતના સભાસદો માત્ર કોમના પ્રતીનીધીઓ હતા, અને જો તેઓ કોઇ સતા વાપરતા હતા તો તે સતા તેઓને તે તરફથી મળી હતી કે જેઓએ તેમને પ્રતીનીધી નેમયા હતા. બચાવપક્ષના ધારાશાસ્ત્રી તે છતાં એવી દલીલ લાવે છે કે ખરી યા ખોટી રીતે એ સતાનો ઉપયોગ ત્રસ્ટીઓએ સાઠથી વધુ વરસ સુધી કરયો છે? હવે તેઓની એ સતા હમણાં શા માટે રદ કરવી જોઇએ? પણ તેનો જવાબ તેરમાં બીવનનાં ૧૪૧ મે પાને આવેલા એટરની જનરલ વીરૂધ ડેલટનના મુકદમામાં જડે છે. એ મુકદમાની ઘણી વીગતો આ મુકદમાને મળતી આવતી હતી. ગમે તેમ હોય, આ મુકદમાની વીગતો પ્રતીવાદીઓ વીરૂધ વધુ ખુલ્લી રીતે જાય છે. માસ્તર ઓફ રોલ્સ લોરડ લેનગડેલ પોતાના ચુકાદામાં આ પ્રમાણે કહે છે. જે મુખય સવાલ જનમ પામયો હતો તે એ હતો કે રેકટર અને દેવળના વોરડનોમાં ઉમેરવાનાં નવા ત્રસ્ટીઓ કોણ નેમવા. એટરની જનરલ તરફથી એવી દલીલ લખવામાં આવે છે કે ગામના કર ભરનારાઓએ નવા ત્રસ્ટીઓ નેમવા જોઇએ. જયારે બચાવપક્ષ કે જેઓ ત્રસ્તીઓ હોવાનો દાવો કરે છે તેઓ એમ કહે છે કે હયાત ત્રસ્ટીઓને બીજા ત્રસ્ટીઓ નેમવાનો એકલો હક છે."

આ મુકદમા માફક તે મુકદમાના ત્રસ્ટીઓ પણ કેટલાક વરસો સુધી ત્રસ્ટીઓ

નેમતા હતા. એવો વાંધો લાવવામાં આવયો હતો કે એમ કરવું અસલી રીવાજથી ઉલટું હતું. માસ્તર ઓફ રોલ્સે પોતાના ચુકાદામાં એ સ્વીકારયું હતું કે ખરીદાયલી મીલકત ગામના ફંડમાંથી ખરીદવામાં આવી હતી, અને ધરમને લગતી બાબદોની કારોબાર કરનારી મંડળી તરફથી અવયવસ્થીત રીતે તેનો કારોબાર કરવામાં આવતો હતો. કાંઇ નહી તો એવી એક સભામાં નવા ત્રસ્ટીઓ નેમવાની ખુલી જુબાની પડી હતી, અને કેટલાક દીડોમાં એવી પણ કલમો હતી કે ત્રસ્ટીઓની નેમણુક ગામવાળાઓ ધરમને લગતી બાબદોની કારોબાર કરનારી મંડળી તરફથી કરવામાં આવતી હતી. આખરે કોરટે એવું ઠરાવયું હતું કે, "અગાઉના રીવાજથી ઉલટી રીતે નેમણુક કરવાની રીત કે જે પાછલા વખતમાં અગાઉના રીવાજ પ્રમાણે ચાલુ રાખવામાં આવી હતી, તેનાથી ગામવાળાઓના હકપર અસર થતી નથી કેમકે નેમણુક કરવાનો હક તેમનોજ હતો." અને એવા સંજોગોમાં, કોર્ટે, "રીવાજને લગતી સઉથી જુની સાક્ષીથી દોરવી શકાય, અને તોને માટે વધુ સારૂં તો એવા ઠરાવપર આવવાનું જરૂરનું છે કે તે વખતે જે કરવામાં આવતું હતું તે, અને જે તે બાદ લાંબે વખત થતું હતું તે બરોબર થયું હતું." આ મુકદમા મારફના ખુલ્લા સંજોગો નહી છતાં તે મુકદમામાં એવું સ્વીકારવામાં આવયું હતું કે બચાવપક્ષવાળા ત્રસ્ટીઓની નેમણુક કાયદેસર હતી નહી.

સ્થાવર મીલકત સંબંધમાં પ્રતીવાદીઓની સ્થીતી શું છે તે ઉપર હું આવું તે પહેલાં હું એમ ધારૂં છું કે તેઓના વારાના હીમાયતીએ સ્થાવર અને જંગમ મીલકતો સંબંધમાં જે દલીલ આણી છે તે ઉપર અત્રે વીચાર ચલાવવો યોગય થઇ પડશે. તેની દલીલ એ હતી કે ૧૮૬૬ ના વરસ અગઉની મીલકતો અને ફંડના સંબંધમાં પ્રતીવાદીઓની સ્થીતી ગમે તેવી હોય તે છતાં ૧૮૬૬ ના અકટોબર મહીનાની ૨૪ મી તારીખ બાદ હસ્તીમાં આવેલા ફંડો અને મીલકતો સંબંધમાં તેઓની સ્થીતી તદન મજબુત હતી, કેમકે એજ દીવસે ૧૮૬૬ ના વરસનો ૨૮ મો કાયદો અમલમાં મુકાયો હતો અને તેની ૩૪ મી કલમનો તેઓને લાભ મળે છે.

આ દલીલ વીચારવા યોગય છે, અને અમે આ સંબંધમાં બંને પક્ષોના વારાના હીમાયતીઓની દલીલોપર ઉંડો વીચાર ચલાવયો છે. આ કલમ, જે ત્રસ્ટીઓ મરણ પામે, રાજીનામું આપે અથવા બ્રીટીશ હીંદ છ માસ માટે છોડી જાય અથવા જે ત્રસ્ટી તરીકે કામ કરવા અશકત હોય તેની જગયાએ બીજા જોડયા ત્રસ્ટીઓ નેમવાની ત્રસ્ટીઓને સતા આપે છે. આ કાયદા સંબંધમાં જે પ્રથમ સવાલ જનમ પામે છે તેઓ શું એ કાયદો ધરમાદા ત્રસ્ટોને લાગુ પડે છે? જોકે એ કાયદો છેક ૧૮૬૬ માં અમલમાં મુકાયો હતો તે છતાં આ બાબતમાં કાંઇ સતાવાર ચુકાદો નથી. એ યાદ રાખવાનું છે કે હીંદુસ્તાનમાં બને તયાં સુધી કાયદાથી ચાલુ અને અસલના રીવાજોની વચમાં નહી આવવાની અને લોકોના ધારમીક, જાહેર અને ધરમાદા ખાતાંના વહીવટની વચમાં નહી આવવાની રાજ્યની વલણ છે. જે વીચારો હીંદના ધરમાદા ખાતાંઓને લાગુ પડે છે તે વીચારો ઈંગલંડના તેવા ખાતાંઓને લગતા વીચારોથી તદન જુદાજ છે. અને ૧૮૮૨ ના હીંદી ત્રસ્ટને લગતો કાયદો, ધારમીક તેમજ ધરમાદા જાહેર અને ખાનગી બક્ષીશોને લાગુ પડતો નથી. જોકે ૧૮૬૬ ના કાયદામાં એવી કાંઇ બાબતને ખાસ બાતલ કરવામાં આવી નથી, પણ તેની પ્રસ્તાવનાના શબદોપરથી એમ માલમ પડે કે છે તે કાયદો ધરમાદા ત્રસ્ટ ફંડોને લાગુ પડતો નથી. વળી એ કાયદાના શબદો, અંગ્રેજી કાયદાના અક્ષરેઅક્ષર ઉતારા છે. બત્રીસથી છત્રીસ સુધીની કલમો લોર્ડ ક્રેનવર્થના કાયદાના પીસ્તાળીસમા પ્રકરણમાંથી લેવામાં આવેલા છે, અને ૨૦ થી ૩૦ સુધીની કલમો, ૩૧ મી કલમ, તેના છેલા ભાગ સેવાય અને ૩૭, ૩૯, ૪૦, અને ૪૧, ૪૨, ૪૩ કલમો લોર્ડ સેંટ લીયોનાર્ડના કાયદાના ૩૫ મા પ્રકરણના ૨૨ અને ૨૩ માં વીકટોરીયામાંથી લેવામાં આવી છે.

એમાંનો કોઇ પણ કાયદો, આપણે જ્યાં સુધી જાણીએ છીએ સાં સુધી ધરમાદા ત્રસ્ટોને લાગુ પડતો જણાવવામાં નથી આવયો. ટયુડોરના ચેરીટેબલ ત્રસ્ટમાં તેને જ

ગયા મળી નથી અને મી૦ લાઉનડસની દલીલના જવાબમાં કહી શકાય કે ધરમાદા ત્રસ્ટોને એ કલમો લાગુ પડતી હોય એવો કોઇ પણ મુકદમો રજુ કરવામાં આવયો નથી. મી૦ એંગમેને જે મુકદમાનો દાખલો ટાંકયો છે, તે પણ આ સવાલપર કાંઇ અજવાળું પાડતો નથી. એ અસાધારણ બનાવ છે કે એ સંબંધમાં કોઇ પણ સતાવાર ચુકાદો નથી. મેં આપણી કોરટોમાં આ સવાલ ઉભો થયલો કદી જોયો નથી અને મેં અને મારી આગળના બે જજો ચેમબરસમાં બેસતા હતા અને જેઓએ એ કાયદાની ૪૩ મી કલમના આધારે કેટલીક વખત ધરમાદા મીલકતોના ત્રસ્ટીઓને સલાહ, મત અથવા બાબદોને લગતી ખબરો આપી હતી તે એવી માનયતાને આધારે હતી કે એ કાયદા જેમ બીજા ત્રસ્ટોને લાગુ પડતો હતો તેમ ધરમાદા ત્રસ્ટોને પણ લાગુ પડતો હતો. પણ હમણા જ્યારે એ સવાલ વીસ્તારપુરવક ચરચાયો છે, ત્યારે અમે એવા નીરણયપર આવયા છીએ કે ૧૮૬૬ નો ૨૮ મો કાયદો ધરમાદા ત્રસ્ટોને લાગુ પડતો નથી.

પ્રતીવાદીઓ એજ કાયદાની ૩૪ મી કલમ ઉપર જે દલીલો લાવે છે તેનો બીજો જવાબ એ છે કે એ કલમને હવે કોઇ પણ રીતે કાયદાસર ગણાતી નથી. ૧૮૮૨ ના બીજા ઈંડીયન ત્રસ્ટ એકટની બીજી કલમ ૧૮૬૬ ના કાયદાની ૩૪ મી કલમ રદ કરે છે. ઇનડયન ત્રસ્ટ એકટ ૧૮૯૧ માં મુંબઇ ઇલાકાને લાગુ પાડવામાં આવયો હતો, અને તે બાદ એ કાયદાની ૩૪ મી કલમ કાયદાસર ગણાતી અટકી છે. પણ એવી દલીલ લાવવામાં આવી છે કે ઈનડયન ત્રસ્ટ એકટની પેહેલી કલમમાં જણાવયા પ્રમાણે એ કાયદાની કોઇ પણ કલમ જાહેર, ખાનગી, ધારમીક અથવા ધરમાદા ત્રસ્ટોને લાગુ પડતી નથી." તેથી રદ કરનારી કલમ ધરમાદા ત્રસ્ટોને લાગુ પડે નહી. આમ નીરણયપર આવવાથી અનેક ગુંચવાડા જનમ પામશે. તેથી એવો અરથ થશે કે ખાનગી ત્રસ્ટોના, ત્રસ્તીઓને જયારે બીજાઓની જગયાએ અથવા રીટાયર થતા મરણ પામતાં, કે અશક્ત થતા ત્રસ્ટીઓની જગયાએ જ્યારે તેઓને બીજાની નેમણુક કરવાની સતા નથી, ત્યારે ધરમાદા ત્રસ્ટોના ત્રસ્ટીઓની તેવી નેમણુક કરવાની સતા કાયમ રહે છે પણ આવો નીરણય દેખીતી રીતે ઇચછવાજોગ નથી અને રાજયે કદી પણ તેવો વીચાર રાખયો હોય નહી. અમો એવો મત ધરાવીએ છીએ કે ઇનડયન ત્રસ્ટ એકટની પહેલી કલમની અપવાદની કમલથી તરતજ પાછળ આવતી રદ કરવાની કમલપર કાંઇ પણ અસર થતી નથી. એ કલમના શબદો તદન ખુલા અને એકઅરથી છે અને તેમાં જણાવવામાં આવયું છે કે શીડયુલમાં જણાવવામાં આવેલા કાયદાઓ જયાં આ કાયદો લાગુ પાડવામાં આવશે તયાં રદ કરવામાં આવશે. તેથી આપણે એવું ઠરાવવું જોઇએ કે ત્રસ્ટીઓ અને ગીરો મીલકત ધરાવનારાઓની સતાના કાયદાની ૩૪ મી કલમ તદન રદ થઇ છે, અને ધરમાદા મીલકતોના સંબંધમાં અપવાદરૂપ કોઇ પણ કલમ નથી.

"પણ એકપળ પણ એમ સ્વીકારીએ કે એ કાયદો ધરમાદા ત્રસ્ટોને લાગુ છે, અને જે કલમથી એ કલમ રદ થાય છે તે ધરમાદા ત્રસ્ટોને લાગુ પડતી નથી, અને આખી કલમ ચાલુ પ્રવરતીમાં છે અને આ મુકદમાને લાગુ પડે છે તોપણ શું તેથી પ્રતીવાદીઓને કાંઇ ટેકો મળે છે કે? થોડા ઉપયોગી ફકરાઓ બાદ કરતાં એ કલમ ટુંકમાં નીચલું રૂપ ધારણ કરે છે: અસલથી નેમાયલા અથવા બીજાની જગયાએ નેમાયલા જે કોઇ ત્રસ્ટી, કોઇ પણ વખત મરણ પામે વગેરે. ડીડ, વસયત, અથવા ત્રસ્ટના બીજા રૂપના દસ્તાવેજથી એ કામ માટે નેમાયલા માણસ અથવા માણસો માટે અથવા એવા કોઇ માણસો અથવા એવો કોઇ માણસ નહી હોય તે............હયાત અથવા બાકી રહેલા ત્રસ્ટી જો બીજા કોઇ માણસ અથવા માણસોને ત્રસ્ટી અથવા ત્રસ્ટીઓ તરીકે, મરણ પામેલા અથવા.........નેમવા માટે લખે તો તે કાયદાસર ગણાશે."

મી૦ સેનમેને અમારી આગળ એવી દલીલ કરી હતી કે જ્યાં સુધી ફંડની બાબત હાથ ધરવામાં આવે ત્યાં સુધી દરેક બક્ષીસની સાથે જે કાગળ આવતો હતો તે "ત્રસ્ટને પેદા કરનાર સાધન" હતું. જ્યારે એ કાગળો રજુ કરવામાં આવયા તયારે વાદીઓના ધારાના ડીમાયનીએ એવો વાંધો લીધો હતો કે જ્યાં સુધી એ કાગળોપર બરાબર સ્ટામપ હોય નહીં તયાં સુધી તે દાખલ કરી ન શકાય. કોરટે ૧૯૦૮ ની એપ્રીલ મહીનાની ૬ ઠી

તારીખે આપેલા ચુકાદામાં, અમે એ કાગળોમાંનાં ખાસ જરૂરના કાગળોપર લંબાણ વીવેચન કરયું છે અને એવું ઠરાવયું છે કે જે કાગળો પરીશીષ્ટ ૮૪ માં પાછળથી દાખેલ કરવામાં આવયા હતા તેઓ "ટ્રસ્ટને પેદા કરનાર સાધન" હતા નહી, અને એ રીતે એ દલીલનો અંત આવે છે. પણ ધારો કે એ પત્રો "ટ્રસ્ટને પેદા કરનાર સાધનો" હોય, તોપણ ચાલો આપણે એ કલમના બીજા ફકરાઓની તપાસ લઈએ અને જોઈએ કે તેથી કાંઈ પ્રતીવાદીઓના મુદ્દાને ટેકો મળે છે કે કેમ? પ્રતીવાદીઓ કોની પાછળ આવયા હતા? પ્રતીવાદીઓનો દરેક સભાસદ, જે માણસની જગયાએ ચુંટી કાઢવામાં આવયો, તે માણસ શું અસલ અથવા બીજીની જગયાએ નેમેલો ટ્રસટી હતો? અમે એવું ઠરાવયું છે કે અસલ પાંચ ટ્રસ્ટીઓને આપવામાં આવેલી નેમણુકની સતા ખરાબ હતી. ધારો કે અસલના પાંચે ટ્રસ્ટીઓ બરાબર રીતે નેમવામાં આવયા હતા, પણ તેમની પછળ જે આવયા તે બેશક ટ્રસ્ટીઓ હતા નહી અને તેઓનો સમાવેશ "ટ્રસ્તીઓ અસલ અથવા બીજાની જગયએ નેમાયલા" એ શબ્દોમાં થઈ શકે નહીં. વળી એ પ્રશન જનમ પામે છે કે હમણાના પ્રતીવાદીઓને જેઓએ નેમયા હતા તે "બાકી રહેલા અથવા ચાલુ રાખવામાં આવેલા ટ્રસ્ટીઓ" હતા કે? બેશક નહી.

૧૮૫૨ ના ટ્રસ્ટડીડથી મળેલી સતા.

જો ૧૮૫૧ ની ટ્રસ્ટડીડથી આપવામાં આવેલી સતા ખરાબ હોય તો, તે પછીની ટ્રસ્ટીની દરેક નેમણુક ખરાબ હતી, અને અસલના પાંચ ટ્રસ્ટીઓ પછી જે કોઈએ ટ્રસ્ટીની સતા ધારણ કરી હતી, તે ટ્રસ્ટી કહી શકાય નહી. ધારો કે પહેલા પાંચ ટ્રસ્તીઓ કાયદેસર નેમાયલા હતા, પણ તેઓ પછીના પાંચને એવા લોકોએ ટ્રસ્ટી તરીકે નેમયા હતા કે જેઓને તેવી નેમણુક કરવાની સતા હતી નહી, અને તેથી કાયદાની નજરે તેઓ ટ્રસ્તી હતા નહી. હમણાના ટ્રસ્ટીઓ નેમવામાં આવયા ત્યારે અસલના પાંચ ટ્રસ્ટીઓમાંથી એક પણ હઈયાત હતો નહી.

એવી દલીલ પણ લાવવામાં આવી છે કે કેટલાક દાખલાઓમાં તે વખતના ટ્રસ્ટીઓના નામથી કેટલાક ફંડ સપુરદ કરવામાં આવયા હતા. તેમ એવી ભુલભરેલી માનયતા આધારે કરવામાં આવયું હતું કે તે ટ્રસ્ટીઓ કાયદાસર રીતે નેમાયલા હતા, અને તેઓ તેમની ખરી સ્થીતીથી વાકેફ હતા નહી.

દરેક રીતે, પ્રતીવાદીઓના ધારાશાસ્ત્રીની ટ્રસ્ટીઓના અને ગીરો મીલકતો રાખનારાઓના કાયદાના ૩૪ મો કલમપર રચાયલી દલીલો તદન તુટી પડે છે.

સ્થાવર મીલકતો.

હવે બચાવપક્ષના ધારાના હીમાયતી તરફથી સ્થાવર મીલકતો સંબંધમાં જે દલીલો આગળ કરવામાં આવી છે તે હું હાથ ધરીશ. આ બાબતને કેટલાક જુદા વીચારો લાગુ પડે છે. પહેલા તો એ બાબતનો વીચાર કરવો જોઈએ કે આ મીલકતમાંની દરેક મીલકત પારસી કોમ માટે અથવા પારસી કોમે કેવી રીતે મેળવવામાં આવી હતી અથવા મેળવી હતી. અગાઉ જણાવવામાં આવયું છે તેમ ૧૮૨૩ ના વરસ અગાઉ પારસી પંચાયત પાસે મલાબાર હીલપરની જમીનનો એક ટુકડો હતો કે જે જમીનપર ત્રણ દોખમાઓ એક સગડી અને એક સગડીવાળાનું ઘર હતું, અને કોટમાંનું નસાખાનું પણ તેઓની મીલકતમાં ગણાતી હતી. ૧૮૨૩ અને ૧૮૬૪ ના વરસ દરમયાન પારસી પંચાયતે બીજી મીલકતો મેળવી હતી. કેટલીક મીલકતો પારસી કોમના લાભમાં બક્ષેશ આપવામાં આવી હતી, અને બીજી મીલકતો તેઓએ સામાનય ધરમાદા ફંડોમાંથી અને દોખમા માટેના ખરચ માટેના ફંડના નાણામાંથી ખરીદ કરવામાં આવી હતી. દોખમાવાળી જમીનની નજદીકની જમીન ખરીદવામાં આવેલી મીલકત હતી. એમ ધારી શકાય છે કે પારસી પંચાયત દોખમાનો કંપાઉંડ એવી રીતે વધારવા માગતી હતી કે જેથી દોખમાઓ વધુ છુપા રહે અને દુરવંદ કહેવાતા બીજા ધરમના માણસો નજદીકની જમીનપર અથવા દોખમાની નજદીકમાં વસવાટ કરતાં અટકે. તક મળતાં તેઓએ દોખમાઓની નજદીકની જમીનો ખરીદ કરવા માંડી અને તે અસલના કંપાઉંડમાં

ઉમેરતા ગયા. આ જુદા જુદા જમીનના ટુકડાઓ હમણા એક મોટા જમીનના ટુકડામાં ફેરવાઇ ગયા છે, અને હમણા એવી કોઇપણ શહાદત નથી કે જેથી દરેક જુદી જુદી વખતે કયા ટુકડાઓ ઉમેરવામાં આવયા હતા તે નકી કરી શકાય-સેવાય કે જુદા જુદા દસ્તાવેજો કે જેઓ બાજા જમીનના ટુકડાઓ ખરીદાયા હતા એમ દેખાડે છે. ૧૮૨૩ બાદ બે બીજા દોખમાઓ અને બે સગડીઓ અસલની જગયા પર બાંધવામાં આવયાં છે. ૧૮૮૪ અગાઉ એવું કોઇ જનરલ ડીડ હતું નહી કે જેથી આ સઘળી મીલકતો ત્રસ્ટીઓના કબજામાં હતી એમ દેખાડી શકાય,—હું "ત્રસ્ટી" શબ્દ સગવડ માટેજ વાપરૂં છું અને તેનો અર્થ હું એમ કરૂં છું કે તે માણસો કે જેઓ વખતો વખત ત્રસ્ટીઓ હોવાનો દાવો કરતાં અને જેઓ પંચાયતની મીલકતોનો કબજો રાખી તેનો કારોબાર કરતા હતા. હું એ શબ્દ એજ અર્થમાં વાપરીશ. ૧૮૮૪ અગાઉના ઘણા ડીડો અને ખતપત્રો હતા જેમાં તેઓના કબજામાંની ઘણી મીલકતોની બાબત આપવામાં આવી હતી, અને જ્યારે નવા ત્રસ્ટીઓ નેમવામાં આવતા હતા તયારે મોટો ખરચ થતો હતો ને ઘણી મેહનત પડતી હતી. ૧૮૮૪ ની ઘણા વરસ અગાઉ, એવું ધારવામાં આવહું હતું કે ત્રસ્ટીઓના કબજામાંની સઘળી મીલકતોને લગતું એક સામાનય ડીડ હોય તો ઘણું સારૂં અને આખરે ઘણી ઢીલ પછી ૧૮૮૪ ના સપટેમબર મહીનાની ૨૫ મી તારાખે તે વખતના ત્રસ્ટીઓએ પરીશીષ્ટ ચુમાં જણાવેલું ડીડ તઇયાર કરયું હતું. ડીડ સાથેનું પહેલું શીડયુલ, ડીડમાં સમાવાયલી મીલકતો વરણવે છે. તે મીલકતો છવીસ છે. દોખમાની આખી મીલકત ડીડ સાથે જોડવામાં આવેલા એક પલાનમાં દેખાડવામાં આવી છે, અને તેને આ મુકદમામાં "પરીશીષ્ટ પાંચ" તરીકે જુદો રજુ કરવામાં આવયો છે. એ પલાનમાં અસલ જમીન સાથે જોડવામાં આવેલા જુદા જુદા જમીનના ટુકડાઓ બતાવવામાં આવયા છે અને તેના ઉપર બારાખડીના જુદા જુદા અક્ષરોની નીશાની કરવામાં આવી છે.

હવે વીચાર કરવા માટેનો સવાલ આ છે. શું પ્રતીવાદીઓને આ સઘળી અથવા કોઇ પણ મીલકતનાં ત્રસ્ટીઓ તરીકે કાયદેસર નેમવામાં આવયા હતા? પ્રતીવાદીઓના ધારાશાસ્ત્રીએ ઘણા વાશ્વાસથી મુકદમાની આ બાબતપર દલીલો લાવીને જણાવયું છે કે તેના અસીલોને "એવી સલાહ આપવામાં આવી છે કે તેઓની ત્રસ્ટીઓ તરીકેની સ્થીતી તદન મજબુત હતી, અને અમે પ્રતીવાદીઓના ધારાના સલાહકારોની સલાહથી તદન જુદો મત ધરાવતા હોવાથી, એ વાજબી છે કે આ બાબતપર ટુંકમાં વીવેચન કરવા કરતાં વધુ સારૂં એ છે કે દરેક જુદી જુદી મીલકતના ત્રસ્ટી થવાનો પ્રતીવાદીઓને કેટલો હક છે તે નકી કરવા માટે દરેક મીલકત જુદી જુદી હાથ ધરવી, અને તે ઉપર જુદું જુદું વીવેચન કરવું, અને હું તેમ કરીશ. શરૂઆતમાં એ કહેવું વધુ સારૂં થઇ પડશે કે મી૦ લેંગમેને એમ સ્વીકારયું છે કે જે મીલકતો સામાનય ધરમાદા ફંડમાંથી અથવા દોખમા માટેના ખરચ માટેના ફંડમાંથી ખરીદવામાં આવી હોય, તેનો નીરણય એ ફંડોના નીરણય માફકજ લાવવો. મેં એવું સ્વીકારયું છે કે સઘળા ફંડો સંબંધમાં ત્રસ્ટીઓની નેમણુક કાયદેસર હતી નહી અને તેથી તે મીલકતો સંબંધમાં કાંઇ કહેવાનું બાકી રહેતું નથી."

છવીસ મીલકતોમાંની સરવથી અગતયની મીલકત—તે માટેનો ત્રસ્ટીઓનો દાવો.

છવીસ મીલકતોમાંની સરવથી અગતયની મીલકત કે જે માટે પ્રતીવાદીઓએ ત્રસ્ટીઓ હોવાનો દાવો કરયો છે તે મીલકતનો પુરાવાપત્રક "યુ" તથા પલાન પુરાવાપત્રક નંબર પાંચમાં દેખાડી કીધેલી "એ" માં પેહેલો સમાવેશ કરવામાં આવયો છે. આ મીલકત ઓગણાએસી હજાર ચોરસ વાર જમીનના ટુકડાની બનેલી છે.

આ જમીનના ટુકડા ઉપર પાંચે દોખમાઓ અને ત્રણ સગડીઓ આવેલી છે. આ મીલકત સાથે સરખાવતાં બીજી સઘળી મીલકતો નજીવી જેવી છે. આ મીલકતના સંબંધમાં કશાં પણ ઓચરયાઓ અથવા ટાઇટલ ડીડસો નથી કે જેના ઉપર પ્રતીવાદીઓ પોતાના દાવાના ટેકામાં આધાર રાખી શકે. તેઓ અને તેમની આગળના હોદા ઉપર રહેનાસઓ ઘણાં વરસો સુધી આ મીલકતોના વાલી, રખેવાળ અને મેનેજર હતા એ વાત સ

ચી છે. આ મીલકતને તથા બીજી સ્થાવર મીલકતોને લગતી વીગતો વગર શકે ટ્રસ્ટીઓના ચોપડામાં જોવામાં આવે છે. પણ કોર્ટ આગળ જે ખુલ્લો સવાલ તપાસવાનો છે તે એ છે કે હાલના પ્રતીવાદીઓને આ મીલકતના ટ્રસ્ટીઓ તરીકે કાયદાપુરવક રીતે નેમવામાં આવયા છે? તેઓની ટ્રસ્ટીઓ તરીકે કોણે નેમણુંક કરી હતી? એનો જવાબ એ છે કે તેઓની નેમણુંક તેમની આગળ ઓધા ઉપર રહેનારાએ કરી હતી. જેઓએ પ્રતીવાદીઓની એ પ્રમાણે નેમણુક કરી હતી તેઓ ટ્રસ્તી હતા? તેઓને પ્રતીવાદીઓને એ પ્રમાણે નેમવાની કાંઇ સતા હતી? પ્રતીવાદીઓને ટ્રસ્તીઓ તરીકે નેમવાની મતલબથી તેઓએ જે નેમણુંક કરી હતી તે સતા તેઓ કયાંથી લાવયા હતા? આ સઘળા સવાલોનો કશો પણ ખાત્રીપુરવક કે સંતોષકારક જવાબ મલયો નથી. કે જેની રૂયે પ્રતીવાદીઓની દલીલોને સેહેજ પણ ટેકો મળી શકે. અમારી સનમુખ જે અરજ કરવામાં આવી હતી તે નીચે મુજબ હતી:—

"બીજી મીલકતોના પ્રતીવાદીઓ કાયદેસર રીતે નેમાયેલા ટ્રસ્ટીઓ છે; તેઓ અને તેમની આગળ ઓધા ઉપર રેહેલાઓએ આ મીલકતોનો તો કારો બાર વરસો સુધી દરેક જણના સંતોષ વચે ચલાવયો છે. હાલની ગોઠવણમાં શા માટે ફેરફાર કરવો જોઇએ?

વધુ તપાસ ઉપરથી હું ધારૂં છું કે જણાશે કે બીજી મીલકતોના ટ્રસ્ટીઓ તરીકે તેઓ કાયદેસર રીતે નેમાયા છે એવી આગળ કરવામાં આવેલી દલીલ ખરી નથી સીવાય કે કદાચને બે ઘણાં નાના અને પડત જમીનના ટુકડાઓ માટે એ દલીલો બંધ બેસ્તી હોય જો અમો અત્રે હાલની ગોઠવણમાં ફેરફાર કરવાના ઇચ્છવાજોગ પણાંનાં સંબંધમાંજ માત્ર વીચાર કરતાં હતે તો બીજી દલીલો ઘણી મજબુત થઇ પડતે.

ટ્રસ્ટીઓની નેમણુંક.

પણ અમોને તો હક નકકી કરવાના સંબંધમાં નયાય કરવાને જણાવવામાં આવયું છે. આ મીલકતોના સંબંધમાં પ્રતીવાદીઓની કાયમની રૂએ જોતાં કેવી સ્થીતી છે તે આધારે ચુકવવાનું છે. ટ્રસ્ટીઓ નેમવાનો હક કાયદાપુરવક રીતે કોણને છે તે અમારે ચુકવવાનું છે. વાદીઓ નીચે મુજબ જણાવે છે:—

"અમોને પારસી કોમના સભાસદો તરીકે કોમના બીજા સભાસદોની માફક અમારી કોમને લગતા ફંડો અને મીલકતોના ટ્રસ્ટીઓની ચુંટણી કરવાના સંબંધમાં અવાજ રજુ કરવાનો હક છે."

કોરટ સગવડનો સવાલ ધયાનમાં લઇ શકે અને બીજાઓના હકો બાજુએ મેલી શકે?

આગળના ટ્રસટીઓએ ગેરકાયદાપુરવક રીતે લીધેલું કામ.

પુરાવા પત્રક નંબર ૫ ઉપર દાખલ કીધેલી "એ૦" વાળી મીલકતના સંબંધમાં પ્રતીવાદીઓના ટ્રસ્ટીઓ તરીકેના દાવામાં કશો પણ પાયાદાર કારણો નથી, અને તેમની આગળ ઓધા ઉપર રેહેનારાઓ જેઓ તેમને ટ્રસ્ટીઓ તરીકે નેમવાનું જણાવતાં તેઓને તેમ કરવાનો કશોએ હક હતો નહીં.

પુરાવા પત્રક "યુ" ના શીડયુલમાં જણાવેલી બીજી મીલકત સઘડીવાળાનું મકાન છે અને તે માટે પુરાવાપત્રક નંબર પાંચ ઉપર બી૦ તરીકે દાખલ કરેલી છે. ત્રીજી વરણવેલી મીલકત કોટનું નસાખાનું છે. આ મીલકતોના સંબંધમાં કશાં પણ ઓચરયાંઓ નથી અને પેહેલી વરણવેલી મીલકતના સંબંધમાં જે વીચારો જણાવવામાં આવયા છે તેજ વીચારો આ મીલકતોને પણ લાગુ પડે છે. આ મીલકતોમાંનું પેહેલું સઘડીના રખેવાળ માટેનું મકાન છે. જયારે બીજુ મકાન ગીઆનો રાખવા તથા નસેસાવારોને રાખવાનું મકાન છે, આ મીલકતો મુખય મીલકત—દોખમા કરતાં ઉતરતા પ્રકારની છે.

શેડયુલમાં પુરાવા પત્રક "યુ" માં વરણવેલી ચોથી મીલકત બહારકોટના નાસાખાનાની મીલકત છે. આ મીલકતના સંબંધમાં ફકત એકજ દસ્તાવેજ રજુ કરી શકાયો છે જે દસ્તાવેજ પુરાવાપત્રક "એ૦ ૩૬" છે. ૧૮૪૯ ની પણ લાંબો વખત અગાઉ પટેલ કુટુંબના કોઇ સભાસદે આ મીલકત બક્ષેસ તરીકે આપી હતી. પુરાવા પત્રક "એ૦ ૩૬" માં બતાવવામાં આવેલી એક તખતી ઉપરથી માલમ પડે છે કે સને ૧૮૪૮ માં એ મકાન પાછું બાંધવામાં આવયું હતું. એ મીલકત કાયદે

સર રીતે ત્રસ્ટીઓને સ્વાધીન થઇ હતી નહીં પણ તા૦ ૩૦મી અકટોબર ૧૮૭૩માં દાદાભાઇ રૂસ્તમજી પટેલની એકઝીક્યુટરો જેઓ એ જે નસાખાનું ફરી ૧૮૪૯ માં બંધાવ્યું હતું તેઓએ ફકત પાંચ રૂપયાની નામની રકમ થઇ પોતાનો સઘળો દાવો છોડી દઇ ત્રસ્ટીઓની તરફેણમાં તે મીલકત આપી દીધી.

ત્રસ્ટીઓનો ખોટો આધાર.

હું નહીં ધારતો કે એ ઉપરથી એમ દલીલ કરી શકાય કે આ દસતાવેજ ઉપરથી હાલના પ્રતીવાદીઓની આગળ ઓધા ઉપર આવનારાઓને ત્રસ્ટીઓ તરીકે નેમવામાં આવતા હતા તથા તેઓને તેઓની પછી વારેસો નેમવાનો હક આપતા હતા. માત્ર બક્ષીસ કરનારજ એવી નેમણુંક કરી શકે અને એવી સતા એનાયત કરી શકે પણ તે તો પુરાવા પત્રક "એ૦ ૩૬" ની તારીખની ઘણાં વરસો અગાઉનો મરણ પામયો હતો. એકઝીક્યુટરોએ ફારગતી લખત તા૦ ૩૦ મી અકટોબર ૧૮૭૩ માં પસાર કરયું હતું.

પાંચમી મીલકત—ગોદાવરીની અગીયારી.

સીડયુલમાં પુરાવા પત્રક "ભુલમાં વરણવેલી પાંચમી મીલકત તે ગોદાવરીની અગીયારી છે. આ મીલકતને લગતા દસતાવેજો પુરાવા પત્રક નંબર ૬, ૭ અને ૮ છે. આ દસતાવેજો ઉપરથી જણાયે છે કે ખરશેદબાઇ નામની એક પારસી બાનુએ તા૦ ૧ લી જુન ૧૮૨૬ માં "જેઓ આખી અનજુમન તરફથી આખી પંચાયેતમાં બેસતા હતા" તેઓને એક જમીનનો ટુકડો ઉપરના મકાન સહીત રૂ. ૮૦૦૧ ની નજીવી કીંમતે આપયો હતો. આ મકાનને પાછળથી અગીયારીમાં ફેરવી નાંખવામાં આવયું હતું. પંચાયેતના ચોપડાઓ ઉપરથી એમ દેખાડવામાં આવયું છે કે આ મીલકત લેવાનો અને તેને અગયારીમાં ફેરવી નાંખવાનો ખરચ થોડે ભાગે પારસી કોમ કનેથી ઉઘરાવવામાં આવેલા ફંડમાંથી તથા થોડે ભાગે પંચાયતના હાથમાંના અનજુમનના ફંડોમાંથી આપવામાં આવયો હતો. ઉઘરાવવામાં આવેલાં નાણાં રૂ. ૬૦૭૨ થયા હતા. ખરશેદબાઇ કનેથી મેળવવામાં આવેલી જમીન ઉપર તથા બીજા જમીનના ટુકડા ઉપર હાલની અગીયારી આવેલી છે. એવું જણાય છે કે તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૫૨ માં સર જમશેદજી જીજીભાઇએ પોતાના તરફથી નેમાયલા એક પેસતનજી માનેકજીને નામે એક બચુબાઇ કનેથી એક જમીનનો ટુકડો તે ઉપરથી મકાન સાથે રૂ. ૬૦૭૫ માં ખરીદયો હતો. તા૦ ૨૫ મીએ ૧૮૫૪ માં પેસતનજી માનેકજીએ એક લખત કરી એ મીલકત સર જમશેદજી જીજીભાઇના નામ ઉપર ચઢાવી હતી.

વધુ એમ જણાવે છે કે સર જમશેદજી જીજીભાઇએ તેની પાડોશની મીલકત મેલવયા પછી તા૦ ૧૪ મી એપ્રીલ ૧૮૫૯ માં મરણ પામયા હતા. અને તેઓના પુત્રો અને વીલના એકઝીક્યુટરોએ અસલ અગયારી અને તેની પડોશનું મકાન તોડી પડાવીં તથા તે જગયાએ એક નવી ફ્રસાદે અગયારી બંધાવી પોતાના પીતાની ઇચછા પાર પાડી તા૦ ૧૩ મી સપટેમબરે ૧૮૭૬ માં હેઇયાત એકઝીક્યુટરોએ નવી અગીઆરી તે વેળાના ત્રસ્ટીઓએ લખત કરી હવાલે કરી. આ લખત પંચાયેતની સઘળી મીલકતોના સંબંધમાં એક જેનરલ ત્રસ્તડીડ કરવાની યોજના જે ઉપર તે વેળા વીચાર ચલાવવામાં આવતો હતો તેમાં શામેલ થવાની તથા એ જેનરલ ત્રસ્ટમાં એ મીલકતનો સમાવેશ કરવાની ત્રસ્ટીઓને સતા આપે છે વળી જયારે કોઇ જગા ખાલી પડે ત્યારે તે કરવાની પણ ત્રસ્ટીઓને તે સતા આપે છે.

સર જમશેદજીના વીલના ત્રસ્ટીઓનું ગેરકાયદા પુરવક કામ.

મને એમ જણાય છે કે તે સર જમશેદજીના વીલના એકઝીકયુટરોને સને ૧૮૭૬ના ત્રસ્ટીઓને પોતાના વારેસો નેમવાનો તથા જમયા કરવાનો હક આપવાની કશી કાયદાપુરવક સતા હતી નહીં. અસલ જમીનનો કકડો અને ઇમારત કોમે પોતાના નાણાંમાંથી મેળવી હતી કે જેને સર જમશેદજીને કશું લગતું વળગતું નથી. અસલ ગોદાવરાની અગયારી ઉપર તેઓનો કશો હક હતો નહી. જો તેઓ અગીયારીવાલા અસલ મકાનમાં ઉમેરો કરવા માટે તેની પાડોશની મીલકત મેળવવાનું પસંદ કરયું

હતે અને તેમના એકઝીકયુટરોએ પોતાના પીતાની ઇચ્છા બર લાવવાને અગયારીવાલી મીલકતમાં વધારો કરયો હોય અને અગયારી નવેસર બંધાવી હોય તેથી કાંઇ તેઓને સખાવતના ખાતાં ઉપર હક ખચીતજ મળતો નથી. તેઓએ જમીનમાં ઉમેરો કરયો અને ઇમારત નવેસર બંધાવી એ તેઓએ ઘણું નેક પગલું ભરયું હતું; પણ સર જમશેદજી અને તેમના એકઝીકયુટરોએ જે પગલું ભરયું તે સખાવતમાં ઉમેરો કરનારા પગલાં તરીકે ગણવું જોઇએ અને તેથી તેઓને એ સખાવતના સંબંધમાં કશો હક મળતો નથી. ગોદાવરીની અગયારી પારસી અંજોમનની અગીઆરી છે. અગયારી માટે ફકત પારસી અનજોમનજ ત્રસ્ટીઓની નેમણુક કરી શકે અને માત્ર પારસી અનજોમન એવી સતા ત્રસ્ટીઓને એનાયત કરી શકે.

છઠી મીલકત ચોપાટીની ધરમશાળા.

પુરાવાપત્રક "યુ" ના શીડયુલમાં વરણેલી છઠી મીલકત ચોપાટીની ધરમશાળા છે. આ મીલકતને લગતા બે દસ્તાવેજો પુરાવાપત્રક ૯ અને ૧૦ છે. પુરાવાપત્રક નંબર ૯ લખત તથા ત્રસ્ટડીડ જે ખરશેદજી કાવસજીએ પારસી પંચાયતના સભાસદોની તરફેણમાં બતાવેલું તે છે. આ લખત તા૦ ૮ મી જુન ૧૮૩૮ માં થયું હતું. મજકુર ખરશેદજી કાવસજીએ આ મીલકત પારસી પંચાયતને બક્ષેશ તરીકે આપી હતી. આ લખતની રૂયે મીલકત ત્રસ્ટીઓના ચોકશ પક્ષકારોને હવાલે કરવામાં આવી છે તથા તેઓને પોતાના વારેસો નેમવાનો હક આપે છે. એ છતાં એમ બનયું છે કે ડીડમાં જણાવેલા સઘળા ત્રસ્ટીઓ જેઓને આ નેમણુકનો હક આપવામાં આવયો હતો તેઓ એ હક ભોગવયા વગરજ મરણ પામયા હતા. બીજો દસતાવેજ પુરાવાપત્રક ૧૦ છે જે તા૦ ૨૨ મી જુન ૧૮૭૪ નું લખત છે. આ ડીડમાં પણ એકઝીકયુટરોએ ત્રસ્ટીઓને એવીજ સતા એનાયત કરી હતી. છેલ્લા હઇયાત ત્રસ્ટીઓના એકઝીકયુટરોને તે વેળાના પંચાયતની મીલકતના ત્રસ્ટીઓને વારેસો નેમવાની સતા આપવાનો કશો હક હતો?

પ્રતીવાદીઓ કાયદાપુરવક ત્રસ્ટીઓ નથી.

અત્રે તો એક સખાવત કરનાર પોતે ત્રસ્ટીઓની નેમણુક કરે છે તથા તેઓને પોતાના વારેસો નેમવાનો હક આપે છે. આ સતાનો ઉપયોગ ત્રસ્ટીઓ પોતાની જીંદગીમાંજ કરવાનું પસંદ કરતાં નથી. આ સતા તેઓને અંગત રીતે એનાયત કરવામાં આવી હતી. તેઓ પોતાની હઇયાતીમાં પણ એ સતા બીજાઓને આપી શકતે નહી તેમજ બાર મેલીને કહી શકાય કે એક વીલના એકઝીકયુટરોમાંના કોઇપણ એવી સતા ભોગવી શકે નહી તથા નવા ત્રસ્ટીઓ નેમી શકે નહી. મારે તેટલામાટે ઠરાવવું જોઇયે કે પ્રતીવાદીઓને આ મીલકતના કાયદાપુરવક રીતે ત્રસ્ટીઓ તરીકે નેમવામાં આવયા નથી.

સને ૧૮૭૪ નું ત્રસ્ટડીડ.

આ મીલકતના સંબંધમાં હું મારી ટીકા પુરી કરૂં તે અગાઉ તા૦ ૨૨ મી જુન ૧૮૭૪ ના ત્રસ્ટડીડમાં જે નીચલો ફકરો છે તે ટાંકી બતાવીશ:—

"જરથોસ્તના ધરમની મજકુર પંચાયત જે વીશે તા૦ ૮ મી જુન ૧૮૩૮ ના ઇનડેનટયુરમાં ઇશારો કરવામાં આવયો છે તે હાલમાં તેમજ ઘણાં વરસો થયાં પાંચ અસામીઓની બનેલી છે જેઓ મુંબઇની પારસી પંચાયતની મીલકતના ત્રસ્તીઓ તરીકે ઓળખાય છે, જેઓ લેગો અને વેંહેંચાયા વગરનો કાબુ ધરાવતા આવયા છે અને ધરાવે છે." વીગેરે.

આ ફકરા ઉપરથી જણાય છે કે પ્રતીવાદીઓની આગળ ૧૮૭૪ માં આવા ઉપર આવનારા ત્રસ્ટીઓના મનમાં પોતાની સ્થીતના સંબંધમાં કેવો ગુચવણ ભરયો ખયાલ ધરાવતા હતા. તેઓએ એવું ધારયું કે તેઓના પાંચ જણાંઓના એકત્ર મંડળમાં પંચાયત જે આપણે આશરે ૧૮૬૨ માં બંધ પડેલી જાણતા તે ૧૮૭૪ માં હસતી ધરાવતી તેઓ લેખતા હતા.

પંચાયત હસતકની બીજી મીલકત.

પુરાવાપત્રક "યુ" ના શીડયુલ ૭, ૮ અને ૯ માં વરણેલી મીલકતો નીચે મુજબ છે:—દોખમાઓના પડોશમાંના ત્રણ ખાલી

જમીનના ટુકડાઓ જે સામનય સખાવતના ફંડના નાણામાંથી ખરીદવામાં આવી હતી અને તેઓને પણ એ ફંડ માફકજ ગણવી જોઈએ. મી૦ મોદીની જબાનીમાં એ જમીનો લેવાના સંબંધમાં વરણન આપવામાં આવયું છે. એ વીશે વધુ તકરાર ચલાવવાની કશી જરૂર નથી. જો પ્રતીવાદીઓ એ ફંડના કાયદાપુરવક નેમાયલા ત્રસ્ટીઓ ન હોય—અને મેં ઠરાવયું છે કે તેઓ કાયદા પુરવક ત્રસ્ટીઓ નથી તો તેઓ આ મીલકતના કાયદાપુરવક ત્રસ્ટીઓ કહેવાય નહીં, પછી તેઓને તેમની આગળ ઓધા ઉપર આવનારા ત્રસ્ટીઓએ ગમે તે સતા આપી હોય.

એક અપવાદ—ત્રસટીઓની નેમણુંકની બીજી બાજુ.

પુરાવાપત્રક "યુ" માં વરણેલી ૧૦ મી અને ૧૧ મી મીલકતો ત્રસ્ટીઓને તા૦ ૨૨ મી જુન ૧૮૭૪ ના દીડની રૂએ બક્ષેશ તરીકે આપવામાં આવી હતી. દોખમાઓની પાડોશમાં બીજા પણ વેરાન જમીનના બે ટુકડાઓ છે અને બક્ષેશનું આ દીડ ત્રસ્ટીઓને પોતાની પછી વારેસો નેમવા તથા જગયા પુરવાની ખાસ સતા આપે છે. આ બે મીલકતોના પ્રતીવાદીઓ બેશક કાયદાપુરવક નેમાયેલા ત્રસ્ટીઓ છે અને પ્રતીવાદીઓના ધારાશાસ્ત્રીના શબ્દોમાં જણાવું તો તે લખવામાં પ્રતીવાદીઓની સ્થીતી સામે ટુંકારો કાઢી શકાશે નહી. તથા કોરટ હાથ લગાડી શકશે નહી.

પુરાવાપત્રક "યુ" માં વરણેલી બારમી મીલકત પણ દોખમાની પડોશમાંની ખાલી જમીનનો ટુકડો છે. આ જમીન જીવાજી માણેકજીએ ત્રસ્ટીઓને ૧૮૬૬ માં બક્ષેશ તરીકે આપી હતી. તેઓ આ જમીન કાયદેસર રીતે હવાલે કરયા વગર મરણ પામયા હતા જેથી તેમના એકઝીકયુટર મી૦ શાપુરજી જીવાજી અને તેઓના મરહુમ ભાઈ નવરોજીએ તા૦ ૨૨ મી જુન ૧૮૭૪ માં દીડની રૂએ આ જમીન ત્રસ્ટીઓને હવાલે કરી હતી. બક્ષેશ કરનારે ત્રસ્ટીઓને પોતાના વારેસો નેમવાની કદી સતા તેમાં આપી નથી.

તેરમી

તેરમી મીલકતના સંબંધમાં જે માત્ર એક દસતાવેજ જોવામાં આવે છે તે પુરાવાપત્રક નં૦ ૨૧ છે જે એક ત્રસ્ટ દીડ છે અને તે તા૦ ૧૫ મી ડીસેમ્બરે ૧૮૭૪ માં કરવામાં આવયું હતું. આ દસ્તાવેજ ઉપરથી જણાય છે કે નવરોજી જમશેદજી વાડયાએ આ મીલકતની સખાવત તરીકે બક્ષેસ કરી હતી અને તે પારસી પંચાયતને ૧૮૪૨ માં હવાલે કરી હતી. તેઓએ કશું દીડમાં લખત કરયું ન હતું. ૩૨ વરસ પછી તેમના બે દીકરાઓ અને પઉત્રે લખત કરયું અને તે ખતથી ત્રસ્ટીઓને પોતાના વારસો નેમવાની સતા આપેલી કહેવામાં આવે છે. એવી સતા આપવાનો તેઓને કશો અખતયાર ન હતો. એ મીલકત તેઓના કુટુંબમાંના હાથમાંથી પસાર થઈ ત્રીસ વરસ ઉપર થયાં ત્રસ્ટીઓના હાથમાં ગઈ હતી અને આ સમજવાને મુશકેલ લાગે છે કે શા માટે એવું લખત મેળવવામાં આવયું હશે. વધારે સાવચેતીને ખાતેર એ લખત કરવામાં આવયું હોય પણ તેથી તેઓને ત્રસ્ટીઓને કશી પણ સતા આપવાનો હક નથી.

ચઉદમી મીલકત.

ચઉદમી મીલકત પણ ખાલી જમીનના ટુકડાની બનેલી છે. આ જમીન મરહુમ જમશેદજી નશરવાનજી દાદીના કુટુંબે બક્ષેસ તરીકે ધરમાદામાં આપી હતી. બક્ષેસ કરનારે ત્રસ્ટીઓને વારેસો નેમવાની સતા આપી નથી અને તેથી એ મીલકતના ત્રસ્ટીઓ તરીકે પ્રતીવાદીઓની કરવામાં આવેલી નેમણુક ગેરકાયદાપુરવકજ છે.

ચરનીવાડીનું નસાખાનુ.

અંધયારૂ રૂસતમજી સોરાબજી શેઠનાએ પંદરમી મીલકત પારસી કોમના લાભ માટે બક્ષેસ તરીકે આપી હતી. આ મીલકત ચરનીવાડીનું નસાખાનું છે અને તે ત્રસ્ટીઓને તા૦ ૯ મી ડીસેમબર ૧૮૫૨ ના દીડથી સ્વાધીન કરવામાં આવી હતી. આ દીડની રૂએ બક્ષેસ કરનાર મુંબઈની પારસી પંચાયતના નવા ત્રસ્ટીઓ નેમવાનો હક એનાયત કરે છે. પારસી પંચાયતે પોતાની ઉસતીમાં એવી કશી નેમણુક કરી નથી પણ ત્રસ્ટી

ઓએ તા૦ ૨૨ મી જુન ૧૮૭૪ માં એક ડીડ બનાવ્યું જે પુરાવા પત્રક નંબર ૨૪ છે. આ ડીડની રૂએ તેઓ પોતાને એ મીલકતના ત્રસ્ટીઓ નેમે છે. આ ડીડમાં જે એવો ફકરો છે કે "તે વેળાની પારસી પંચાયત એટલે કે ૧૮૭૪ ની તવાં દરશાવેલા આશામીઓની હતી" તે દેખીતું ખોટું છે. આપણને પ્રતીવાદીઓના સેક્રેટરીએ જણાવ્યું છે કે પંચાએત ઓછામાં ઓછી સને ૧૮૬૨માં બંધ પડી અને આપણી આગલ પ્રતીવાદીઓના ધારાશાસ્ત્રીએ ભાર મેલી ઇનકાર કીધો છે કે તેઓના કુલો જુની પંચાએતના વારસો નથી. મેં જેમ ઉપર જણાવ્યું છે તેમ હાલના ત્રસ્ટીઓની આગળ ઓધા ઉપર રહેનારાઓના ખીયાલો અને વીચારો પોતાની ખરી સ્થીતી સમજાવવાને ગુંચવણભરયા હતા અને તેઓએ ઘણીક સતાઓ જેઓ તે ધરાવતા ન હતા તે મળેલી તરીકે માની લીધી હતી. આ મીલકતના સંબંધમાં બક્ષેસ કરનારે નવા ત્રસ્ટીઓ નેમવાનો હક આપ્યો હતો, પણ પ્રતીવાદીઓ યાતો તેમની આગળ ઓધા ઉપર રહેનારાઓને એવી રીતે ચુંટી કાઢવામાં આવયા ન હતા અને તેથી તેઓ આ મીલકતના ત્રસ્ટીઓ તરીકે કાયદાપુરવક રીતે નેમાવાનો દાવો કરી શકે નહીં.

સોળમી અને સતરમી મીલકતો.

સોળમી અને સતરમી મીલકતો પણ ખાલી જમીનના ટુકડાની બનેલી છે અને તેના સંબંધમાં પણ પ્રતીવાદીઓની સ્થીતી ઉપરને મળતીજ છે. આ બંને મીલકતો સામાનય સખાવતનાં ફંડોમાંથી ખરીદવામાં આવી હતી.

અઢારમી મીલકત પણ દોખમાની મીલકત સામે ઉમેરવામાં આવેલો ખાલી જમીનનો ટુકડો છે. આના સંબંધમાં માત્ર જે એક દસ્તાવેજ રજુ કરવામાં આવયો છે તે તા૦ ૩૧ મી મે ૧૮૭૩ નું ડીડ છે. આ જમીન અસલ ૧૮૩૧માં જેહાંગીર નથવાનજી વાડયા અને તેઓના જમાઇ માણેકજી નવરોજી વાડયાએ અસલ ખરીદેલી જણાય છે. માણેકજી તા૦ ૧૪ મી નવેમબર ૧૮૩૭ માં મરણ પામયા હતા. તેઓના મરણની થોડો વખત અગાઉ તેઓએ આ જમીન જેહાંગીરના નામ ઉપર ફેરબદલ કરી હતી. સને ૧૮૩૯ માં જેહાંગીરે આ મીલકતની બક્ષેશ ધરમાદા કારયો માટે પારસી પંચાયતના ત્રસ્ટીઓને કરી. ૧૮૩૯ માં તેઓએ આ મીલકત ખરેખરી સ્વાધીન કરી હતી. જેહાંગીર ૧૮૪૩ માં મરણ પામયા હતા. જેહાંગીરે પોતાના મરણ અગાઉ એક વીલ કરયું અને પોતાની વીધવા માણેકબાઇ અને પોતાની દીકરી મોટીબાઇને એકઝીક્યુટરો નેમયાં હતાં. ત્રસ્ટીઓએ ૧૮૭૩ માં જેહાંગીરના મરણ પછી ત્રીસ વરસે માણેકબાઇ અને મોટીબાઇને પોતાના નામ ઉપર એ મીલકત કરી આપવાનો જણાવયું અને તેઓએ તે મુજબ તા૦ ૩૧ મી મે ૧૮૭૩ ના લખતથી કરયું હતું. આ ડીડથી ત્રસ્ટીઓને પોતાના વારસો નેમવાની સતા આપેલી કહેવામાં આવે છે. ૧૮૭૩ માં માણેકબાઇ, મોટીબાઇ કે તેમના દીકરાઓનું એ મીલકતમાં કશું હીત હતું નહી. જેહાંગીરે આ લખતની તારીખની ૩૪ વરસ અગાઉથી આ મીલકત પોતાના હાથમાંથી છોડી દીધી અને ઘણા એઝીકયુટીંગ પક્ષકારો જેઓએ ૧૮૭૩ માં ડીડ કરયું હતું તેઓને તે એ નામ ઉપર કરવાની કશી સતા હતી નહી. તેઓને આ મીલકતના ત્રસ્ટીઓ નેમવાનો એખતયાર હતો નહી તેમજ ખચીતજ વારેસ તસ્ટીઓ નેમવાની સતા આપવાનો પણ કશો હક હતો નહીં. આ મીલકતના ત્રસ્ટીઓ થવાનો પ્રતીવાદીઓનો દાવો એટલા માટે ખોટો છે.

ત્રસટીઓની બાકી મીલકતો ઉપરનો દાવો.

પુરાવા પત્રક "યુ"માં વરણેલી ૧૯, ૨૦, ૨૧, ૨૨ અને ૨૩માં મીલકતો દોખમાના કમપાઉંડમાં ઉમેરવામાં આવેલા સઘળા ખાલી જમીનના ટુકડાઓ છે. "દોખમાઓના સંબંધમાં ખરચ કરવા માટેના ફંડના નાણાંમાંથી આ જમીનો ખરીદવામાં આવી હતી. આ ફંડ પુરાવા પત્રક નંબર ૬૦ નું નં. ૨૬ અને પારસી અનજુમન કનેથી નાણાંએ ઉઘરાવી એ ફંડની શરૂઆત કરવામાં આવી હતી. જો આ ફંડના ત્રસ્ટીઓ તરીકે પ્રતીવાદીઓને કાયદા પુરવક રીતે નેમવામાં આવયા ન હોય તો તેઓ આ મીલકતના પણ ત્રસ્તીઓ નથી.

પુરાવા પત્રક "યુ"માં વરણેલી ૨૪ મી મીલકત દોખમાની પાડોશમાંનો બીજો ખાલી

જમીનનો ટુકડો છે. આ જમીનનો ટુકડો બીજા વાદી તરફથી તે વેળાના ત્રસ્તીઓને ધરમાદા બક્ષેશ તરીકે આપવામાં આવ્યો હતો. બક્ષેશ કરનારે તેમાં હાલના ત્રસ્તીઓને વારેસ ત્રસ્તીઓ નેમવાની કશી સતા આપી નથી. બક્ષેશ કરનાર સર કાવસજી જેહાંગીર આપણી સનમુખ છે અને તેઓ ત્રસ્તીઓને એવી સતા આપવામાં આવે તે સામે તીક્ષણ લડત ચલાવે છે.

છવીસમી મીલકત—પ્રતીવાદીઓ કાયદાપુરવક ત્રસ્તીઓ નથી.

પચીસમી મીલકતના સંબંધમાં હું જણાવી ગયો છું અને હવે છેલી મીલકત જે બાકી છે તે પુરાવા પત્રક "યુ"માં વરણવેલી ૨૬ મી મીલકત છે. આ પણ દોખમાંની પાડોશમાંનો ખાલી જમીનનો ટુકડો છે અને તે પણ ત્રસ્ટીઓને બખતની રૂએ બક્ષેશ તરીકે મનચેરજી ફરામજી કામા તરફથી આપવામાં આવ્યો હતો. તેમાં ત્રસ્ટીઓને પોતાના વારેસો નેમવાની સતા આપી નથી અને પ્રતીવાદીઓ ૨૪ તથા ૨૬ મી મીલકતના કાયદાપુરવક નેમાયેલા ત્રસ્ટીઓ નથી.

ત્રસટીઓની સતાનો બીજો સવાલ.

સને ૧૮૮૪ ના જેનરલ ત્રસ્ટડીડમાં વરણેલી સઘળી સ્થાવર મીલકતોના સંબંધમાં મેં હવે ફડચો કર્યો છે. કેટલીક મીલકતો ૧૮૮૪ પછી મેળવવામાં આવી હતી પણ કોર્ટને આ પુરાવા સાથે કશો સંબંધ નથી. અમારી આગળ એવી દલીલ લાવવામાં આવી છે કે આ કેટલીક મીલકતોના બક્ષેશ કરનારાઓએ જે કેટલાંક લખતો કર્યાં છે તેમાં તેઓએ ત્રસ્ટીઓને ખુલી રીતે સતા આપી છે કે જેનરલ ત્રસ્ટડીડની યોજનામાં જોડાવું અને એ મીલકતોનો તેમાં સમાવેશ કરવો અને એ ડીડથી જાહેર કરવું કે બીજી કોઇ સતા અથવા ત્રસ્ટો અસલ ડીડથી વેગળી નથી. જેનરલ અને ત્રસ્ટીડીડમાં ત્રસ્ટીઓ નેમવાની સતા જે જણાવવામાં આવી છે તે એક એવી સતા છે કે જે આપવાની ત્રસ્ટીઓને સતા છે અને તે અસલ ત્રસ્ટથી વેગળી જતી નથી. આ દલીલ જરાએ સંગીન યા ખાત્રીપુરવક નથી.

અમારી આગળ બીજી એવી દલીલ કરવામાં આવી છે કે સને ૧૮૮૫ નાં ડીડમાં જણાવેલી નેમણુંક કરવાની સતા સખાવતની મીલકતોના સઘળા ત્રસ્ટડીડમાં જણાવેલી છે અને આ માટે ટ્યુડરમાના ફકરા ઉપરથી આધાર લેવામાં આવ્યો છે. આ ફકરો અત્રે બંધબેસતો નથી. આ સંભવીત છે કે એક પુરાણા રીવાજ તરીકે ત્રસ્ટીઓને આવી સતા આપવામાં આવી હોત પણ મોટી સખાવતોના દાખલામાં કોર્ટની ફરજ છે કે નવા ત્રસ્ટીઓ નેમવાના સંબંધમાં કોઇ જોખમદાર મંડળોને ચુંટી કાઢવાની સતા મળવી જોઇએ. અને આવી નેમણુંકોના સંબંધમાં કોર્ટ કશી પણ એવી ગોઠવણ ચાલવા દેશે નહી. મને એમ લાગે છે કે જે દાખલામાં બક્ષેશ કરનારાઓએ નવા ત્રસ્ટીઓની નેમણુંકના સંબંધમાં ગોઠવણ કરી ન હોય તો આ અવશ્ય છે કે તે દાખલામાં જાહેર પારસી આલમે ચુંટણી કરવાના સંબંધમાં તથા આવી સખાવતોનો કારોબાર ચલાવવામાં પોતાનો અવાજ રહેવો જોઇએ.

કોર્ટે સમજુતી કરવાની દીધેલી સુચના.

મુકદમો ચોકસ તબકે પુગયા પછી કોરટે પક્ષકારોને સમજુતી ઉપર આવવાને માટે સુચનાઓ કરી હતી.

આ સમજુતીની શરતોમાંની એક એ હતી કે કોરટે પ્રતીવાદીઓને ગેરકાયદાપુરવક રીતે ત્રસ્તીઓ તરીકે નેમાયલા જાહેર કરવા પણ કોર્ટ પોતાને મળેલી સતાની રૂએ હાલના ત્રસ્તીઓને તેઓની હયાતી સુધી ત્રસ્તીઓ તરીકે કાયમ રાખશે તથા ભવીષના ત્રસ્તીઓના સંબંધમાં કોઇ યોજના ઘડશે. પ્રતીવાદીઓ તરફના ધારાના હેમાયતીએ આ સુચના સ્વીકારવાની સાફ ના પાડી અને ખોલા દીલે કબુલ કરયું કે "તેઓના કુલોને એવી સલાહ મલી છે કે તેઓની સ્થીતી એવી છે કે તેની સામે કશું બોલી શકાય એમ નથી અને જો તેઓ ફારેગ થતા અથવા મરણ પામતા ત્રસ્ટીઓની જગયાએ વારેસો નેમવાનો હક છોડી દેવાને કબુલશે તો તેઓ વીશ્વાસઘાત કરતા લેખાશે." જો તેઓને આ પ્રમાણે કાયદા સંબંધી સલાહ મલી હોય તો એક હક કે જેની હું કશી કીમત લેખતો નથી તે માટે આવી લંબાણ

લડત ચલાવવાને કશો દોષ આપતો નથી. જો એવી દલીલ કરવામાં આવી હતે કે ડીડ અથવા વીલની રૂએ દરેક ત્રસ્ટીને પોતાનો વારેસ નેમવાની સતા છે તો તે સતા કાંઈ વજનદાર જણાતે પણ જે હક માટે લડત કરવામાં આવી છે તે હાલના હઈયાત ત્રસ્ટીઓના હક માટે છે. તેઓના ધારાના શાસ્ત્રીએ એમને એમ જણાવ્યું છે કે જે કુટુંબે પારસી ધરમ ખાતાંઓમાં ગંજાવર રકમ આપી હોય તેના પ્રતીનીધીનો ત્રસ્ટીઓની બોર્ડમાં અવાજ રેહેવો જોઇયે પણ તે તકરાર સંગીન નથી. સર જમશેદજી જીજીભાઈ કે મી० બમનજી પીટીટનાં મરણ પછી હઇયાત ત્રસ્ટીઓ તેઓના વારેસોની જ નેમણુક કરશે તેની જામીનગીરી ક્યાં છે? જો કોઇ યોજના ઘરેલી હોય તો એવા પ્રતીનીધીને આવવાનો હક રેહે.

મી० એંગમેનની ફરીયાદ.

જ્યારે અમોએ આ સુચના કરી ત્યારે મી० એંગમેને ફરીયાદ કરી કે અમોએ પ્રતીવાદીનો મુકદમો એ બાબત વીશે પુરેપુરો સાંભળ્યો નથી પણ અમો પુરતી વીગતમાં એ વીશે ઉતરયા છીએ, અને પ્રતીવાદીઓના ધારાના હેમાયતીને અમે પોતાનો મુકદમો રજુ કરવાની દરેક છુટ આપી છે. અમારા મગજમાં જેબી કાંઈ ખતરો હતો તે તદન દુર થઇ ગયો છે અને એ વીશે પ્રતીવાદીઓના ધારાના હેમાયતીની તકરાર અમોએ જેમ જેમ વધુ સાંભળી તેમ તેમ અમારી વધુ ખાત્રી થઇ કે તેઓનો કશો મુકદમો હતો નહીં.

મને જણાને ઘણો સંતોષ ઉપજે છે કે આખરે હું મુકદમાના એ ભાગ ઉપર આવી પહોંચ્યો છુ કે જેમાં મારો વીદવાન મીત્ર મી० બીમન મારી સાથે સંપુરણ મળતો થાય છે.

અમે એમ માનીએ છીએ કે પ્રતીવાદીઓ નંબર ૫૪, ૫૯ અને ૬૦ વાળાં ત્રણ શીડયુલોમાં જણાવેલાં કોઇ પણ ફંડના સંગીન રીતે નેમાયલા ત્રસ્ટીઓ નથી.

અમોને એમ પણ જણાય છે કે, સને ૧૮૮૪ ના જનરલ ત્રસ્ટડીડમાં જણાવેલી મીલકતમાંથી ફક્ત ડીડના શીડયુલમાં જણાવેલી ૧૦ મી અને ૧૧ મી મીલકત શીવાય બીજી કોઇ મીલકતના તેઓ સંગીન રીતે નેમાયલા ત્રસ્ટીઓ નથી.

અમો જેને બેઉ પક્ષના કાયદેસર હકો માનીએ છીએ તેના ઉપર વીચાર કીધા પછી, હું મારા તેમજ મારા વીદવાન મીત્રના સંબંધમાં બોલતાં જણાવીશ કે અમો અત્રે એમ જણાવવાની ફરજ માનીએ છીએ કે અમો ઘણી દીલગીરી સાથે આ નીરણય ઉપર આવયા છીએ. પ્રતીવાદીએ પંચાયત ફંડો અને મીલકતોના સંગીન રીતે નેમાયલા ત્રસ્ટીઓ નથી એમ ઠરાવવામાં અમો તેઓની કીરતી અથવા આબરૂ ઉપર જરા હાથ નાખતા નથી. વાદીઓએ પોતેજ મુકદમાની શરૂઆત થતાંજ પોતાની દાવા અરજીમાં ખુલી રીતે જણાવયું છે કે તેઓ પ્રતીવાદીઓમાંના કોઇની સામે ગેરવરતણુકનો બીલકુલ આરોપ મુકતા નથી. મી० લાઉનડસે વાદીઓ તરફથી મુકદમો શરૂ કીધો તે ઉપરની મારી નોંધનું પહેલુંજ વાક્ય એવું છે કે ગેરવરતણુકનો સામાનય રીતે જે અરથ થાય છે તેવા પ્રકારની ગેરવરતણુંકનો બીલકુલ આરોપ મુક્તો નથી.

મી० લાઉનડઝે, બેશક એક ધારાના હેમાયતી તરીકેના જુસ્સાથી, મુકદમો શરૂ કરતી વખતે મુકદમાની એક બે બાબતો ઉપર કેટલાક પ્રતીવાદીઓની કરતી કાયદેસર ગેરવરતણુંક ભરેલી હતી એમ બતાવવાને સખત ભાષામાં ટીકા કીધી હતી. પણ મી० એંગમેને પોતાનો મુકદમો શરૂ કરીને જ્યારે ફરીઆદ કરી કે મી० લાઉનડઝની કેટલીક ટીકાઓ તેનાં કુલોને ગુસ્સે કરનારી થઇ પડી છે ત્યારે મી० લાઉનડઝે ચોખા દીલે કાંઇ પણ આનાકાની વગર પ્રતીવાદીઓની આબરૂ ઉપર અસર થાય તેવી પોતાની દરેક ટીકાઓ પાછી ખેંચી લીધી હતી અને તેણે ખુલ્લી રીતે જણાવયું હતું કે તેનાં કુલો પ્રતીવાદીઓને ખસેડવાની માગણી તેઓની નેમણુક સંગીનપણે થયલી નહીં હોવાનાં કારણને આધારેજ કરે છે. અમો જે એમ જાહેર કરીએ છીએ કે પ્રતીવાદીઓ સંગીનપણે નેમાયલા ત્રસ્ટીઓ નથી, તેનો એવો અર્થ થાય છે કે તેઓને ઓધા ઉપરથી દુર કરવા પરંતુ માત્ર તેઓની પોતાની તેમજ તેમની પહેલાનાઓની નેમણુંકના સંબંધમાં રહેલી કાયદને લગતી ખામીઓનેજ આભારી છે. મોટ

ધરમાદા ફંડોને લગતો તેઓનો કારોબાર અને ધરમાદા મીલકતોની તેઓની વયવસ્થા એવી તો ચોખી અને નીરદોષ છે કે તેમની સામે તે બાબતમાં જરા પણ ફરીઆદ કરવામાં આવી નથી અથવા તો તેઓ ઓધો ભોગવતા હતા તે સઘળા વખતમાં અસંતોષની એક પણ નોંધ થઇ નથી. પરંતુ કમનસીબ ચકચાર જે આ મુકદમાની બીજી શાખાનું મુળ છે તે સીવાય કોઇએ—વાદીઓ સુધાંએ—પણ ધારયું નહી હશે કે દાવો માંડીને તેઓની નેમણુકની સંગીનતા સાબીત કરવાનું આમંત્રણ કરવું.

પ્રતીવાદીઓની ઓળખ.

એક ક્ષણવાર અને પાછા કોર્ટને જેઓને માત્ર કાયદાની બારીકીની ખામીઓના સબબે ઓધા ઉપરથી દુર કરવા પડે છે તેઓ કોણ છે તે બાબત ઉપર આવવા દો.

પહેલા પ્રતીવાદી, જેઓ આપણી ભારે દીલગીરી વચે મુકદમાની સુનાવણી પુરી થવા પછી તુરતજ મરણ પામયા છે. તેઓ પહેલા પારસી બેરોનેટ મહાન પારસી સર જમશેદજી જીજીભાઇના પુત્ર થતા હતા. વહેવારૂ રીતે એ ધારમીક અને ધરમાદા ખાતાંઓ જે હાલમાં આવી સારી સ્થીતીએ પહોંચયાં છે, તેને પારસીઓ વચે સ્થાપનાર તેઓજ હતા. તેઓના કુટુંબીઓએ હાલમાં જે ફંડો અને ધરમાદા ખાતાંઓ ઉપર આપણે વીચાર ચલાવીએ છીએ તેને માટે ઘણીજ ઉદારતાથી નાણાં આપયાં છે. પહેલા પ્રતીવાદીએ જ્યારે પોતાની કુટુંબી મીલકતોનો અને ખેતાબનો વારસો સને ૧૮૯૮ માં મેળવયો ત્યારે તેમને પારસી કોમે એક જાહેર સભા ભરીને પોતાના વડા અને આગેવાન તરીકે નેમયા હતા અને તેઓએ પોતાની જીંદગી દરમયાન, જે કોમના પોતે લગભગ દશ વરસ સુધી એક ચુંટાયલા વડા હતા તેના તરફનું માન અને પયાર ધરાવયાં હતાં. બાટલીવાળા કુટુંબના ઓધેદાર વડા કરતાં બીજો કોણ માણસ પારસી ધરમાદા ખાતાંઓના ત્રસ્ટીઓની બોર્ડનો પ્રમુખ થવાને વધુ લાયક ગણાય? ત્રીજા પ્રતીવાદી પહેલા પારસી બેરોનેટ મરહુમ સર જમશેદજી જીજીભાઇના એકના એક હયાત પઉત્ર છે.

બીજા પ્રતીવાદી આલબલેસ કુટુંબ, જે પારસી કોમ માટેની પોતાની સખાવતો માટે જાણીતું છે તેના હાલના વડા છે. તેમનો પાકટ અનુભવ અને ડહાપણ ત્રસ્ટીઓના હાથમાંનાં જુદાં જુદાં ફંડો અને ખાતાંઓની વયવસ્થા કરવામાં ઘણાં કીમતી થઇ પડે.

ચોથા પ્રતીવાદી કાબા કુટુંબના ગ્રહસ્થ છે. અમને એમ જણાવવામાં આવયું છે કે મુંબઇમાં તેઓ સઉથી વધુ જમીનના માલીક છે. ત્રસ્ટી થવાને માટે તે ઘણો નજીવો ગુણ ગણાય. પરંતુ એ ઉપરાંત બીજી કેટલાક બાબતો છે—કોમમાં દરજો, ધંધા સંબંધી જ્ઞાન, કોમનાં ભલાં માટેની જાણીતી કાળજી વીગેરે—જે તેમને ધારમીક ફંડો અને ખાતાંઓના ઘણાજ ઇચછવા લાયક ત્રસ્ટી ઠરાવે છે.

અને આખરે, પાંચમા પ્રતીવાદી મી૦ બમનજી પીટીટ છે, જેઓ જો કે પ્રતીવાદી તરીકે છેલું નામ ધરાવે છે પણ પારસી કોમના ચાહ ધરાવનાર તરીકે સઉથી આગેવાન છે. મરહુમ સર દીનશાહ પીટીટના તેઓ એકના એક હયાત પુત્ર છે જેઓ તરફ પારસી કોમે હમેશાં તેમની બાદશાહી સખાવતો માટે આભારની લાગણીથી જોવું જોઇએ. પોતાના પીતાના પગલે ચાલવાથી મી૦ બમનજી હાલના મહાન પારસી સખાવત કરનારાઓમાંના એક ગણાય છે.

હયાત પ્રતીવાદીઓની કોર્ટ તરફથી નેમણુક.

જેઓને ઓધા ઉપરથી ખસેડવાની અમને ફરજ પડી છે તેઓ આ શખસો છે. પણ તેમની અને તેમના કામની કદર કરવાને અમોને જાહેર ધરમાદા ખાતાંઓ ઉપર જે સતા મળેલી છે તે તેમજ ત્રસ્ટીઓને લગતા સને ૧૮૬૬ ના હીંદી કાયદાની કલમો ૩૫ અને ૪૫ ની રૂએ અમોને જે સતા મળે છે તેના આધારે અમો હયાત પ્રતીવાદીઓને પારસી ધરમાદા ખાતાંમાં આપવામાં આવેલી અથવા તેને લગતી સઘળી મીલકતો અને સઘળાં ફંડો જે પારસી પંચાયતની મીલકતો અને ફંડો તરીકે ઓળખાય છે તેના ત્રસ્ટીઓ નેમીએ છીએ. અને અમે ફરમાવીએ છીએ કે સઘળાં ત્રસ્ટ ફંડો અને મીલકતો તેમને સ્વાધીન રહે.

પહેલા પ્રતીવાદીના મરણ પછી તુરત જ બીજા પ્રતીવાદીઓએ તેમની ખાલી પડેલી જગયાએ મરહુમના એકના એક દીકરાને નેમી એ જગયા પુરી દીધી છે. અમે ધારીએ છીએ કે પ્રતીવાદીઓ તરફની આ ઘણી અનયાયી વરતણુક છે કેમકે તેમના તે કારયથી કોરટ ગુંચવાડામાં પડી હતી. એટલું છતાં અમોને એમ જણાય છે કે નવા ત્રસ્ટી તરીકે જેઓની ચુંટણી કરવામાં આવી છે તેમાં વાંધાભરેલું કાંઇ નથી. હાલના સર જમશેદજી પારસી કોમની એક જાહેર સભામાં સરવાનુમતે પારસી કોમના વડા અથવા પ્રમુખ નેમાયા છે અને તેઓ પોતાના પીતાની જગાએ પોતીકા લોકો વચે ચુંટાયા છે અને અમો તેમને હાલના હયાત પ્રતીવાદીઓની સાથે એક જોડીઆ ત્રસ્ટી તરીકે નેમીને સુચવીએ છીએ કે ત્રસ્ટ ફંડો અને મીલકતો તેમના ભાઇબંધ ત્રસ્ટીઓની સાથે તેઓને પણ સ્વાધીન છે.

અમોને આમ કરવાનું કારણ એ છે કે અમો જે નીરણય ઉપર આવીએ છીએ તે અમારે નવા ત્રસ્ટીઓની નેમણુકને લગતી યોજના ઘડી કહાડવા માટે કમીશનર ઉપર મોકલી આપવી પડશે અને ખચીત એ યોજના ઘડી કહાડતાં તથા તેને મંજુરી મળતાં લાંબો વખત વહી જશે. એટલા માટે અમો ધારીએ છીએ કે, તુરતજ ત્રસ્ટીઓ નીમવાની જરૂર છે અને હાલના સંજોગો વચે આ કોરટની મદદ વીના તે કામ બની શકે નહી. અમો એમ પણ માનીએ છીએ કે ગમે તેમ પણ આ નેમણુકો અમુક નકી કરેલા વખત માટે નહી પણ હમેશને માટે થવી જોઇએ. યોજના ઘડી કહાડવામાં આવે અને તે અમલમાં આવે ત્યાં સુધી વચમાં જે કોઇ જગયા ખાલી પડશે તે આ કોરટે પુરવી પડશે.

મુકદમાના આ ભાગને લગતું અમારૂં હોકમનામુ એ છે કે હયાત પ્રતીવાદીઓ પરીશીષ્ટ યુ વાળાં સને ૧૮૮૪ ના ત્રસ્ટડીડમાં જણાવેલી ૧૦ મી તથા ૧૧ મી મીલકતો સીવાયની પારસી પંચાયતની સઘળી મીલકતો અને ફંડોના સંગીન રીતે નેમાયલા ત્રસટીઓ નથી. પણ કોર્ટ તેમને હાલના સર જમશેદજી જીજીભાઇની સાથે એ ફંડો અને મીલકતોનાં ત્રસ્ટીઓ તરીકે નેમે છે અને સઘળાં ત્રસટ ફંડો અને મીલકતો તેમને સ્વાધીન કરે છે.

ત્રસ્ટી નેમવા માટેની યોજના.

હાલના કોઇ ત્રસ્ટી ગુજરી જાય, રાજીનામુ આપે, છ માસ કરતાં વધુ મુદત માટે મુંબઇ છોડી જાય અથવા પોતાની ફરજો બજાવવાને અશકત થઇ જાય ત્યારે તેઓની નવો ત્રસ્ટી નેમવા માટેની એક યોજના ઘડી કહાડવાને અમો આ બાબત કમીશનર ઉપર મોકલી આપીએ છીએ. એવી યોજના ઘડાયા બાદ તે એડવોકેટ જનરલ ઉપર તેની પસંદગી માટે મોકલી આપવી પડશે અને પછી આખરી મંજુરી મેળવવા માટે તેને આ કોરટમાં લાવવામાં આવશે એડવોકેટ જનરલને એ યોજના મંજુરીઆત માટે આ કોરટમાં આવે ત્યારે તેના સંબંધમાં પોતે હાજર થઇને કાંઇ પણ સુચના કરવાની છુટ છે.

આ યોજના ઘડવાની બાબત કમીશનર ઉપર મોકલવાને બદલે જો કોઇપણ પક્ષની મરજી પારસી ગ્રહસ્થોની બનેલી કમીટીને સોંપવાની હોય તો બીજા પક્ષને ખબર આપીને અમોને તે માટે અરજ કરવાની અમે છુટ આપીએ છીએ.

જો અમને પસંદ પડશે તો અમો એ યોજનામાં ૧૦ મી અને ૧૧ મી જણાવેલી મીલકતોનો સમાવેશ કરીશું. કોર્ટ તેમ કરી શકે તેને માટે એટરની જનરલ વીરૂધ દેધામ સ્કુલ—૨૩ બીવનને લગતો મુકદમો પ્રષ્ટ ૩૫૦ સીધો પુરાવો છે. સર જોન રોમીલીએ એ મુકદમામાં એમ ઠરાવયું હતું કે જોકે ગવરનરો વીરૂધ પણ ગેરવયાજબી વરતણુકનું આળ મુકવામાં આવયું નહોતું તોપણ સઘળાં ફંડો અને મીલકતોને એકસરખી વયવસ્થા નીચે મુકવા માટેની યોજના ઘડવા માટે એ એક યોગય મુકદમો છે. આમ છતાં અમો એ બાબતમાં વચે પડવા માગતા નથી. જો પ્રતીવાદીઓની ઇચછા હોય તો તેઓ આ બે મીલકતોના ત્રસ્ટી તરીકે ચાલુ રહે. તોપણ અમને બીલકુલ શક નથી કે જો અમારો નીરણય ખરો પડશે અને એક યોજના ઘડી કહાડવાના હુકમનો અમલ થશે તો આખરે પ્રતીવાદીઓ આ બે મીલકતોને એ યોજનામાં દાખલ કરવા માટે સંમતી આપશે.

જરથોસ્તી ધરમનો સ્વીકાર કરનારા પરધરમીઓ.

હવે હું આ દાવાની બીજી શાખા ઉપર આવું છું અને અત્રે મારે મારા પોતાના સંબંધમાં કાંઇક બોલવું પડશે કેમકે મારો વીદવાન મીત્ર જે * આ મુકદમાના પહેલા ભાગને લગતા નીરણયમાં મારી સાથે પુરણપણે મળતો થયો છે તે કદાચ હું મુકદમાના આ ભાગના સંબંધમાં જે નીરણય ઉપર આવું છું તેમાંના કેટલાંકની સાથે મળતો ના થાય એ સંભવીત છે.

આ ભાગમાં જે સવાલનો ચુકાદો આપવાનો છે તે આ દાવાના બે મુદાઓ કરતાં ઘણો વધારે જરૂરી છે. વાદીઓ અને પ્રતીવાદીઓ વચે આ ફેંસલાના શરૂઆતના ભાગમાં જણાવયા મુજબ તકરારી બીના એ છે કે—

“બીજા ધરમમાં જનમેલો હોય અને તુરતજ પારસી ધરમ સ્વીકારયો હોય અને તે ધરમમાં તેને દાખલ કીધો હોય એવો માણસ દાવા અરજીમાં જણાવેલાં ધારમીક ખાતાંઓ અને ફંડો, જે હાલમાં પ્રતીવાદીઓના કબજામાં અને તેમની વયવસ્થા નીચે છે, તેનો લાભ મેળવવાને હકદાર છે?”

પ્રતીવાદીઓના દાબ અને વયવસ્થા નીચેનાં ધરમાદા ખાતાંઓ ઉપરાંત મુંબઇમાં આતશબહેરામો, અગીઆરીઓ, દરેમેહેરો, સેનીટેરીયમો વગેરે એવાં બીજાં સંખયાબંધ ખાતાંઓ છે કે જે પારસી કોમના ઉપયોગ અને લાભને માટે આપી દેવામાં આવયા છે. પણ તે ખાતાંઓ તેને માટે પઇસા આપનારાઓ, તેમના વંશજો અથવા બીજા ત્રસ્ટીઓના અંકુશ અને વયવસ્થા નીચે હોવાથી આ કોર્ટને તેની સાથે કાંઇ સંબંધ નથી. ખરૂં જોતાં કોર્ટને પ્રતીવાદીઓના કબજાનાં અને તેઓની વયવસ્થા નીચેનાં સઘળાં ફંડો અને ખાતાંઓ સાથે પણ સંબંધ નથી, કારણકે ફરીઆદના વકીલે સુનાવણી વખતે જરથોસ્તી ધરમમાં દાખલ થયલાઓ, જેઓનાં હીત માટે વાદીઓએ આ દાવામાં આટલી બધી લડત ચલાવી છે, તેમના લાભની માગણીમાં ઘટાડો કરીને દોખમા, સગડીઓ, નસાખાનાઓ અને ગોદાવરા અગયારી તથા સઘળા જરથોસ્તીઓની લાસોને દોખમા ખાતે લઇ જવા માટેના ફંડનો લાભ લેવાના તેઓના હકને માટેજ તકરાર ચલાવી હતી.

વાદીઓ એવી તકરાર કરે છે જરથોસ્તી ધરમ જુદદીનોને પોતામાં દાખલ કરવાની રજા આપે છે એટલુંજ નહી પણ તેમ કરવા ફરમાવે છે અને પારસી ધરમગુરૂના હાથે નવજોતની કીયા થયા બાદ જુદદીનને સદરો અને કસ્તી પહેરાવવામાં આવે તેજ વખતે તેને જનમ જરથોસ્તીના સઘળા હકો મળે છે અને જરથોસ્તી કોમનાં લાભના સઘળા ધારમીક અને ધરમાદાખાતાંઓ અને ફંડોનો લાભ ઉઠાવવાને હકદાર છે. વાદીઓ જણાવે છે કે પ્રતીવાદીઓએ તેવા જુદદીનોને પોતાના અંકુશ અને વયવસ્થા નીચેનાં ફંડો અને ખાતાંઓનો લાભ લેવામાંથી બાતલ કરવાની ધમકી આપી છે અને વાદીઓએ તેમના હીમાયતીઓ તરીકે કોર્ટ પાસેથી એક હોકમનામુ મેળવવાને આ દાવો કીધો છે કે જુદદીનો સઘળા જરથોસ્તીઓના લાભારથે સ્થપાયલાં ધારમીક અને ધરમાદાખાતાંઓ તથા ફંડોનો લાભ મેળવવાને હકદાર છે.

અલબત દાવાનો આ ભાગ બે મુખય ભાગમાંનો એક છે પણ ખરૂં જોતાં તેણે દાવાઓને એકત્ર કરેલો એક દાવો છે. બે ભાગને સામાનય રીતે એક બીજા સાથે કાંઇ સંબંધ નથી. દાવાના બે સવાલો પુરણપણે એક બીજાથી જુદા છે. દરેક ભાગ આપોઆપ એક દાવો છે, દરેક ભાગને તદન જુદા વીચારો લાગુ પડે છે. બેઉ પક્ષના વકીલોએ પોતાની દલીલોને પણ જુદા ભાગમાં વહેંચી નાખી છે. બેઉ ભાગને લાગુ પડે એવી ભાગયેજ કોઇ દલીલ અથવા વીચાર હશે. બેઉ ભાગ એક બીજાથી તદન સ્વતંત્ર બે જુદા દાવા છે અને હું આ સવાલ ઉપર ત્રસ્ટીઓની નેમણુકની સંગીનતાને લગતા સવાલના મુકદમાથી તદનજ જુદોજ મુકદમો હોય તેવી રીતે વીચાર ચલાવવા ભલામણ કરૂં છું.

પ્રતીવાદીઓ પોતાના લેખીત ખોલાસાના ૩ જા અને ૪ થા ફકરામાં એક સવાલ ઉભો કરે છે જે મારા મત મુજબ વાદીઓના મુકદમાની જડમાં ઉતરે છે. ત્રીજા ફકરામાં તેઓ સવાલ કરે છે કે જે શખસ આ મુકદમામાં પક્ષકાર ના હોય તેના હીતમાં મુકદમો ચલાવવાને વાદીઓને હક છે? અને ચોથા ફકરામાં તેઓ કહે છે કે—

વાદીઓએ દાવા અરજીમાં જણાવયું નથી કે તેઓની દાવા અરજીમાં જણાવેલી કાંઇ મીલકત ઉપરનો તેમનો હક નકારવામાં આવયો હતો. પ્રતીવાદીઓ એમ જણાવે છે કે દાવા અરજીમાં વાદીઓનાં કામ માટે કાંઇ કારણ આપેલું નથી.

મુકદમાના મુદાઓ.

બીજા શબદોમાં પ્રતીવાદીઓ એવી તકરાર કરે છે કે વાદીઓ મુકદમાના આ ભાગમાં જે દાદ માગે છે તેના સંબંધમાં દાવો કરવાને તેઓને હક નથી. પ્રતીવાદીઓની આ તકરાર ઉપર વીચાર ચલાવવાને ઘણા જુદા જુદા સવાલો ઉભા થાય છે. વાદીઓ સમષ્ટીરૂપે અથવા વયકતીરૂપે તેઓ જે દાદ માગે છે તેને માટે હકદાર છે? તેઓને અથવા તેમનામાંના કોઇને પ્રતીવાદીઓ સામે પગલાં ભરવાનો હક છે? પ્રતીવાદીઓ સામે પગલાં ભરવાનું તેઓને કાંઇ કારણ મળયું છે? તેઓએ પોતાની દાવા અરજીમાં એવું કોઇ કારણ દરશાવયું છે? તેમના કોઇ હકની નાપાડવામાં, ઉલંઘવામાં અથવા તેને ઉલંઘવાની ધમકી આપવામાં આવી હતી? પ્રતીવાદીઓએ એવું કોઇ ગુનહાપાત્ર કામ કીધું છે કે જેથી વાદીઓને સઘળા સાથે મળીને અથવા તેમનામાંના એકને તેઓની સામે પગલાં ભરવાનો હક મળે. તેમને કોઇ પ્રકારનું એવું નુકસાન થયું છે કે જેનો એલાજ કરવાની જરૂર હોય. જો તેઓ વયકતીરૂપે કે સમષટીરૂપે દાવાના આ ભાગને માટે હકદાર ન હોય તો દીવાની કાયદાની ૫૩૯ મી કલમ મુજબ એડવોકેટ જનરલની આ દાવો માંડવા માટે મેળવેલી સમતીથી તેમની સ્થીતી કોઇ પણ રીતે ફેરવાય છે? તેઓ માગે છે તે દાદ મેળવવા તેઓ હકદાર છે?

આ સવાલોનો વીચાર કરવા માંડતાં પહેલાં વાદીઓ શું દાદ માગે છે તે નકી કરવું એ ઉપયોગી થઇ પડશે. કાયદાની સઘળી બારીકીઓ બાજુએ મુકીને વાદીઓએ માત્ર એટલુંજ માગયું છે કે પરધરમમાં જનમેલો પણ તુરતજ જરથોસ્તી ધરમમાં દાખલ થયલો માણસ પારસી કોમ માટેના અને પ્રતીવાદીઓના અંકુશ અને વયવસ્થા સઘળાં ધારમીક અને ધરમાદા ફંડો તથા ખાતાંઓનો લાભ મેળવવાને હકદાર છે એમ ખુલ્લી રીતે જાહેર કરવું. આ બાબતના સંબંધમાં જે માગણીઓ કરવામાં આવી છે તે પરીશીષટ સી. ડી. ઇ. એફ. અને એચ. માં જણાવેલી છે તથા સુનાવણી વખતે અમને એટલુંજ કરવાનું કહેવામાં આવયું છે કે જે ખરાં ટ્રસ્ટને તકરારી ફંડો અને મીલકતો આપવામાં આવી હતી તે નકી કરવું, જાહેર કરવું અને જો જરૂર જણાય તો સને ૧૮૫૧ અને સને ૧૮૮૪ નાં ટ્રસ્ટડીડોમાં કોર્ટના ઠરાવ મુજબ સુધારો કરવો. વાદીઓ આ દાદ મેળવવા હકદાર છે? તેઓ જે દાદ માગે તેને અનુસરીને આ દાવો લાવવાનો તેમને હક છે? આ સવાલોના જવાબમાં હું ના પાડું છું. દરેક વાદી પારસી માબાપના પેટે જનમેલો છે અને તે પોતાના પુરવજોના ધરમમાં જનમેલો છે. તેઓ સઘળા જરથોસ્તી ધરમને માને છે. બેશક તેઓ ગોદાવરા અગીઆરીમાં બીજા કોઇ પારસીના જેટલોજ તેનો ઉપયોગ કરવાનો હક ધરાવે છે. ખુલ્લી રીતે તેઓ જરથોસ્તીઓ માટેનાં દરેક ફંડનો, જેમાં લાશને દોખમા ખાતે લઇ જવા માટેના ફંડનો પણ સમાવેશ થાય છે—લાભ લેવાને હકદાર છે. એક હક તરીકે તેઓ પોતાનાં મરણ પછી પોતાનાં શરીરોને દોખમે ચહડાવવાનો હક ધરાવે છે. તેમના તે હક સામે કોઇએ વાંધો લીધો છે? આ સનદ સામે કોઇએ તકરાર કરી છે? કોઇએ આડકતરી રીતે અથવા દુરથી પણ એવી સુચના કરી છે કે તેઓ તે હકો ધરાવતા નથી. એ હક અને સનદોમાંની એકના પણ સંબંધમાં કોઇ પ્રતીવાદીએ નાપાડી છે? પ્રતીવાદીઓએ એવું કાંઇ કરયું કે કહયું છે કે જે ઉપરથી એમ કલપના કરી શકાય કે તે વાદીઓના હકનું ઉલંઘન કરવા અથવા તેના ઉપર ત્રાપ મારવા જેવું કારય હતું. તેમને શકલું એવું કોઇ નુકસાન કે સંકટ છે કે જેનો ઉપાય કરવો જોઇએ. આ સઘળા સવાલોનો માત્ર એકજ જવાબ એ છે કે, ના., કાંઇ નુકસાન થયું હોય તેને માટે જ દાદ માગવામાં આવશે. અદાલતમાં થયલાં નુકસાન માટે દાદ મેળવવી એ રહેનુ શાહતની દરેક પ્રજાની સનદ છે. પગલાં ભરવાથીજ નુકસાનના સંબંધમાં દાદ મેળવી શકાય. જે શખસને નુકસાન થયું હોય તેને તેનાં

સંબંધમાં પગલાં ભરવાનો હક છે. કાયદેસર પગલાં ભરીને માણસ પોતાના હકો, જેની ના પાડવામાં આવતી હોય, ઉલંઘન કરવામાં આવતું હોય અથવા તેમ કરવાની ધમકી આપવામાં આવતી હોય, તેની માગણી કરે છે અને તેનો અમલ કરવાનો તથા પોતાના નુકશાનો ભરી લેવાનો દાવો કરે છે. ઈંગલંડને લગતા લોર્ડ હોલસબરીના કાયદામાં પગલાંનો અર્થ એવો કરવામાં આવયો છે કે 'જેના વડે એક પક્ષ નયાયની અદાલતમાં અમુક હક બીજા પક્ષ ઉપર દાખલ કરે છે અથવા પોતાને થયલા નુકશાનનો બદલો મેળવે છે તે કામકાજ.'

ટુંકમાં એમ કહી શકાય કે હકની કાયદેસર માગણી......તે બેઉ પક્ષની કહેવામાં આવતા હકની તેના ચોકશ અથવા બોલવામાં આવેલા ઉલંઘનની તથા એવો હક અપાવવાનો સતા ધરાવનારી કોરટની હયાતી જણાઈ આવે છે.

આ મુકદમામાં પક્ષ છે, હક છે અને એ હક અપાવવાની સતા ધરાવતી કોરટ છે પણ હકનું ચોકસપણે ઉલંઘન કયાં થયું છે અથવા તેમ કરવાની ધમકી કયાં આપવામાં આવી છે? એ વાત છુપાવવાની જરૂર નથી કે વાદીઓ આ કોરટ પાસે પોતાના હકો પોતાને થયલાં નુકસાનની દાદ મેળવવા કે પોતાનાં દુઃખ દુર કરવાનાં પગલાં લેવડાવવામાં આવયા નથી. તેમની લડત તેઓની પોતાની ખાતર નથી પણ છઠા વાદીની સ્ત્રીની ખાતર છે. આ બાનુ પછી બીજી એક રજપુત બાનુને જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવી હતી. પણ તેના સંબંધમાં ઘણુ થોડુંજ જાણવામાં આવયું છે. પ્રતીવાદીઓએ જે કાંઈ કીધું છે તે એજ છે કે તેઓએ એમ જાહેર કીધું હતું કે તેઓ આ બે બાનુઓને તેઓની વયવસથા નીચેનાં ખાતાંઓ અને ફંડોનો લાભ આપવામાં આવશે નહી. જવાબનામામાં જણાવેલા ઠરાવો અને જાહેરનામાઓ જોકે સામાનય શબદોમાં રચાયલાં છે અને તે જરથોસ્તી ધરમમાં જોડાતા સઘળા જુદદીનોને લાગુ પડે છે તોપણ બેશક તે આ બે બાનુઓ જેઓ જરથોસ્તી ધરમમાં દાખલ થવાનો દાવો કરે છે તેઓના સંબંધમાં જ પ્રગટ કરવામાં આવયા છે. પ્રતીવાદીઓએ આખી કોમની અરજ ઉપરથી આ પગલાં એક જાહેર સભા મેળવીને ભરયાં હતાં અને તેવાં પગલાં ભરવાને તેઓ બંધાયલા હતા. આથી કરીને વાદીઓના કોઈ હકનું ઉલંઘન કરવામાં આવયું નથી અથવા તો તેમ કરવાની ધમકી આપવામાં આવી નથી. વાદીઓ તેમજ પ્રતીવાદીઓ કોઈ જાણતું નથી કે એ રજપુત બાનુ ગોદાવરા અગીઆરી ખાતે જવાને, અને પોતાનાં મરણ પછી દખમાં ઉપર ચહડવાને ઇચ્છે છે કે નહી. પણ અમે જાણીયે છીયે કે ફ્રેન્ચ બાનુ તે હકો માગે છે, અને વધુ ચોકસપણે બોલીએ તો એમ કહેવાય કે વાદીઓ જણાવે છે કે તેણી તે હકોનો દાવો કરે છે કેમકે તેણી તે હકો માગે છે કે નહી તે હું ખરેખર જાણતો નથી. તે બાનુ અમારી સનમુખ સાક્ષી તરીકે આવી નથી અને તેના ભરથાર, જે આ મુકદમાના એક પક્ષકાર છે અને ઘણીખરી સુનાવણીઓ વખતે કોર્ટમાં હાજર રહેલા છે તેઓએ પણ અમને એમ જણાવવાનું પસંદ કીધું નથી કે તેમની ધણીઆણી ગોદાવરા અગીઆરીમાં જવા અને તેણી આ શહેરમાં ગુજરી જાય ત્યારે તેની લાશને દખમા ઉપર ચહડાવવા ખરેખરી ઇચછા ધરાવે છે કે કેમ તે જણાવવાનું પસંદ કીધું નથી.

જ્યારે બીજું માણસ અદાલતમાં આવે નહી અને દાદ માગે નહી તયારે વાદીઓને બીજાની વતી લડત ચલાવવાનો હક છે? તેણી આ મુકદમાથી તદન અજાણી રહી છે. તેણી આ કોર્ટની મદદ મેળવવાથી દુર રહી છે અને તેણીએ તેમ ઇરાદાપુરવક જાણીબુજીને કરયું છે. પ્રતીવાદીઓએ પોતાના લેખીત ખુલાસામાં આ મુદો ઉભો કીધો છે અને તેઓના વકીલો તેની સુનાવણી વખતે ભાર મુકયો હતો છતાં પણ સુનાવણી પહેલાં કે પછીથી તે બાનુને એક વાદી તરીકે દાખલ કરવાની અરજ કરવામાં આવી નથી. જે માણસ મદદ માગતું ના હોય તેને પણ પોતાની હદની બહાર જઈને શું આ કોરટે તેને મદદ કરવી? જે પક્ષકાર અથવા પક્ષકારો અમારી પાસે દાદ માટે ના આવયા હોય તેઓના લાભમાં શું અમારી સતાનો ઉપયોગ કરી તેમના હક જાહેર કરવા અને જે બીજાં માણસોના હક ડુબયા ના હોય અથવા તો ડુબવાનો ભય ના હોય, તથા જેને

કાંઈ નુકસાન થયું ના હોય તેમની માગણી થી તેવી માગણીઓનો ફડચો કરવો ?

કાયદાની એક કહેવતમાં જણાવયું છે કે જેને હાની ન થઈ હોય તેને મદદ આપવામાં આવતી નથી.

આ મુકદમાના વાદીઓને, સઘળાને અથવા એક એક જણાને પ્રતીવાદીઓના કામથી હાની થઈ નથી અથવા તો તેઓને ઉતારી પાડવામાં આવ્યા નથી. પ્રતીવાદીઓએ કીધેલો ઠરાવ અને તેઓએ પ્રગટ કરેલાં જાહેરનામાઓથી વાદીઓને હાની થઈ નથી અથવા તો તેમના હક ઉપર હુમલો કરવામાં આવ્યો નથી. તેઓને પોતાના સંબંધમાં કાંઈ ફરીઆદ કરવાની નથી. તેઓ જે કાંઈ કહે છે તે એજ કે "પ્રતીવાદીઓએ પોતાની વયવસ્થા નીચેનાં ફંડો અને બીલકતોનો લાભ લેવાના જરથોસ્તી ધરમમાં દાખલ થયલા જુદદીનોના ચોકસ હકો અને સનદો છીનવી લીધેલ છે. અમારો એવો મત છે કે તેમનું તે કામ અનયાય ભરેલું છે. અમો કોર્ટને એમ જાહેર કરવાની અરજ કરીએ છીએ કે પ્રતીવાદીઓએ ખોટી વરતણુક અલાવી છે. તેઓએ બે બાનુઓના હકનું ઉલંઘન કરવાની ધમકી આપી છે એટલુંજ નહી પણ તેમના એ કામથી માત્ર એ બે બાનુઓના હક ઉપરજ ત્રાપ પડતી નથી પણ ભવીશયમાં જેઓ જરથોસ્તી ધરમ સ્વીકારે તે સઘળાઓના હક ઉપર ત્રાપ પડે છે." અમોએ એવું સાંભળયું નથી કે વાદીઓએ પોતાના દાવામાં જેવો દાવો કીધો છે તેવા પ્રકારનો દાવો તે બાનુઓ પોતાના હકને માટે કરે છે. વાદીઓ રજપુત બાનુના સંબંધમાં કાંઈજ જાણુતા નથી. અને ફ્રેનચ બાનુના સંબંધમાં કોઈ પણ વાદીએ અમોને એમ જણાવવાની તસ્દી લીધી નથી કે પ્રતીવાદીઓના કામથી આ બાનુને હાની પહોંચી છે અથવા તો તેણીએ પ્રતીવાદીઓના કારોબાર નીચેનાં ધરમાદા ફંડો અને બીલકતોનો લાભ લેવાની ઇચછા બતાવી છે.

આવા મુકદમાઓ સ્વીકારવાથી સઉથી મોટું નુકસાન તો એ થશે કે કાંઈ નુકસાન ભમવું પડયું ના હોય અને કાંઈ હક બતાવવાના ના હોય તેવા લોકોની અરજ માટે પ્રતીવાદીઓ સામે સઘળા પ્રકારનાં પગલાં ભરવાનું બની આવશે તે ઉપરાંત કોર્ટનો ચુકાદો જે પક્ષકારોની વતી આ દાવો માંડવામાં આવયો છે તેઓને તે બંધનકરતા થઈ પડશે નહી. તદન દેખીતું છે કે આ મુકદમાનો અમો જે ચુકાદો આપીશું તેથી તે બાનુઓના હક અને લાભો ઉપર કાંઈ અસર થશે નહી. ધારો કે કોર્ટે વાદીઓની વીરૂધમાં ચુકાદો આપયો તો તે બેઉ બાનુઓને અથવા તેમનામાંનાં કોઈ એક બાનુને તે ચુકાદો જે હકોના સંબંધમાં તેમની ગેરહાજરીમાં નીવેડો આપવાનું અમોને કહેવામાં આવે છે તેજ હકો અપાવવા અને ઠરાવવા માટે પ્રતીવાદીઓ સામે દાવો માંડતાં અટકાવી શકશે નહી. તેઓ ઘણીજ વયાજબી રીતે કહે કે "અમારા દાવાના સંબંધમાં અમારૂં સાંભળવામાં આવયું નથી અને અમારી ગેરહાજરીમાં કોર્ટે જે કાંઈ કામ કીધું હોય તે અમને બંધનકારક ગણાય નહીં." પ્રતીવાદીઓનાં કામથી જેઓને નુકશાન થયલું ધારવામાં આવે છે તેઓએ આ કોરટની મદદ માગી નથી અને મારો એવો મત છે કે કોરટે પોતાની સતાની બહાર જઈને કોરટ સનમુખ નહી આવેલાં માણસોના હકોના સંબંધમાં માત્ર ત્રાહીત ગણી શકાય તેવાં માણસોની માગણીથી ચુકાદો આપવો જોઈએ નહી.

પણ એમ દલીલ કરવામાં આવે છે કે વાદીઓએ આ દાવો માંડવાના સંબંધમાં અગાઉથી એડવોકેટ જનરલની સંમતી લીધેલી હોવાથી તેઓ જાહેર પ્રજા માટેના ધારમીક તથા ધરમાદા માટેનાં ત્રસ્ટોમાં હીત ધરાવનારા શખસો તરીકે, તેઓ વયકતીરૂપે અથવા સ્વજાતીય કારણે દાવો માંડવા હકદાર ન હોય તોપણ, આ દાવો માંડવાનો હક ધરાવે છે. એવી તકરાર કરવામાં આવી છે કે પ્રતીવાદીઓ તેઓને હસ્તક સોંપવામાં આવેલાં ધરમાદા ખાતાંઓનો કારોબાર ચલાવવામાં વીશ્વાસભંગ કરવા માટે ગુનેહગાર છે અને વાદીઓ તે ત્રસ્ટોમાં હીત ધરાવનારાઓ તરીકે દીવાની કાયદાની કલમ ૫૩૯ મુજબ આ દાવો માંડવા હકદાર છે.

મને એમ જણાય છે કે કલમ ૫૩૯ દાવાના આ ભાગને જરા પણ લાગુ પડતી નથી અને એડવોકેટ જનરલે આપેલી સંમતીથી વાદીઓની સ્થીતીમાં કાંઈ ફેરફાર થવા પામતો નથી. દાવાના આ ભાગ માટે એડવોકેટ જનરલની સંમતી લેવામાં આવી હતી કે નહી તે મા.

રે ભન વજીર વીનાનો સવાલ છે. ૫૩૯ મી કલમ ઘણી સંકુચીત છે. તેમ એમ જણાવવામાં આવ્યું છે કે દાવો પાંચ મથાળા નીચે જણાવેલી દાદ મેળવવા માટેનું હોકમનામુ મેળવવાને માંડી શકાય. દાવાનો પહેલો ભાગ ખુલી રીતે એ કલમમાં આવી જાય છે કારણ કે વાદીઓએ એ કલમની ત્રણ થરતો (અ) નવા ટ્રસ્ટીઓની નેમણુંક, (બ) ટ્રસ્ટીઓને ટ્રસ્ટને લગતી મીલકત સોંપવી અને (ઇ) એક યોજના ઘડી કહાડવી—ના સંબંધમાં હોકમનામુ મેળવવું છે. મુકદમાના આ ભાગના સંબંધમાં જે દાદ માગવામાં આવી છે તે બાબતો—ટ્રસ્ટો શું છે તે જાહેર કરવું અને નકી કરવું, ટ્રસ્ટડીડોનો સુધારો, પ્રતીવાદીઓએ ડીડના ટ્રસ્ટોના સંબંધમાં ખોટી વાત જાહેર કરી છે એમ જાહેર કરવું—એ કલમમાં આવી જાય છે એમ કહી શકાય નહી, મુકદમાનો આ ભાગ હોકમનામુ મેળવવા માટેનો—(અ) નવા ટ્રસ્ટીઓની નેમણુક કરવા માટેનો, (બ) ટ્રસ્ટીઓના હાથમાં મીલકત સોંપવા માટેનો, (ક) તેનો લાભ લેવાનો જેટલા પ્રમાણમાં હક હોય તે જાહેર માટેનો, (ડ) ટ્રસ્ટની કોઇ મીલકત વેચવા, ગીરવી મુકવા, બદલો કરવાની સતા આપવા માટેનો અને (ઇ) વયવસ્થા માટેની કોઇ યોજના ઘડી કહાડવા માટેનો દાવો નથી. 'વધુ અથવા બીજી દાદ'નો અર્થ એવો નથી કરવાનો કે એ પાંચ મથાળાં નીચે ખુલ્લી રીતે જણાવેલી દાદ સીવાયની દાદ.

વાદીઓને ૫૩૯ મી કલમની એ ચોકસ દાદ મેળવવા માટે દાવો માંડવાનું સારૂં કારણ મળ્યું છે અને તેઓએ એવી દાદ મેળવીને એડવોકેટ જનરલની સંમતી લઇને દાવો માંડયો છે માટે તેમને તેની સાથે એ કલમમાં નહી જણાવેલી દાદ મેળવવા માટે દાવો જોડી દેવાના અને પછીથી તેઓને બે મુકદમાઓ એકત્ર કરવાની ઇચ્છા છે માટે આખો દાવો માંડવાનો હક છે એવી તકરાર કરવાનો કાંઇ હક નથી.

ઇંડી લો રીપોર્ટસના આઠમાં વોલ્યુમના ૪૩૨ મે પાને આપેલા ઠાકરશીંગ દેવરાજ વીરૂધ હરભમ નરસીના મુકદમા ઉપર આધાર મેલવામાં આવયો હતો પણ તેનો ધયાનપુરવક અભયાસ કરતાં જણાય છે કે આ મુકદમામાં વાદીઓની સ્થીતીનો હું જે રીતે ચીતાર લઉં છું તેમાં ઘટાડો કરે એવું તે મુકાદામાં કાંઇ નથી. તે મુકદમામાં એમ જણાવવામાં આવયું હતું કે કાયદાની ૩૦ મી અથવા તો ૫૩૯ મી કલમમાં તેનો સમાવેશ થતો નથી. ત્યાં એવું જણાવવામાં આવયું હતું કે જો વાદીઓને કાંઇ પણ પગલાં ભરવાનો હક હોય તો તે બધાઓને સામટો દાવો માંડવાનો અથવા તો દરેકને જુદો જુદો દાવો માંડવાનો હક હતો તેઓએ મંદીરમાં નાણું ભરનારાઓ તથા મુરતીના ભકતો તરીકે દાવો માંડયો હતો અને તે પ્રમાણે તેમને દરેકને ખરાબ કારોબાર માટે ફરીઆદ કરવાનો હક હતો. વળી વધુ એમ જણાવવામાં આવયું હતું કે ધારમીક બક્ષીસના વાજબી ઉપયોગમાં હીત ધરાવનાર કોઇ પણ માણસ ટ્રસ્ટની મીલકતના કારોબા માટે પોતાના નામથી દાવો માંડી શકે. તે દાવો અમુક ફંડોના ખરાબ કારોબાર કે જેથી કેટલંક રકમની નુકસાની થઇ હતી તેને માટે મુખયતવે કરીને માંડવામાં આવયો હતો.

વાદીઓની ફરીઆદ અત્રે જુદાજ પ્રકારની છે. તેઓ અમુક ધારમીક ફંડો અથવા તો મીલકતની ખરાબ વયવસ્થા માટે ફરીઆદ કરતા નથી. પ્રતીવાદીઓનાં કામથી વાદીઓને ફંડમાં નાણું ભરનારાઓ તરીકે અથવા તો દેવળના માનનારાઓ તરી અથવા તો ધારમીક સંસ્થાઓના ફાયદામા ભાગ લેનારાઓ તરીકે કાંઇ પણ નુકસાન થયું નથી. તેઓ જે જણાવે છે તે એટલુંજ છે કે પ્રતીવાદીઓ ધમકી આપે છે કે તેઓ પોતાની ફરજનો ભંગ કરશે કે જેથી બીજા ધણીને નુકસાન થશે. તે બીજા ધણીને ફરીઆદ કરવા દયો. મેં જે મુકદમા સબંધી જણાવયું છે તે મુકદમામાં તપાસ કરતાં નામદાર જજે એમ જણાવયું હતું કે કાયદાની ૫૩૯ મી કલમ પરવાનગી આપનારી છે પણ હુકમ કરનારી નથી અને તેથી ખાનગી દાવો માંડવાને તે મનાઇ કરી શકતી નથી.

મી૦ મુલાએ ૫૩૯ મી કલમ ઉપર ટીકા કરતાં પોતાના પુસ્તકના ૪૮૭ મે પાને નીચે મુજબ અનુમાન ખેંચે છે:—

"જાહેર ટ્રસ્ટના સંબંધમાં જાહેરના હક જાળવવા માટે જે મુકદમા માંડવામાં આવયા ન હોય પણ અમુક વયકતીના હકના ભંગાણનો ઉપાય લેવા માટે માંડવામાં આવયા હોય તે દાવાઓ આ કલમમાં આવતા નથી.

હું આ અનુમાનની સાથે તદ્દન મળતો થાઉં છું. મારો એવો મત છે કે તે આ કલમની બરાબર મતલબ સમજાવે છે. આ મુકદ્દમો વ્યક્તીના હકના કહેવાતા ભંગાણનો ઉપાય લેવા માટે માંડવામાં આવયો છે, અને તેથી તેનો આ કલમમાં સમાવેશ થતો નથી.

આ કલમમાં લાગતાવળગતાઓના કહેવાથી એડવોકેટ જનરલના નામથી મુકદ્દમો માંડવાનું અથવા તો ટ્રસ્ટમાં હીત ધરાવનારાઓની ટોળીના નામથી એડવોકેટ જનરલની સંમતીથી મુકદ્દમો માંડવાનું સમાવવામાં આવયું છે. મને એટલું સ્પષ્ટ જણાય છે કે અત્રેની ટોળીનું હક જે બાબત માટે ધમકી આપવામાં આવી છે અથવા તો જેનું ભંગાણ કરવામાં આવયું છે તે હોવું જોઈએ. નહીં તો પરીણામ એવું આવે કે જે પક્ષ કોરટમાં આવયો નથી અથવા તો જેમને માટે કાંઈ સાંભળવામાં આવયું નથી તેને ઘણો ગેરઈનસાફ થાય.

અમારી પાસે દલીલ કરવામાં આવી હતી કે આ દાવો એડવોકેટ જનરલની સંમતીથી માંડવામાં આવયો હતો અને તેથી ઝોરાસ્ત્રીઅન ધરમમાં વટલેલાઓના હક સંબંધમાં ફડચો કરવાને કોરટ પુરતી લાયકાત ધરાવે છે. વાદીઓએ જે દલીલો રજુ કરી છે તેની વીરૂધ ચુકાદો આપવામાં આવે તો ધરમમાં વટલેલાઓ સ્વાભાવીક રીતે એમ કહેશે કે અમો તમારા ચુકાદાથી બંધાઈ જતા નથી. અમોએ અમારા હકનો ફડચો કરવા માટે તમોને કદી કહયું નથી. તમે અમારૂં કાંઈ સાંભળયું નથી. વાદીઓએ તમો સનમુખ જે દસ્તાવેજો રજુ કરયા તે ઉપરાંત પણ અમારી પાસે બીજા કેટલા દસ્તાવેજો છે તેની તમોને ખબર નથી. અમારી ગેરહાજરીમાં અમારા હક સંબંધી સવાલોનો ફડચો કરવાની કોરટને શી સતા છે?

૫૩૯ મી કલમના હેતુનો જે અરથ મેં લીધો છે તે ભુલભરેલો હોય તોપણ અને એમ ધારીએ કે મુકદ્દમાનો એ કલમમાં સમાવેશ થઈ જાય છે તોપણ હું એમ માનીશ કે તે દાવો ખોટી રીતે માંડવામાં આવયો હતો કારણ કે ૫૩૯ મી કલમમાં જણાવયા પ્રમાણે તેમાં વાદીઓનું હીત સમાયલું નથી. એડવોકેટ જનરલના નામથી માંડવામાં આવેલા મુકદ્દમામાં લાગતાવળગતાઓ રાખવાનું તથા એડવોકેટ જનરલની સંમતીથી માંડવામાં આવેલા મુકદ્દમામાં ટ્રસ્ટમાં હીત ધરાવનાર વાદીઓ રાખવાનો હેતુ, જે ખોટાપણાનું નીવારણ કરવા માટે મુકદ્દમો માંડવામાં આવયો હોય તેમાં અથવા તો જે હકનું નીરાકરણ કરવા માટે મુકદ્દમો માંડવામાં આવયો હોય તેનું નીરાકરણ કરવામાં જે ખાતાનું હીત સમાયલું હોય તેને રાખવાનો છે. ધરમમાં વટલેલાઓ કે જેમના હકનો ફડચો કરવા માટે અમને જણાવવામાં આવયું છે તેમને અમે કદી સાંભળયા નથી. તેમને તેમનો મુકદ્દમો અમારી સનમુખ મેલવાને સંજોગ આપવામાં આવયો નથી. તેમના તરફથી કોઈ હાજર થયો નથી. એડવોકેટ જનરલને તેમના મુકદ્દમાની કાંઈ ખબર નથી. વાદીઓ તરફથી હાજર થયેલા વકીલો અને ધારાશાસ્ત્રીઓ સનમુખ પોતાનો મુકદ્દમો સમજાવવાને તેમને વખત આપવામાં આવયો નથી. આ સંબંધમાં અમારે છેવટના નીશ્ચય ઉપર આવતી વેળાએ આ બધું ધયાનમાં રાખવાની જરૂર છે. એમ હોય કે વાદીઓએ ધરમમાં વટલેલાઓના મુકદ્દમાને અમારી પાસે સઉથી સારા આકારમાં રજુ કરયો છે પણ મુકદ્દમાનો આ ભાગ તેમનાથી ટકાવી રાખવા જોગ છે કે કેમ તે એક સવાલ છે અને હું ધારૂં છું કે અમારે તે ઉપર માત્ર તેજ મુદાને આધારે કામ લેવું જોઈએ.

આ મુકદ્દમાની આ શાખાને એક દાવા તરીકે ગણતાં, તે દાવો ૫૩૯ મી કલમ મુજબનો છે અથવા તો એક ખાનગી દાવો છે. ઉપર જણાવયા પ્રમાણે જે દાદ ચાહવામાં આવી છે તે ઉપર જણાવેલી કલમની હદની બહારની છે. અને તે મુકદ્દમાને ૫૩૯ મી કલમ મુજબનો મુકદ્દમો ગણી શકાય નહી. જો મારે તે મુકદ્દમાને એ કલમ મુજબ માંડવામાં આવેલો નહી ગણાય તો તેને ખાનગી દાવો ગણવો. એક ખાનગી દાવા તરીકે વાદીઓ નુકસાન પામેલા પક્ષવાળાઓ નહી હોવાથી તેમને આ દાવો માંડવાની સતા નથી.

ગમે તે રીતે જોતાં હું એવા છેવટ ઉપર આવું છું કે આ ફરીઆદ વાદીઓને કામ ચલાવવા જેવું કાંઈ કારણ બતાવતી નથી; વાદીઓને પ્રતીવાદીઓ સામે કાંઈ પણ પગલાં ભરવાનું બલકુલ કારણ નથી;

તેઓ જે છુટકારો મેળવવા માગે છે તે માટે તેમને કાંઇ હક નથી અને દાવાની આ શાખા નીભાવી રાખવાનો તેમને બીલકુલ હક નથી.

તેથી દાવાના આ ભાગને હું કાઢી નાખું છું, અને આ મુકદમો ટકાવી રાખવાના તેમના હકના સંબંધમાં તેઓએ જે મુદાઓનો આધાર લીધો છે તેનો ચુકાદો હું વાદીઓની વીરૂધમાં આપું છું.

જ્યાં સુધી મને લાગેવળગે છે ત્યાં સુધી મારે અત્રે અટકવું જોઇએ અને મુકદમાના આ ભાગમાં ઉભા થયલા સવાલોની લાયકાતના સંબંધમાં વધુ બોલતાં અટકવું જોઇએ. તોપણ આવો રસ્તો હું ધારૂં છું કે મારે માટે ખુલો નથી. જોકે મેં જે બાબત ઉપર ચરચા કરી છે તે બાબત સંબંધમાં મારાં મનમાં કાંઇ શંકા રહી નથી તોપણ હું જે છેવટ ઉપર આવયો છું તેમાં કદાચ હું ભુલતો હોઉં એ સંભવીત છે. મે ઉપર જે જણાવયું છે તે તરફ જોતાં મુકદમાની લાયકાતમાં ઉતરવાનું હું પસંદ કરતો નથી. મને લાગે છે કે જે પક્ષની લડત અમારી સનમુખ એક ત્રીજાજ પક્ષે ચલાવી છે તે પક્ષની ગેરહાજરીમાં તેની લાયકાત સંબંધમાં મારો મત આપવાથી તે પક્ષને ઘણો અનયાય થસે. તોપણ તેજ વખતે મને એમ પણ લાગે છે કે જો શરૂઆતના મુદા ઉપર મેં જે ચુકાદો આપયો છે તે જો ભુલભરેલો માલમ પડે તો આ મુકદમાના બધા મુદાઓની તપાસ કરવા માટે જો આ દાવા થોડા માસ પછી પાછો મોકલી દેવામાં આવે તો તે પક્ષકારો માટે એક દુઃખ કરતી બીના થઇ પડશે. આ મુકદમામાં વખત, મહેનત અને પઇસાનો ઘણો વયય થયો છે. હું ધારૂં છુ કે આ કજીઓ બની શકે તેટલા પુરતા સ્વરૂપમાં પ્રીવી કાઉનસીલ ઉપર મોકલવામાં આવે એ ઘણું ઇછવાજોગ છે. આ વીચારેથી, અમારી પાસે જે જે મુદાઓ ઉપર દલીલો કરવામાં આવી છે તેની પુરતી ચરચામાં ઉતરવાની મને ફરજ પડે છે. ધરમમાં વટલેલાઓની ગમે તેટલી વીરૂધમાં મારો ચુકાદો હોય તોપણ મને લાગે છે કે તે ચુકાદો કોઇને ગેરઇનસાફ આપશે નહી કારણકે અમારો આ મુકદમાનો ચુકાદો, જેઓ હાલમાં ધરમમાં વટલેલા હોવાનો દાવો કરે છે અથવા જેઓ હવે પછી તેઓ દાવો કરશે તેમને બંધનકરતા નથી. ઉપર જણાવેલા કાયદાની બારીકીના સંબંધમાં હું જુદાજ છેવટ ઉપર આવયો હોત—તે બાબતનો ચુકાદો ભુલભરેલો છે એમ માલમ પડયું હોત તોપણ મને લાગેવળગે છે તયાં સુધી લાયકાતના મુકદાનું પણ તેજ પરીણામ આવશે.

વાદીઓએ પોતાના દાવાનો આધાર ઝોરાસ્ત્રીઅન ધરમ બીજાઓને પોતાના ધરમમાં લેવાની રજા આપે છે એટલુંજ નહીં પણ બીજાઓને ધરમમાં લેવાનો આગ્રહ કરે છે એવી દલીલ ઉપરજ રાખીને સંતોષ પકડયો નથી; તેઓ આગળ વધયા છે. તેઓ જણાવે છે કે પારસીઓમાં જુદદીનોને દાખલ કરવા એટલે કે બીજા ધરમમાં જનમેલાને પોતાના ધરમમાં લેવાનો રેવાજ તો હમેશનો ચાલતો આવેલો છે. તેઓ જણાવે છે કે આવા જુદદીનોને ઝોરાસ્ત્રીઅન ધરમમાં લેવાથી તેઓ ઝોરાસ્ત્રીઅનો બને છે એટલુંજ નહીં પણ પારસીઓ પણ બને છે; આવા વટલેલા પારસીઓને તેમનાં મરણ વખતે દોખમે ચહડાવવા દેવામાં આવે છે; તેમને તેઓ જીવતા હોય છે તયારે આતશ બેહેરામો અગીઆરીઓ અને દરેમેહેરો જેવાં ધારમીક સ્થળોએ હક તરીકે જવા દેવામાં આવે છે.

વાદીઓની દલીલો ટુંકમાં નીચે મુજબ છે:—પારસીઓ માટે જુદદીનોને પોતાના ધરમમાં લવા અને તેમને બધાં ધારમીક ફંડો અને સંસ્થાઓ કે જે તેમની કોમના બધા લોકોના લાભ માટે બક્ષેશ કરવામાં આવેલાં હોય છે તેમનો લાભ આપવાનું હમેશની રૂઢી જેવું છે.

તેઓ વધુ જણાવે છે કે એક પારસી ધરમગુરૂ પાત્ર નવજોતની કીયા કરીને આને વખતે જુદદીન પુરૂષ અથવા બાનુને સદરો તથા કશતી આપીને સંપુરણ ઝોરાસ્ત્રીયન બનાવી શકે છે.

પ્રતીવાદીઓ આ દલીલોની સચાઇ સંબંધમાં વાંધો લે છે. તેઓ જણાવે છે કે જોકે ઝોરાસ્ત્રીઅન ધરમ બીજાઓને વટલાવવાની રજા આપે છે તોપણ પારસીઓએ હીંદમાં આવયા પછી કદી કોઇ જુદદીનને પોતાના પંથમાં લીધો નથી. જેનાં માબાપ ઝોરાસ્ત્રીઅન નહીં હોય એવાં માણસને કદી પણ ધરમમાં લેવામાં આવયો નથી. તોપણ તેઓ કબુલ કરે છે કે ઝોરાસ્ત્રીઅન બાપ તથા બી

જા ધરમની માને પેટે પેદા થયલાં બાળકોને નવજોતની ક્રીયા કરી તેમને સદરો તથા કસ્તી આપીને તેમના પંથમાં દાખલ થવા દેવામાં આવે છે.

પ્રતીવાદીઓએ દલીલો રજુ કરી હતી કે જુદદીનોને ઝોરાસ્ત્રીઅન ધરમમાં લેવાનું હમેશની રૂઢી મુજબ નથી, અને જો કે ધરમ તરફથી બીજાઓને વટલાવવાનું ફરમાન કરવામાં આવેલું હોયા છતાં આવું ફરમાન બીનઉપયોગને લીધે નાબુદ થઇ ગયું હતું અને પારસીઓમાં લાંબા વખતથી જુદદીનોને પોતાના પંથમાં નહીં લેવાની ચાલ પડી ગઇ હતી; તે દલીલોને તોડવા માટે વાદીઓએ કેટલાક સાક્ષીઓને બોલાવયા હતા જેઓએ કેટલાક જુદદીનોને ઝોરાસ્ત્રીઅન ધરમમાં વટલાવવાના દાખલાઓ આપયા હતા. આથી મુકદમો સરળ થશે. આ જુબાની ઉપર હું વીચાર કરૂં અને તેના ઉપર મારે ચુકાદો આપું તો તેથી વધુ ચરચામાં સવળતા થઇ પડશે.

વાદીઓ તરફથી પહેલો રજુ કરવામાં આવેલો સાક્ષી મી૦ પેસતનજી ફરામજી ભાવનગરી છે જે સેક્રેટરીએટમાં એક સરકારી નોકર છે અને જેને દર માસે રૂપીઆ એકસોનો પગાર મળે છે. તેની ઉમર ૫૨ વરસની છે અને જયારે તેની ઉમર ૨૩ વરસની હતી તયારે તેઓ સુરત ખાતેથી મુંબઇ આવયા હતા. તે પછી તેમણે રજાના દીવસોમાં પોતાનાં રહેઠાણની વખતો વખત મુલાકાત લીધી હતી. જયારે તેઓ સુરત હતા તયારે તેઓ પોતાના બાપ તથા બપાવા સાથે પોતાનાં કુટુંબી મકાનમાં રહેતા હતા. તેમની જુબાની ઘણે ભાગે તેઓએ પોતાનાં કુટુંબના વડાઓ પાસેથી સાંભળેલી બાબતો ઉપરથી બાંધવામાં આવી હતી અને મારા અભીપ્રાય પ્રમાણે આ જુબાની નકામી છે, પણ અમોએ પ્રીવી કાઉનસીલના નામદાર જજોએ હીંદી અપીલોના લો રીપોરટોના ૨૭ મા વોલ્યુમના ૨૫૧ મે પાને જણાવેલા બીનાને આધારે આ તથા આવીજ જુબાની કબુલ રાખીએ છીએ. આ જુબાનીની નોંધ લીધા પછી મને માલુમ પડયું કે આ મુકદમામાં કેટલીક એવી જુબાની આપવામાં આવી છે કે જે એક ધણી પાસેથી બીજાએ સાંભળી હોય અને તેની પાસેથી ત્રીજા ધણીએ સાંભળીને તે જુબાની તરીકે રજુ કરી હોય. આવી જુબાનીની નોંધ લેવાની અમારી ઇચ્છા હતી નહી પણ તે છતાં અમોએ તેની પણ નોંધ લીધી છે. સાક્ષીએ આપેલી આવી જુબાનીની જયારે ઉલટપાલટ તપાસ કરવામાં આવી હતી ત્યારે પણ સાક્ષીએ જે જણાવયું હતું તે પહેલી જણાવેલી બીનતોનું ફરીથી વીવેચન કરવા જેવું હતું. મી૦ લાઉનડઝે આ અને આવી જુબાની કબુલ રાખવાને અમોને આગ્રહ કરતાં જણાવયું હતું કે તે જુબાની સાંભળેલી બાબત ઉપરથી બાંધેલાં સ્વતંત્ર મત તરીકે ગણવી કે જેમ પ્રીવી કાઉનસીલના નામદાર જજોએ જણાવયું છે. ઉપર જણાવયા પ્રમાણે જુબાની આવી જાય એટલા માટે મી૦ લાઉડનસે કોરટને એવું જણાવવા માટે સવાલો પુછયા હતા કે જાણે સાક્ષી પોતાનો સ્વતંત્ર મત આપતો હોય. આ સાક્ષીએ જણાવયું કે તેણે પોતાનો મત આપેલો હતો અને તે મત એવો હતો કે જુદદીનોને ઝોરાસ્ત્રીઅનો બનાવવાનો રીવાજ એક રૂઢી જેવો છે અને તેવા મત ઉપર આવવાને તેને શું શું કારણો હતાં વીગેરે જણાવવાનું કહયું ત્યારે તેણે સાક્ષી પાસેથી માત્ર નહી માનવા જોગ સાંભળેલી વીગતોનુંજ વરણન અપાવયું હતું. આપણને તે જુબાની ઉપર થોડો વીચાર કરવા દયો. તેણે જણાવયું કે મારા કુટુંબમાં ચાર જુદદીનો હતા જેઓ ઝોરાસ્ત્રીઅન ધરમમાં વટલી ગયા હતા. તેઓ જીવી અને રૂપલી તથા રૂસ્તમ અને ઝીણા હતા. રૂસ્તમ અને ઝીણા જીવીના છોકરા હતા. રૂસ્તમ પહેલાં રૂપલીને પરણ્યો હતો. પછી ધનબાઇ અને ત્રીજી વખત આવાંબાઇ નામની સ્ત્રી સાથે પરણ્યો હતો. તેને તેમુલજી નામનો એક છોકરો હતો જે ભાયંદરનો સ્ટેશન માસ્તર થયો હતો. સાક્ષીએ આ લોકોના વટલવા સંબંધી, તેમનાં મરણ, તેમના મરણની ક્રીયા અને તેમને દોખમે ચડાવવા સંબંધી ઘણી ચતુરાઇ ભરેલી જુબાની આપી હતી. પણ છેવટે એમ માલમ પડી આવયું કે તે પોતે જેના સંબંધી બોલતો હતો તેના સંબંધી જાતે કાંઇ ઝાઝું જાણતો નહોતો કારણ કે તેણે પોતાની ઉલટપાલટ તપાસમાં શરૂઆતમાં જણાવયું હતું કે કોઇના વટલવા સંબંધી હું જાતે કાંઇ જાણતો નથી." જ્યારે પહેલાં તપાસવામાં આવયો ત્યારે તેણે જણાવયું હતું કે "ઝીણા અને રૂસ્તમનો બાપ કોણ હતો તે હું

જાણતો નથી” ઉલટ પાલટ તપાસમાં આ બે માણસો રૂસ્તમ અને ઝીણાના સંબંધમાં તેણે જણાવ્યું હતું કે તેઓ ક્યાં અથવા ક્યારે જનમ્યા હતા તથા તેમનો બાપ કોણ હતો તેનો મને ખયાલ નથી. કોર્ટને જવાબ આપતાં તેણે જણાવ્યું હતું કે “જીવીના છોકરાં મારા બપાવાના ઘરમાં જનમ્યાં હતાં. * * * ** જીવીનો ધણી પણ મારા બપાવાએ ખરીદ કીધેલો એક માણસ હતો. તે મારા બપાવાના ઘરમાં રહેતો હતો પણ મેં તે માણસને જોયો નહોતો. * * * જીવીના ધણીનુ નામ શું હતુ તે મને યાદ નથી. મારા બાપે અથવા તો બપાવાએ તે નામ મને જણાવ્યું હતું પણ તે મને યાદ નથી.”

ગઇ તા૦ ૧૪ મી ફેબરવારીએ તેની જુબાની પુરી થઇ હતી. કેટલાક દીવસ પછી પ્રતીવાદીઓએ તપાસ કરીને તથા ખબરો મેળવીને તેમના ધારાશાસ્ત્રી મારફતે એ સાક્ષીને પાછો બોલાવવાની અરજ કરી હતી. તા૦ ૨૪ મી ફેબરવારીએ તેની વધુ ઉલટપાલટ તપાસ કરવામાં આવી હતી. તેને તેના કુટુંબના નામ ગ્રહણ સંબંધી પુછવામાં આવ્યું હતું. નામ ગ્રહણનો અર્થ નામોની નોંધ એવો થાય છે. ઝોરાસ્ત્રીઅનોમાં તે કીવા એક રેવાજ જેવી છે તે વખતે પારસી ઘરમાં કુટુંબમાં મરણ પામેલાં માણસોના આતમાને શાંતી આપવા માટે ધરમગુરૂઓ તે નામો ભણે છે, અને ઘણા કુટુંબોમાં એક ચોપડી હોય છે જેમાં મરણ પામેલાં માણસોનાં નામની નોંધ રાખવામાં આવી હોય છે. નામની સાથે પીતાનું અથવા તો ધણીનું નામ જોડવામાં આવે છે તથા તેની વચે “બેહદીન” અથવા “એરવદીન” એવો શબ્દ ઉમેરવામાં આવે છે. કુટુંબના ધરમગુરૂ નામગ્રહણ માટે હોવું જોઇએ અને સાક્ષીએ કદાચ જાણ્યું હતું કે જોકે તેના કુટુંબનું નામગ્રહણ આરે લાવવામાં આવ્યું નહોતું તોપણ તે હઇયાત હતું અને તેથી કેટલાક એવા પણ લોકો હતા કે જેઓ તે બોલી જાય તેમ હતું તેથી તેને કબુલ કરવું પડ્યું હતું કે રૂસ્તમના બાપનું નામ નામગ્રહણમાં સોરાબજી જણાવવામાં આવ્યું હતું. આ સાક્ષીએ તે વખતે જણાવ્યું હતું કે “હું સોરાબજીને જાણતો નથી. મેં સાંભળ્યું હતું કે ૧૦૦ અથવા તો ૧૨૫ વરસ ઉપર તેને વટલાવવામાં આવ્યો હતો. સોરાબજી જીવીનો ધણી હતો. જ્યારે જુબાની આપી હતી ત્યારે જીવીના ધણી સંબંધી મને યાદ નહેતુ.”

આ વાક્યમાં જે બીના જણાવવામાં આવી છે તે માનવાની હું ના પાડું છું. જીવીના ધણી સંબંધી બાબત માટે તેની ઉપર દબાણ કરવામાં આવ્યું હતું અને જાણી જોઇને તેણે અનજાણપણાનો ઢોંગ કીધો હતો. તે સવાલોનો હેતુ સમજ્યો હતો કે જે તેણે કોર્ટને આપેલા નીચલા જવાબ ઉપરથી જણાય છે:—“હુ જાણું છું કે “સુરત જીલામાં પારસીઓ દુબળીઓને ધણીઆણી તરીકે રાખત અને ખુદ સુરતમાં પણ પારસીઓ દુબરીઓને રાખતા પણ તેમને ઘરમાં બેસાડતા નહી.

સાક્ષી બરાબર જાણતો હતો કે “મારી ઉલટપાલટ તપાસ કરવામાં આવે છે અને તેનો મતલબ જીવી મારા કુટુંબના કોઇ પુરૂષોની સ્ત્રી હતી કે કેમ અને તેનાં છોકરાંઓ મારા કુટુંબનાં માણસોથી પેદા થયાં હતાં કે કેમ તે નકી કરવાની હતી.” તેણે જાણી જોઇને “પણ ઘેરમાં બેસાડતા નહી” એવું વાક્ય ઉમેર્યું હતું, અને તેનું કારણ તેના ડીલો એ છોકરાઓના બાપ હતા એવું અનુમાન ખેંચવામાં નહી આવે તે હતું. તેણે સોરાબજી માટે કબુલ કરયા પછીજ તેણે તે ઉમેરો કરયો હતો; અને પછી પોતાની કબુલાતને ઓછી અગતયતા આપવા માટે તેણે જણાવ્યું હતું “હું ધારૂં છું કે સોરાબજી પોતેજ એક વટલેલો હતો. જો આ માણસો સાક્ષીના બપાવા અથવા તો ભાવનગરી કુટુંબના બીજા પુરૂષોથી ઉતરી આવયા ન હોય તો સાક્ષીએ જે જુબાની આપી છે તે બેહુદી થઇ પડે. એક માણસ ઘરનાં કામકાજ માટે દુબળીઆઓ પાસેથી એક હલકી જાતની હીંદુ છોકરીને ખરીદે પણ તેને માટે ધણીને પણ ખરીદે એ માનવા જોગ નથી. વળી તે રખડતાં છોકરાંઓને ખરીદી પોતાના ઘરમાં મોટાં કરવા તથા પોતાના કુટુંબને એક પીડા સમાન થઇ પડે તે જોવા ઇચ્છતો નથી. ત્યારે દુબરાં છોકરાંઓને સદરો તથા કુશતી આપીને તેમને પરણાવવાનો તથા કુટુંબને ખરચે તેમને ઉંબરે ચડાવવાનો શો હેતુ હોવો જોઇએ? ખચીત આ સાક્ષી એટલી તો

સારી સમજશક્તી ધરાવતો હતો કે ઘરનાં કામકાજ માટે ગુલામ તરીકે ખરીદેલી તથા તેના બદલામાં માત્ર ખોરાકી આપવામાં આવતી એવી દુબરીઓ માટે તેના વડવાઓ આ પ્રમાણે કરેજ નહીં. મારા મનમાં નક્કી એમજ લાગે છે કે સોરાબજી આ સાક્ષીનો કોઈ વડવો હતો અથવા તો ભાવનગરી કુટુંબનો કોઈ પુરૂષ હતો અથવા તો સાક્ષીના કુટુંબના કોઈ માણસે કરેલા ખરાબ કામને છુપાવવા માટે તેને સોરાબજીનું ખોટું નામ આપવામાં આવ્યું હતું.

પારસી બાપ તથા જુદદીન માને પેટનાં છોકરાંઓને જરથોસ્તી ધરમમાં લેવાના સબબ.

એવીજ જુબાની આપનારા બીજા સાક્ષીઓની જુબાની ઉપર વીવેચન કરવા આગમજ જુબાની ઉપરથી મને લાગે છે તેમ પારસી બાપ તથા જુદદીન માતાને પેટે અવતરેલાં છોકરાંઓના સંબંધમાં પારસીઓ અપવાદ શામાટે રાખવા લાગયા તે હું સમજાવીશ.

અસલના વખતમાં પારસીઓ એક ગરીબ કોમ હતી. તેઓમાંના ઘણાઓ જેઓ મુંબઈમાં તથા ગુજરાતનાં વધારે મોટાં શેહેરોમાં વસ્યા હતા તેઓને પોતાનું ગુજરાન ચલાવવા માટે કાંઈ નોકરી ધંધો કરવા માટે માહેલા ભાગમાં જવું પડતું હતું. આ જનારાઓમાંના કેટલાકોની સ્ત્રીઓ હતી નહીં તથા બીજાઓની સ્ત્રીઓ હતી તેઓને પોતે જ્યાં નોકરી કરતા હતા ત્યાં દુરના ભાગમાં પોતાની સ્ત્રીને લઈ જવાનું અગવડ ભરેલું માલમ પડતું હતું, જેથી તેઓ તેઓને પોતાને વતન છોડી આવતા હતા, કે જ્યાં તેઓ પોતાના ભરથારનાં કુટુંબ સાથે કે પોતાને મહીએર રહેતી હતી. પોતાનાં ઘર તથા કુટુંબથી દુર આવેલા આવાં ગામડાંઓમાં રહેતી વેળા આ પારસીઓમાંના કેટલાક સ્ત્રીઓ સાથે આડો વેહેવાર રાખવા લાગયા કે જેઓને તેઓ પોતાનાં મકાનમાં પોતાની રાખેલી સ્ત્રી તરીકે રાખતા હતા. એવી રીતે જે સ્ત્રીઓને પોતા સાથે તેઓ રાખવાને સમજાતી થકતા હતા તે સમજી શકાય તેમ ગરીબ તથા ઉતરતા વરણની હતી. ગુજરાતના જીલ્લાઓમાં દુબરાઓને નામે ઓળખાતા હલકા વરગના દુબરાઓની મોટી સંખ્યા જોવામાં આવે છે અને દુરનાં ગામડાંઓમાં વસેલા ઘણા ખરા પારસીઓએ આ જાતની સ્ત્રીઓ રાખેલી હતી. તે વખતે ગુજરાતનાં કેટલાંક શેહેરોમાં દુબરી સ્ત્રીઓને પોતનાં મકાનમાં બાહેરથી નોકર તરીકે પણ ખરી રીતે પોતાની રાખેલીઓ તરીકે રાખવાનું અસાધારણ નહીં હતું. એવી રીતના સંબંધને પરીણામે કેટલીકવાર છોકરાં થતાં હતાં. તેઓનો બાપ કુદરતીજ તેઓને તજી દેવા ઇછતો નહીં હતે. આથી સાધારણ રીતે કોઈ પોતાના મીત્ર મોબેદ પાસે એ છોકરાની નવજોત કરાવી કોમમાં તેને ગુપચુપ દાખેલ કરી દેતો. જોકે આ રેવાજને કદી પણ કોમે ખોલી રીતે બહાલી આપી હતી નહીં તે છતાં જે લોકોની જાણમાં આ વાત આવતી તેઓ અખાડા કરી જઈ એ બાબતની કાંઈ ચુનોચેરા કરતા નહીં. જ્યારે બાપો પોતાને વતન તથા કુટુંબોમાં પાછા ફરતા ત્યારે તેઓ પોતાનાં છોકરાંઓને પોતાની સાથે લાવતા અને જોકે તેઓ પારસી તરીકે પસાર થતાં તે છતાં તેઓને હલકા જનમનાં તરીકે હમેશ ગણવામાં આવતાં. આ છોકરાં તરફ મેહેરબાની બતાવવામાં આવવાનો તથા તેઓને સુદરેહ કુશતી પહેરાવવાનો સબબ એ હતો કે તેઓને પોતાના બાપની દીનમાં જનમેલાં સમજવામાં આવતાં. તેઓને જુદદીન ગણવામાં આવતાં હતાં નહીં. તેઓ પારસી બુંદનાં છોકરાં હતાં; તેઓ પારસી ઓલાદનાં છોકરાં હતાં અને તેથી કેટલાક દાખલાઓમાં ફકત નવજોતની ક્રીયા કીધાથી અને મોબેદે સુદરેહ કુશતી પેહેરાવ્યાથી બીજી કાંઈપણ ક્રીયાઓ વગર તેઓને દીનમાં લેવાનું પુરતું ગણવામાં આવતું હતું. આ છોકરાંઓ ઘટતા વખતમાં મોટાં થઈ કુટુંબ કબીલાવાળાં થતાં. આ જુદા જુદા ધરમની માબાપને પેટે અવતરેલાં છોકરાંઓ તથા તેઓનાં કુટુંબો તરફ પારસી કોમ હમેશા કાંઈક અભાવની લાગણીથી જોતી. દુબરી માતાઓને પેટે અવતરેલાં છોકરાંઓનો ભાગ ઘણોજ નાનો છે અને તે નાબુદ થતો જાય છે. કેળવણી, પઈસા તથા સુધારામાં પારસીઓ આગળ વધતા લાગયા તેમ મેં ઉપર જણાવેલી આવી ગેરવરતણુંક અટકાવવા માટે વપરાવા લાગેલો નઈતીક

લાગવગ એટલો બળવંત બનયો કે સ્ત્રીઓને રાખવા તથા તેઓને પેટે છોકરાં અવતરવાના બનાવ ઘણાજ થોડા બનવા લાગયા અને હાલના વખતમાં તે લગભગ નાબુદ થયા છે. તે છતાં આ મુકદમામાં પડેલી જુબાની ઉપરથી જણાય છે કે દુબઈને પેટનાં છોકરાંઓનું મુખય ધામ સુરત હતું તથા હજી પણ ત્યાં " પરવારા કુટુંબ " નામનાં કેટલાંક કુટુંબો છે.

બીજા સાક્ષી મી૦ ખુશરૂભાઈ નશરવાનજી ખાનસાહેબ પણ સુરતનાજ છે. તેઓએ મી૦ ભાવનગરીને મળતીજ જુબાની આપી છે. તેઓની જુબાની વધતી કે ઓછી અહીં તહીં સાંભળેલું કહી જવા જેવી છે પણ તેઓ પોતાના કુટુંબમાં વટલાવવામાં આવેલાં જીવાજી તથા હીરી નામનાં બે દુબરાંઓ વીશે બોલયાં હતાં, કે જેઓને દુકાળના સંકટવાળા ભાગમાંથી તેઓના પીતાએ લાવી પોતાના કુટુંબ સાથે ઉછેરેલાં માનવામાં આવે છે. તેઓએ જણાવયું હતું કે હું એ બંને જણાઓને ઓળખતો હતો તથા તેઓની પાયદસ્તે ગયો હતો. આ સાક્ષી પાસે સુરતના પારસીઓ એ બાબતમાં નીતીમાં ઉતરતા હોયા સંબંધમાં કેટલુંક બોલાવવામાં આવયું છે. તેઓએ સુરતનાં પરવારા કુટુંબોનો આપણને દાખલો આપયો હતો. તેઓએ જણાવયું હતું કે ગામડાંઓમાં પારસીઓ દુબરીઓને પોતાની રાખેલી સ્ત્રીઓ તરીકે રાખતા હતા. પણ તેમ તેઓને તેઓ ખુદ સુરતમાંજ રાખતા હતા નહી. પણ તેઓને એટલું તો સ્વીકારવું પડયું હતું કે સુરતવાળા ફરામજી સોરાબજી ગાંધીએ એક મોચણને રાખેલી હતી. તેઓએ પોતાનું આ બોલવું જરા નરમ કરી નાખી જણાવયું હતું કે આબરૂદાર પારસીઓ કાંઈ સ્ત્રીઓને રાખતા હતા નહી તથા તેઓએ પોતાનો અભીપ્રાય આપયો હતો કે મોચણને રાખનાર શખસ આબરૂદાર હતો નહી કારણકે તેણે મોચણને પોતાનાં મકાનમાં રાખી હતી.

પારસી બાપને પેટનાં દુબરાં છોકરાં હોયાનું અનુમાન.

જીવાજી તથા હીરી નામના આ બે દુબરા જેઓને એ સાક્ષી ઓળખતા હતા તથા જેઓને તેઓનાં કુટુંબમાં ઉછેરવામાં આવયાં હતાં તેઓને વટલાવવાના સંબંધમાં એ સાક્ષી કાંઈ જાણતા નથી. તેઓ જણાવે છે કે એ દુબરાઓને મારા જનમ આગમચ વટલાવવામાં આવયાં હતાં. તેઓ ચોકસપણે કહી શકતા નથી કે આ બંને દુબરાંને પોતાના મકાનમાં લાવવામાં આવયાં હતાં. કે તેઓજ આવયાં હતાં. તેઓ બંને મકાનમાં મરણ પામયાં હતાં તથા સાક્ષીના બાપ ખાટલે પડેલા હોયાથી તેઓની છેવટની ક્રીયાનો ખરચ સાક્ષીએ કીધો હતો. હીરીને હીરાજી નામના બીજા એક વટલેલ દુબરા સાથે પરણાવવામાં આવી હતી તથા તેણીએ પોતાનાં છોકરાંઓને જે મોચણ જુદા ગ્રહસ્થે પોતાને ફકત દયાને ખાતેર ઉછેરી હતી તેનાંજ મકાનમાં ઉછેરયાં હતાં. આ સાક્ષી મને પોતાનાં કુટુંબમાં રહેતાં જીવાજી તથા હીરીની સ્થીતી વીશે સંપુરણ રીતે વાકેફ લાગયા હતા પણ તે કોર્ટથી છુપાવવાનો તેઓએ એરાદો રાખયો હતો. ઉલટપાલટ તપાસમાં પોતાને શું પુછવામાં આવશે તે તેઓ સારી રીતે જાણતા જણાયા હતા. પોતાનાં કુટુંબમાં સારાં તથા નીમકહલાલ નોકરોનાં નામ નામગ્રહણમાં લેવાનો રેવાજ હતો એવું તેઓએ પોતાને ખોલાસો પુછવામાં આવશેજ એવું જાણી આગમચથી જણાવી દીધું હતું. તેમ જણાવવાનો સબબ નામગ્રહણમાં વટલેલાં દુબરાંઓનાં નામ દેવાનું કારણ સમજાવવાનો હતો. નામગ્રહણમાં તેઓનાં આવતાં નામ સમજાવી દેવાને કરવામાં આવેલી કોશેશ તદન નબળી હતી, કારણકે મજબુત ઉલટપાલટ તપાસમાં તેઓને કબુલ કરવું પડયું હતું કે ઉપલો શખસ જીવાજી મારા બપાવાનું નામ પોતાનાં બાપનાં નામ તરીકે વાપરતો હતો તથા તે જીવાજી દારાથાને નામે ઓળખાતો હતો. આ અરથસુચક બાબતનો ખોલાસો આપવાની તેણે નીચે મુજબ કોશેશ કીધી હતી:— " જીવાજીનો કોઈ પીતા હતો નહી અને તેથી શેહેરની મોજણી કરવામાં આવી તયારે કસરતશાળાના માલેક તરીકે પોતાનું નામ આપવું પડયાથી તેણે જીવાજી દારાથા તરીકે પોતાનું નામ આપયું હતું. સાક્ષી એમ તો કહેવા માગતા નહી હોય કે જીવાજીના બાપ હતા નહી. તેઓ એવું કહેવા માગે છે કે તેને પુત્ર તરીકે સ્વીકારનાર કોઈ પી

વા હતો નહી. તેઓ કબુલ કરે છે કે નામ ગ્રહણમાં નોકરોનાં નામ દેવાનો કોઈપણ બીજાં કુટુંબમાં રેવાજ હોય એમ હું જાણતો નથી અને સાક્ષી જયારે જણાવે છે કે તેઓનાં નામ નામગ્રહણમાં ફકત તેઓ વફાદાર નોકરો હોવાથી દેવાતાં હતાં તે વાત માનવાની હું ના પાડું છું. દુબરાંઓ જીવાજી તથા હીરી સાક્ષીઓનાંજ કુટુંબનાં હતાં એવાં અનુમાન ઉપરજ મને આવવું પડે છે, જોકે મી૦ ખુરશેદભાઈએ એવાં અનુમાન ખેંચવા સામે મોટો વાંધો ઉઠાવયો છે. તેઓની પોતાની જુબાના ઉપરથી એ વીષે મારાં મગજમાં કાંઇ શક રહેતો નથી. પોતાની પછવાડે દારાશાનું નામ મુકીને જીવાજીએ દારાશા પોતાનો પીતા હોવાનો દાવો કીધો હતો તથા દારાશા કે તેનાં કુટુંબના કોઈપણ શખસે જીવાને દારાશાનું નામ વાપરતાં અટકાવવાની કાંઇ પણ કોશેશ કીધી હતી નહી. તે તથા હીરી કુટુંબમાં ઉછેરયાં હતાં, હીરી પરણેલી હતી તથ પોતાના છોકરાંને એજ કુટુંબમાં ઉછેરયાં હતાં, તેઓનો બધો ખરચ કુટુંબે આપયો હતો તથા તેઓના મરણ પછી તેઓની લાશને દોખમે ચહડાવવામાં આવી હતી એ બધા સંજોગો ઉપરથી આપણે એવાંજ છેવટ ઉપર આવયે છીએ કે તેઓ એ કુટુંબનાજ છોકરાંઓ હતાં તથા તેઓ પારસી બાપને પેટનાં હતાં. મી૦ ઍંગમેન કરતાં વધારે દીલસોજ ધારાના હેમાયતીએ તેઓની ફરી તપાસ કરતાં આ સાક્ષીએ ગંભીરાઇથી વાંધો લીધો હતો કે હું જે દુબરા દુબરી વીષે બોલું છું તે મારાં કુટુંબમાંના કોઇ આસામીને પેટના હતાં એમ સુચના કરવી તે બંને પાપી તથા ખોટું છે તે કાંઇ હસવા જેવું હતું. તેઓએ ગંભીરાઇથી જણાવયું હતું કે મારા વડીલો આબરૂદાર તથા ધારમીક હતા અને તેઓ દીવસમાં પાંચવાર બંદગી કરતા હતા આ સાક્ષી તથા તેઓનાં કુટુંબની લાગણી દુખાય તેવા કાંઇપણ ટીકા કરવાનું મને ગમતું હતું નહી પણ નયાયની અદાલતમાં જબાની આપવાનું તેઓએ પસંદ કીધું છે તયારે તેઓની જુબાનીનું તોલ કરવાની આ દાલતની ફરજ છે તથા તેઓની પોતાની જબાની ઉપરથી ફકત એજ સાર નીકળે છે.

ભાગાતુટાં દખમામાં ચહડાવવામાં આવતી લાશ.

આ સાક્ષીની જુબાની એક રીતે ઉપયોગી છે. તે બતાવે છે કે સુરત દુબરીથી જનમેલા પારસી વટલેલાનું મુખય મથક હોવા છતાં તયાં જે સાધારણ દોખમાઓમાં પારસીઓની લાશોને નાખવામાં આવે છે તયાં તેઓને નાખવા સામે વાંધો લેવામાં આવે છે તથા તેઓની લાશો સાધારણ વપરાસ માટે નહીં આવતાં જુના તથા ભાગાંતુટાં દોખમામાં નાંખવામાં આવે છે.

વાદીઓએ એવું પુરવાર કરવાની કોશેશ કીધી હતી કે કાંઇ નહી તો એક સદંતર જુદદની એટલે કે જુદદીની મા તેમજ જુદદીન બાપને પેટે અવતરેલા એક શખસનો એક દાખલો બનેલો છે કે જેને જરથોસતી ધરમમાં દાખેલ કરવામાં આવયો હતો તથા એક જનમે જરથોસ્તીના બધા હુક ફાલાકા ભોગવતો હતો. આ એક દાખલો પુરવાર કરવા માટે તેઓએ પાંચ સાક્ષીઓને બોલાવયા હતા. તેઓએ સુનાબાઇની જુબાની લીધી હતી જેણી હીંદુ માબાપને પેટે અવતરેલી જણાવવામાં આવી હતી; તેણીના ભરથાર બેરામજીને રજુ કરવામાં આવયો હતો; તેઓએ ફરદુનજી હોટલવાળાને બોલાવયો હતો, જેણે પોતની સ્રીના ભાઇ બેરામજી સાથે તેણીનું કારજ ગોઠવયું હતું; તેણીના આથીરવાદ સારનાર એક મોબેદ નવરોજી લાલીનાને તેઓએ રજુ કીધો હતો અને તેઓએ છેવટે ધનજીશાહ મોટાભાઈ વકીલને રજુ કીધો હતો જેણે તે હીંદુ છોકરી ત્રણ કે ચાર વરસની હતી તયારે તેણીને પોતાને સ્વાધીન લઇ ઉછેરી જરથોસ્તી ધરમમાં વટળાવી હતી. આ સાક્ષી ધનજીશાહ ખંબાતના નવાબની નોકરીમાં હાસપીટલ મદદનીશ તરીકે ફકત એકસો ચાળીસ રૂપવાના માસીક પગારે કામ કરે છે. તે આ નોકરીમાં સોળ વરસ થયાં છે. તે આગમચ જુનાગઢનાં રાજ્યની એક હાસ્પીટલમાં તે હતો. આ છોકરીનો બાવા હાસ્પીટલમાં મરણ પામયો હતો તથા સાક્ષીને હાસ્પીટલના સેપાઇએ જણાવયું હતું કે બાળક રડે છે અને તેની સંભાળ લેનારૂં બીજું કોઇ નથી. ધનજીશાહ જણાવે છે કે કોઇ હીંદુ ધરમ પાળનાર ખુશી બતાવે તો તેને તેણીને આ

પી દેવાને મેં જણાવ્યું હતું. તે પછી આ ચોંકાવનારી વાત આપણને જણાવવામાં આવી છે કે જુનાગઢ જેવાં શેહેરમાં તેવો કોઈ પણ હીંદુ મળયો હતો નહી જેથી બાળક ઉપર દયા કરી તેણે તેને પોતાનાં મકાનમાં રાખ્યું હતું. આ સખી ગ્રહસ્થ એક ભટકતા હીંદુ બાવાની છોકરીને ઉછેરવાનો બોજો પોતાને માથે ઉપાડી લે છે, કારણકે કોઈ પણ હીંદુ એવો મળયો હતો નહી કે જે યાતો તેણીને પોતાને સ્વાધીન લે અથવા તો તેણીને કોઈ ધારમીક હીંદી ખાતાંમાં મોકલી આપે. હાલમાં તેનો પગાર એકસો ચાળીસ રૂપયાનો છે. આશરે વીસ વરસ ઉપર તેથી તે ઓછો હોવો જોઈએ. તેને પોતાનાં કુટુંબનો નીભાવ કરવનો છે પણ તે છતાં બાળાનો બોજો માથે ઉચકતાં તે અચકાતો નથી. આ મા બાપ વગરનાં હીંદુ છોકરાંને પોતાને સ્વાધીન લે છે તથા તે પછી એકાએક તેને માટે તેને ભારે વહાલ લાગી આવે છે. તે કબુલ કરે છે કે મેં તેણીને મારી પોતાની છોકરી હોય તેવી રીતે ઉછેરી હતી. તેણીને તેણે પોતાનાંજ છોકરાં સાથે ઉછેરી હતી, તેઓનાજ જેવો પોશાક પેહેરાવયો હતો, તેણીને ગુજરાતી ભણાવી તથા પોતાની ધારમીક બંદગી કરતાં શીખવી હતી તથા પોતાનાંજ છોકરાંઓ સાથે તેણીની નવજોત કરી તેણીને જરથોસ્તી ધરમમાં લીધી હતી. આ છોકરીને પારસી નામ આપવામાં આવ્યું છે તથા બાવાજીનાં વહાલાં નામથી પોતાને બોલાવતાં તેણીને શીખવવામાં આવ્યું છે. તેનો પરમારથ અત્રેજ અટકતો નથી. તે જાણતો હતો કે સુરતમાં બે પરવારી કુટુંબો હતાં તે આ બેમાંના એક કુટુંબના ફરદુનજી નામના આસામીને ઓળખતો હતો તેને છેક સુરતથી ખંભાત બોલાવી મંગાવયો હતો તથા તેટલા વખતમાં આ છોકરી મોટી ઉંમરમાં આવી હતી તેણીને માટે લાયક ભરથાર શોધી લાવવાને જણાવયું હતું. ફરદુનજી આ છોકરીનાં લગન પોતાના સાળા બેરામજી સાથે ગોઠવે છે. લગન ધનજીશાહને ખરચે કરવામાં આવયા છે, જેણે કનયાને ઠીક પેહેરામણી કીધી હતી. તેણી હાલમાં સુરત જઈ વસી છે.

ધનજીશાહ કાંઈ સાચો સાક્ષી હતો નહી. મી૦ શેહેરીઆરજી ભરૂચા તથા મી૦ જીવનજી મોદી ઉપર તેણે પોતે લખેલાં પત્રો તેને બતાવવામાં આવેલા હતા. તે બોલેલા રીતે લખાયલા નથી. તેમાં જણાવવામાં આવયું છે કે એ છોકરીનાં માબાપ કોલેરાથી મરણ પામયા હતા, જે વાત તેણે આપેલી જબાનીથી તદન જુદી છે. મી૦ જીવનજી મોદી તરફથી મળેલા જવાબના સંબંધમાં તેણે ખોટી વાત જણાવી હતી. આ છોકરી સોનાબાઈ તરફની તેની બધી ચાહ, તેણીના સંબંધમાં તેનું દરેક કામ તથા આ છોકરીની જીંદગીને લગતા બધા પુરવાર થયલા સંજોગો બતાવે છે કે ધનજીશાહને આ છોકરી સાથે તે કબુલ કરે છે તે કરતાં વધુ લગતુંવળગતું છે. આ માનવાનું મુશકેલ માલમ પડે છે કે પોતાને વતનથી દુર એક દેશી રાજયમાં રહેતા પારસી, જે કાંઈ પઈસાદાર સ્થીતીમાં નથી તે પોતાની હાસ્પીટલમાં ભોગ સંજોગે એક માણસ આવી મરણ પામે તેની છોકરીનું ગુજરાન કરવાનો બોજો જાણીજોઈ પોતાને માથે ઉપાડી લે. ખચીતજ જુનાગઢમાં ઘણા ધારમીક ખાતાઓ તથા સંખયાબંધ હીંદુઓ એવા મળવા જોઈએ કે જેઓ એક બાવાનાં છોકરાંને ભુખમરા તથા તંગીમાંથી બચાવવાને રાજી હોય. શું જુનાગઢની હીંદુ મહાજન એક હીંદુ બાવાની છોકરીને પારસીના ઘરમાં ઉછેરવા દે તથા પરધરમીઓના હાથમાંથી તેણીને બચાવવાની કાંઈ કોશેશ નહી કરે? સોનાબાઈ પોતે જણાવે છે કે મને યાદ છે કે ધનજીશાહનાં ઘરમાં જવા આગમચ જુનાગઢમાં તેનાં દવાખાનાની બાજુમાં હું રહેતી હતી તેણી કોણ સાથે રહેતી હતી તેની તેણીને યાદ નથી. આ એક બીમાર પીતા પોતાની છોકરીને પોતા સાથે હાસ્પીટલમાં લાવેલો હોયાની ધનજીશાહની વાત ખોટી પાડે છે. મને એવું લાગે છે કે આ સ્ત્રીની યાદદાસ્ત ખરી છે. તેણી પોતાની માતા સાથે ધનજીશાહનાં દવાખાનાની બાજુમાં રહેતી હોવી જોઈએ કે જ્યાં ધનજીશાહે તેણીની માતાને રાખી હશે તથા તેણીની મોલાકાત લેતો રહયો હશે. સાક્ષીઓ બેરામજી ફરદુનજી નવરોજી તથા સોનાબાઈ પોતે આ સ્ત્રીના માબાપના સંબંધમાં કાંઈ ખબર આપી શકતાં નથી. ધનજીશાહ એકલોજ ખરી વાત જાણે છે અને તે વાત મને લાગે છે કે એ છે કે દેશી રાજય

માં પોતે રહયો હતો તે વેળા તેણે કોઈ સ્ત્રી સાથે સંબંધ રાખયો હતો, જેને પેટે એક છોકરી અવતરી હતી. તેણે સોનાબાઈને પોતાનીજ છોકરી તરીકે ઉછેરી હતી કારણકે હું માનું છું કે સુનાબાઈ તેની પોતાની છોકરી હતી.

સુરતના પારસીઓ.

ફરદુનજીની જબાની વીશે બોલતાં તેની જબાનીનો નીચલો ફકરો હું ટાંકી બતાવીશ જે સુરતના પારસીઓની ચાલ ઉપર અજવાળું પાડે છે તથા વાદીઓ સુરતથી પોતાના સાક્ષીઓ શા માટે લાવયા છે તેની સમજ આપે છે. મારી માતા એક પારવી છે તથા હજુ જીવતી છે એમ જણાવી સાક્ષી કહે છે કે "જુદદીન સ્ત્રીઓને રાખવાનું સુરતના પારસીઓમાં સાધારણ છે. ઘણા જણા દુખરીઓને સુતરાં રાખે છે. પઈસાદાર લોકો પણ રાખે છે. બક્ષાવલીઓમાં દુખરીઓને રાખવાનો રેવાજ છે. તેઓની ધણીયાણી હોય તે છતાં તેઓ સ્ત્રીઓને રાખે છે. છેલાં ચાળીસ વરસ થયાં હું સુરતમાં વસું છું. મારા સુરતના વસવાટ દરમયાન પઈસાદાર પારસીઓએ દુખરીઓને રાખવનું મને સાધારણ થઈ ગયલું માલમ પડ્યું છે."

અત્રે સોનાબાઈએ પોતાની જબાનીમાં જણાવેલી ચોકસ બાબતો ઉપર હું બોલીશ, જે મને લાગે છે કે ખરી છે તથા જે બાબતો વાદીના મુકદમાને સારા આકારમાં રજુ કરનારી નથી. તેણીએ જણાવયું હતું કે "હું મુંબઈમાં આતશબેહેરામમાં ગઈ છું. હું મુંબઈના અનજોમનનાં નવાં આતશબેહેરામમાં ગઈ હતી. વાડયાજીનાં આતશબેહેરામમાં તથા પાંડેની ધરમશાળા સામેનાં કદમીનાં આતશબેહેરામમાં પણ હું ગઈ હતી. તે સામે કોઈ પણ વાંધો લેવામાં આવયો હતો નહી. હું મુંબઈમાં પંદર દીવસ અગાઉ જબાની આપવા માટેનો મને સમનસ મળયાથી આવી હતી. તે આગમચ હું બાર તેર વરસની હતી તે વેળા ડાકટર ધનજીશાહ સાથે આવી હતી. તે પછી આ બીજીવાર હું આવી છું. પેહેલી મોલાકાત વેળા મને આતશબેહેરામમાં લઈ જવામાં આવેલી હોવાની મને યાદ નથી. અત્રે જબાની આપવા માટે આવી તે વખતેજ મેં આતશબેહેરામોની મોલાકાત લીધી હતી. અરદીબેહેશતના હમકારા વેળા મેં બે આતશબેહેરામોની તથા તેને બીજે દીને કદમી આતશબેહેરામની મોલાકાત લીધી હતી."

જુદદીન સ્ત્રીએ ખાસ આતશબેહેરામોની મોલાકાત લીધા પછી તેણીની રજુ કરવામાં આવેલી જબાની સામે નાપસંદગી.

કોર્ટ સનમુખ એક સવાલ જુદદીનોનો આતશબેહેરામ અગીઆરીમાં દાખેલ થવાના હકનો છે. આ હક માટેનો દાવો એક નાનાં ખતાં ગોદાવના અગીઆરીના સંબંધમાં કરવામાં આવયો છે. વાદીઓના જણાવયા મુજબ ઉપલી સ્ત્રી તદન જુદદીન છે. આ સ્ત્રીને જબાની આપયા આગમચ ત્રણે આતશબેહેરામોની મોલાકાત લેવાને જાણીજોઈ જણાવવામાં આવયું છે અને તે પછી તેણીને અત્રે જબાની આપવા માટે રજુ કરવામાં આવી છે. દરેક વાદી જાણતો હોવો જોઈએ કે એ સ્ત્રી તદન જુદદીન જ હોય તો તેણીની મોલાકાતથી આતશબેહેરામો અપવીત્ર થયલાં પારસીઓનો મોટો ભાગ માનશે તથા તેઓની લાગણી દુખાશે. તેઓ જાણતા હોવાજ જોઈએ કે તેણીની નવજોત થયલી તથા તેણીએ સુદરેહ કસ્તી પેહેરેલા હોવા છતાં તેણી જુદદીન છે એવી ખબર હતે તો તેણીને કદી આતશબેહેરામમાં દાખેલ કરવામાં આવી હતે નહી. આ મુકદમા સારૂ જબાની ઉભી કરવા માટેજ તેણીને એવી રીતે મોકલવામાં આવી હતી તે વાત ના પાડી શકાશે નહી. આ કામ માટેની પોતાની જોખમદારીમાંથી છટકવાનું વાદીઓથી બની શકશે કે એવું નથી. તેઓએ આ મુકદમા સાથે પોતાનાં નામ જોડયાં છે, આ મુકદમો ચલાવવાનું જોખમદાર સોલીસીટરોને સોંપયું છે તથા તેણીએ મુંબઈના ત્રણ સરવેથી પવીત્ર આતશબેહેરામોની મોલાકાત લીધી હતી તેનાં સંબંધમાં તેણીની જબાની લેવાને તેઓના ધારાના હેમાયતીને જાણીબુજીને જણાવવામાં આવયું હતું. એવી રીતે લેવામાં આવેલાં કામ તરફ હું મારી સખત નાપસંદગી જાહેર કરૂં છું.

મોબેદોનું બંધારણ.

એક તદન જુદદીનને જરથોસ્તી ધરમમાં લેવામાં આવેલો હોવાની વાત પુરવાર

કરવા માટે વાદીઓએ બોલાવેલા એક સેવાય બધા સાક્ષીઓના સંબંધમાં હું બોલયો છું અને હવે તેઓના એક સરવેથી અગતના સાક્ષી વીશે હું બોલીશ, જે સુરતથી આવેલો એક પારસી મોબેદ સોરાબજી બમનજી વંથકી છે. પણ તે આગમચ હું મોબેદોનાં બંધારણના સંબંધમાં બોલીશ. જરથોસ્તી કોમ મોબેદો તથા બેહદીન એવા બે મારગમાં વેહેંચાયલી છે. એક બેહદીન કદી મોબેદ થઇ શકતો નથી. ધરમગુરૂને પેટે જનમેલોજ ધરમગુરૂ થઇ શકે. મોબેદોએ એક વખત પોતાની છોકરીઓને બેહદીનો સાથે પરણાવવાને ના પાડી હતી, જેથી પારસીઓમાં કડવી તકરાર જાગી હતી. જોકે હાલમાં એવો કાંઇ પણ અટકાવ નથી તે છતાં મોબેદો સામાનય રીતે પોતાની છોકરીઓને મોબેદોનાંજ કુટુંબમાં પરણાવે છે. એક મોબેદનો છોકરો જમે તે ધંધો કરી શકે. તેણે મોબેદનોજ ધંધો કરવો જોઇએ એવું કાંઇ નથી. તે બીજો ધંધો કરે ત્યારે તે અથોરનાન તરીકે ઓળખાય છે. એક મોબેદ બાપને પેટે અવતરેલો છોકરો પોતાના જનમથ જ મોબેદીનો હક ધરાવે છે. તે માટે નઇતીક ધારમીક અથવા કેળવણીને લગતી કાંઇ પણ લાયકાતની જરૂર નથી. તે પોતાના પીતા અથવા બીજા સગાઓના હાથ હેઠળ ધારમીક કેળવણી લે છે અને તે પછી મોબેદીનો ધંધો કરે છે. કેટલાક મોબેદો બરશનુમની વધારે ચડતી ક્રીયાઓમાંથી પસાર થાય છે. તેથી તેઓ ઇજશને વંદીદાદ વગેરેનું કામ કરી શકે છે, જ્યારે બીજા સાધારણ મોબેદો આફ્રીગાન વગેરે જેવુંજ કામ કરી શકે છે. નવજોતનું કામ સાધારણ મોબેદ કરી શકે છે, જે સાધારણ રીતે છોકરાંની સાત તથા નવ વરસની વચેની ઉમરે કરવામાં આવે છે. ફક્ત મોબેદજ નવજોત કરી શકે. વાદીઓનો દાવો એ છે કે એક જુદદીનની નવજોત કરવામાં આવતાં તે જરથોસ્તી બની જાય છે તથા જરથોસ્તીઓના લાભ માટેની બધી સખાવતોનો લાભ મેળવવાનો તેને હક મળે છે. હીંદના જરથોસ્તીઓ સામાનય રીતે ધરમગુરૂ વરગ આબરૂદાર ધારમીક ખરાં દીલથી તથા ઇશ્વરથી ડરીને ચાલનારાઓનો બનેલો હોય છે. પણ બીજી કોમોમાં બને છે તેમ તેમાં કેટલાંક કાળાં મોંઢાં પણ હોય છે, જેઓ પોતાને પઇસા મળતાં કાંઇ પણ કામ કરવાને તઇયાર થઇ જાય છે. વાદીઓનો સાક્ષી સોરાબજી બમનજી વંથકી તેવા વરગનો છે. વાદીઓની માગણીઓ જો સ્વીકારવામાં આવે તો પારસી કોમ સદંતર એવા આ સાક્ષીઓની દયા ઉપર રહેશે, કારણકે તેઓ નહીં ઇચછવા જોગ હજારો જુદદીનોને પારસી કોમમાં ચાહે તો દાખલ કરી શકે. તેણે પોતે જણાવયું છે કે નવજોતની ક્રીયા કરવા માટે એક મોબેદ પુરતો છે તથા તેને તે માટે કોઇની પરવાનગી લેવાની જરૂર નથી.

તેની નીતી અને પ્રમાણીકપણું.

આ માણસની નીતી અને પ્રમાણીકપણા માટે જો મેં કોઇ ઓછી કીમત આંકી હોય તો તે માટે તે પોતેજ જોખમદાર છે. તેણે પોતાની ખરી વરતણુક છુપાવવા કોઇ પણ રીતની તજવીઝ કરી નથી, અને તેણે પોતાની જબાની આપીને તે નીતી સંબંધમાં કેવા વીચારો રાખે છે તેની ખરી આંકણી કરવાની તક કોર્ટને આપી છે. એક ધરમગુરૂની દ્રષ્ટીથી તે નીતીમય જીંદગી વીષે કેવા વીચારો ધરાવે છે તેનો કાંઇક ખયાલ આપવા હું તેની જબાનીમાંથી નીચલા ઉતારા ટાંકુ છું.

"જુદદીન સ્ત્રીઓને રખાયત તરીકે પારસીઓ રાખતા હતા તેના મેં દાખલાઓ આપયા છે. તેમાંનો એક, એક દારૂના ઇજારદારનો અને બીજો અંધયારૂ ફરામદારૂનો છે. પારસીઓ બીજી જુદદીન સ્ત્રીઓને રખાયત તરીકે રાખવાનું કામ તેઓ માટે અસાધારણ નથી. તે કામ માનભરયું છે યા નહી તે નકી કરવાનું કામ જેઓ તેવું કામ કરે છે તેઓનું છે. એવી રીતે સ્ત્રીઓને રાખવામાં ગેરઆબરૂભરયું શું છે? ઘણાઓ તેમ કરે છે... ......ઘણા પારસીઓ સુરત અને તેની આસપાસના ગામોમાં અને બીજે ઠેકાણે દુબળીઓને રાખે છે અને તેવો રીવાજ સાધારણ છે. પહેલાં તો તે રીવાજ ઘણો સાધારણ હતો. અને હમણા પણ તે કેટલેક દરજજે ચાલે છે."............"પારસી અંધયારૂઓમાં પણ જુદદીન સ્ત્રીઓને રાખવાનો રીવાજ સાધારણ છે. તેઓએ તેમ કરવું ન જોઇએ. એથી વીરૂધ ટીકાઓને જનમ મળે છે."

એ અંધયારૂએ સુરતની આખી કોમની બદનક્ષી કરી છે.

મારા મત પ્રમાણે એ અંધયારૂએ જ્યારે એમ કહ્યું કે તેઓમાં એ રીવાજ સાધારણ હતો ત્યારે તેણે સુરતની આખી પારસી કોમની બદનક્ષી કરી છે. એ બનવાજોગ છે કે ગુજરાતમાં વસતા અને સુરતના વતની, કેટલાક પારસીઓ આ હલકા કામમાં સામેલ હોય પણ એમ કહેવું કે તેઓમાં આ રીવાજ સાધારણ છે, એ આખી પારસી કોમની બદનક્ષી બરોબર છે. વળી અંધયારૂઆ વીરૂધ જે બીના આ સાક્ષી કહે છે, તે સાબીત કરનારી કોઇપણ બીના અમારી આગળ રજુ કરવામાં નથી આવી. આ એકજ માણુસ છે કે જેણે આ કોર્ટ સમક્ષ, પોતાની આખી કોમને દાઘ લગાડનારી જુબાની આપી છે. તે છતાં આ માણુસની જુબાનીના ઉપલા ફકરા રજુ કરવાની મારો મકસદ એ છે કે તેના મત પ્રમાણે હીંદુ કોમની હલકી નયાતની સ્ત્રીઓને રખાયત તરીકે રાખવાનું કાંઈ ગેરઆબરૂ ભરેલું નથી, અને અંધયારૂઓ તેમ કરે તે માટે તેનો એકલો વાંધો માત્ર એ છે કે તેથી વીરૂધ ટીકાઓને જનમ મળે. વળી તેની જુબાનીપરથી એ પણ ખુલું જણાય છે કે જેવી લાગણી તે નીતી સંબંધમાં ધરાવે છે તેવીજ લાગણી તેને ધારમીક કીયામાં ઓછું નાણુ મળતાં તે ધરાવે છે. એક મુસલમાન રખાયતના બે દીકરાને એક પારસી સદરો કસ્તી પેહરાવવા માગતો હતો—તેના જણાવવા પ્રમાણે તે છોકરીઓનો બાપ મુસલમાન હતો—તેણે તેમ કરવા એવું જણાવી ના પાડી હતી કે તે પારસીના બાપે તેને તેમ કરવા ના કહી હતી. તે છતાં તે કહે છે:—

"જો તે બીજી વખત આવત અને મને મારો લવાજમ આપવાની બરોબર ગોઠવણ કરત તો હું તેના કહવા પ્રમાણે કરત. જેઓ પઈસા આપે છે, તેઓનું કામ થાય છે. મને જ્યાં સુધી લાગતુ વળગતું હતું ત્યાં સુધી તે પઇસા હતા."

પઈસા! પઇસા!

ખુલ્લા શબદોમાં સાક્ષીએ એમ કબુલ્યું હતું કે તે પઇસા માટે ગમે તેવું ગંદુ કામ કરવાને પણ તઇયાર હતો. હું તો તેની જુબાનીનો તેવોજ અર્થ કરૂં છું. આજ માણુસની જુબાની ઉપર આધાર રાખી વાદીએ એવું સાબીત કરવાને મથયા છે કે જુદદીનોને જરથોસ્તી ધરમમાં વટલાવવાનો રીવાજ ઘણા વરસથી છે એ સાક્ષીએ અગાઉ જણાવેલા પ્રીવી કાઉંસીલે ચુકવેલા મુકદમા સંબંધમાં પોતાનો સ્વતંત્ર અભીપ્રાય આપયા બાદ તેણે પોતાને જાણીતા કેસોના દાખલા આપવા માંડયા હતા. બાદ ભાવનગરી અને પુથરૂભાઇની જુબાનીને ટેકો આપનારી દેખીતી તઇયાર કરેલી જુબાની તેની પાસે અપાવામાં આવી હતી. તેણે જાણે કે બધી વાતથી તે વાકેફગાર હોય એવી વાત કરવા માંડી પણ તરતજ જણાઇ આવયું હતું કે ઘણીજ બાબતોની માહીતી નહતી અને તેને વધુ શીખવવામાં આવયું હતું. ભાવનગરી કુટુંબમાં વટલાવવામાં આવેલા જુદદીનો સંબંધમાં તેણે કહયું હતું કે, "એ અસલી વટલેલના છોકરાઓને મારી હાજરીમાં સદરા કસતી પેહરાવવામાં આવયા હતા." બીજી બીજી બાબતો પણ તેણે એજ રીતે જણાવી હતી મુકદમાને અંતે કોર્ટના સવાલના જવાબમાં તેણે જણાવયું કે "તેમુલજી સીવાય, બીજા જેઓને વટલાવવા સંબંધમાં હું બોલયો છું, તેઓમાંના કોઇને પણ સદરા કસ્તી પહેરાવવામાં આવયા ત્યારે હું હાજર નહતો."

મહોમેદન જુદદીન.

વળી તે એજ જણાવે છે કે એક મુસલમાન જુદદીનને વટલાવી, તેને સુરતના એક મી૦ રૂસતમજી વકીલ, જોડે પરણાવવામાં આવી હતી અને તેનું નામ કુંવરબાઇ રાખવામાં આવયું હતું. તેની પોતાની ઉમર ૬૮ વરસની છે, અને તે કહે છે કે આ કીયા ૬૦ થી ૭૦ વરસ પર થઇ હતી અને તેણે તે પચાશ વરસ પર સાંભળી હતી, સુનાબાઇને વટલાવવા સંબંધમાં તપાસવામાં આવેલી ધનજીશા મોટાભાઇ વકીલ સુરતના વકીલ ખાનદાનના હતા. તેણે કહયું કે રૂસતમજી વકીલ મારા બાપના ભાઇ હતા અને તેણે કુંવરબાઇ એક મહોમેદન વટલેલ હોવા વીરૂધ મજબુતાઇથી જણાવયું હતું. તેણે કહયું હતું કે તેણી ખરી પારસી બાનુ હતી. આ સાક્ષી ઘણા મહોમેદનોને જરથોસતી ધરમમાં વટલાવયાની જુબાની આપયા બાદ, પોતાની વાતના ટેકામાં જંબાણુથા એક મહોમેદન માબાપના પેટથી

અવતરેલા એ છોકરાને વટલાવવાની વાત કરે છે. તે કહે છે કે ફરામજી બીકાજી રોસ્ત ફર્ઝ ઈરાની નામનો એક પારસી દીલ્હીથી પોતાના વતન સુરત ખાતે આવ્યો હતો, જે વખતે તેની બેગમ નામની મહોમેદન બાનુ તેની સાથે હતી. તેની સાથે એક પાંચ વરસની છોકરી અને ત્રણ વરસનો છોકરો હતો. આ બનાવ વીસથી બાવીસ વરસ ઉપર બન્યો હતો. ફરામજીએ તેને છોકરાઓની નવજોત કરવાનું કહ્યું હતું, પણ તેના બાપે તેને તેમ કરવા ના કહી હતી. તે પોતેજ કહે છે કે બીજા માણસોએ પણ તેને કહ્યું હતું કે તેની નવજોત કરવી નહીં, કેમકે તેઓના બાપ, પારસી ન હતા. ખરૂં તો એ છે કે બેગમે તેને પોતાને કહ્યું હતું કે તેઓ એક મરણ પામેલા મુસલમાનના છોકરા હતા. સાક્ષી કહે છે કે ફરામજીના પીતાએ તેને કહ્યું હતું કે તેઓ "મારા છોકરાના છોકરા ન હતા ને તેથી તમારે એ ક્રીયા ન કરવી." આથી તેણે નવજોત કરવા ના પાડી. આજ બાબત સબંધમાં તેણે કહ્યું હતું કે જો ફરામજીએ તેને નાણાં આપ્યાં હોત તો તેનું કામ કરવામાં આવત કેમકે જે પઈસા આપે છે, તેનું કામ થાય છે. બાદ સાક્ષીના જણાવવા પ્રમાણે આ છોકરાઓને ફરામજી ઉદવાડા લઈ ગયો હતો ને તેઓને સદરો કસ્તી પહેરાવી તેઓના નામ કુંવરબાઈ અને ધનજીશાહ પાડયાં હતાં.

બનાવટી વાતો.

આ સાક્ષીની બધી વાતો હડહડતા જુઠાણાઓથી જોડી કાઢેલી હતી, એમ તે બાદ સાબીત થયું હતું. તેની સાક્ષી ૧૭ મી ફેબરવારીના દીને પુરી થઈ. સઘળે એ વાત ફેલાતાં, પ્રતીવાદીઓને પણ તેની વાતની ખબર પડી, અને તેની સાક્ષી ફરી લેવાની તેઓએ અરજ કરતાં, છઠી એપ્રીલે ફરામજીની રખાયત બેગમ સંબંધમાં તેની જુબાની ફરી લેવામાં આવી. તેણે જણાવ્યું કે તે ઉઘાડો પડયો હતો અને તેથી તેણે પોતાની જુઠી વાતોના ટેકામાં, ગમે તેવી બીજી જુઠી વાતો કરવા માંડી પણ તેની તે કોશેશ નીષ્ફળ ગઈ. કેટલાક દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા અને એમ સાબીત કરવામાં આવયું હતું અને તેણે કબુલ્યું હતું કે બે છોકરાઓમના નાના ધનજીશાના જનમ અગાઉ, ફરામજીના પીતા સાત આઠ વરસ અગાઉ મરણ પામયા હતા. આથી તેણે ફરામજીના છોકરાઓ સંબંધમાં જે વાત જણાવી હતી તે તદન ખોટી સાબીત થાય છે. તેણે એ વાતનો એવો ખુલાસો આપયો હતો કે ફરામજીના જે બાપ માટે તે બોલતો હતો તેનો નાનો ભાઈ આદરજી હતો. પણ તે પણ તદન ખોટું છે કેમકે આદરજી કદી પણ સાક્ષીના કહ્યા પ્રમાણે કહે નહીં કે "તેઓ મારી છોકરીના છોકરાં નથી." ઉદવાડા ખાતે થયલી નવજોતની ક્રીયાની વાત પણ તદન બનાવટી છે. કેમકે જયારે તેને પુછવામાં આવયું કે તે એવું સાબેત કરવાને તઈયાર છે કે તેઓની નવજોત નીમય ખાતે થઈ હતી, તયારે તેણે નકારમાં જવાબ આપી કહયું કે "કોઈ મોબેદે—કોઈએ—મને કહયું કે નવજોતની ક્રીયા ઉદવાડામાં કરવામાં આવી હતી. તે મોબેદનું નામ મને યાદ નથી. તે ઘણા વરસથી મરણ પામયો છે."

ધનજીશાહનાં લગનનું સરટીફીકેટ (પરીશીષ્ટ ૮૫) પરથી જણાય છે કે તે ફરામજીનો ગણાયલો પુત્ર હતો એવી કોઈ પણ સાબેતી નથી કે જેથી એમ સાબેત થાય કે ફરામજીના છોકરાઓ—કુંવરબાઈ અને ધનજીશા, ખરી પારસી પરણેતરથી ઉતપન થયલા છોકરા ન હતા.

મુખય સાક્ષી.

જુદદીનોને તેઓના ધરમમાં વટલાવવામાં આવતા હતા એવો રીવાજ સાબેત કરવા માટે વાદીઓ તરફથી લાવવામાં આવેલો મુખય સાક્ષી આ હતો. એજ તે મુખય સાક્ષી હતો કે જે જુદદીનોને પોતાના ધરમમાં દાખલ કરવાને લગતા નજરે જોયલા દાખલા આપનાર હતો. તેણે ભાવનગરી અને ખુશરૂબાઈથી જુદી રીતે બનાવટી વાતો તઈયાર કરી, હડહડતું જુઠાણું આગળ કરયું હતું. મને જરા પણ શક નથી કે તેણે આમ કરવામાં પોતાના સીધાંત—"જે નાણાં આપે છે તેનું કામ હમેશા થાય છે," મુજબ કરયું હતું, અને એ ટીકા પછી તરતજ તેણે કહયું હતું કે "પઈસા મળયા વગર મારે શા માટે કામ કરવું જોઈએ?" મને નક્કી ખાત્રી છે કે આ સાક્ષી પઈસા માટે ગમે તે કરવા તઈયાર થાય એવો છે.

સુરતથી મુંબઇ આવવાની તસ્દી લેવી : મુંબઇમાં રહી લંબાણ જબાની આપવી જે કે જે જબાની તેણે પોતેજ જોડી કાઢી હતી; મજબુત ઉલટપાલટ તપાસમાંથી પોતાને પસાર થવા દેવો; એ બધું ઝહેમતનું કામ હતું અને એ સાક્ષી કાંઇ પોતાની સીધાંત વીરૂધ આ બધી તસ્દી ઉઠાવેજ નહી ? ત્યારે

તેને કોણે પઇસા આપ્યા ?

એ પ્રશ્ન ઉદભવે છે. જુદદીનોને વટલાવવા સંબંધમાં વાદીઓ તરફથી ખરાં બનાવો સાબેત કરવા જે મુખ જુબાની રજુ કરવામાં આવી છે, તે આ છે. જ્યારે એ સાક્ષીને વીદવાન ધારાશાસ્ત્રીએ બોલાવ્યો, ત્યારે આપણને વાદીઓ તરફથી એમ કહેવામાં આવયું હતું કે તેઓ આવા ઘણા સાક્ષીઓ રજુ કરનાર હતા. એ જબાની પાંચ દીવસ સુધી નોંધાઇ હતી. ૧૮ મી ફેબ્રુવારીના દીવસે મી૦ લાઉનડસે અમને એક અરજ કરી હતી, જેની મારી નોંધ આ પ્રમાણે છે:—

" મી૦ લાઉનડસ કોરટને કહે છે કે હમણા રજુ કરવામાં આવેલી જબાની માફકની જબાની તેઓ રજુ કરશે અથવા તે મુલતવી રાખી બીજી જબાની રજુ થાય તથા રે તેની વીરૂધ તેને તોડનારા સાક્ષીઓ તે વખતે રજુ કરવા કે તેમ ...નો નીરણય કરવામાં તેને કોરટે મદદ આપવી

કોરટે આ તબકકે કાંઇ પણ મત આપવા ના પાડી અને કાયદાના હીમાયતીઓ એ પોતાની સમજ પ્રમાણે વરતવાનું તેઓ ઉપર છોડે છે.

મી૦ એંગમેન સુચવે છે કે કાંઇ નહી તો વટલાવવામાં આવેલા સુનબાઇની જબાની મી૦ લાઉનડસે પુરી કરવી.

મી૦ લાઉનડસે મી૦ એંગમેનની સુચના પ્રમાણે સુનબાઇને લગતી જબાનીઓ રજુ કરી અને ખરા દાખલાઓના અનુભવ પરથી સ્વતંત્ર મત બાંધનાર બીજા સાક્ષીઓને રજુ કરવાનુ મોકુફ કરયું તા૦ ૧૩ મી એપ્રીલ સુધી મુકદમો ચાલયો તયાં સુધી અમારી આગળ આવા જાતના સાક્ષીઓ રજુ કરવામાં આવયા નથી અને ફરીથી સામા પક્ષના સાક્ષીઓની જુબાની તોડવા માટે પણ કાંઇ સાક્ષીઓ બોલાવવા માટે અરજ કરવામાં આવી નહતી. આ જુબાની મુખ્ય તવે કરીને નકામી અને કેટલેક દરજજે ખોટી હતી. તેણે જો કાંઇ કરયું હોય તો તે એ હતુ કે તેથી પ્રતીવાદીઓના મુકદમાને ટેકો મળયો હતો કેમકે તેઓએ એમ જણાવયું હતું કે જેઓને આસાર સુધી જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવયા હતા, તેઓના બાપ પારસીઓ તરીકે જણાયલા હતા, તેનાથી એવો કોઇ પણ જુદદીનનો દાખલો સાબીત થયો નથી—તેવા જુદદીન કે જેના મા ને બાપ જુદદીન હોય—કે જેઓને સદરા કુશતી પહેરાવીને જરથોસ્તને માનનારી કોમમાં દાખલ કરવામાં આવયા હોય.

તવારીખની શહાદત.

વાદીઓએ કેટલાક તવારીખના દાખલાઓ ઉપર આધાર રાખી એમ સાબેત કરવા માંગયું હતું કે જુદદીનોને જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવયા હતા. આવા દાખલાઓ ત્રણ હતા:—

(૧) ત્રણ વીદવાન હીંદુ પંડીતોનો એ ધમરમાં દાખલ કરવાના દાખલા: તેઓનાં નામ ધુપનીરંગમાં આપવામાં આવેલા છે.

(૨) શેહેનશાહ અકબરને વટલાવવાનો દાખલો.

(૩) મઝગામમાં વસતા કેટલાક સ્ત્રી પુરૂષો અને છોકરાઓનો દાખલો—જેઓને સને ૧૮૮૨માં અહુમ દસ્તુર અસારૂપે વટલાવયા હતા.

પહેલો દાખલો સઉથી જુનો છે. એ દાખલાનો આધાર ધુપનીરંગમાં આવેલા એક ફકરાના આધારે લેવામાં આવયો છે. અનકતુલ દુ પેરોને બંદગીમાં કરેલો તેનો તરજુમો નીચે પ્રમાણે છ:—

" હરબદ રહેમખાર (ના પુત્ર) મોબેદ હમદજીયારના પવીત્ર અને સુખી આતમાને હું આરાધુ છું. ધવલ (ના પુત્ર) મોબેદ નારીયોસંગના પવીત્ર આતમાની હું બંદગી કરૂં છું. ચઉબલ પંડીત (ના ભાઇ) જેસલ પંડીતના (પુત્ર) બાંઆ પંડીતના પવીત્ર અને સુખી આતમાની હું સ્તુતી કરૂં છું."(છાપેલા પુસ્તકો—ભાગ પહેલો—પાનું ૨૨૬.)

અનકતુલ દુ પેરોન કહે છે કે છેલાં ત્રણ નામો બાંઆ, જેસલ અને ચઉબલ, ત્રણ હીંદુ પંડીતોના નામ છે કે જેઓને જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવયા હતા. તરજુમાપરથી એ ખુલું થતુ નથી કે એ

આરાધના ગ્રંથના આતમાની કરવામાં આવી છે, આ પહેલા એકનીજ છે, અને બીજા નામો માત્ર પહેલાના પીતા અને ભાઈના છે. એક્ઝાપર્ટ કમીટીના રીપોર્ટ (પરીશીષ્ટ ૧)" માં પણ તે સંબંધમાં અગત્યની બીના છે. આ મુકદમામાં જે વીદવાનોની જુબાની લેવામાં આવી છે તેઓને પણ એ બાબત પુછવામાં આવી હતી: કેટલાકો વરકથી એ પંડીતોને ૪૦૦ થી ૫૦૦ વરસપર વટલાવેલા ગણવામાં આવે છે. બીજાઓ તે મુદત ૧૨૦૦ વરસની ગણાવે છે. મી૦ શહેરયારજી ભરૂચા કહે છે કે અનકતુલ દુ પેરોન એ પંડીતોની તારીખ નારીયોસંગના વખતનીજ જણાવે છે, અને દંતકથા એવી છે કે જાદવ રાણાએ જે માણસોને હીંદમાં રહેવાની પરવાનગી આપી હતી તેઓમાંનો એક નારીયોસંગ હતો. છેલ્લુ મત વધારે સારૂં છે. નારીયોસંગના નામની સાથે આ ત્રણે નામો જોડવામાં આવ્યાં છે, તે એ બતાવે છે કે જ્યારે ખુપની રંગની બંદગીઓ તઈયાર કરવામાં આવી ત્યારે તે વખતના મોટા માણસોના નામ આરાધનીમાં દાખલ કરવામાં આવતા હતા. એમ દેખાય છે કે એક વખત જે અનકતુલ દુ પેરોને એ ત્રણ માણસો હીંદુ પંડીતો હોવાનું કહયું હતું તે કોઈ પણ તપાસ વગર ખરૂં તરીકે માનવામાં આવતું હતું, અને જે ધરમના ઉપાધયાયોએ એ અહેવાલ તઈયાર કરયો હતો તેઓએ તે બીના ખરી તરીકે સ્વીકારી લીધી હતી. પણ અહેવાલપર સહી કરવા પછી, પારસી પંચાયત ફંડના અને મીલકતોના ટ્રસ્ટીઓના સેક્રેટરી મી૦ જીવનજી જમશેદજી મોદી—કે જે આ બચાવ પક્ષના એક અગત્યના સાક્ષી હતા તેઓએ આ મુકદમાની આ અને બીજી કેટલીક બાબતો સંબંધમાં પોતાનો મત ફેરવયો છે, અને તેણે એ પંડીતો હીંદુ હતા એવા અનકતુલ દુ પેરોનની માનયતા વીરૂધ કેટલીક બાબતો જણાવી છે. તેઓ પોતાની શોધખોળો આધારે એવા નીરણયપર આવયા છે કે એ ત્રણે નામો તે જમાનાના સંસ્કૃત વીદવાનોમાં તે વખતના પંડીતો તરીકે જાણીતા નથી. તેઓ અનકતુલ દુ પેરોનની માનયતા ભુલભરેલી ધારે છે. બનવાજોગ એ છે કે તેઓ વીદવાન પારસીઓ હતા અને પંડીત કહેવાતા. આ સુચના અશકય નથી. એક વીદવાન મહોમેદન મુલ્લાં કહેવાય છે, એક વીદવાન હીંદુ પંડીત કહેવાય છે અને શાસ્ત્રના જાણકાર હીંદુ શાસ્ત્રી કહેવાય છે. પારસીઓ મુલ્લાંની ઓળખથી જાણીતા છે, અને મી૦ જીવનજી મોદીએ એક એવો દાખલો ટાંકયો છે, જેમાં એક પારસીને શાસ્ત્રી તરીકે ઓળખવામાં આવયો છે. થોડા વખતપર મારા પાસે એક મરાઠી પુસ્તક હતું જેમાં હીંદી વજીરને પંડીત મોરબાના નામથી ઓળખવામાં આવયા છે. મં૦ મોદીએ આજે સુચના કરી છે તે કેટલીક રીતે ખુપની રંગમાંના ફકરાનો ખુલાસો આપે છે. એ બનવાજોગ છે કે આ ત્રણે માણસો મારા માણસો હતા, જેઓએ, હીંદ આવેલા જરથોસ્તીઓને હીંદમાં વસવાટ કરવામાં મોટી મદદ આપી હોય. જો તેઓ નારીયોસંગના વખતમાંજ હઈયાત હોય તો તેઓએ પરદેશી નાશી આવેલા માણસોને પરદેશી તરમીમાં આશરો આપવામાં અને તેઓને મદદ આપવામાં આગેવાનીભરયો ભાગ લીધો હોવો જોઈએ. તેઓની આ મોટી મદદના આભારની યાદમાં જે દસ્તુરે એ બંદગીઓ બનાવી, તેણે તેઓનાં નામ ખુપની રંગમાં દાખલ કરયાં હોવાં જોઈએ. એવું માનવું ઘણું મુશકેલ લાગે છે કે ઘર વગરના થોડા મુઠીભર પરદેશીઓને એક પારકી ભુમીમાં વસવાટ કરવા દેવાની રજા મળી કે તરતજ તેઓ ત્રણ ઘણા વીદવાન બ્રાહમણોને પોતાના ધરમમાં વટલાવી શકયા હોય? અનકતુલ દુ પેરોન એ ફકરા સાથે એક અરથસુચક નોંધમાંની નોંધમાં નીચે પ્રમાણે કહે છે.

"આ ત્રણ દસ્તુરો, જરથોસ્તી ધરમમાં વટલાયેલા બ્રાહમણો હતા, પણ રાજાની બીહીકથી તેઓની આ બાબત છુપી રાખવામાં આવી હતી" જો તેઓને છુપી રીતે વટલાવવામાં આવયા હોય તો અનકતુલ દુ પેરોનને તેની ખબર કેવી રીતે પડી? તેઓના નામ સાથે "પંડીત"ની ઓળખ જોડવામાં આવયાથી હું એમ સ્વીકારવા તઈયાર નથી કે તેઓ હીંદુ પંડીતો હતા: કારણ કે તેઓના નામ ખુપની રંગમાંથી આળી આવે છે તેથી તેઓ હીંદુ હોવાની દલીલ સ્વીકારવા છતાં, હું એમ સ્વીકારવા તઈયાર નથી કે તેઓને

જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવતા હતા. જરથોસ્તીઓની બંદગીમાં એક નામ દેખાય છે તેથી કાંઈ એમ સાબેત થતું નથી કે તે નામ ધરાવનાર જરથોસ્તી હતો. મી○ જીવનજી મોદીએ એ સારી રીતે સાબેત કરયું છે કે ધુપની રંગમાં ફીરદોશી તુશીનું પણ નામ આપવામાં આવયું છે.

ફીરદોશી તુશી.

કોઈ પણ માણસ ગંભીરાઈથી એમ સુચવી શકશે નહી કે ફીરદોશી તુશી એક વટલાવવામાં આવેલો જરથોસ્તી હતો. ધારો કે ધુપની રંગમાં આવેલા ત્રણ નામો ત્રણ બ્રાહમણોના નામ છે, પણ તે નામોની હાજરીનો તરત ખુલાસો થઈ શકે છે. જરથોસ્તીઓની બંદગી તમામ ઇનસાનોના લાભ માટે છે. તેઓની બંદગી માત્ર પોતાને માટે પોતાની કોમ માટે, અને પોતાના કુટુંબના લાભ માટેની માત્ર નથી. એક જરથોસ્તીની બંદગી જેમ બધા જરથોસ્તીઓને સુખ થાય એવી આરાધનાવાળી છે તેમ તે સઘળી કોમના પવીત્ર માણસો માટે પણ આશીરવાદ માગનારી છે; તેની બંદગીમાં તેના શહેનશાહ, રાજા, શહેર, ગામ, દેશ અને આખી દુનીઆ માટે આશીરવાદ માગવામાં આવે છે. તેમાં સઘળા સારા અને મોટા માણસોના નામ જોડવામાં આવ્યાં છે કે જેઓના આતમાની આરાધના આખી દુનીઆના માણસોના સુખ માટે કરવામાં આવે છે. એક મોટા માણસનું ભલું નામ કબુલ રાખી તેને હમેશ યાદ રાખવાની જરથોસતી એક ઘણી માન પામેલી રીત એ છે કે તેનું નામ આરાધનામાં દાખલ કરવું, અને જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી એ કંઈ જરૂરનું નથી કે તેવા નામોની હદ માત્ર જરથોસ્તીઓમાં જ પુરી કરવી. બીઆ પંડીત, જેશલ પંડીત અને ચહિલ પંડીત જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવેલા બ્રાહમણ પંડીતો હતા—કે જેમ માનવાને કોઈ પણ પાયો નથી—એમ માનવાને જ્યારે મને મુશ્કેલી લાગે છે, ત્યારે હું એમ સહેલાઈથી માની શકું છું કે તેઓ સારા માણસો હતા, જેઓએ જરથોસ્તીઓની મોટી સેના તે વખતે કે જ્યારે તેઓ પોતાના દેશમાં ચાલેલી કતલમાંથી બચવા આ દેશમાં આવયા, ત્યારે બતાવી હતી, અને તેઓના આ ઉપકારના બદલામાં તે વખતના જરથોસ્તીઓએ તેઓનું નામ આરાધનામાં દાખલ કરયું હતું, કે જેથી તેઓ તથા તેમના વંશજો તેમના ભલાં નામ હમેશ માટે યાદ રાખે.

શાહેનશાહ અકબર.

બીજાને જુદદીનને જરથોસ્તી ધરમમાં વટલાવવાનો તવારીખી દાખલો આપવામાં આવે છે તે શહેનશાહ અકબરનો છે. હું કબુલ કરૂં છું કે વાદીઓની આ દલીલપર ગંભીરાઈથી વીચાર કરવામાં મને મુશકેલી નડે છે. બીજે વખતે ગંભીર અને બુધીશાળી છ માણસો અસલના વખતથી જરથોસ્તી ધરમમાં જુદદીનોને દાખલ કરવામાં આવતા હતા એમ સાબીત કરવા માટે પોતાના ધારાના હીમાયતીને એવી દલીલ લાવવા દબાણ કરે છે કે, શહેનશાહ અકબર જરથોસ્તી ધરમમાં વટલ્યા હતા. પણ વધુ રમુજી તો એ હતું કે કેટલાક વીદવાનોએ એ સંબંધમાં સાક્ષા આપી એ માનયતાની તરફેણ કરી હતી જ્યારે બીજાઓએ તેની સામે વીરૂધતા બતાવી હતી. મી○ બેહરામજી ગોર નેહરુરસ અંકલેશ્વરીઆ કોરટને ગંભીરાઈથી કહે છે કે તેની શોધખોળોપરથી તમો એવા નીરણયપર આવયા છો કે પોતાની જીંદગીના અમુક વખતે અકબર પારસી અને જરથોસ્તી થયો હતો. પણ બીજીજ પળે તે કહે છે કે અકબરને કબરમાંજ દાટવામાં આવયાથી તે પારસી તરીકે જીવયો હતો અને મરણ પામયો હતો એમ કહી શકાય નહી અને આ રીતે તેની માનયતા તુટી પડે છે સાક્ષી કહે છે કે એક પારસી જુદદીન જે સહુથી પહેલું કામ કરે તે દોખમું બંધાવવાનું હોવું જોઈએ અને અકબરે કોઈપણ દોખમું બંધાવયુ ન હતું એ રીતે સાક્ષીએ પોતેજ એમ સાબેત કરયું છે કે શોધખોળોપરથી જે નીરણયપર તેઓ આવયા હતા તે ખોટો હતો. "અકબરની દરબારમાં પારસી" એ નામની પોતાની કીતાબમાં મીં○ જીવનજી જમશેદજી મોદીએ એવી માનયતાને ટેકો આપયો હતો કે અકબરે જરથોસ્તી ધરમ સ્વીકારયો હતો, અને "અકબર ચરીત્ર"ની ચોપડીમાં એક એવું ગીત આવેલું છે કે જેપરથી એમ જણાય છે કે અકબરને દસ્તુર મહેરજી રાણાએ સદરા કસ્તી પહેરાવયા હતા. મને એમ લાગે છે કે કોઈ બી

નોખમદાર બરબાદ શખસોએ જરથોસ્તી ધરમને ચઢાવવા માટે આવી ખોટી અફવા ફેલાવી હોવી જોઇએ કે શહેનશાહ અકબર પણ જરથોસ્તી ધરમમાં વટલી ગયા હતા. આ જોડી કાઢેલી વાતે કેટલાક માણસોની લાગણીઓને ઉશકેરી અને તેઓએ તેને વધુ પ્રસીધતા આપી અને પોતાની કલ્પના પ્રમાણે તેને ખરી ઠરાવવા તેની અધુરી જગાઓ નવી જોડી કાઢેલી વાતોથી પુરી. મી૦ જીવનજી જમશેદજી મોદીએ અને બીજાઓએ પણ આ વાતને ફેલાવી, જે વખતે તેને પોતાને પણ કદી એવો ખયાલ હશે નહીં કે જે ધરમને તેઓ ચઢાવતા હતા તેની વીરૂધજ તે ચોપડી રજુ થશે. હવે તેઓ પોતેજ અકબર કોઇપણ વખત જરથોસ્તી હતો એવી માનયતાની સામે મજબુતીથી થાય છે મી૦ જીવનજી જમશેદજી મોદી અને બીજાઓ જે માનયતા ધરાવતા હતા તેજ બીના તેઓએ છાપી હતી યા નહીં તે બીના બાજુએ મુકતાં એટલું તો ખાત્રીથી કહી શકાશે કે અકબર શહેનશાહ જીવતાં એક મુસલમાન હતા અને મરણ પામયા ત્યારે પણ મહોમેદન હતા.

અકબર જેવા એક મહાન શેહેનશાહે જરથોસ્તી ધરમ સ્વીકારયો હતે તો તેમ કરતાં પહેલુંજ કામ તે આતશબેહેરામ અને દોખમા બંધાવવાનું બજાવતે અને જો આ વાતનો સેહેજબી પાયો હતે તો જોખમદાર તવારીખ વેત્તા તે બનાવને અતીશય મોટી અગત આપતે.

મઝગામપર ૧૮૮૨ માં કરવામાં આવેલી ક્રીયા.

ત્રીજો દાખલો—આગલા બે દાખલાઓથી જુદી રીતે કેટલીક સચાઇઓ ઉપર રચાએલો છે. વીગતો બાબે તો તકરાર હોયજ નહીં; કારણ બંને પક્ષે કબુલેલું છે. તેમ તે મરહુમ દસતુર જામાસજી જેવા શુધધ સાચા અને ભલા દસતુરજીએ લખેલી છે. કેટલાક આગેવાન પારસીઓની હાજરીમાં ૧૮૮૨ નાં સાલમાં દસતુરજી જામાસપજીએ પાંતરીસથી સીતોતેર ઉમરની પાંચ ઓરતો અને ચાર મરદોને સદરો કસતી પહેરાવયો. દસતુર પેશોતનને કે જેઓ સાથ તેઓને હમેશાં દુશમનાઇ અને હરીફાઇ હતી—જાહેરનામાં બહાર પડયાં અને જાહેર કરયું કે દસતુર જામાસપજીએ શું ક્રીયા કરી છે તે તેઓ જાણતા નથી અને તેથી તેઓ પોતાના આતશબેહરામમાં તેઓને આવવા દેશે નહીં. પાછળથી ઘટતી ક્રીયાઓ શું કરવી તેને લગતું તેઓએ ચોપાનયું બહાર પાડયું હતું. દસ્તુર જામાશપજીએ તરતજ જવાબ આપયો અને જાહેર કરયું કે તેઓએ જેઓને સદરો પહેરાવયો હતો તેઓને જુદદીન શબ્દ લાગુ પાડી શકાય નહીં. આ ચોપાનયાંનો પહેલો ભાગ પરીશીષ્ટ નેવુંમાં આપવામાં આવયો છે. તેમાં દસ્તુર જામાસ્પજીએ બીનાની આખી તવારીખ રાખી પારસી પંચાયતના ફંડો અને મીલકતોના ત્રસ્ટીઓને તા૦ ૧૯ મી મે ૧૮૮૧ ના દીવસે જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવેલા માણસો તરફથી જે અરજી મોકલવામાં આવી હતી તે પ્રગટ કરી હતી. દસતુર જામાસપજીના ચોપાનીઆ ઉપરથી માલમ પડે છે કે મજગામમાં ૧૧ માણસો હતાં જેમાં સ્ત્રીઓ, મરદો અને બાળકો હતાં જેઓ લાંબા વખતથી સઘળી જરથોસ્તી ધારમીક રસમ મુજબ ચાલતા હતા અને પારસી જેવો પોશાક પહેરતા હતા પણ તેઓને સદરો કસતી પહેરાવવામાં આવયાં હતાં નહીં. તેઓની હસ્તીથી પારસી કોમ કેટલોક વખતથી જાણીતી હતી અને ૧૮૮૨ ના વરસ અગાઉ કેટલાક વૈરસ અગાઉ મરહુમ મી૦ મેરવાનજી ફરામજી પાંડુએ તેઓના કામમાં ઉલટ લઇ, તેઓને સદરા કસ્તી પહેરાવવાની અરજ કરી. પણ આ માણસો ઘણા ગરીબ હોવાથી—કેમકે તેઓ ગોદીમાં કામ કરીને પોતાનુ પુરૂ કરતાં હતાં—તેઓને બીહીક લાગી હતી કે અસલી વીચારના માણસો તેઓપર જુલમ ગુજારી તેઓના સદરા કસ્તી કાઢી લેશે. આથી તેઓએ તે માગણીનો લાભ લીધો નહીં. પણ તે છતાં કેટલોક વખત પછી તેઓએ મેં અગાડી જણાવયું તેમ ત્રસ્ટીઓને એક અરજી મોકલી હતી જેમાં તેઓએ પ્રતીજ્ઞા ઉપર જણાવયું હતું કે તેઓ સઘળાં પારસી પીતાઓથી અવતરેલાં હતાં, તેઓ ખરી પારસી ઓલાદનાં હતાં અને તેઓ સદરો કસતી પહેરવાને આતુર હતાં ત્રસટીઓએ તે અરજીનાં સંબંધમાં કશી હીલચાલ કીધી નહીં પણ આશરે ૨૦૦ આગેવાન પારસીઓએ ઉલટ દેખાડી અને એક ફંડ ઉભું કીધું. તેઓએ દસ્તુર જામાસપજી

ને આ બાબદમાં અરજ કીધી. દસતુર જામસપજીએ બહુજ બારીક તપાસ ચલાવી અને ખાત્રી કીધી કે તેઓ સઘળાં પારસી બુંદથી અવતરેલાં હતાં અને પારસી પીતાઓથી જ જનમેલાં હતાં. આ પ્રમાણે ખાત્રી કરવા પછી ખુલ્લી જાહેર જગાએ લોકોની સમક્ષ તે ૧૧ માણસો માંહેલાં ૯ ને દસતુર જામાસપજીએ સદરો પહેરાવયો હતો. બીજા જે બે જણને સદરો કસ્તી પહેરાવવામાં આવયા હતા નહી તેઓ પાંચ અને બે વરસના છોકરા હતાં, અને તેઓ ઉમરમાં આવયા ન હતા કે જે ઉમરે તેઓની નવજોત કીયા થઇ શકે. મઝગામના વટલાવેલા માણસોની આ ખરી તવારીખ છે. તેઓ કોઇ પણ અર્થમાં જુદદીન હતા નહી. તેઓ જરથોસ્તી પીતાથી ઉતપન થયલા હતા. તેઓ ઉમરમાં આવયા કે તરતજ તેઓએ જરથોસ્તી ધરમ સ્વીકારયો હતો. તેઓ પોતાના પીતાના ધરમના સઘળા બાહય દેખાવોમાં રહેતા હતા. તેઓમાંના એક મરણ પથારીએ કરેલી અરજ અનુસાર તેઓએ પોતાના પીતાના ધરમમાં દાખલ થવાની અરજ કરી હતી. તે મરતા માણસે કહયું હતું કે, "હું તો દટાઇશ, પણ તમે તમારા પીતાના ધરમમાં દાખલ થવાની કોશેશ કરજો અને તેમાં દાખલ થજો." અને પુરણ તપાસ બાદ જ્યારે દસતુરે ખાત્રી મેળવી કે તેઓમાંના દરેક પારસી ઓલાદથી અવતરેલા હતા ત્યારે તેઓને પોતાના પીતાના ધરમમાં દાખલ કરવામાં આવયા હતા.

મી૦ જીવનજી મોદી જેઓ પારસી કોમમાં બનેલી આ બાબતથી પુરા માહીતગાર છે તેઓ એ સંબંધમાં નીચે મુજબ કહે છેઃ—" મજગામનો બનાવ ૧૮૮૨ માં બનયો. એ બનાવ બનયા બાદ એક વડા ધરમગુરૂ દસ્તુર પેશોતને એક ચોપાનયું પ્રગટ કરયું અને તેમાં દસ્તુર જામાસપજી કે જેણે એ કીયા કરી હતી, તેણે બધી કીયાઓ બરાબર ન કરવા માટે તેની સામે વાંધો ઉઠાવયો. દસ્તુર પેશોતન કહે છે કે, નવજોતની કીયા કરવા અગાઉ બરશનુમ લેવામાં આવયું હતું નહી. તે જણાવે છે કે રીમન બરશનુમની કીયા પહેલી કરવી જોઇએ, તે બાદ સદરા કસ્તી પહેરાવવા જોઇએ, અને તે બાદ નવરાતનું મોટું બરશનુમ લેવાનું જોઇએ.

દસ્તુર પેશોતને "જુદદીન" નો કરેલો અર્થ બરાબર નથી.

જરા આગળ વધતાં મી૦ જીવણજી જમશેદજી મોદીએ જણાવયું કેઃ—

"સને ૧૮૮૨માં દસ્તુર પેશોતને મઝગામના મુકદમા બાબેનું ચોપાનયું બાહેર પાડયું હતું. તે લોકોને તેમણે જુદદીન તરીકે લેખયા હતા. તે ચોપાનયાનું મથાળું "જુદદીનોને જરથોસ્તી ધરમમાં લેવાની કીયા બાબેનો ખોલાસો" એવું હતું. ચોથા પાનાં ઉપરથી તમો જોઇ શકશો કે જુદદીનોનો અર્થ દસ્તુર પેશોતન જુદદીન માના પેટે થયલાં પારસી બાપનાં છોકરાંઓ એવો કરે છે."

જુદદીન માતાને પેટે જનમેલાં પારસી બાપના છોકરાંઓને દાખલ કરવા માટે બે મોટા દસ્તુરો વચે કેવી તકરાર ચાલતી હતી તેની કાંઇક લંબાણ વીગત મેં આપી છે, તે બાબત બીજા મુદા ઉપર ઘણી અગતની હોવાથી તે ઉપર હવે પછી વીવેચન કરીશ. જુદદીન એ શબદનો બરાબર અર્થ કરવો મુશકેલ છે. અક્ષરે અક્ષર તેનો અર્થ બીજા ધરમનો સખસ એવો થાય છે. જરથોસ્તી નહીં હોય તેવાં બંને માબાપોના પેટે જનમેલાં માબાપોના બાળકોના સંબંધમાં તો કાંઇ સવાલજ નથી પણ પારસી બાપનાં બાળકોને જુદદીન કહેવામાં દસ્તુર પેસોતન બરાબર ન હતા. હાલ તુરત એટલુંજ કહેવું પુરતું થશે કે ત્રણ ઇતીહાસીક દાખલાઓ વાદીઓને મદદ કરતા નથી. પારસી બાપનાં છોકરાંઓને હમણા સુધી દાખલ કરવામાં આવતાં હતાં અને કેટલાક સંજોગોમાંનાં નવરાતનાં બરશનુમની કીયા કરવા વગર પણ દાખલ કરવામાં આવતાં હતાં તેની પ્રતીવાદીઓ ના પાડતા નથી. મઝગામવાળાઓ પારસી બાપનાં ફરજંદો હતાં તે કારણે તે દાખલો વાદીઓના મુકદમાને ટેકો આપવા માટે નકામો થઇ પડે છે. દસ્તુર જામાસપજીએ દાખલ કરેલા નવ આસામીઓની જે વીગત તેમણે ચોપાનયામાં આપી છે તે પુરવાર કરે છે કે તે સઘળા પારસી બાપનાં ફરજંદો હતાં.

કોમમાં ચાલતી અનીતી સામે અકાબરોએ કરેલ કડવી ફરયાદ.

જોકે જુદદીન ઓરતોને પેટનાં પારસી બાપનાં બીનકાયદેસરનાં બચાંઓને કે

મમાં દાખલ થવા દેવામાં આવતાં હતાં તોપણ તેથી એમ માનવાનું નથી કે તે કામ ને પારસી કોમે ટેકો આપેલો હતો એમ માની લેવાનું નથી. ઘણા પરીશીષ્ટ બતાવે છે કે તે સામે વારંવાર વાંધો ઉઠાવવામાં આવતો હતો અને કોમના અગ્રેસરો તે માટે ખેદ જાહેર કરી તે અટકાવવાની કોશેશ કરતા હતા. પરીશી ષ્ટો એ ૫૯ અને એ ૬૪ ને બરાબર વાંચવાથીજ જણાશે કે તેવાં બચ્ચાંને કોમમાં દાખલ કરવાના કામને કોમની બહાલી નથી મળી. તા૦ ૮ મી જુન ૧૮૩૬ ને દીને વાડીઆજી નવરોજજી જમશેદજીએ એક પત્ર પારસી પંચાયતના પોતાના હમશરીકો જોગ લખી રાજીનામું આપ્યું હતું અને તે ઉપર મી૦ ફરામજી કાવસજી બનાજીએ લંબાણ મીનીટ કરી હતી. એવું જણાય છે કે આ બે પત્રો ના પરીણામમાં આખી પંચાયતની સભા તા૦ ૨૩ મી જુનને દીને મળી હતી અને કેટલાક ઠરાવો તેમાં પસાર કરવામાં આવ્યા હતા. પોતાની મીનીટમાં ફરામજી કાવસજી બનાજી ફરયાદ કરે છે કે "જ્યારે તમો ગ્રહસ્થોએ અનીતી ઉપર કાંઇ અટકાવ મુકયો નથી અને એવા કામોને સજા પામ્યા વગર પસાર થવા દીધાં છે અને વાડીઆજી હોરમસજીને ઘેર મળેલી આપણી સભામાં જે ગોઠવણો આપણે અગાઉ ખોટાં કામોથી જનમેલાં બાળકો ના સંબંધમાં કરી હતી તે અમલમાં મુકવામાં નહીં આવવાથી આવાં ખરાબ કામો વધતાં ગયાં છે."

જે ગોઠવણના હંબંધમાં અહીં ઇશારો કરવામાં આવ્યો છે તે સંવત ૧૮૮૬ માં પંચાયતે પસાર કરેલા ઠરાવવાળી જણાય છે. તા૦ ૨૩ મી જુન ૧૮૩૬ ને દીને કરવામાં આવેલા ઠરાવમાં જણાવવામાં આવ્યુ છે કેઃ—

"પહેલો આ છેઃ—રાખેલી સ્ત્રીનાં છોકરાંને ધરમમાં દાખલ નહીં કરવાનો સંવત ૧૮૮૬ (સને ૧૮૨૯—૩૦) માં કરેલો ઠરાવ સઘળા સાહેબો પાસે વાંચી સંભળાવવામાં આવ્યો અને ઠરાવવામાં આવ્યું કે પંચાયતી પરવાનગી વગર, બરશનુમની ક્રીયા કરવા વગર અને નીરંગીયાનનો ઉપયોગ કરવા વગર રાખેલી સ્ત્રીનાં જે છોકરાંઓને સદરો પહેરાવવાની ક્રીયા જે દસ્તુરોએ કરી છે તેમને યોગ્ય સલાહ આપવી.

ફરામજી કાવસજી બનાજીની મીનીટમાં કોમમાં આ સમયે ચાલતી અનીતી માટે સખત ફરીઆદ કરવામાં આવી છે. તેઓ કહે છે કેઃ—

"જેઓ પોતાની સ્ત્રીને હાંકી કહાડે અને બીજી જાતની સ્ત્રીઓને ઘરમાં રાખીને રહે છે અને કોમમાં તેમને પેટે જનમેલાં ખરાબ બાળકોને આપણા ધરમમાં દાખલ કરીને તમારા પવીત્ર જરથોસ્તી ધરમને નામોશી પોંહોંચાડે છે."

વડીલોની ભુલો સુધારવા જન્મેલા કેળવાયલા જવાનો

આ ઉપરથી જોઇ શકાશે કે જુદદીન માને પેટે જનમેલાં બાળકોને ધરમમાં દાખલ કરવામાં આવતાં હતાં તોપણ તેઓના દાખલ થવાને પારસી કોમે બહાલી આપી નથી. ફરામજી કાવસજી બનાજીના ઉદગારોને આખી કોમ તરફના ઉદગારો તરીકે સમજવા જોઇએ કારણકે તે સમયમાં પંચાયતના સભાસદો તે કોમે પસંદ કરેલા મુખીઓ અને આગેવાનો હતા અને તેઓ કોમના સઘળા જવાન કે બુઢા સભાસદોની લાગણીઓને જાહેરાત આપતા હતા. એ જુના દીવસોમાં કેળવણી એટલી આગળ વધી નહતી કે જેથી કોમના વધુ જવાન સભાસદો એમ માને કે અમે અમારા બાપદાદાઓ કરતાં વધુ ડાહયા છીએ અને અમારા વડીલોની ભુલો સુધારવા માટેજનાં મીશન સાથેજ જનમ્યા છીએ.

પારસી બાપના પેટે જનમેલાં બાળકોને કોમમાં દાખલ કરવાની હેમાયત જેઓ કરતા હતા તેઓને તેમ કરવાનું મળેલું મુખ્ય કારણ એવું લાગે છે કે જે છોકરાંઓની નસોમાં જરથોસ્તી લોહી વહે છે તેઓ તેમના બાપના ધરમનો લાભ મેળવ્યા વગર રહેવાં અને મળવાં નહીં જોઇએ અને એક જરથોસ્તીનાં બચ્ચાંને મરણ પછી કુરવંદ તરીકે બાળવામાં કે દાટવામાં નહીં આવે. એવું લાગતું હતું કે તેમ કરવાથી અનીતીનાં કામને ઉતેજન મળતું હતું પણ એક પારસીનું બાળક સદરા અને કસ્તી વગરનું રહે અથવા મરણ પછી તેને બાળવામાં કે દાટવામાં આવે તેની સાથે એ

રખાવતાં બીજા પાખને આઘુ ગણવામાં આવતું હતું.

કોઈ જુદદીનને વટલાવવામાં આવયો જણાયો નથી.

જે જુદા ગ્રહસ્થોએ પોતાની આખી જીંદગી મુંબઈમાં ગાળી છે, જે વીદવાનો મુંબઈની પારસી કોમના ઇતીહાસથી બરાબર માહીતગાર છે, પારસીઓના મોટા દસ્તુર, દસ્તુર દારાબ સંજાના, એ સઘળાઓને આ મુકદમાના સંબંધમાં તપાસવામાં આવયા છે. એક પણ જુદદીનને મુંબઈની પારસી કોમમાં દાખલ કરવામાં આવેલો કોઈએ સાંભળયો નથી. મુંબઈમાં પારસીઓ વસ્યા ત્યારથી હમણા સુધીમાં એક પણ બનાવ એવો જણાયલો છે કે જેમાં એક જુદદીનને સદરો અને કસ્તી પેહેરાવવાથી તે જરથોસ્તી ધરમમાં દાખલ થયો હોય. મુંબઈની બાહેર પણ તેવો બનાવ બનયો હોય એમ પુરવાર કરનારો એક પણ સતાવાર બનાવ નથી. પારસીઓ મુંબઈમાં વસ્યા અને તેને પોતાનું વતન બનાવયું તે પછી કેટલેક વખતે સઘળાં ધરમાદા ફંડો અને ખાતાંઓ પ્રતીવાદીઓના હાથમાં ગયાં હતાં. એક જરથોસ્તી, જરથોસ્તી માબાપના પેટે જનમેલા, અને પારસી બાપનાં બાળકો જેમને યોગય રીતે ધરમમાં દાખલ કરવામાં આવયાં હોય તેવા સેવાયના બીજા કોઈએ આ ફંડો કે ખાતાંઓનો લાભ લીધો નથી. છઠા વાદીની ધણીઆણી એક ફ્રેંચબાનુની નવજોતની ક્રીયા કરવામાં આવી તે જુદદીનના સંબંધમાં કરવામાં આવેલી પહેલીજ વખતની ક્રીયા છે. બીજે ધરમ પાળનારા એક સખસના સંબંધમાં બોલતી વેળાએ એક પારસી જુદદીન શબદ વાપરે તયારે તે કોઇ પણ રીતે વાંધા ભરેલા અર્થમાં વપરાતો નથી. જરથોસ્તી ધરમનાં સહુથી વધુ વખાણ કરનારાઓમાંના કેટલાક જુદદીનો છે. યુરોપના કેટલાક મોટા વીદવાનોએ જરથોસ્તી ધરમ પુસ્તકોનો એવો અભયાસ કરયો છે કે જેવો ઘણા થોડા પારસીઓએ કરયો છે. તેઓ જરથોસ્તી ધરમના લખાણનાં ઉંડાણમાં ઉતરયા છે, તેમના તરજુમા કરયા છે અને તે ઉપર નીબંધો લખયા છે. તેઓ સઘળા જુદદીનો છે પણ તેઓ એવા જુદદીનો છે કે જેમના તરફ પારસીઓ માનની લાગણી ધરાવે છે, તેમની મીનાચાદીને પારસી કોમના વીદવાનોએ ઘણી કીમતી ગણી હતી, અને તેની યાદગારી સઘળા જરથોસ્તીઓમાં માન સાથે જળવાઇ રહેલી છે. જરથોસ્તી ધરમ પોતાના માનનારાઓને શીખવે છે કે ઇશ્વરમાં માનનારા સઘળા ધરમો જેઓ ભવીષયની હસ્તી માનતા હોય, અને જેઓ મન વચન અને કાયા વડે પવીત્ર જીંદગી ગાળવાનો બોધ કરતા હોય તે સઘળા તરફ માનની નજરથી જોવું જોઇએ. તેટલા માટે જયારે પણ છઠા વાદીની ધણીયાણી ફ્રેંનચબાનુ અને રજપુત બાનુના સંબંધમાં બોલતી વેળાએ તેમને જુદદીન તરીકે ઓળખાવતાં તેમના તરફ કોઇ પણ જાતનું અપમાન કરવાનો મારો ઇરાદો નથી. તે શબદ માત્ર એટલો જ છે કે જરથોસ્તીના ધરમ સેવાયના બીજા ધરમમાં જનમેલા એવો થાય છે.

વટલાવવા વીશે જરથોસ્તી ધરમનું ફરમાન શું છે એ સવાલ કોરટ પાસે છે કે?

એવું કહેવામાં આવે છે અને તે પણ કારણના ભારે દેખાવ સાથે કહેવામાં આવે છે કે જો જરથોસ્તી ધરમ બીજાઓને પોતામાં વટલાવવાની રજા આપતો હોય એટલુંજ નહીં પણ તેમ કરવા ફરમાવતો હોય તો જેઓ જરથોસ્તી ધરમમાં વટલવા માગતા હોય તેમને તેમાં દાખલ કરવામાં વાંધો શું છે?

અમારી પાસેનો ખરો સવાલ તે નથી. અમારી પાસેનો સવાલ તેથી વધારે સાંકડો છે અને તે આ છે કે:—જો એક જુદદીનને જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવે તો તેને પારસી કોમનાં ધરમાદા ફંડોમાં ભાગ પાડવાનો અને પારસીઓનાં ધારમીક કે સખાવતી ખાતાંઓના લાભોમાં દાખલ થવાનો હક છે કે?

આ મુકદમામાં સમાયલા ખરા સવાલની શરૂઆત તરીકે પેહેલો અને વધુ મોહોટો સવાલ લંબાણથી ચરચાઇ ગયલો હોવાને લીધે તેના સંબંધમાં ટુંક વીવેચન કરવું ઇચ્છવાજોગ છે.

મીસીસ તાતાની નવજોતની ક્રીયાથી થયલો ખળભળાટ—કમીટીનો રીપોર્ટ.

ફ્રેંનચ બાનુને નવજોત કરવાની ક્રીયા કરવાના સવાલને લગતી તકરાર બારે ઉભી

થઇ ત્યારે પારસી કોમમાં ભારે ખળભળાટ ઉભો થયો હતો. સભાઓ ભરવામાં આવી હતી, કમીટીઓ નેમવામાં આવી હતી અને ઉભાં થયેલા જુદા જુદા તકરારી સવાલો ઉપર રીપોર્ટ કરવા માટે અનુભવીઓ તરીકે વીદવાનોને પસંદ કરવામાં આવ્યા હતા. અનુભવીઓની કમીટીએ કરેલો રીપોર્ટ પરીશીષ્ટ એ ૮૭ માં છે. આ રીપોર્ટ ઉપર વાદીઓના વકીલ મી૦ લાઇનદજીએ ઘણો ભાર મુકયો છે. આ રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે જરથોસ્તી ધરમમાં બીજાઓને દાખલ કરવાની બાબત તેનાં ધરમ પુસ્તકોમાં કંઇ મનાઇ નથી પણ તેવી રીતે જુદાઓને વટલાવવા માટે તેમાં ફરમાવવામાં આવ્યું છે. આ ખરૂં છે એમ માનીનેજ આ ચુકાદામાં હું વરતતો છું અને કોર્ટ પાસેના સઘળા સવાલોને તેજ નીયમ ઉપર તપાસવા માગું છું. જરથોસ્તી ધરમ ઇશ્વર પ્રણીત છે. તે ધરમ અહુરમઝદે જરથોસ્તને જણાવ્યો હતો. જરથોસ્ત કયે વખતે હસ્તી ધરાવતા હતા તેના સંબંધમાં વીદવાનો વચ્ચે ઘણો મતભેદ છે પણ તેઓ કબુલ થાય છે કે તેઓ કયાનીયન વંશના રાજા ક્ષ્તવીસ્તાસ્પના વખતમાં હતા. તેમણે પોતાનો મજેદ્દા ધરમ રાજા વીસ્તાસ્પને જણાવ્યો હતો, જેમણે તેને પોતાની પ્રજામાં ફેલાવ્યો હતો. મને લાગે છે કે સઘળા ઇશ્વર પ્રણીત ધરમોમાં બીજાઓને તેમાં મેળવવાનું ફરમાન હોવુંજ જોઇએ, નહીં તો જે પયગમબરને તે મળયો તેનાથી આગળ તે ધરમ કેમ વધી શકે? જુના વખતમાં જરથોસ્તીઓએ ઇરાનના બીજા ધરમ પાળનારાઓને પોતામાં ભેળવવાની કોશેશ કરી હતી કે કેમ તે જણાયું નથી. પણ જેઓ તે ધરમ પાળે છે તેઓ, રાજાએ તે ધરમ સ્વીકારયો હતો તે સેવયના જમાનામાં, ઇરાનમાં આખા દીવાળો વખત અનુભવી શકયા ન હતા. જરથોસ્તી ધરમનો ઇતીહાસ અને તેનાં ધારમીક સાહીત્યને મેં મુકતાદને લગતાં ફંડ વીશેના મુકદમાના મારા ચુકાદામાં મેં વધુ વીગતે જણાવ્યું છે. અત્રે એટલુંજ કહેવું પુરતું થશે કે ધારમીક સખતાઇ એટલી વધી ગઇ હતી કે જરથોસ્તી ધરમ પાળનારી એક મોટી ટોળીને પોતાનું વતન છોડવું પડયું અને ઘણી હાડમારી ખમવા પછી હીંદમાં તેમને મુસીબતભરેલું વતન મળયું. આ બનાવ એક હજાર બસો વરસ અગાઉ બનયો. ગુજરાતનાં મુખય શહેરોમાં તેઓ ફેલાયા અને અઢીસો વરસ અગાઉ તેઓ મુંબઇમાં વસ્યા.

હીંદમાં આવેલા જરથોસ્તીઓએ કોઇને વટલાવ્યા છે?

જરથોસ્તીઓના જે વંશજો હીંદમાં આવ્યા, અથવા તો તેનો જે ભાગ મુંબઇમાં વસ્યો તેની સાથે કોર્ટને સંબંધ છે. તેમણે હીંદના લોકોને વટલાવવાની કોશેશ કરી હતી કે? જે વીદવાનોનાં મત ઉપર વાદી આધાર બાંધે છે તે આપણે તપાસીએ:—

"યઝદેઝરદની હાર પછી જરથોસ્તીઓ નાસભાગ કરવા લાગયા. તેઓ પોતાનાં વતનમાં પોતાનો ધરમ છુટથી જાળવી શકતા ન હતા. હીંદુસતાનમાં પરદેશી રાજયોના અમલમાં ધરમનું છુપાપણું તેઓને મળયું હતું. આ સંજોગો વચ્ચે જયારે તેમનો પોતાનો ધરમ જાળવી રાખવાની મુશકેલી હતી તયારે તેઓ બીજાઓને તે ધરમ કેમ શીખવી શકે અને ફેલાવી શકે? તેટલા માટે હીંદમાં આવયા પછી પોતાનો ધરમ બીજાઓમાં ફેલાવવાની કોશેશ બંધ પડી હતી અને તે કેટલેક દરજજે કુદરતી હતી."

શરૂઆતમાં હીંદના પારસીઓને વેઠવી પડેલી મુશકેલી.

પારસીઓના વડા દસ્તુર દારાબ પશોતન સંજાના, જેઓ મુંબઇનાં સઉથી જુનાં અતશબેહેરામોના વડા ધરમગુરૂ છે, જેમના વડીલો તેમની અગાઉ વડા દસ્તુરો હતા, અને જેઓ અનુભવીઓની કમીટીમાંના એક હોવા ઉપરાંત તેના રીપોર્ટ ઉપર જેમણે સહી કરી હતી તેમની જુબાની અમારી પાસે લેવામાં આવી છે અને તેઓ કહે છે કે:—

"ચીસીસ તાતા અને રજપુત બાનુ સેવાય બીજા કોઇપણ તદન જુદદીનને મુંબઇમાં જરથોસ્તી ધરમમાં વટલાવવામાં આવયા હોય એમ મેં સાંભળયું નથી તેમ હું જાણતો નથી. પારસીઓ ઇરાનથી હીંદમાં આવયા તે પછીથી આ બે બાનુઓ સેવાય કોઇને હીંદમાં પણ વટલાવવામાં આવયાં હોય

એમ હું નથી જાણતો. હીંદમાં સલામત આશ્રય મેળવનારા પારસીઓના રસ્તામાં ઘણી મુશ્કેલીઓ હતી તેથી કોઈને વટલાવવામાં આવ્યા ન હતા. ગુજરાતના જાદવ રાણાએ ચોક્કસ શરતોએ આશ્રય આપ્યો હતો. તે સંજોગો તેમની પ્રજાને કે હીંદમાંના બીજા કોઈને જરથોસ્તી ધરમમાં વટલાવવા માટે અનુકુળ ન હતા. હીંદમાં તેઓ વસ્યા તે પછીની પહેલી સદીમાં પોતામાંથી બીજા ધરમમાં વટલી જતા બીજાઓને અટકાવવામાં તેમને ભારે મુશ્કેલી પડી હતી. પોતાનો ધરમ જાળવી રાખવા અને તેનાં ક્રીયાકામો કરવાં અને ધરમ પુસ્તકો સંભાળવામાં તેમને મોટી મુશ્કેલી નડી હતી............વળી જે રાણાએ આશ્રય આપ્યો તેમનીજ પ્રજાને વટલાવવાની કોશીશ કરવી તે અપકાર કરવા સરખું હતું."

ખરી વાત એ છે કે તેઓ હીંદમાં પગ મુકવાની જગા મેળવી શક્યા તે પછી વરસોનાં વરસો સુધી તેમની હાલત ઘણી ગંભીર હતી. તેમને અમુક શરતોએજ દેશમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગુજરાતના જે રાજાએ તેમને દાખલ કર્યા તેના ઉપર તેમનો કાંઈ હક ન હતો તેઓ પાસે કોઈ ફંડ ન હતાં, દોખમ ન હતાં અને આતશબેહેરામો કે અગીયારીઓ ન હતાં. ધારમીક ક્રીયાઓમાં પણ તેમને વરસોસુધી મુશ્કેલી નડેલી હોવી જોઈએ. તેઓ કોને વટલાવવાના હતા: તેઓના ને વખતના દુશમનો મહોમેદનોને કે જેમની સખતાઈથી તેમને પોતાનું વતન છોડવું પડયું હતું,—કે હીંદુઓને કે જેઓ તેમને આશ્રય આપનારા રાજાની રઈયત હતા? જો તેમણે તેવી કાંઈ કોશેશ કરી હોત તો તેમને કદાચ બીજે કયાંએ આશ્રય શોધવા જવું પડયું હોત.

હીંદુઓ સાથની પારસીઓની મીત્રાચારી અને તેમને રાજી રાખવાની કોશેશ.

હીંદુઓ તરફના ઉપકારની લાગણીને લીધે તેમને વટલાવવાની કોશીશ કરવામાં આવી હતી એમ કહેવું તે પારસીઓ માટે ઘણું ઠીક છે. તે ઘણું સારૂં લાગે છે. પણ જો ખરૂં કહેવું હોય તો તેઓની તેવી કોશીશ તદન વપરથ છે એમ જાણતા હતા એટલુંજ નહીં પણ સમજતા હતા કે તેથી એવો ગંભીર વીરોધ ઉભો થશે કે જેનું પરીણામ કોમનો નાશ થવા સરખું આવશે. તેઓ અમુક શરતોએ વસતા હતા અને વધુ મુદત તે શરતો ચાલુ રાખવાનો આધાર રાજ કરતી કોમ હીંદુઓ ઉપર હતો. તેમને વટલાવવાને બદલે પારસીઓએ હીંદુઓના કેટલાક રીત રેવાજો અખતયાર કીધા કે જેથી તેઓની સારી ઈચ્છા પ્રાપ્ત થાય. તેમની સંખયા અને આબાદી વધતાં ગયાં ત્યારે જુદાં જુદાં સ્થળે તેઓ દોખમાં, આતશબેહરામો અને અગીયારીઓ બાંધવા લાગયા, પણ તે અગાઉ સદીઓ પસાર થઈ ગઈ હતી. પારસીઓ હીંદમાં બારસો વરસ અગાઉ આવવા છતાં તેમનાં ધરમ ખાતાંઓ ઘણા પાછલા વખતમાં હસ્તીમાં આવયાં હતાં. તેઓ આવયા ત્યારથી હમણા સુધીમાં કોઈને વટલાવવાની કોશીશ કરવામાં આવી હોય એમ જણાયલું નથી. જોકે હવે પારસીઓ હીંદના જુદા જુદા ભાગોમાં વસ્યા છે અને કોમ તરીકે તેઓ વગવાળા અને શ્રીમંત છે, તોપણ કોઈ જુદદીનને જરથોસ્તી બનાવવાની કોશીશ કરવામાં આવેલી જણાયલી નથી. બાપોની ભારે ઈચ્છાનાં કારણે જુદદીન માને પેટે જનમેલાં બાળકોને સદરો કસ્તી પહેરાવવામાં આવતાં તે પણ માત્ર સહજ કરવામાં આવતું હતું અને તે માટે પણ કોમનો એક ભાગ બુમ પાડવા વગર રહેતો નહીં.

વટલાવવા એ ધરમ મુજબ રવા છે પણ રેવાજ મુજબ રવા નથી એવો ચુકાદો.

આ સંજોગો વચ્ચે જ્યારે હું ચુકાદો આપું છું કે જરથોસ્તીઓમાં જુદદીનોને વટલાવવા એ રવા છે, ત્યારેજ હું એવો પણ ચુકાદો આપું છું કે હીંદીમાંની જરથોસ્તી કોમમાં એવા વટલાવવાના બનાવો બીલકુલ જણાયલા નથી; જુદદીનોને વટલાવવાનો રેવાજ તેઓમાં ન હતો એટલુંજ નહીં પણ તેથી ઉલટું હીંદની જરથોસ્તી કોમોએ જુદદીનોને વટલાવવાની કદી કોશેશ કરી નહીં હતી, તે કામને કદી ઉતેજન આપયું નથી અથવા તો તે માટેની પરવાનગી આપી નથી.

સમાધાન કરવાની નીશફળ ગયલી કોશેશ.

આ મુકદમામાં આગળ વધવા દરમીઆન એ તો ઘણું ખુલ્લું થયું હતું કે મુંબઈ

ને પારસી કોમ જુદદીનોને દાખલ કરવા સામે ભારે વાંધો ધરાવતી હતી. આ મુકદમાની વખતે એણે પતાવટ કરવાની બે ભારે કોશીશ કરી હતી. મારા હમદરદીક મી૦ બીમને એક વાજબી પતાવટની યોજના ઘડી આપી હતી. અને સુચવેલી શરતો એવી હતી કે આ બે બાનુઓને અપવાદ તરીકે કોમમાં દાખલ કરવી અને તેના ફંડો અને ખાતાંઓનો અમુક નક્કી કરેલી હદમાં લાભ આપવો અને તે પછી પારસીઓની અનજુમને ભવીષ્યને માટે પોતાને ઠીક લાગે તેવા ઠરાવો કરવા. પ્રતીવાદીઓએ તે બાબતમાં અંજુમનની પરવાનગી મેળવયા વગર કાંઈ નક્કી કરવા જણાવ્યું અને તેથી એ મુકદમો મુલતવી રાખ્યો. મરહુમ સર જમશેદજીએ પોતેજ તે બાબત કોમની જાહેર સભા પાસે મુકવાનો શ્રમ લીધો હતો. પરીણામ એ આવ્યું હતું કે અમારી સુચનાને કબુલ થવાની સરવાનુમતે ના પાડવામાં આવી હતી. વાદીના વકીલે તેમ થવાનું કારણ "ઝનુનના પવન"નું જણાવ્યું અને એક અસાવધપણે તેમણે એ જાહેર સભાને પારસી કોમના કચરા પુંજની બનેલી જણાવી. સભાનાં બંધારણ સામે આવો આરોપ કોઈ પણ રીતે વાજબી ન હતો અને તેથી ઘણા ગુસ્સાને કારણ મળ્યું હતું પણ મને ખાત્રી છે કે એ વીદવાન ધારાના હેમાયતીએ કોઈને ગુસો આપવાનો ઈરાદો રાખયો ન હતો કે પોતે જે કહયું તે ગંભીરાઈથી કહયું હતું.

મી૦ સોરાબજી પંથકીની જબાની છોકરવાદ સરખી હતી.

તોપણ ખરી વાત એ છે કે ઘણાજ સુક્ષમ અપવાદ સેવાય મુંબઈની આખી પારસી કોમ જુદદીનોને દાખલ કરવા સામે વીરૂધતા ધરાવે છે અને તેનાં કારણો દેખીતાં છે. દાખલ થવા કોણ માગશે? આ ઉંચ બાનુના સરખો એક ઉંચા ખાનદાનમાં જનમેલો સારી રીતે કેળવાયલો અને બુધીની ખીલવણી પામેલો શખસ વટલવા માગે તે અગાઉ સદીઓ પસાર થવી જોઈશે. પણ દરવાજા ઉઘાડા મેલતાંજ હજારો અણગમતા જુદદીનો જેવા કે ભંગીઓ, મહારો, કહારો અને ડુબરા તેમાં દાખલ થવા માંગશે. વાદીઓના સાક્ષી સોરાબજી પંથકી જેવા માણસો [illegible] બાહેર નવજોત કરવાને હમેશ તઈઆર હોય છે. પચાસ લાખ રૂપયાના ફંડો, ગરીબ પારસીઓ માટેની સસ્તી ચાલીઓ, આંધળાં લુલાં માટેનાં સુખવાસી ઘરો, દવાખાના, સેનેટોરીયમો, કનવેલસની હોમસ, ઘણા અણગમતા હજારો માણસોને ખેંચાણ કરશે. વાદીઓ કહે છે કે સઘળા જુદદીનોને દાખલ કરવા સામે કાંઈ અંકુશ નથી. જો તેમની તકરાર કબુલ રાખવામાં આવે તો કોમને ઉંચની સ્થીતીએ ચઢાવતાં જેટલા જમાના ગયા છે તેટલા દીવસોજ તેના નાશ માટે પુરતા થશે. આ વીશે સોરાબજી પંથકીની જબાની લેતાં તેમણે જે કોશેશ પોતાની સ્થીતીનો ખોલાસો કરવા માટે કરી હતી તે છોકરવાદ સરખી હતી અને ભંગી તથા હાલયાઓ માટે પણ તેમણે ખામોશ પકડી ન હતી. રાહનુમાએ મઝદેયશનાન સભાના પગારદાર આડતીયાથી શેહેરીયારજી ભરૂચાનું તેમ નથી. તેમની જીંદગીની નેમ, તેમનાજ શબદોમાં ધરમ સુધારવાની વહેમો દુર કરવાની અને સભાના નીયમો મુજબ ધરમ ફેલવવાની છે. આ સાક્ષી અલબત વીદવાન છે પણ ધરમ સુધારવાના ઉતસાહમાં તેમણે ભંગી વગેરેના સંબંધમાં સવાલો પુછવામાં આવતાં કેટલાક (કપટી) જવાબો આપયા હતા. એક માણસ પોતાના ધરમ પુસ્તકોનાં ફરમાનો મુજબ ધરમ ફેલાવવા નીકળે પણ જયારે તે એક સભાના નીયમો મુજબ ફેલાવવા નીકળે તયારે તેના ધારમીક ખીયાલોમાં કાંઈક પણ વાંધાભરયું હોવું જોઈએ.

કોમને કાળાં મોંઢાંની દયા ઉપર છોડવા સરખી મી૦ શેહેરીયારજી ભરૂચાની હેમાયત.

વાદીઓના મુકદમાના ટેકામાં મી૦ શેહેરીયારજી ભરૂચા જણાવે છે કે:—

"કોઈ પણ એક દસ્તુર વટલાવી શકે૦ કાંઈ પણ તપાસ કરવાને તે બંધાયલો નથી અને કોઈની પરવાનગી મેળવવાની તેની ફરજ નથી."

તે પછી એમણે કબુલ કરયું કે પારસી દસ્તુરોમાં કેટલાક એવાં પડયા છે કે જેઓ ઘણા ગરીબ અને ખોટું કામ કરતાં આંચકો નહી ખાય તેવા છે, જેમને તેમણે કાળાં મોંઢાં તરીકે ઓળખાવયા હતા. તેઓ સમજતા લાગતા ન હતા કે જયારે કાંઈપણ

તપાસ કરવા કે કોઇ જવાબદાર આસામીઓની મરજીવગર મોટા પાયા ઉપર લોકોને વટલાવવાની હેમાયત તેઓ કરતા હતા ત્યારે તેનો અરથ આખી કોમને એવા કાળા મેંઢાની દયા ઉપર છોડવા સરખો થતો હતો. તેઓ મહાર અને ભંગીઓને આતશબેરામમાં દાખલ કરવા કે મરણ પછી તેમની લાસને દોખમે ચઢાવવા સામે કાંઇ વાંધો નહીં ધરાવતા પણ તેમ કરવા અગાઉ ભંગીઓએ પોતાનું ગંદુ કામ છોડી દેવું જોઇએ અને તે પછીજ આતશબેહરામમાં દાખલ થવું જોઇએ એમ તેઓ કહે છે. તે પછી તેઓ ભંગી અને નસેસાલાર વચે સરખામણી કરે છે. તેઓ પોતાનો અભીપ્રાય રવાયતો ઉપરથી આપે છે, જેમને બીજા સંજોગોમાં તેઓ ત્રીજા પ્રકરના આધાર તરીકે કહે છે. તો પણ ધારમીક લખાણ સંબંધી તેમના વીચારો પણ તેમના બીજા અભીપ્રાયો સરખાજ વીચીત્ર છે. રવાયતોમાં નોંધી લેવામાં આવેલા જવાબો વીશે પુછવામાં આવતાં તેઓ કહે છે કે જો તે અવસતાને મળતાં આવતા હોય અને વાજબી હોય તો૮ તે બંધનકરતા ગણાય. પછી તેઓ નીચલી જાણવાજોગ જબાની આપે છેઃ—

“ મારાં મન મુજબના ધરમને રવાયતો મળતી આવે છે એમ જો હું જાણું તો હું તેમને સારી સતાસમાન લેખું છે.”

જુદદીનો સંબંધે વાદીઓની અયોગ્ય વલણ.

આ સાક્ષી કબુલ રાખે છે કે તેઓ સઘળો વખત મુંબઇમાં વસ્યાં છે. “ એક તદન જુદદીનોને વટલાવવાની કોશેશ કરવામાં આવી હોય તેવો કોઇ બનાવ તેમણે કદી જાણ્યો નથી. તેઓ એમ પણ કહે છે કે પારસીઓ હીંદમાં આવયા ત્યારથી તેમને વટલાવવાનો રેવાજ નથી ” પણ તે છતાં તેઓ ભંગી, મહાર, અને ગુજરાતના દુબરાઓને જરથોસ્તી ધરમમાં વટલાવવા સામે કાંઇ વાંધો જોતા નથી. આવા એક સાક્ષીનું જ્ઞાન ગમે તેટલું હોય તો પણ આવા એક સાક્ષીની જબાની કોરટને મદદ કરતી નથી અને આવી આંધળી અને ભુલભરી હેમાયત હાથમાં ધરવામાં આવેલી નેમને પણ મદદ કરે એ બનવાજોગ નથી. જુદદીનોને વટલાવવાના સંબંધમાં વાદીઓએ ધારણ કરેલી વલણ કેટલી અયોગ્ય છે તે પુરવાર કરવા માટે આ સાક્ષી બીજા કોઇ પણ કરતાં વધુ ફતેહમંદ નીવડયો છે.

ધારમીક ક્રીયાઓના સંબંધમાં પારસીઓની અસાધારણ કાળજી.

પોતાના હીંદુભાઇઓ સાથના સદીઓના સહવાસ પછી ઉતરતી કોમના હીંદુઓ તરફ જેવી લાગણીઓ હીંદુઓ પોતે ધરાવે છે તેવીજ લાગણીઓ ધરાવતાં પારસીઓ શીખયા છે જરથોસ્તી ધરમ સ્વછતાના નીયમો શીખવે છે અને દરેક તકે તે સફાઇનું શીક્ષણ આપે છે. પારસીઓ ગમે તેવા ગરીબ હોય તો પણ તેમણે કદી એવો ધંધો પસંદ કરયો નથી કે જેમાં તેમને અસ્વચ્છ ચીજોના સંબંધમાં આવવું પડે. કોઇ પણ પારસી નથી તેમજ હતો પણ નહી, કે જેણે ભંગી, હજામ, કસાઇ કે મોચીનો ધંધો પસંદ કરયો હોય. જો કે બીજી દરેક બાબતમાં તેઓ પોતાના હીંદુ અને મેહોમેદન ભાઇઓની સાથે ભારે મીત્રાચારીથી વરતા હતા તોપણ તેઓ દરેક ધારમીક બાબતમાં દુરવંદોની સાથે સંબંધમાં આવવાથી તેઓ ખસુસ કરીને અલગ રહયા હતા વળી આ શબદ પણ કોઇ વાંધાભરયા અરથમાં વપરાતો નથી. યુરોપીઅનો, હીંદુઓ અથવા મેહોમેદનોમાંના પોતાના સારામાં સારા મીત્રને એક પારસી ધારમીક નજરે એક હમાલ કે મસાલ, જે તેનાં ઘરમાં કામ કરતો હોય, તેના સરખોજ દુરવંદ સમજે છે. કોઇ પણ દુરવંદને જરથોસ્તીઓનાં આતશબહેરામ, અગીઆરી કે દરેહમેહેરોમાં કદી દાખલ કરવામાં આવતો નથી. જે કોઇ મકાનમાં મુકતાદની ક્રીયા કરવામાં આવતી હોય તેમાં કોઇ દુરવંદને રહેવા દેવામાં આવતો નથી. દોખમા વાળી જમીનમાં અમુક હદ પછી કોઇ દુરવંદને જવા દેવામાં આવતો નથી તેમની ધારમીક ક્રીયાઓ કરવામાં આવતી હોય તે વેળાએ કોઇ દુરવંદને તે જોવા દેવામાં આવતી નથી. આ લાગણીને એટલી હદસુધી આગળ લઇ જવામાં આવે છે કે લગન વખતે હાજરી આપવા માટે આમંત્રણ કરી બોલવવામાં આવેલા ઘણાજ માનવંત પરોણાઓ માટેની ખુરશીઓ, જે ગાલીચા ઉપર લગનની ક્રીયા થવાની હોય તે ઉપર બીછાવી ન

હીં શકાતી. હમણાં પણ દસ્તુર દારાબે જણાવ્યું છે તેમ જુદીને અડકેલું પાણી જુદીના વીચારનો એક પારસી પીશે નહીં અને તેણે લીધેલો કે તઈયાર કરેલો ખોરાક ખાશે નહીં."

દોખમાઓ અને લાસ તરફનું ભારે માન.

પારસીઓની સોટની આરામગાહ—દોખમાઓ—તરફ ભારે માનની નજરથી જોવામાં આવે છે. તે જગાઓ ભારે પવીત્ર માનવામાં આવે છે. એક નવું દોખમું બાંધવામાં આવતાં તેને ખુલ્લું મુકવા માટે ભારે હોળી ધારમીક ક્રીયાઓ કરવામાં આવે છે. તે વખતે હાજર રહેવા માટે હજારો લોકો દુર દેશાવરથી મુસાફરી કરીને આવે છે. આ વખતે હાજરી આપવાનાં કામને ભારે પુનયનાં કામ તરીકે સમજવામાં આવે છે. એક વખત દોખમાને ઉજવવામાં આવ્યા પછી તેમાં નસેસાલાર સીવાય બીજું કોઈ દાખલ થઈ શકતું નથી. આ નસેસાલારો કોમના બીજા સભાસદોથી તદનજ અલગ જુદંગી ગાળે છે. એક જરથોસ્તીની લાસને ખાસ માનની નજરથી જોવામાં આવે છે. મરણ પછી લાસને નવાડવામાં આવે છે, સ્વચ્છ કરવામાં આવે છે અને પછી ખાંધીઆઓને સોંપી દેવામાં આવે છે, જેઓ બંદગી કરીને તેને સ્વચ્છ સફેદ કપડાં પેહરાવે છે. સગ્દીદની ક્રીયા કરવામાં આવ્યા પછી કોઈ નજદીકનું સગું પણ તેને અડકી શકતું નથી. ઘણી વખત એવું બનતું છે કે કોઈ ઘરમાંથી તેને દોખમા તરફ લઈ જવામાં આવે તે અગાઉ બીજી ગંભીર ક્રીયાઓ કરવામાં આવે છે. સગાં વહાલાં અને મીત્રો—અને કોઈ જાણીતા મનુસના સંબંધમાં કોમના સઘળા આગેવાન સભાસદો—ભેગા થાય છે અને લાસને છેલી વાર જોઈ લેતાં તેને પગે લાગે છે. પછી મોહડું ઢાંકી દેવામાં આવે છે અને લાસને દોખમા તરફ લઈ જવાની કુચ શુરૂ થાય છે. નવાડવાની ક્રીયા કરવામાં આવ્યા પછી કોઈ પણ જુદદીન કે દુરવંદને લાસ જોવા દેવામાં આવતી નથી ને અડકવા દેવામાં આવતી નથી. યુરોપીઅનનો વફાદાર નોકર મરણ પામ્યો હોય છે ત્યારે તેના તરફ ભલી લાગણીઓ ધરાવતો શેઠ પોતાના વફાદાર નોકરને છેલી વખત જોવા માટે તેને ઘેર જાય છે અને જોય છે કે ઘણા ખોલાસાઓ અને બહાનાંઓ આગે તે આગળથી નકારવામાં આવે છે. જેઓને ફાંસીની સજા કરવાની આવી હોય, જેમણે આપઘાત કરવા હોય અને જેઓનાં શરીરો મરણ પછી કાપીકુપી તપાસવામાં આવ્યાં હોય તેઓને અભડાયલાં માનવામાં આવે છે અને જે દોખમાઓમાં સાધારણ જરથોસ્તીઓની લાસને નાખવામાં આવે છે તેમા તેમને નાખવામાં આવતા નથી કારણકે તેમની લાસને મરણ પછી દુરવંદો અડકેલા હોય છે. મુંબઈમાં તેઓ માટે એક જુદી જગા છે જેને ચોતરા તરીકે ઓળખાવવામાં આવે છે. બીજાં સ્થળોએ જો ચોતરા નહીં હોય તો ભાઈ વગર પરાયલા કે સમારકામ હેઠળના દોખમામાં નાખવામાં આવે છે, કે જેમ સુરત ખાતે કરવામાં આવતું હતું.

મી० જીવનજી મોદી કહે છે કે "દોખમામાં જો જુદદીનોના લાસ નાખવામાં આવે તો તે અપવીત્ર થાય કારણ કે કોમ ગાતાના આચાર, વીચાર, અને ધારમીક લાગણી આથી તેને પવીત્ર માને છે."

આ કારણથી હીંદુસ્તાની જરથોસ્તી કોમ જુદદીનોને જરથોસ્તી કોમમાં દાખલ કરવા સામે વાંધો ઉઠાવે છે. કોમને જુદદીનોને જરથોસ્તી ધરમમાં દાખલ કરવાનો વીચાર પણ થયો હોય. દુન્યાં સન પુરવે ૫૦૦૦ અને ઇસવી સન પુરવે ૧૦૦૦૦ના વરસોમાં જ્યારે જરથોસ્તે પોતાને પ્રાપત થયલાં ધરમનો ફેલાવો કીધો ત્યારે એવા સંજોગો હશે કે જેવી રીત કરવું જરૂરી તેમજ ઇચ્છવાજોગ થઈ પડ્યું હશે. તે વખતે બીજા કયા ધરમો હયાત હતા તેનું અમને કાંઈ જ્ઞાન નથી. હયાત ધરમશાસ્ત્રો તે વખતના ધરમોને દેવયશન કહે છે જેનો અર્થ એ થાય છે કે મુરતીપુજા અથવા પરમાતમાથી બીજી કોઈ ચીજની પુજા કરવી. યાદ રાખવાનું છે કે જરથોસ્તી ધરમને લગતાં પુરાણાં અને સતાસમાન શાસ્ત્રો ગુમ થયલાં હોવાથી હાલના અભ્યાસીઓને તે મળતાં નથી. આ પવીત્ર લખાણોના માત્ર થોડા ભાગ સીવાયનો બીજો બધો ભાગ ખોવાઈ ગયો છે અને એ ખોવાયલાં શાસ્ત્રોમાં મહાન ધરમ ગુરૂએ શું ઉપદેશ કર્યો હતો તે કોઈ જાણતું નથી. આ બાબતમાં ર

બાબત ઉપર આધાર રાખવામાં આવે છે. રવાયતો કોઈ પણ રીતે જરથોસ્તી ધરમને લગતાં શાસ્ત્રોમાં સમાસમાન નથી. વાદીના પોતાનાજ સાક્ષી શહેરીઆરજી બરૂચાએ જણાવ્યા મુજબ પોતાના હેતુને બંધબેસતું થઈ પડે તેમ હોય તો તેનો ઉપયોગ કરવામાં આવે. ધરમના ફરમાનના સંબંધમાં પોતાના જે વિચારો હોય તે સાથે જો મળતાં હોય તો તે શાસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવે અને જો તે મળતાં ના આવતાં હોય તો તેને સ્વીકારવામાં ન આવે. રવાયતોના સંબંધમાં એમ માનવામાં આવે છે કે તેમાં થોડા જખત ઉપર હીંદુસ્તાન ખાતેથી ઇરાન ખાતે મોકલવામાં આવેલા સવાલો, અને એ સવાલો મોકલનારાઓ કરતાં વધુ વીદવાન જણાતા માણસોએ તે સવાલોના આપેલા જવાબો છે. જે ત્રણ રવાયતો ઉપર આધાર રાખવામાં આવે છે તે પરીશીષ્ટ ઇ–૧, ઇ–ર અને ઇ–૩ તરીકે રજુ કરવામાં આવી છે. એ ત્રણ રવાયતોની પહેલીમાં એક સવાલનો જે ખુલાસો આપવામાં આવયો છે તે મને એવો તો અચંબાભરેલો લાગે છે કે એ રવાયતોના ચોકસપણા ઉપર જરા મદાર બાંધવાને એક માણસ ના પાડે. તેમાં જણાવવામાં આવ્યું છે કે દરવંદોને સદરા અને કસ્તી પહેરાવવામાં આવતાં હતાં એટલુંજ નહી પણ તેઓ ગહમ્બાર અને બીજી કીયાઓ માટે દરાન તઇયાર કરતા હતા. જરથોસ્તી ધરમમાં જુદદીનોને દાખલ કરવાની રજા તેમજ આજ્ઞા આપવામાં આવી છે તે ઉપર મદાર બાંધીને આગળ ચાલતો હોવાથી આ સંવાદ ઘણો ઉપયોગી નથી. તથાપી બારમી સદીનો જમાનો પુરવાર કરે છે કે, બદલાયલા સંજોગો વચ્ચે પોતાની માતરૂભુમીથી દુર વસીને જરથોસ્તે કદી નહી ધારેલા એવા સંજોગો વચ્ચે પોતાના ધરમનો ફેલાવો કીધો તે પછીના બદલાયલા સંજોગો વચ્ચે જરથોસ્તી ધરમનો જુદદીનોમાં ફેલાવો કરવાની આજ્ઞાનો બીલકુલ ઉપયોગ થતો નથી. જુદદીનોને પવીત્ર કરવાની એ પ્રાચીન ધારમીક આજ્ઞા અમલમાં મુકવાની રૂઢીને કોરાણે મુકવાની અને ઘણી સદીઓ થયાં ચાલતા આવેલી ધોરણને બાજુએ રાખવાની હવે માગણી કરવામાં આવે છે. વાદીઓ રવાયતો તથા જરથોસ્તી કોમમાંથી ચુંટી કહાડેલા ગ્રહસ્થોની કમીટીના રીપોર્ટ ઉપર આધાર રાખીને મદદ માગે છે. અર્થાત જો આ લખાણો ઉપર સમાસમાન ગણીને આધાર રાખવામાં આવે તો, જેઓની ખાતર કોર્ટની મદદ માગવામાં આવી છે તેમણે એ લખાણોમાં જણાવેલી શરતો પ્રમાણે વરતવું જોઇએ. પરીશીષ્ટ ૧ લું લો. તે અનુબવી પારસી ગ્રહસ્થોની કમીટીના રીપોર્ટમાનો એક જરૂરી ફકરો છે. માત્ર જે માણસો, 'સદહેતુ અને પવીત્ર ઇરાદાથી જરથોસ્તી ગણાવાની પોતાની લાયકાત બતાવીને જરથોસ્તી ધરમમાં દાખલ થવાની ઇચ્છા બતાવે તેઓને દાખલ કરી શકાય; પણ એ પ્રમાણે દાખલ કરવાનો સવાલ એક શરત પુરી કરવા ઉપર આધાર રાખે છે. અને તે શરત એ છે કે જો જરથોસ્તીઓને પોતાને કોઇપણ પ્રકારે હાની થતી ના હોય તો, એ પ્રમાણે જુદદીનને જરથોસ્તી ધરમમાં દાખલ કરવો.'

જરથોસ્તી ધરમમાં દાખલ થવાના ઉમેદવારના સદહેતુ અને પવીત્ર ઇરાદા તથા તેની જરથોસ્તી તરીકે ગણાવાની લાયકાત સંબંધી કોણ નીરણય કરે? અર્થાત, વાદીઓ તકરાર કરે છે તેમ, માત્ર ધરમગુરૂ, જે તેમના બાહોશ સાક્ષી શહેરીઆરજીના જણાવવા મુજબ કોઈને પુછવા કે કોઇની રજા મેળવવા બંધાયલા નથી, તેઓ એકલા તો નહીજ. અને તે બધા કરતાં પણ એ બાબતનો કોણ નીરણય કરે કે જરથોસ્તી ધરમમાં તેને દાખલ કરવાથી જરથોસ્તીઓને પોતાને કોઇ પ્રકારની હાની પહોંચશે નહી. જેને પોતાના કેસના ભલા કરતાં એક રૂપીઆ વધારે વહાલો હોય તેવો એકજ ધરમગુરૂ તો તેનો નીવેડો નહીજ કરી શકે.

રવાયતો ઉપર ધયાન આપીએ અને તેમાં શું ફરમાન કીધાં છે તે જોઇએ. પહેલી રવાયત (પરીશીષ્ટ ઇ–૧) માં જણાવેલું છે કે:–

"અમારૂં એમ કહેવું છે કે મોબેદ અને બેહદીનોએ પહેલા ધરમનાં ફરમાનો અને પોતાનાજ માણસો તથા માલકત ઉપર ધયાન આપવું જોઇએ કે જેથી કરીને કોઇ જાતની ઇજા ભોગવવી પડે નહી. સંતોષકારક રીતે તેમ કીધા પછ તેઓ જો જુદદીન બાળકોને અવસ્તા શીખવીને રૂડા જરથોસ્તી ધરમમાં દાખલ કરે તો તે ઘણું સારૂં કામ છે."

બીજી રવાયત (પરીશીષ્ટ ઈ–૨), જેના ઉપર આધાર રાખવામાં આવે છે તેમાં કહ્યું છે કે:—

"જો તે માણસ ધરમનાં ફરમાનો બરાબર પાળતો હોય અને ધરમ ઉપર વીશ્વાસ રાખતો હોય તેમજ તેના દાખલ થવાથી આ સારા ધરમને કાંઈ હાની થતી ના હોય તો તેવા માણસને ધરમમાં દાખલ કરવો તે કાયદેસર અને યોગ્ય છે."

વાદીઓએ જેઓની ખાતર આ સનમુખ લડત ચલાવી છે તેઓએ જે લખાણો ઉપર મદાર બાંધવામાં આવે છે તેમાં જણાવેલી સઘળી શરતો પુરી કીધી છે કે નહી તે કહેવાની અમને જરૂર પડે છે. કોર્ટ સમીપ નહીં આવેલાં માણસોના સંબંધમાં અને દાખલ થવા માટેની પ્રાથમીક શરતો ફરી કરવામાં આવી હતી કે કેમ તેને લગતી કાંઈપણ બાતમી મળયા વીના કોર્ટથી કાંઈપણ કેમ બોલી શકાય?

વાદીના મુકદમાને આ વાંધો થોડો પહોંચાડે છે. પણ તે એજ વાંધો નથી. પારસી અનુભવીઓની કમીટી સનમુખ રજુ થએલા સવાલોમાં એક એ પણ હતો કે 'કઈ કીયાઓ થવી જોઈએ?' કમીટીએ આ સવાલનો ઘણોજ ખુલો અને છેવટનો જવાબ (પરીશીષ્ટ એ–૮૭ પપટ ૧૦) આપયો છે:—

ત્રણ કીયાઓ થવી જોઈએ. ૧—ઉમેદવારે બરજી કીયાને એક વરસ વીત્યા બાદ તેણે નહાનની શુધી કીયા કરવા પછી તેને સામાન્ય જરથોસ્તી બાળકની માફકજ સદરો તથા કસ્તી પહેરાવવામાં આવે; ૨—તે પછી એ ઉમેદવારને બરશનુમ આપવું; અને ૩—તે પછી એ ઉમેદવારને ફરીથી સદરા અને કસતી પહેરાવવાં. આ રીપોર્ટ ઉપર દશ અનુભવીઓએ સહી કીધી છે. તેમાં પારસીઓના બેઉ મોટા ધરમગુરૂઓ છે, જેમાંના એકે ૬ ઠ્ઠા વાદીની બીની નવજોતની કીયા કીધી હતી. તદપી ત્રણ સહી કરનારાઓએ રીપારટ ઉપર વધારાની નોંધ કીધી છે. મી૦ કે૦ આર૦ કામા એમ માને છે કે તેને માટેનાં અંકુશો ઘણા સખત છે અને અજમાયશ અને માટેની મુદત ઘણી લાંબી છે. મેશરસ દહેરીઆરજી ભરૂચા અને બહેરામગોરનો મત ધરાવે છે કે ત્રણ કીયામાંથી માત્ર જોતની કીયાજ બસ છે. મી૦ કે૦ આર૦ ની કોરટમાં જબાની લેવામાં આવી નથી મી૦ દહેરીઆરજી ભરૂચા અને મી૦ બહેરામગોર અંકલેશરીઆ બેઉએ અમને જબાની આપી છે. દહેરીઆરજી ધરમમાં સુધારો કરવા અને તેનો ફેલાવો કરવા માટેના મંડળના ઉપાધ્યાય છે અને હું ધારૂં છું કે મી૦ કે૦ આર૦ કામા તેના પ્રમુખ છે અને જેઓના વીચારો ધરમનાં ફરમાન ઉપર રચાયલા ના હોય પણ 'પોતાના વીચાર મુજબ આમ હોવું જોઈએ' એવા ખયાલથી રચાયલા હોય તે ઉપર ન્યાયની અદાલત ઘણું ધ્યાન આપે નહી. મી૦ અંકલેસરીઆએ ખુલાં દીલે જણાવ્યું છે કે તેઓનો મત ફક્ત ગ્રંથોના વાંચન ઉપર આધાર રાખે છે. તથાપી અમો જોઈએ છીએ કે જે રીપોર્ટ ઉપર વાદીઓ મદાર બાંધે છે તે ઉપર સહી કરનારા દશમાંથી સાત અનુભવીઓ એવો મત દરશાવે છે કે બરશનુમ સાથે ત્રણ કીયાઓ જુદદીનને જરથોસ્તી ધરમમાં યોગ્ય રીતે દાખલ કરવા માટે થવીજ જોઈએ.

પરીશીષ્ટ એબટ–૬૪ જોતાં અમને જણાશે કે સને ૧૮૩૯ માં પણ સમસ્ત પંચાયતે કરેલા એક ઠરાવમાં પારસીએ રાખેલી ઓરતનાં બચ્ચાંને સદરો પહેરાવવા માટે બરશનુમની કીયા આવશ્યક જણાવવામાં આવી છે.

બે મરહુમ મહાન ધરમગુરૂઓ દસ્તુર જામાસપજી અને દસ્તુર પેશોતન તરફથી પ્રગટ કરવામાં આવેલાં ચોપાનીયાંઓ ઉપરથી જણાય છે કે રીમન બરશનુમ આવશ્યક છે કે નહી તેના સંબંધમાં તેઓના મત જુદા પડતા હતા છતાં તેઓ આ બાબતમાં તો એકમત છે કે જે બાળકોના પીતા જરથોસ્તી હોય તેમને પણ જરથોસ્તી ધરમમાં દાખલ કરતી વખતે નવ રાતનું બરશનુમ આપવાની જરૂર છે. દસ્તુર જામાસપજીએ તો મજગામના નવે જણને બરાબર નવ રાતનું બરશનુમ આપયું હતું. એ બેઉ મહાન ધરમગુરૂઓના પુત્રો હાલમાં પારસીઓના મોટા ધરમગુરૂઓ ગણાય છે અને તેઓ બેઉએ કમીટીના રીપોર્ટ ઉપર સહી કરી છે.

એથી પણ વધુ અગતની બીના તો એ છે કે એમાંનીજ એક રવાયતમાં તેના સંબંધમાં સ્પષ્ટ લખવામાં આવ્યું છે. પરીશીષ્ટ ઈ–૩ માં જણાવ્યું છે કે:—

જો આપા ગુલામો અને ગુલામડીઓ જરથોસ્તી ધરમમાં વીશ્વાસ રાખતાં હોય

તો આરે તેઓ શારમીક ફરમાનોથી બરાબર અજાણીતાં થાય ત્યારે તેમને હસ્તી આપીને ધરમમાં લેવાની જરૂર છે. જો તેઓનો ધરમ ઉપરનો વીશ્વાસ મુકમ જણાશે તો તેમને બરશનુમ આપવામાં આવશે.

વાદીઓ પોતાના મુકદમાની આ બાબતમાં પાયા તરીકે અનુભવી પારસી ગ્રહસ્થોની કમીટીના રીપોર્ટ અને રવાયતોને ગણે છે. આ લખાણો ઉપર તેમણે પોતાના મુકદમાનો સઘળો મદાર બાંધયો છે. શું તેઓ એમ કહી શકે કે 'જે ભાગ અમારા વાંધાને અનુકુળ હશે તેજ માનીશું અને બાકીનો ભાગ નાકબુલ કરીશું.' જો તેઓ એ લખાણો ઉપર આધાર રાખતા હોય તો તેમણે તે આખાં માનવાં જોઈએ અને કોરટ સનમુખ જે સાધનો પડયાં છે તે ઉપરથી મને ખુલું જણાય છે કે અનુભવીઓની કમીટીના રીપોરટમાં તથા રવાયતોમાં જણાવયા મુજબ જરથોસ્તી ધરમનાં ફરમાનાનુસાર તથા જે મહેઃડેનો તેમજ લેખીત પુરાવો રજુ થયો છે તે અનુસાર જરથોસ્તી ધરમમાં દાખલ થવા માટે જે ક્રીયાઓ અવશય કરવીજ પડે તેમાં એક નવ દીવસના બરશનુમને લગતી છે. કમીટીએ તે બાબદ ભાર મુકીને જણાવી છે. ત્રણ ક્રીયાઓનાં નામ આપીને તુરતજ તેઓએ રીપોર્ટમાં જણાવયું છે કેઃ—

"જે ઉમેદવારોને એવી રીતે ક્રીયાઓ કીધા પછી દીન (ધરમ)માં દાખલ કરવામાં આવયા હશે તેઓજ જરથોસ્તી તરીકેના સઘળા હકો ભોગવવાને હકદાર ગણાશે,"

જ્યારે આ બાબત ચરચા ચાલતી હતી ત્યારે મી૦ બાકીનડસે સુચવ્યું હતું કે નવ રાતનાં બરશનુમની ક્રીયા એવી છે કે મોટી ઉમરની સ્ત્રીઓને માટે તે અતીશય અસગવડ ભરેલી છે. સંભવીત છે કે એ વીધી કરતી વખતે ઉમેદવારને કેટલીક એવી ક્રીયાઓ કરવી પડે છે કે જે કેટલાક લોકોને નીતીને લગતા વીચારોને બંધ બેસતું થઈ ન પડે, પરંતુ તે સાથે અમને સંબંધ નથી. એક માણસ જો અમુક ધરમમાં દાખલ થવા માગે તો તેણે કરાવેલી વીધી ભલે તેવી કંટાળા ભરેલી હોય તો પણ કરવીજ જોઈએ. એ પણ યાદ રાખવાનું છે કે મજગામની જે બે બાઈઓને દસ્તુર જામાસ્પજીએ સદરો પહેરાવયો હતો તેઓ ૨૯ અને ૧૯ વરસની હતી અને જો તેઓને, જો કે તેઓ પારસી પીતાની પુત્રી હોવાનો દાવો કરતી હતી છતાં નવ રાતના બરશનુમની ક્રીયા કરવી પડી હતી તો પછી જે જુદદીન જરથોસ્તી ધરમમાં દાખલ થવા માગે તે આ શુધી ક્રીયા કરાવયા વીના યોગ્ય રીતે ધરમમાં લેવામાં આવેલ કેમ ગણાય?

દસ્તુર કેખુશરૂને બોલાવીને કોરટે કેટલાક સવાલો પુછયા હતા. તેમને જે સંજોગો વચ્ચે બોલાવવામાં આવયા હતા અને તેમની ઉલટ તપાસ કરવા દેવામાં નહોતી આવી તે મેં મારી નોંધપોથીમાં લખેલું છે. બેઉ પક્ષ તેમને બોલાવવાનું પસંદ નહોતા કરતા અને તેમની ઉલટ તપાસ થઈ નહોતી એટલે તેમની જુબાનીના સંબંધમાં કાંઈ પણ વીવેચન ન કરવું એજ હું સઉથી વધારે બહેતર ગણું છું.

જુદદીનોને જરથોસતી ધરમમાં દાખલ કરવા તે હમેશનો રીવાજ છે કે કેમ તેને લગતા સવાલના સંબંધમાં વાદીઓના ધારના હેમાયતીએ ઘણી ચોપડીઓના આધાર આપયા છે જે ચોપડીઓ ઈતીહાસકારો વા મુસાફરોએ લખેલી છે મંડળીઓ તરફથી નીકળતાં પત્રો, શબ્દકોષ, ગેઝેટીઅર, એનસાઈકલોપીડીઆ વીગેરેના આધાર પણ ટાંકી બતાવવામાં આવયા છે. તેની વીરૂધમાં બચાવ પક્ષના વકીલે તેવીજ જાતની બીજી ચોપડીઓના આધાર રજુ કીધા છે. બેઉ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલાં લખાણો વાંચી જવામાં મેં ઘણો વખત ગાળયો છે અને હું ધારૂં છું કે તે વખત મેં તદન ગુમાવયો છે. ઘણુંખરા લખાણો તો આજના મુસાફરો જેઓ થોડા અઠવાડયાં અત્રે રહીને હીંદુસ્તાનના લોકોની રીતભાત, લાગણી અને વીચારોના સંબંધમાં ચોપડીઓ લખવા અથવા તો વરતમાનપત્રોમાં લેખ લખવા શકતીવાન બની જાય છે તેમનાં લખાણોના જેવાંજ ચોકસ જણાય છે. પારસીઓના સંબંધમાં 'બોમ્બે ગેઝેટીઅર'માં કરવામાં આવેલું લખાણ પણ અચોકસ અને અવળે મારગે દોરનારૂં છે તેને માટે એકજ દાખલો બસ છેઃ તેમાં જણાવયું છે કે ઈરાનથી હીંદમાં આવેલાઓ પોતાનું મુળ અને વતન ભુલી ગયા હતા. આ લખાણ કેટલું અસંભવ છે તે બતાવી આપવાની કાંઈજ જ

નથી. અમોને એમ જણાવવામાં આવ્યું હતું કે એ લખાણ મુંબઈના ઇનકમટેક્સ કલેકટર મરહુમ મી૦ સીરવાઈ અને મી૦ બમનજી બેરામજી પટેલે કીધું હતું. 'પારસી પ્રકાશ' પુસ્તકના લખનાર મી૦ બમનજી પટેલ આવું દીલગીરી ભરેલું લખાણ કરે એ હું માની શકતો નથી. મી૦ સીરવાઈએ પણ એ લખ્યું હોય તે માટે મને શક છે. મી૦ સીરવાઈ તો ગુજરી ગયા હતા પરંતુ મુકદમાની તપાસ ચાલતી હતી ત્યારે મી૦ બમનજી બેરામજી પટેલ જીવતા હતા. તેમને વાદીઓ ગેઝેટીઅરના જે લખાણો ઉપર મદાર બાંધતા હતા તે વ્યાજબી હોવાનું સાબીત કરવા જણાવવામાં આવ્યું હતું. એ વાત ખરી છે કે મી૦ બાઉનડર્સે વારંવાર એમ જણાવ્યા કીધું હતું કે પ્રતીવાદીઓ તેમને પોતાના સાક્ષીઓ તરીકે બોલાવવા માંગે છે. પ્રતીવાદીઓએ તેમ શા માટે ના કીધું તે હું સમજી શકતો નથી પરંતુ એ વાત યાદ રાખવી જોઈએ કે વાદીઓએ પોતાનો પુરાવો પુરો કીધો તેની બરાબર એક અઠવાડ્યાં પહેલાં મી૦ ઇનવેરારીટીએ જણાવ્યું હતું કે તે મી૦ બમનજી પટેલને બોલાવવા માગતો ન હોતો. વાદીઓએ પોતાનો મુકદમો ગઈ તા૦ ૨૯ મી ફેબરૂઆરીએ પુરો કીધો અને મી૦ ઇનવેરારીટીએ તે બાબત તા૦ ૨૨ મી ફેબરૂઆરીએ જાહેર કીધી હતી. વાદીઓને તે મી૦ પટેલને બોલાવવાની પુરી છુટ હતી અને તેઓએ તેમ કરવાનું પસંદ કીધું નહોતું.

મુસાફરી, ઇતીહાસ, શબ્દ કોષ, મંડળીઓ તરફથી નીકળતાં પત્રો અને બીજાં જે લખાણો અમારી પાસે રજુ કરવામાં આવ્યાં છે તેની મેં જરાએ મદદ લીધી નથી અને તેના સંબંધમાં કાંઈ પણ વીવેચન કરવી હું વખત ગાળવા માગતો નથી.

મુકદમાના આ ભાગના સાર તરીકે કોરટમાં રજુ થયલા પુરાવા ઉપરથી પરધરમીને જરથોસ્તી ધરમમાં દાખલ કરવાને લગતા સવાલના સંબંધમાં એવા નીરણય ઉપર આવ્યો છું કે—

૧—જરથોસ્તી ધરમ બીજા ધરમમાં ભેલાં અને પરધરમી માબાપોનાં છોકરાંને જરથોસ્તી ધરમમાં લેવાની રજા આપે એટલુંજ નહીં પણ ફરમાવે છે.

૨—જો કે એ પ્રમાણે પરધરમીને જરથોસ્તી ધરમમાં દાખલ કરવાની રજા છે તો પણ જરથોસ્તીઓ ૧૨૦૦ વરસ પહેલાં હીંદુસ્તાન ખાતે આવ્યા તે પછી તેમણે કદી પણ કોઈને પોતાના ધરમમાં લેવાનો પ્રયાસ કીધો નથી.

૩—જેઓનાં મા અને બાપ એક જરથોસ્તી નહીં હોય તેવાં કોઈ માણસને હીંદુસ્તાન ખાતેના પારસીઓ તરફથી માનવામાં આવેલા જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવ્યું હોય એવો એક પણ દાખલો કોર્ટમાં પુરવાર કરવામાં આવ્યો નથી.

૪. મુંબઈની પારસી કોમે તા૦ ૧૬ મી એપ્રીલ ૧૯૦૫ને દીને મળેલી સભામાં બીજાઓને પારસી ધરમમાં વટલાવવાની આપવામાં આવેલી રજા તરફ પોતાની નાપસંદગી જાહેર કરી હતી તથા હાલના વખતમાં એવી રીતે કોઈને વટલાવવામાં આવે તે સામે સખત વાંધો લીધો હતો તથા હવે પછી પારસી પીતાઓ તથા જુદદીન માતાઓને પેટે પેદા થયલાં બાળકોને પણ ધરમમાં દાખલ નહીં કરવાનો ઠરાવ કર્યો હતો.

૫. જોકે ધરમ તરફથી વટલાવવાની રજા આપવામાં આવી છે તોપણ એવી કેટલીક શરતો છે કે જે ઉમેદવારોએ દાખલ થવાને લાયક થયા પહેલાં પુરણ કરવી જોઈએ. શરતો એ છે કે ધરમમાં દાખલ થવાની અરજ કરનાર સારા હેતુથી ધરમમાં વટલવાની ઇચ્છા કરે છે તે નકી થવું જોઈએ; તે અથવા તેણી ધરમની ખાતરી ઉપરથી તેમાં દાખલ થવાની ઇચ્છા કરે છે અને બીજા કોઈ વીચારથી નહીં એમ પણ નકી થવું જોઈએ; અને વળી ઉમેદવાર બીજી બધી રીતે ઝોરાસ્ત્રીઅન ધરમમાં દાખલ થવાને લાયક છે તે પણ નકી કરવું જોઈએ.

૬. ધરમની બહાર જનમેલા કોઈ પણ માણસને ધરમમાં દાખલ કરવાની એવી શરતે રજા આપવામાં આવે છે કે આવી રીતે ધરમમાં લેવાથી જરથોસ્તી મઝદીયશ્નાનને પોતાને કોઈ પણ જાતની નુકસાની થતી નથી તે નકી કરવું.

૭ ધરમમાં દાખલ થનાર ઉમેદવારે નીચે પ્રમાણે કીયાઓ કરવી:— (અ) નવજોત, (બ) બારશનુમ, અને (ક) બરશનુમ પછી નવજોતની ફરીથી કરવાની કીયા.

૮ જેઓએ આ ત્રણે ક્રીયાઓ કરી હોય તેઓનેજ એક ઝોરાસ્ત્રીઅન તરીકેના બધા હકો ભોગવવાને સત્તા છે.

દાવાના આ ભાગને કેટલી અગતયતા આપવી તેને લગતો જે સવાલ વીચારવાનો રહયો છે તે માત્ર વાદીઓએ પ્રતીવાદીઓના કારોબાર હેઠળ રહેલાં ધરમાદા ફંડો તથા સંસ્થાઓનો લાભ લેવાનો કોને હક છે તે નકી કરવાને લગતા ઉઠાવેલા સવાલ સંબંધી છે. મુકદમામાં બંને પક્ષની દલીલો સંપુરણ રીતે રજુ થઇ છે. વાદીઓ જણાવે છે કે:—

"ઝોરાસ્ત્રીઅન ધરમ પાળનારાઓના લાભ માટે જુદાં જુદાં સખાવતી ધારમીક કામો માટે આપવામાં આવેલી સ્થાવર અને જંગમ મીલકતની અસંખય મોટી બક્ષીસો પડેલી છે."

તેઓ જણાવે છે કે સને ૧૮૮૪ ના સપટેમબરની ૨૫ મી તારીખે ત્રસ્ટનાં કરવામાં આવેલા લખતથી નેમવામાં આવેલું ત્રસ્ટ એવાંજ કામ માટે આગલ નેમવામાં આવેલાં ત્રસ્ટથી તદન જુદીજ રીતે નેમાયેલું છે.

વાદીઓ માને છે કે જે વખતે ઉપલું લખત કરવામાં આવયું તે વખતે એવી ધારણા નહોતી રાખવામાં આવી કે આ ત્રસ્ટના લાભમાંથી ઝોરાસ્ત્રીઅન ધરમના કોઇ પણ માણસને બાતલ કરવો. તેઓ એવી ફરીઆદ કરે છે કે પ્રતીવાદીઓએ ત્રસ્ટનો એવી રીતે અર્થ કરયો હતો કે જેથી બીજા ધરમમાં જનમેલા પણ પાછળથી ઝોરાસ્ત્રીઅન ધરમમાં વટલેલાઓને તેનો લાભ લેતાં અટકાવે; અને તેઓ અરજ કરે છે કે સને ૧૮૮૪ ના સપટેમબર ની ૨૫ મી તારીખના લખત પ્રમાણે નેમવામાં આવેલું ત્રસ્ટ અગાઉ નેમવામાં આવેલાં ત્રસ્ટથી જુદું પડે છે તેથી તેને કાનુનની બહાર ગણી તેને રદ કરવું જોઇએ. ખરા ત્રસ્ટીઓ જેઓને આ ધારમીક મીલકતો સોંપવામાં આવી છે તેમને નકી કરવા તથા તેમને જાહેર કરવા. સને ૧૮૮૪ નું ત્રસ્ટ ડીડ રદ કરવું અને હવે જે ત્રસ્ટીઓ નેમવામાં આવે તેનો લાભ લેવાનો કોને હક છે તે નકી કરવું.

પ્રતીવાદીઓ જણાવે છે કે નીચે જણાવેલાં માણસોને આ ધારમીક ફંડો તેમજ સંસ્થાઓનો લાભ લેવાનો હક છે:—

૧—ઇરાનથી હીંદમાં પહેલાંથી વસવાટ કરવા આવેલાઓના વંશજો જેઓ ઝોરાસ્ત્રીઅન ધરમ પાળે છે તેમને.

૨. ઇરાનના ઝોરાસ્ત્રીઅનો જેઓ અસલ હીંદમાં વસવાટ કરવા આવનારાઓમાં નહોતા પણ જેઓ તેજ સમુહ માંહેલા છે અને જેઓ તે વખતથી વખતો વખત હીંદની મુલાકાત લઇ અત્રે કાયમ માટે અથવા તો થોડા વખત માટે રહયા છે અને જેઓ ઝોરાસ્ત્રીઅન ધરમ પાળે છે તેમને.

૩. જુદદીન મા તથા પારસી પીતાને પેટે ઉતપન થએલાં છોકરાંઓ જેને તેમના બાપના ધરમમાં દાખલ કરવામાં આવયા હોય અને જેઓ ઝોરાસ્ત્રીઅન ધરમ પાળતા હોય તેમને.

વાદીઓ ટુંકમાં જણાવેછેકે:—ઝોરાસ્ત્રીયન ધરમમાં દાખલ કરવામાં આવેલા દરેક જુદદીનને પ્રતીવાદીઓ હસ્તકનાં ધારમીક ફંડો તથા સંસ્થાઓનો લાભ મેળવવાનો હક છે.

પ્રતીવાદીઓ જણાવે છે કે:—અમારા હસ્તકનાં ધારમીક ફંડો તથા સંસ્થાઓનો લાભ લેવાનો હક માત્ર પારસીઓને છે કે જેઓ ઇરાનમાંથી આવેલા ઝોરાસ્ત્રીઅનોનાં વંશજો છે, તેમના ઇરાનના ધરમભાઇઓ જેઓ અત્રે આવીને કાયમ માટે અથવા થોડા વખત માટે રહે અને પારસી પીતા તથા જુદદીન માતાને પેટે જનમેલાં છોકરાં જેમને ઝોરાસ્ત્રીઅન ધરમમાં દાખલ કરવામાં આવયાં હોય અને જેઓ ઝોરાસ્ત્રીઅન ધરમ પાળતાં હોય તેમને પણ એ હક છે.

આ સવાલ સામાનય આકારમાં ઉભો કરવામાં આવેલો હોવાથી એક જુદદીનને જરથોસ્તી ધરમમાં લેવા માટે રવાયતો તથા આલમોના અભીપ્રાય મુજબ જે ક્રીયાઓ કરવાની જરૂર છે તે બધી કીધા પછી વટલેલાને જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવયા છે એવું માનીને તે ઉપર વીવેચન ચલાવીશું.

સને ૧૮૮૪ નાં ત્રસ્તડીડમાં જણાવવા આવયું છે તેમાં જણાવેલી મીલકતો "જરથોસ્તી ધરમ પાળતી પારસી કોમના સભાસદો" માટે છે. વાદીઓ જણાવે છે કે સ્થાપકો તથા ફંડમાં નાણું ભરનારાઓએ કીધેલાં અસલ ત્રસ્ટનાં લખાણથી છુટું પડતું આ એકજ લખાણ છે. તેઓ જણાવે છે કે યાતો આ લખાણ ખોટું છે અથવા તો તેનો ઉઠાવ

વામાં આવતો અર્થ—એટલે કે ટ્રસ્ટો પારસીઓ માટે એટલે કે જરથોસ્તી ઓલાદથી ઉતરી આવેલા માટે છે—ખોટો છે. તેઓ એવી તકરાર લે છે કે એક જુદદીન જરથોસ્તી ધરમમાં વટળવાથી એ ધરમ પાળતો પારસી કોમનો સભાસદ બની જાય છે તથા તે સબબે ટ્રસ્ટોનો લાભ મેળવવાનો તેને હક છે. તેઓ જણાવે છે કે તેમ નહી તો ખરા અર્થના સંબંધમાં અમો તરફથી લેવામાં આવતી તકરાર જો ખોટી હોય તો ટ્રસ્તમાં આવેલાં લખાણ અસલ ફંડ ભરનારાઓ તથા સ્થાપકોના ઇરાદાથી ઉલટાં છે તથા તેથી ટ્રસ્તડીડને કોરટે સુધારવાં.

પારસી અને જરથોસતી.

પારસીનો ખરેખરો અર્થ તથા પારસી અને જરથોસ્તી બોલ એકજ છે કે પારસી તથા જરથોસ્તી તરીકે ઓળખાતા શખસો વચ્ચે ફરક છે એ બાબત ઉપર ઘણો વખત તથા મેહેનતનો ભોગ આપવામાં આવ્યો હતો.

મને તો આ બાબતમાં કાંઇ પણ મુશકેલી માલમ પડી નથી. જરથોસ્તી તે ગણાય કે જે જરથોસ્તી ધરમ પાળે. એક જરથોસ્તી પારસી હોવોજ જોઇએ એમ કાંઇ નથી. કોઇ પણ શખસ અંગ્રેજ ફ્રેંચ કે અમેરીકન જે પણ જરથોસ્તી ધરમમાં વટલે ત્યારે તે જરથોસ્તી બને. પણ તે પારસી કેમ બની શકે? એવી તકરાર લેવામાં આવી હતી કે છડા વાદીની સ્ત્રી હવે પારસી છે. એમ ધારો કે એક પારસી સ્ત્રી ખ્રીસ્તી થઇ એક ફ્રેનચમેન સાથે પરણે તો તેથી શું તેણી ફ્રેનચ સ્ત્રી ગણાય અથવા અંગ્રેજ સાથે પરણે તો અંગ્રેજ સ્ત્રી ગણાય? પારસી બોલ કેવી રીતે ઉતપન થયો તથા તે શામાટે વાપરવામાં આવે છે તે તપાસતાંજ જણાય છે કે એ બોલ કોમના સંબંધમાં વપરાય છે તથા તેને ધરમ સાથે કાંઇ સંબંધ નથી. "પારસીઓની તવારીખ" વાળી પોતાની ચોપડીમાં મી૦ દોસાભાઇ ફરામજી જણાવે છે કે પારસી બોલ પારસ અથવા ફારસ પ્રાંત કે જયાંથી ઇરાનથી હીંદમાં પેહેલવેહેલા જરતોશતીઓ આવ્યા હતા તે ઉપરથી નીકળેલો છે. કેટલાક સાક્ષીઓએ આ વાતને ટેકો આપયો છે. ઇરાનની મોલાકાત લેનાર તથા તયાંના ખીલારોકા લેખોના અભયાસ કરનાર એક સાક્ષી મી૦ જમશેદજી દાદાભાઇ નાદીરશાહે એ બાબતમાં વધુ અજવાળું નાખ્યું છે. તે જણાવે છે કે "આસીરીઅન લેખોમાં પરસ બોલ પેહેલવહેલો વપરાયલો અને જણાયો છે. આ બોલ ફારસ તથા ત્યાંના લોકોને માટે વપરાય છે. પ્રથમ એ બોલ એક પ્રાંત માટે વપરાતો હતો તે પાછળથી આખા દેશમાં (પરશીયા) માટે વપરાવા લાગયો હતો. બેબીલોનીયન લેખનાં એ બોલ પેહેલાં એ દેશ માટે તથા તે પછી એ દેશના વતનીઓ માટે વપરાયો છે."

જુદદીને જરથોસતી ધરમમાં વટલવાનો કોઈને નહીં થયલો ખીઆલ.

આ ઉપરથી જણાશે કે હીંદમાં વપરાયલો પારસી બોલ ફકત પારસી દેશના લોક માટેનો હતો. ઇરાનથી આવેલાઓ હીંદમાં વસ્યા ત્યારે તેઓના સમાગમમાં આવતા લોકો તેઓના ધરમથી કાંઇ વાકેફ હતા નહી. તેઓ એટલુંજ જાણતા હતા કે એ લોકો પરસ અથવા પારસથી આવયા હતા, જેથી તેઓ તેઓને પારસી તરીકે બોલાવતા હતા. આથી અસલ આવનારાની ઓલાદના બધાઓ પારસી તરીકે ઓળખાય છે. પારસી માબાપને પેટે જનમેલો હમેશા પારસીજ ગણાય પછી તે પાછળથી ભલે તે ધરમ અખસાર કરે. તે ખ્રીસ્તી અથવા બીજો કોઇપણ પારસી તેણે અખસાર કીધેલા ધરમ મુજબ ગણી શકાય. પણ તે પારસી તો હમેશાનોજ રહે છે. જરથોસ્તી બોલ તે શખસનો ફકત ધરમ બતાવે છે: પારસી બોલ તેની જાત અથવા કોમ બતાવે છે તથા તેને ધરમ સાથે કાંઇ સંબંધ નથી. મારા વીચાર મુજબ જરથોસ્તી તથા પારસી બોલોના ખરા અર્થ તપાસતાં તે બે વચેનો ફરક તુરત માલમ પડી આવે છે પણ છડા વાદીની ફ્રેનચ સ્ત્રી જરથોસ્તી ધરમમાં વટલી તથા તેણીએ પારસી હોવાનો દાવો કીધો તયાં સુધી એ બે બોલોના ઉપયોગમાં કોઇ જરાપણ ફરક રાખતું હોય તે વીશે મને શક છે. સને ૧૯૦૩ ની આગમચ કોઇએ એ ફરક ઉપર ખીઆલ પણ કીધો હતો નહી. એક ૧૮૭૨ ના પસાર કરવામાં આવેલા ત્રીજા

કાયદામાં પારસી ધરમ જુવો દેખીતો વગર અરથનો બોલ જરથોસ્તી ધરમ માટે વપરાયો છે. ખચીતજ પારસી ધરમ જેવું કાંઇ નથી. તે પારસી કોમનો ધરમ એવું બતાવવા માટે વપરાયલો લાગે છે. પારસી ધરમ અંગ્રેજી, ફ્રેનચ અથવા વલંદા ધરમ એવું બોલવા જેવોજ મારા વીચાર મુજબ વગર અરથનો છે. ફ્રેંચ ઓના સંબંધમાં ચકચાર ચાલી તે આગમચ એક જરથોસ્તી પારસી કોમના સભાસદ સેવાય બીજો કોઇ હોઇ શકે એવો કોઇને સેહેજ પણ ખીઆલ ગયો હતો નહી. સદીઓ સુધી હીંદમાં જરથોસ્તી ધરમ પાલતા લોકો પોતાના વડીલોના ધરમમાં જનમેલા પારસી કોમના સભાસદો જ હતા. બીજા ધરમ પાળતા લોકોને પોતાના ધરમમાં વટલાવવાની બાર સદી સુધી કોઇએ પણ કોશેશ કીધી હતી નહી. કોઇને વટલાવવાનું તેઓમાં તદન અંજાણુ હતું. કોઇ પણ એ ધરમનો ફેલાવો કરતું અથવા તો જુદદીનને શીખવવાની કોશેશ કરતું હતું નહી. હાલના [illegible] તો આગલા વખતમાં પારસી સેવાય કોઇ પણ જરથોસ્તી ધરમ પાળતો જણાયો નથી. જરથોસ્તી ધરમ હીંદમાં ફકત પારસીઓજ પાળતા હતા; આથી પારસી તથા જરથોસ્તી બોલ એક હોય તેવી રીતે વપરાવા લાગયા તેમાં કાંઇ નવાઇ જેવું હતું નહી. સને ૧૮૮૪ માં કોઇને પણ ખીઆલ ગયો હતો નહી કે જરથોસ્તી ધરમમાં વટલવાના બનાવો બનશે તથા તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ નું ટ્રસ્ટડીડ ઘડનાર અંગ્રેજ સોલીસીટર અથવા તો તે તઇયાર કરવાના સંબંધમાં તેને સલાહ આપનારાઓને એક જુદદીન અથવા જુદદીનો જરથોસ્તી ધરમમાં આવશે એવો ખીઆલ પણ ગયો હતો નહી. આથી જાણીજોઇ ખોટાં અથવા અસલ સ્થાપકો અથવા નાણું ભરનારાઓના એરાદાથી ઉલટું ટ્રસ્ટ ઉભું કીધું હોય એમ માનવાનો કાંઇ સબબ નથી. ખરૂં જોતાં પોતાની દાવા અરજીના બારમા પેરેગ્રાફમાં વાદીઓ પોતેજ જણાવે છે કે સને ૧૮૮૪ માં થયલાં જાહેર કરવામાં આવયા હતા તેમજ જો ટ્રસ્ટોને જાહેર કરવામાં આવે તો જરથોસ્તી ધરમનો દાવો કરતો હોય તેવા કોઇ પણ માણસને (એનો અર્થ એજ કે પારસી ધરમ સ્વીકારનારા જુદીનોને) ટ્રસ્ટોના લાભ મેળવવામાંથી બાતલ કરવાનો બીલકુલ એશારો કરવામાં આવયો નથી. ગમે તેમ પણ આએ બાબતનો પુરાવો છે કે સને ૧૮૮૪ના ડીડમાં ટ્રસ્ટો જાહેર કરવામાં ઇરાદાપુરવક કાંઇ ખોટું કરવામાં આવયું ન હોતું. સને ૧૯૦૩ સુધી પારસી અને જરથોસ્તીએ બે શબ્દો એકજ અર્થમાં વપરાતા હતા. પારસી કોમના કેટલાક માણસોને જુદા પડવાની જરૂર જણાઇ ત્યારે કેટલાકોએ પારસી શબ્દ વાપરવા માંડયો અને કેટલાકોએ જરથોસ્તી શબ્દ વાપરવા માંડયો. તે બાદ નવાં ધરમ ખાતાંઓ સ્થાપનારા કેટલાક ગ્રહસ્થોએ ગેરસમજ અને શક દુર કરવા માટે 'પારસી જરથોસ્તી' શબ્દ વાપરયો છે. આ કાંઇ નવો શબ્દ નથી. સને ૧૮૩૬ માં કરામજી કાવસજી બનાજીએ 'પારસી જરથોસ્તી' શબ્દ પંચાયતમાંના પોતાના ભાઇબંધ ઉપરના એક પત્રમાં (પરીશીષ્ટ એ—૫૯) વાપરયો છે. આ બાબતમાં ઘણા સાક્ષીઓને સવાલો કરવામાં આવ્યા છે અને તેઓએ એકમત જણાવયું છે કે પારસી અને જરથોસ્તી શબ્દ એકજ અર્થ ધરાવે છે. વાદીઓના સાક્ષી મી૦ શહેરીઆરજી ભરૂચા કહે છે કે:—

"હું 'પારસી' અને 'જરથોસ્તી' એ બે શબ્દો એકજ અરથવાળા શબ્દો તરીકે વાપરૂં. એ શબ્દો હમેશા એવીજ રીતે વપરાયા છે અને હજુ પણ વપરાય છે. પારસી શબ્દ જેના સંબંધમાં વપરાય તેને માટે એવોજ ખયાલ આવે કે તે જરથોસ્તી છે."

વાદીઓના બીજા સાક્ષી બેરામ શેહેરીઆર, જેઓ ઇરાની ધરમગુરૂ છે તેઓ કહે છે કે:—

ઇરાનમાં કેટલાક એસલામીઓ અમને પારસી કહે છે અને કેટલાક જરથોસ્તી કહે છે. ઇરાનમાં 'પારસી' શબ્દ સામાનય ઉપયોગમાં આવે છે. તેનો અર્થ જરથોસ્તી થાય છે. જરથોસ્તીઓને ઓળખાવવાને ઇરાન ખાતે એસલામીઓ પારસી શબ્દ વાપરે છે."

વાદીઓના બીજા સાક્ષી મી૦ જમશેદજી દાદાભાઇ નાદરશાએ બતાવી આપયું છે કે કેટલીક પહેલવી અને પરશીઅન ભાષાની ચોપડીઓમાં પણ પારસી અને જરથોસ્તી શબ્દ એકસરખા અર્થમાં વપરાયલા છે. પ્રતીવાદીઓના મુખય સાક્ષી મી૦

જીવનજી મોદી કહે છે કે "હીંદુસ્તાનમાં પારસી અને જરથોસ્તી શબ્દનો એકજ અરથ થાય છે."

મોટા પારસી ધરમગુરૂ દસ્તુર દારાબ કહે છે કે "હીંદુસ્તાનમાં પારસી અને જરથોસ્તી શબ્દનો એકજ અરથ થાય છે કારણકે અત્રે કોઈ પરધરમીને જરથોસ્તી ધરમમાં દાખલ કરવામાં આવ્યું નથી. એ બે શબ્દો એકસરખા અરથવાળા છે એ વાત આખું હીંદુસ્તાન જાણે છે."

જયારે એવો સવાલ નીકળયો કે જો અને ૧૮૮૪ નાં ડીડમાં જાહેર કરેલાં ટ્રસ્ટોનો પ્રતીવાદીઓ તરફથી બરાબર અરથ કરવામાં આવે અને તેમાં જરથોસ્તી ધરમ સ્વીકારનાર જુદદીનોને બાતલ કરવામાં આવયા હોય તો એ બીના દાન દેનારા અને ધરમ ખાતાંઓને સ્થાપનારાઓના ઈરાદાને અનુકુળ છે કે નહી તે વીશે તકરાર ચાલતાં આ શબ્દોના ચોકસ અરથના સંબંધમાં સંવાદ થયો હતો. બનયું છે એમ કે કેટલીક સ્થાવર મીલકતના સંબંધમાં કાંઈ અસલ ખત કે નકલ હયાત નથી. બીજી તેવી મીલકતોને લગતાં અસલ ખત અથવા તેની નકલો પ્રતીવાદીઓ પાસે તેમનાં દફતરમાં છે. મી૦ લાઉનડસે વાદીઓ તરફથી તકરાર કરતાં વયાજબી રીતે જણાવયું હતું કે ટ્રસ્ટને લગતું અસલ ખત અથવા તેની કોપી મળી ના આવે તયાં તે ધરમ ખાતું કોને માટે સ્થાપવામાં આવયું હતું તે સવાલનો નીરણય તે ખાતાંના સ્થાપનારની રહેણી કરણી અને ધારમીક માનયતાઓના આધારે થવો જોઈએ. તેણે જણાવયું હતું કે કોરટે નકી કરવાનું એ છે કે જુદાં જુદાં ધરમ ખાતાંઓના સ્થાપનારાઓનો કોને તેનો લાભ આપવો તેના સંબંધમાં શું ઈરાદો હતો? તેણે એવી દલીલ કીધી હતી કે જયાં શબ્દો દવીઅરથી હોય ત્યાં સ્થાપકના ધારમીક વીચારો ધયાનમાં લેવા જોઈએ. તેણે નકલો પુરવાર કરીને પુરાવામાં રજુ કરવાનો પોતાનો હક જણાવીને એવી તકરાર કીધી હતી કે 'પારસી' અને 'જરથોસ્તી' એ બે શબ્દોનો અર્થ નકી કરવા માટે લખાણો દાખલ કરવાં જોઈએ. મેં અહીં વીદવાન વકીલની દલીલો તેના પોતાનાજ શબ્દોમાં તે મેં લીધેલી મારી નોંધમાં મળી આવી તેવીજ રજુ કરી છે.

આ તકરાર મને તથા મારા વીદવાન ભાઈને તદન મજબુત લાગી છે; પણ પ્રતીવાદીઓએ કેવી વલણ અખતયાર કરી હતી? તેમના ધારાના હીમાયતીએ એવી દલીલ કરી હતી કે બીજા ચારલસ રાજાના ત્રીજા વરસમાં બાંધવામાં આવેલા તરકટને લગતા ઓગણત્રીસમા કાયદાની સાતમી કલમ બ્રીટીશ હીંદુસ્તાનને લાગુ પડે છે અને તે કલમની રૂહે સ્થાવર મીલકતોને લગતાં ટ્રસ્ટોના દસ્તાવેજો પુરવાર કરી કે જુબાની તરીકે દાખલ કરી શકાય નહી.

પ્રતીવાદીઓએ અખતયાર કરેલી આ સ્થીતી મને ઘણીજ અસાધારણ લાગી છે. તેઓએ કબુલ કરયું હતું કે તેઓ પોતાની કોમના લાભમાટે ચોકસ સખાવતનાં ટ્રસ્ટોને આધારે સંખયાબંધ સ્થાવર મીલકતોના તેઓ ટ્રસ્ટીઓ છે તેઓના હાથમાં એ ટ્રસ્ટોના પુરાવારૂપે દસ્તાવેજોની નકલો છે. તેઓ એમ સુચવવાને પણ શકતીવાન નહોતા કે એ નકલો ખરી અને સતાવાર નથી ખરૂં કહીએ તો તેઓ જાણતા હતા કે આ નકલો ખરી અને સતાવાર નથી. પાછળથી તેઓ તેથી અમારી આગલ પુરવાર કરવામાં આવી હતી. જે દફતરો તેઓની પાસે છે અને જેમાં તે નકલો છે તે કાંઈ તેમની મીલકત નહતી પણ પારસી અનજુમનની મીલકત હતી. તેઓ જાણતા હતા કે કોરટને તેમની અનજુમનને લગતા સઉથી અગતના સવાલનો ફડચો કરવાનો હતો મને લાગે છે કે ટ્રસ્ટીઓ તરીકે જે તેમની દેખીતી ફરજ તેમના હસ્તકના સઘળા જોઈતા દસ્તાવેજો કોર્ટની આગળ મેળવવાની અને ખરા ચુકાદાપર આવવાને કોર્ટને મદદ કરવાની હતી. તેમ કરવાને બદલે ૧૬૭૭ ના વરસમાં એક અંગ્રેજી કાયદાની કલમનો આધાર પકડી અગતના દસ્તાવેજો દાબી રાખવાની કોશેશ ઠરાવભરેલા રીતે તેઓએ કરી હતી! પણ અમને લાગયું હતું કે પ્રતીવાદીઓ જો એ દસ્તાવેજો દાબી રાખવાનો કાયદેસરનો હક ધરાવતા હોય તો તેઓને તેમ કરવાનો હક ભોગવવા દેવો જોઈએ અને જે વલણ અખતયાર કરવાની સલાહ પ્રતીવાદીઓને મળી હતી તે મોટી જાહેર સખાવતોના ટ્રસ્ટીઓએ લેવી વાજબી હતી કે કેમ તેની સાથે કોરટને કશું લાગતું વળગતું નથી; અને અમને એ મુદા વીષે બંબાજુ અને વીદતાભરી તકરારો સાંભળવી

ખડી હતા, જેનું પરીણામ એ આવયું છે કે અમને એમ ઠરાવવું પડયું છે કે પ્રતીવાદીની દલીલમાં કાંઈ વજુદ નથી. કાયદાને લગતી શાહદતોના જે વખાણ અમારી આગળ મેલવામાં આવયાં હતાં તેના ગુચવાડામાં ઉતરવા હું માંગતો નથી, કેમકે મારા મત પ્રમાણે પ્રતીવાદીઓની એ દલીલનો ફડચો ઘણા ટુંકમાં લાવી શકાશે.

તરકટને લગતા કાયદાની ૭ મી કલમ આ પ્રમાણે છે:—

"૭. અને ઉપર જણાવેલી સતાની રૂએ વધુ એમ ઠરાવવામાં આવે છે કે મજકુર ૨૪ મી જુનના તારીખે અને તે પછી કોઈ પણ જમાન મીલકત કે રહેઠાણોના ત્રસ્ટો અથવા ખાનગી ગોઠવણોને લગતા દસ્તાવેજો અથવા ઓચરીઆં, જે પક્ષને એવાં ત્રસ્ટ કરવાને કાયદાની રૂએ હક હોય તેને સહી કરેલાં કોઈ દસ્તાવેજ અથવા તેના કોઈ છેલ્લાં લેખીત વસીયતનામાની રૂએ પુરવાર અને સાબેત કરી શકાય અગર નહી તો તે રદબાતલ ગણાશે.

પ્રતીવાદીઓ તરફથી એવી તકરાર લેવામાં આવી હતી કે આ કલમની રૂએ સ્થાવર મીલકતોને લગતાં કોઈપણ ત્રસ્ટો પુરવાર કરી નહી શકાય. સીવાય કે તેના ટેકામાં ત્રસ્ટ ઉભાં કરનાર અથવા સ્થાપનારની સહી સાથનાં કોઈ લખાણ બતાવી અને પુરવાર કરી શકાય. બીજા શબ્દોમાં પ્રતીવાદીઓએ એવી દલીલ કરી હતી કે તેમના હાથમાં આવી જે કેટલીક સ્થાવર મીલકતો છે તેના ત્રસ્ટો વાદીઓ પુરવાર કરી નહી શકશે કેમકે એ ત્રસ્ટો બતાવનારા અથવા સાબેત કરનારા તેની સ્થાપના કરનારાઓની સહી સાથના દસ્તાવેજો હસ્તી ધરાવતા નથી. આ દલીલનો અર્થ એવો થાય છે કે જે સ્થાવર મીલકતોનાં ત્રસ્ટોનાં અસલ સ્થાપકોની સહી સાથના દસ્તાવેજો હસ્તી ધરાવતા નહી હોય તે કાયદાની ઉપર ટાંકેલી કલમની રૂએ રદબાતલ છે. એમ જણાય છે કે ૧૮૮૧ ના વરસમાં માણેકબાઈ વીરૂધ મેહેરબાઈવાલા મુંબઈની હાઈ કોરટમાં તપાસવામાં આવેલા મુકદમામાં નામદાર જડજ મી૦ વેસટે એમ ઠરાવયું હતું કે તરકટને લગતો કાયદો "મુંબઈના રહેવાસીઓને" અને તેના વીચાર પ્રમાણે પારસીઓને પણ લાગુ પડે છે. તરકટને લગતો કાયદો હીંદુસ્તાનને ખરેખર લાગુ પડે છે કે કેમ તે વીશે અમારી આગલ આ લાવવામાં આવેલી તકરારને લગતા સવાલમાં ઉતરવાની જરૂર હોય એમ હું ધારતો નથી. નામદાર જડજ મી૦ વેસ્ટ ખરો હતો એમ ધારીએ તો પણ તે પછી બીજે વરસે જે બનયું તે એ હતું કે ધારાસભાએ હીંદુસ્તાનમાં ત્રસ્ટોને લગતો કાયદો બાંધી તે કાયદાની બીજી કલમનીરૂએ તરકટને લગતા કાયદાની ૭મી કલમ કાઢી નાખીને સવાલનો ફડચો કરી નાખંયો હતો. પણ પ્રતીવાદીઓના વીદવાન ધારાના હીમાયતીએ એવી દલીલ કરી હતી કે હીંદુસ્તાનના ત્રસ્ટને લગતા કાયદાની પહેલી કલમમાં એમ ઠરાવેલું છે કે એ કાયદો જાહેર અથવા ખાનગી ધરમ અથવા સખાવતને લગતા ત્રસ્ટોને લાગુ પડતો નથી એટલે જે કલમ કાઢી નાખવામાં આવી છે તે હજી પણ સખાવતને લગતાં ત્રસ્ટોને લાગુ પડે છે અને માત્ર ખાનગી અસામીઓને લગતાં ત્રસ્ટોનાં સંબંધમાંજ તે રદ કરવામાં આવી છે એ તકરાર ખરી હોય તો કેટલીક દેખીતી બેહુદી સ્થીતીને જનમ મલે છે. તે ખરી હોય તો તેનો અર્થ એવો થાય કે ધારાસભાએ માત્ર ખાનગી ત્રસ્ટોના અપ્રમાણીક ત્રસ્ટીઓના હાથમાંથી ત્રસ્ટોની નેમ નીશફળ કરે એવાં સાધણ લઈ મેલયાં છે પણ સઘળાં જાહેર સખાવતોનાં ત્રસ્ટોના સંબંધમાં એવી ખામી રહેવા દીધી છે.

દાખલા તરીકે એક માણસ પોતાની બે સ્થાવર મીલકતો ત્રસ્ટ મારફતે ત્રસ્ટીઓના હાથમાં મેલી જાય અને તેમાંની એક પોતાના કુટુંબના લાભ માટે અને બીજી જાહેર સખાવતનાં કામ માટે ઠરાવી જાય; બે ત્રસ્ટડીડો તઈયાર કરી તેમને તે રેજીસ્ટર કરાવે; અને પછી કોઈ અકસ્માતથી તે બે ત્રસ્ટડીડો ખોવાઈ જાય બલી જાય અથવા નાશ પામે તો કુટુંબના લાભ માટેનાં ત્રસ્ટમાં જેવો લાભ ધરાવતા હોય તેવો રેજીસ્ટ્રારનાં દફતરની નોંધ ઉપરથી પોતાના લાભ માટેનાં ત્રસ્ટને હમેશાં પુરવાર કરી શકે. પણ જાહેર સખાવતના ત્રસ્ટને લગતી નોંધ ઉપર કાયદા પ્રમાણે ત્રસ્ટ કરવાની સતા ધરાવનાર પક્ષની કે—જે પક્ષ મી૦ એંગમેનની તકરાર પ્રમાણે ત્રસ્ટનો સ્થાપકજ હોવો જોઈએ અને બીજો કોઈ નહી—સહી નહી હોવાથી જાહેર

સખાવતને લગતું ત્રસ્ટ તદન રદ બાતલ અને નકામું થાય છે આ વીચાર વીદવાન ધારાના હીમાયતી આગળ મેં મેલયો હતો અને તેણે જવાબમાં એમ જણાવયું હતું કે કાયદો એવોજ છે. ધારા બાંધનારાઓએ એવી બેહુદી અને સાદી સમજમાં બીલકુલ નહી ઉતરે એવી નેમ રાખી હતી એમ માનવાનો હું ના પાડું છું. મારા અભીપ્રાય પ્રમાણે હીંદુસ્તાનના ત્રસ્ટને લગતા કાયદાની અપવાદરૂપી પહેલી કલમને તેની પછી આવતી રદ કરનારી કલમ સાથે કશું લાગતું વળગતું નથી અને હીંદુસ્તાનના ત્રસ્ટને લગતા ૧૮૮૨ ના કાયદાની બીજી કલમની રૂયે તરકટને લગતા કાયદાની ૭ મી કલમ સંપુરણ રીતે રદ કરવામાં આવી છે.

આ અભીપ્રાય ખરો છે તે બીના ૧૮૯૯ ના સાલમાં હીંદી સરકારની સતા સાથે પ્રગટ કરવામાં આવેલા "હીંદુસ્તાનને લગતા કાયદાઓનો સંગ્રહ" ઉપરથી જણાઈ આવે છે તે સંગ્રહના પહેલા વોલયુમના વધારા અંકમાં ૪૯૦મે પાને ખુલી રીતે જણાવેલું મને જણાય છે કે બીજા ચારલસ રાજાના ત્રીજા વરસમાં બાંધવામાં આવેલા ૨૯ મા કાયદાની ૭ થી ૧૧ મી કલમો ૧૮૮૨ નાં વરસમાં બાંધવામાં આવેલા હીંદુસ્તાનના ત્રસ્ટને લગતા કાયદાની ૨ જી કલમની રૂયે રદ કરવામાં આવી છે.

હું ધારૂં છું કે તરકટને લગતા કાયદાની ૭ મી કલમની રૂયે ઉઠાવવામાં આવેલા વાંધાઓનો એવોજ અસરકારક જવાબ બીજો પણ છે. શું "જે પક્ષને એવાં ત્રસ્ટો કરવાની કાયદાએ શક્તીવાન બનાવયો છે" તેનો અર્થ ત્રસ્ટની સ્થાપના કરનાર અને બીજો કોઈ નહી એવો પ્રતીવાદીની તરફથી કરવામાં આવે છે તે ખરો છે? હું નહી ધારતો કે રોચે હુકાલત વીરૂધ બુસતેદવાળા ઈંગલંડની આનસરી કોર્ટે ૧૮૯૭ માં ચુકવેલો મુકદમો જેમાં તરકટને લગતા કાયદાની ૭ મી કલમનો આધાર પકડી પ્રતીવાદીએ એવી તકરાર કરવાની તજવીઝ કરી હતી કે તેણે ચોકસ સ્થાવર મીલકત વાદીની તરફથી ત્રસ્ટી તરીકે ખરીદી હતી તેના સંબંધમાં અપીલ કોર્ટે ઠરાવયું છે કે પ્રતીવાદીએ પોતે સહી કરેલાં પત્રો કાયદાની નેમ જાળવવા માટે પુરતા છે. લોર્ડ જસ્ટીસ લીનડલે એ અપીલ કોર્ટનો ચુકાદો આપતાં ફોસ્ટર વીરૂધ હેલ અને સ્મીથ વીરૂધ મેથયુસવાળા મુકદમા ટાંકીને જણાવયું છે કે "આ સતાઓ પ્રમાણે પ્રતીવાદીએ સહી કરેલાં કોઈ લખાણ અથવા લખાણો મારફતે પુરવાર કરવાની જરૂર છે કે જે મીલકત તેના નામપર ચહડાવવામાં આવી હતી તે કોઈ ત્રસ્ટને આધીન છે એટલુંજ નહી પણ તે ત્રસ્ટ પોતે શું હતું. પણ તે માટે ત્રસ્ટનું પહેલેધરનુંજ લખાણ જોઈતું નથી. જો પ્રતીવાદીઓની સહી સાથનાં કોઈ લખાણથી ત્રસ્ટ પુરવાર થતું હોય તો તે બસ છે અને તે લખાણની તારીખને અગત લાગુ પડતી નથી" અપીલ કોર્ટે વળી પ્રતીવાદીઓનાં પોતાનાં પત્રો ઉપરાંત મોઢેની જબાની દાખલ કરી હતી અને એમ ઠરાવયું હતું કે કાયદાનો ભાગ તરકટ કરવા માટે લેતાં અટકાવવા માટે બીજી જબાની દાખલ કરી શકાય. હવે આ મુકદમામાં પ્રતીવાદીઓની નેમ એ બખતે તરકટ કરવાની નહી હતી. જે દખમાઓને લગતા ત્રસ્ટોના દસ્તાવેજો બીલકુલ હસ્તી ધરાવતા નથી, અને જે બીજી મીલકતોનાં ત્રસ્ટોનાં તે ત્રસ્ટોની સ્થાપના કરનારાઓની પોતાની સહી સાથના દસ્તાવેજો નથી તેમનાં ત્રસ્ટો રદ બાતલ અને નકામા છે એવી તકરાર કરવાની ઈચ્છા પ્રતીવાદીઓએ રાખી હતી એમ ધારવું મુશકેલ છે. મને એમ લાગે છે કે વાદીઓ જે કહેતા હતા અને જે તેઓ પ્રતીવાદીઓને હાથમાંના દસ્તવેજોની મારફતે પુરવાર કરવા માંગતા હતા તે પુરવાર કરવાના તેમના મારગમાં હરકતો મેલવાની તેમના ધારા સંબંધી સલાહકારોએ નેમ રાખી હતી: પ્રતીવાદીઓના હાથમાંના એ દસ્તાવેજો અસલ દસ્તાવેજોની નકલ હતી અને પ્રતીવાદીઓ તે ઉપરથી એમ બતાવવા માંગતા હતા કે કુલ જરથોસ્તીઓના, વટલેલ જુદદીનો સુધાંના લાભ માટે તે કરવામાં આવેલા હતા.

ગમે તે હોય પણ રોચે હુકાલત વીરૂધ બુસ્તેદવાળા મુકાદમાના ચુકાદા મારફતે એમ ઠરાવવાની સતા મળે છે કે એક ત્રસ્ટી અને મુકાદમાનો પ્રતીવાદી પોતે જે કાગળો લખે તે કાગળોમાં ત્રસ્ટી હોવાના અને ત્રસ્ટની મતલબ જણાવનારા જે એકરાર કરેલા હોય તે તરકટને લગતા કાયદાની ૭ મી કલમની નેમ જાળવવાને પુરતા છે અને તે કાગળોમાંનાં લખાણ કઈ

તારીખે કરવામાં આવયાં હતાં તે સવાલ અમત ધરાવતો નથી.

તેટલામાટે હું એવો અભીપ્રાય ધરાવું છું કે આ મુકદમાના સંબંધમાં તારીખ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ નું ત્રસ્ટદીડ તકરારી ૭ મી કલમ રદ કરવામાં આવી નહી હોય તોપણ કાયદાની નેમ પુરી પાડે છે. પ્રતીવાદીની આગમજના ૧૮૮૪ નાં વરસના ત્રસ્ટીઓ કાયદાની રૂયે એમ જાહેર કરવાને શકતીવાન હતા કે તેઓ ચોકસ સ્થાવર મીલકતો ત્રસ્ટમાં ધરાવે છે અને તે ત્રસ્ટો આવી આવી નેમ ધરાવે છે. ૧૮૮૪ નાં ત્રસ્ટડીડની રૂયે તેઓએ તેમ જાહેર કરયું હતું. પક્ષકારો વચે સવાલ એ છે કે ૧૮૮૪ માં ડીડનો જે અર્થ તેઓ કરે છે તે ખરો હોય તો જે ત્રસ્ટો તેઓએ જાહેર કરયાં હતાં તે ત્રસ્ટના અસલ સ્થાપકોએ નેમ રાખી હતી તેને અનુસરતાં છે કે તે નેમથી જુદાં પડતાં છે. તે વીષે ખાતરી મેળવવાને ઘટતી રીતે પુરવાર કરવાને અને હીંદી સરકારના જબાનીને લગતા કાયદાની રૂયે દાખલ કરી શકાય એવા સઘળા દસ્તાવેજો અમારી આગળ મેલવા, અને તેટલા માટે વાદીઓની અપીએ જુદાં જુદાં ધરમ ખાતાઓની સ્થાપનાને લગતા તરેહવાર દસ્તાવેજોની નકલો દાખલ કરવા અને સાબેત કરવાની રજા આપી હતી આ મુદદા ઉપર જે હદી બાહેરથી તકરાર કરવામાં આવી હતી તે પ્રતીવાદીઓએ પોતેજ પોતાના લેખીત બચાવમાં જણાવેલા ઉભા કરેલા આ મુદદાને ધયાનમાં લેતાં ઘણીજ અસાધારણ હતી કે "જે આસામીઓના હાથમાં અને કાબુ હેઠળ મજકુર મીલકતો હતી તેઓ તે મીલકતોના ત્રસ્ટો કરવાનો હક ધરાવતા હતા કે નહી જેમ તેઓએ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ ના ડીડની રૂયે કરયું હતું."

તકરારી સવાલના સંભાળભરેલા અભયાસ ઉપરથી વધુ મને એમ લાગે છે કે "રદ બાતલ અને નકામો થશે" એવા છેવટના શબદો છતાં એ કલમ ખરેખાત વહીવટ કેમ ચલાવવો તે માત્ર જણાવે છે અને કદાપી એકવાર હીંદુસ્તાનને તે લાગુ પાડવામાં આવી હોય તોપણ જબાનીને લગતો હીંદુસ્તાનનો કાયદો તે કલમને નકામી ઠરાવે છે. તે કલમની નેમ બેશક ન્યાયની અદાલતમાં ત્રસ્તો કેમ પુરવાર કરવાં તેનું ધોરણ ઠરાવવાની છે અને પુરાવાની ચોકસ રીતની ગેરહાજરીમાં પરીણામ શું આવે તે માત્ર દેખાડે છે. રે શે ફુકાલત વીરૂધ બુસતેદ વાળા મુકદમામાં લોરડ જસ્ટીસ લીનડે જે જણાવે છે તે આ અભીપ્રાયને ટેકો આપે છે. તરકટને લગતો કાયદો સીલોનની જમીનોને લાગુ પડતો નથી એમ જણાવતાં લોર્ડ જસ્ટીસ લીનડે જણાવે છે કે "એ કાયદો આ દેશમાં અને અહીં કેવી જાતનો પુરાવો વાદીએ રજુ કરવો તે માત્ર જણાવે છે. બીજા દેશોમાંની મીલકતોના સંબંધમાં તે માત્ર કામ કેવી રીતે અહીંઆં લેવાય છે તે માત્ર બતલાવે છે અને બીજા દેશોમાંની મીલકતોના માલેકોના હક પુરવાર કરવા માટે તે નથી." હું એમ ઠરાવવાની વલણ ઉપર આવયો છું કે તરકતને લગતા કાયદાની સાતમી કલમ કામ કેમ ચલાવવું તેનુ ધોરણ દેખાડવાની નેમ ધરાવતી હતી અને આ દેશને કોઇ પણ વખતે તે લાગુ પડતી નહી હતી; પણ તે જો લાગુ પાડવામાં આવી હોય તો પણ હું એમ ઠરાવું છું કે જબાનીને લગતો કાયદો અમલમાં મેલવામાં આવયા પછી તેણે તેને સદા ભરી રદ કરી હતી એ વીચાર ખરો છે એમ માની લઇએ તો પણ નામદાર જડજ મી૦ વેસ્ટે મુંબઇના રહેવાશીઓને એ કાયદો લાગુ પડે છે એવો વીચાર જાહેર કરયો તે પછી ખોટી થયા વગર અને ગુંચવાડો તથા અટકાવવાને ધારા બાંધનારાઓએ તકરારી કલમ રદ કરી હતી. વેસ્ટનો અભીપ્રાય કદાચ ખરો હશે. હું એ સવાલની અંદર ઘણો સંપુરણ રીતે ઉતરયો નથી કેમકે હું એમ ઠરાવું છું કે એ કલમ લાગુ પાડવામાં આવી હોય તોપણ ૧૮૮૨ ના હીંદુસ્તાનની ત્રસ્ટને લગતા કાયદાએ જાહેર તથા ખાનગી ત્રસ્ટોના સંબંધમાં તે સદાભરી રદ કરી છે. હું એમ પણ ઠરાવું છું કે તારીખ ૨૫ મો સપટેમબર ૧૮૮૪ નું ત્રસ્ટદીડ તરકતને લગતા કાયદાની સાતમી કલમ એક બારગ રદ કરવામાં આવી નહી હોય અને જાહેર સખાવતના ત્રસ્ટના સંબંધમાં તે અમલમાં હો તોપણ તેની નેમ સંપુરણ રીતે સાચવે ...

જે સ્થાવર મીલકતોના સંબંધમાં મનો લાભ મેળવનારાઓ મધે વટલેલ જાદીનોને પણ સામેલ કરવાની નેમ રાખ

માં આવી હતી કે કેમ તે નકી કરવાને તેમનાં ખરાં ત્રસ્ટો શું છે તે હમોને નકી કરવાનું છે તે મધે મલબારહીલ ઉપર આવેલાં પાંચ દોખમાં અને ત્રણ સગડીઓ, સગડીવાળાનું મકાન કોટ અને બહારકોટનાં નસાખાનાં તથા ગોદાવરાની અવીઆરી સમાયલાં છે.

એ મીલકતોને લગતા દસ્તાવેજોમાં પારસી પ્રકાશમાંના ઉતારા તખતીઓ, કાગળો, અનજુમન પત્રો, વરતમાનપત્રોમાંની જાહેર ખબરો મળી પત્રો પંચાયતના ઠરાવો વગેરે છે.

તેઓ મધે જે તરેહવાર શબ્દો આવેલા છે તે ઉપરથી વાદીઓના ધાના હીમાયતીઓ એમ ઠરાવવા અમને જણાવે છે કે સખાવત કરનારાઓ અને સ્થાપકોની નેમ લાભ મેળવનારાઓમાં વટલેલ જુદદીનોને પણ સામેલ કરવાની હતી.

હું એમ ધારૂં છું કે પ્રથમમાં એ મીલકતોને લગતા દસ્તવેજોની વીગત આપવા અને તેમાંના જે શબ્દો ઉપર વાદીઓ આધાર રાખે છે તે દેખાડવા અને તે પછી તે શબ્દોનો અરથ શું થાય છે અને શું કરવાની ધારણા રાખવામાં આવી હતી તે વીષે વીચાર ચલાવવો યોગય થઇ પડશે.

પાંચ દખમાઓમાનું જે પહેલું બાંધવામાં આવયું હતું તે મોદીનાં દોખમાં ને નામે ઓળખાય છે. ૧૬૭૦ના સાલમાં તે બાંધીને પરથવામાં આવયું હતું આ દોખમાંને લગતો કોઇ પણ દસ્તાવજ હસ્તી ધરાવતો નથી અને તેના સંબંધમાં માત્ર એ શારો એકઝીબીટ (Y) (પારસી પ્રકાશમાંના એક ઉતારા)માં આવેલો છે અને તે ઉતારામાં કોણના ઉપયોગ માટે દોખમું બાંધવામાં આવયું હતું તે જણાવેલું નથી.

બીજું દોખમું જે માણેકજી શેઠનાં દોખમાંને નામે ઓળખાય છે તે ૧૭૫૬માં બાંધવામાં અને પરથવામાં આવયું હતું તેને લગતો માત્ર પુરાવો પારસી પ્રકાશમાંનો એક ઉતારો એકઝીબીટ (V) છે માં માત્ર એટલુંજ જણાવયું છે કે "મુંબઇમાં જરથોસ્તીઓની વસ્તી ઘણી વધી જવાને લીધે" એ દોખમું બાંધવામાં આવયું હતું. આ દોખમાંના સંબધમાં કોઇ બીજો દસ્તાવેજ હસ્તી ધરાવતો નથી.

૧૭૭૮ માં અનજુમનનાં દોખમાંને નામે ઓળખાતું ત્રીજુ દોખમું બાધવામાં અને પરથવામાં આવયું હતું. આ દોખમાંના સંબંધમાં પણ કોઇ દસ્તાવેજો હસ્તી ધરાવતા નથી. તેના ઉપર એક તખતી મારેલી છે, તેના ઉપરના લેખની એક નકલ એકઝીબીટ (Z) છે. તેમાં દોખમું કોણના વપરાસને માટે બાધવામાં આવયુ છે તે વીશે કશું જણાવયું નથી: આ દોખમાંના સંબધમાં પારસી પ્રકાશમાંનો એક ઉતારો એકઝીબીટ (A ૧) માં માત્ર એટલુંજ જણાવેલું છે કે "કુલ જરથોસ્તી અનજુમને એ દોખમું બંધાવયું છે"

ચોથું દોખમું ૧૮૩૨ માં બાંધવામાં આવયું હતું અને તે બનાજીનાં દોખમાંને નામે ઓળખાય છે એ દોખમાંનાં સંબંધમાં ઘણાક દસ્તાવેજો રજુ કરવામાં આવયા છે. તે મધે કાગળો એક તખતી એક અનજુમનપત્ર અને તેને પરથવાની કીરીઆ સંબંધી જાહેર ખબરો છે તે મધે "કુલ જરથોસ્તી અનજુમન" "જરથોસ્તી ટોળાના લોકો," "મજદીએસનાન ધરમના લોકો" "મજદીએસનાન ધરમના શખશો" "આખી અનજુમન" "મુંબઇના પવીત્ર જરથોસ્તી ટોળાના લોકો" પવીત્ર જરથોસ્તી ટોળાંના મજદીએસનાન ધરમના દસ્તુરો, મોબેદો, હેરબદો અને બેહદીનો એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવયો છે એ દસ્તાવેજોમાંનો માત્ર અગતનો એકઝીબીટ (બી ૧૧) પરથવાની કીયા વેળાએ સ્થાપક ફરામજી કાવસજી બનાજીએ વાંચેલો અનજુમન પત્ર તથા ટોળાજોગો કાગળ છે. તેઓએ તે મધે જણાવયું છે કે "હવે આજથી આ દોખમુ મજદીએસ્નાન ધરમના કાનુનો પ્રમાણે મજદીએસની ધરમની અનજુમનના લોકોના વપરાસ માટે ખોલ્લુ મેલવામા આવયું છે."

પાંચમું અને છેલ્લું દોખમું કાવસજી એદલજી બીસનીએ ૧૮૪૪માં બાંધયું હતું આ દોખમાંને લગતાં દસ્તાવેજોમાં કાગળો, જાહેર ખબરો એક તખતી, પંચાયેતનો ઠરાવ અને એક માનપત્ર છે તે મધે નીચલા શબ્દનો ઉપયોગ કરવામાં આવયો છે "મુંબઇની કુલે જરથોસ્તી અનજુમન" "તમામ જરથોસ્તો" "પવીત્ર અને ઉતર માજદીએસની દીનના ફીરકાના લોકો" "કુલ જરથોસ્તી અનજુ

મનના લોકો" અને "હીંદુસ્તાનનો પવીત્ર જરથોસ્તી ટોળો" પ્રતીવાદીઓએ પોતાની લેખીત બચાવનામાંના ૩૩ માં ફકરામાં જે દોખમા વીશે ઇસારો કરયો છે, અને જેના સંબંધમાં તેના સ્થાપકે એવી શરત કરી છે કે જે પારસીઓની લાશ ઉપર જુરી ભરવામાં આવી હોય અથવા જેઓની લાશ ને તપાસી અને ચીરવામાં આવી હોય અથવા જેઓની લાશ બાહેર ગામથી અને જુદ દીનોના સમાગમથી લાવવામાં આવી હોય તેમને મેલવા માટે તે વાપરવું નહી તે આ દોખમું છે.

હવે આપણે ત્રણ સગડીઓની તપાસ લઇએ. પહેલી સગડી જે મુકી શરાફની સગડીને નામે ઓળખાય છે તે ૧૭૯૫ માં બાંધવામાં આવી હતી અને એ મીલકતને લગતો કોઇ દસ્તાવેજ હસ્તીમાં નથી. તેના સંબંધમાં માત્ર એકઝીબીટ (એ ૨૮) પારશી પ્રકાશમાંનો એક ઉતારો છે. જેમાં એમ જણાવે છે કે તે જરથોસતીઓના વપરાસ માટે બાંધી છે.

બીજી સગડી શાહેરની ૧૮૩૦ માં બાંધવામાં આવી હતી આ ઇમારતને લગતી માત્ર એક ઝીબીટો એક તખતી અને એક અનજુમન પત્ર છે. જણાવયું છે કે આ તખતીમાં સગડી "જરથોસ્તી ટોળના અનજુમનના ઉપયોગ" માટે બાંધવામાં આવી છે અને તે "જરથોસ્તી ટોળાની અનજુમન" ના હવાળામાં સોંપવામાં આવી છે. અનજુમન પત્રમાં જણાવયું છે કે "મજદીયસનાન ધરમના લોકોના વપરાસ" માટે તે છે.

ત્રીજી સગડી ૧૮૭૩ માં મરહુમ સર દીનશાહ પીટીટે બંધાવી હતી તેને લગતી એકઝીબીટોમાં કાગળો એક તખતી અને અનજુમન પત્રો છે. સર દીનશાહે લખેલાં કાગળમાં કાંઇ પણ અમત ધરાવનારો વાક્ય કે શબ્દ નથી. ટ્રસ્ટીએ તેના લખેલા જવાબમાં "જરથોસ્તીઓના ઉપયોગ" માટે એવા શબ્દો વાપરવામાં આવયા છે, તારીખ ૭ મી અકટોમ્બર ૧૮૭૩ ના અનજુમન પત્રમાં એવા શબ્દો વાપરવામાં આવયા છે કે "મજકુર સગડી જરથોસ્તી અનજુમના ખાસ વ આમના ઉપયોગ માટે મેં બંધાવી છે" તખતીમાં આ પ્રમાણેના સબદો છે, "જરથોસ્તી અનજુમનના ઉપયોગ માટે."

કોટના નસાખાનાં માટે કોઇપણ દસ્તાવેજો હસ્તી ધરાવતા નથી, બહાર કોટનાં નસાખાનાં માટે એકજ દસ્તાવેજ એકઝીબીટ (એ ૩૬) છે. તે મધે જણાવયું છે કે પ્રથમમાં તે "જરથોસ્તી ટોળાંના કામો માટે ધરમ ખાતે" તે આપવામાં આવયું છે. અને તે મધે જણાવ્યું છે કે તે ઉપર તખતી છે જે ઉપર નીચલા શબ્દો જોવામાં આવયા છે. "જરથોસ્તી અનજુમનના ઉપયોગ માટે."

સગડીવાળાને મકાનને લગતા કોઇ દસ્તાવેજો હસ્તી ધરાવતા નથી. ગોદાવરાની અગીયારીના સંબંધમાં હમારી આગળ બે એકઝીબીટો છે. તે મધે અપ્રેલ ૧૮૬૦ નો એક અનજુમન પત્ર છે, જે મધે એમ જણાવયું છે કે ૧૮૨૫ ના વરસમાં આતશ બેહેરામ સાહેબનું મકાન "કુળ જરથોસ્તી તોળામાને ખુલ્લું મેલવામાં આવયું હતું." તખતીમાં નીચલા શબ્દો જોવામાં આવે છે. "કુળ જરથોસ્તી ટોળા માટે ખોદાતાળાની બંદગી કરવા સારૂ."

ધરમ ખાતે આપવામાં આવેલી જે સ્થાવર મીલકતોને લગતો સવાલ પક્ષકારો વચે ઉભો કરવામાં આવયો છે તેમને લગતા એટલાજ દસ્તાવેજો છે, અને એ સઘળા દસ્તાવેજો સંભાળથી તપાસી જોવા પછી હું એમ માનું છું કે તેઓ મધે વાપરવામાં આવેલી ભાશા ઘણી ખુલી અને નીશ્ચીત છે જે આના લાભ માટે અને જેઆનાં ધરમ ક્રીયા માટે એ મકાનો ઉભાં કરવામાં આવયાં હતાં તેઓ મુંબઇની જરથોસ્તી અનજુમનના લોકો હતા જે વાકયનો ઉપયોગ ઘણી વખત કરવામાં આવયો છે તે "મુંબઇની જરથોસ્તી વસ્તી" "જરથોસ્તી અનજુમન" "જરથોસ્તી ટોળાના લોકો" "મજદીએસનીદીનની અનજુમનના લોકો" "આખી અનજુમન" "મુંબઇનો પવીત્ર જરથોસ્તી ટોળો" પવીત્ર જરથોસ્તી ટોળાનાં મજદીએસનીદીનના દસ્તુરો; મોબેદો, હેરબદો અને બેહદીનો" "મુંબઇની તમામ જરથોસ્તી અનજુમન" "પવીત્ર અને ઉતમ મજદીએસનીદીનના ફીરકાના લોકો" "હીંદુસ્તાનનો જરથોસ્તી ટોળો" અને "જરથોસ્તી અનજુમનના ખાસ વ આમ

અમે એટલો દુર સુધી ખપ દોરાવયે તો પણ મારા મન આ વાત ઉતરતી નથી કે સ્થાપકોએ એ

બદોનો ઉપયોગ કરવામાં પોતાની સખાવતનો લાભ જેઓને તેઓ આપવા માંગતા હતા તેઓમાં મુંબઈના લાલ્યા, સુરતના દુબરા, અને ગુજરાતના ભંગીઓ, મહારો અને કહારોને સામેલ કરયા હતા.

એક જુદદીન જરથોસ્તી થઈ શકે, પણ તે "મુંબઈની પવીત્ર જરથોસ્તી અંજુમન" અથવા "મુંબઈની જરથોસ્તી તેલાના" અથવા "મજદીઅસની દીનની અંજુમનના" એક કેમ થઈ શકે તે મારી સમજમાં ઉતરી શકતું નથી. જરથોસ્તી ધરમમાં એક જુદદીન કદી પણ હસ્તીમાં આવયો નથી જરથોસ્તી ધરમમાં વટલેલા એક જુદદીનનો ખયાલ સખાવત કરનાઓ અને સ્થાપકોના ધયાનમાં કદી પણ હોઈ નહી શકે: એવો એક આસામી હોઈ શકે એ વીચાર સખાવત કરનારાઓને માટે એટલો તો નવો અને નવાઈ સરખો થઈ પડે કે તેને પોતાની સખાવતનો લાભ આપવાનો વીચાર કે એરાદો હોયતો તે ખચીતજ તેને માટે ખાસ અને જુદો જુદો એસારો કરત અને તે વેળાની પોતાની હમદીન કોમ અને તેના વારેસોને લગતાં સામાનય વરણનમાં તેને દાખલ કરત નહી. વટલેલ જુદદીનને પણ તે લાભ આપવા માગતો હતો એવું અનુમાન કરવું ઘણુંજ બેવડું થઈ પડે અને તે જે વખતે એ મકાનો સ્થાપવામાં આવયાં હતાં તે વખતના સંજોગો સાથે સરખાવતાં બીલકુલ વાજબી થતું નથી

મને જરાબી શક નથી કે ધરમમાં કોઈ વટલેલને લેવામાં આવશે એવો સંભવ સ્થાપકોના મનમાં સેહેજ પણ હોત તો તેમને બાતલ કરવા માટે તેઓ ખાસ ગોઠવણ કરત. બીસનીએ પોતાનું દખમું અંજુમનને હસ્તક મેલતી વખત જે શરતો કરી હતી તે તે વેળાના દીનદાર પારસીઓની લાગણી જાહેર કરનારા નમુના સરખી છે ઘણાજ દીનદાર અને દીનનાં ફરમાનો જે રીતે તેઓ સમજતા હતા તેમના તરફ ઘણોજ ભકતીભાવ ધરાવનારાઓજ કોરટને જે મકાનોના સંબંધમાં ફડચો કરવાનો છે તેઓની સ્થાપના કરે અને બંધાવે.

દરવંદના સમાગમમાં આવેલી એક પારસીની લાશને દખમામાં મેલવા સામે જે તેઓને વાંધા હોય, જો એક પારસીની લાસને ચીરવાથી અથવા તે ઉપર છુરી ભરવાથી અથવા દરવંદો બહારગામથી ઉંચકી લાવવાને લીધે તે અપવીત્ર થયલી તેઓએ ધારી હોય તો એક દરબંદની લાસને દખમમાં મેળવાનો વીચાર તેઓ કરે એવી વકી કેમ રાખી શકાય? પાંચ અથવા દસ હજાર વરસ આગઉ વટલાવવાનાં સંબંધમાં જરથોસતી ધરમે ગમે તે નીયમો મુકરર કરયા હોય પણ હીંદુસતાનમાં આવયા પછી તેઓ એમ માનવા લાગયા હતા કે એક દરવંદનો સમાગમ અથવા તેની નજર પણ એક પારસી લાસને અપવીત્ર કરવાને બસ હતી અને એવી એક લાસને જો દખમામાં મેળવા દેવામાં નહી આવે અને તેને ચોતરા ઉપર અથવા નહી વપરાતાં દખમામાં મેળવામાં આવતી હોય તો એક દરવંદની નજરથી પણ દુર રાખવામાં આવતા દખમામાં એક દરવંદની લાસને મેલવાનો વીચાર જ તેઓ કેમ કરે? એક દરવંદ જરથોસ્તીનો વીચાર તેઓએ કદી પણ કરયો નહી હતો.

મારા વીચાર પ્રમાણે જે ભાષાનો ઉપયોગ કરવામાં આવયો છે તે સ્પષ્ટ અને ચોકસ છે, પણ વાદીઓ તકરાર કરે છે કે એ ભાષાનો અર્થ વટલેલ જુદદીનોનો સમાવેસ કરવાને બને એવો કરી શકાય અને તેમ તે કરે છે દસ્તાવેજોનો અર્થ કરતાં એમ કહેવાની પુષ્કળ સતા છે કે સખાવત કરનારાઓ અને સ્થાપકોની નેમ સ્પષ્ટ રીતે નક્કી કરી શકાતી હોયાતો તે નેમ પ્રમાણેજ અમલ કરવો જોઈએ તકરારને ખાતર હું માની લઈશ કે એ દસ્તાવેજોમાંની ભાષા દોઅરથી છે એટલે કે વાદીઓ અને પ્રતીવાદીઓ જે જુદા જુદા અરથો કરવા માંગે છે તે બંને અરથો થઈ શકે તેવા સંજોગ વચ્ચે દસ્તાવેજોનો અરથ ચોકસ સારી રીતે મુકરર થયલા કાનુનો પ્રમાણેજ કરવો જોઈએ. સખાવતનાં ટરસ્ટો વીષે જુદી જુદી સતાઓ ટાંકી તેનો સાર ટયુડર નીચે પ્રમાણે ખેંચે છે.

"અગરજો સ્થાનાને લગતા દસ્તાવેજમાં એરાદો જાહેર કરવામાં આવયો હોય તો કોઈ મુશકેલી ઉભી ઉભી થતી નથી પણ જો તે જાહેર કરવામાં આવયો નહી હોય અથવા અરથી ભાષા વાપરવામાં આવી હોય તો બાહેરના સંજોગો જેવાકે સ્થાપકના જાણીતાં અભીપ્રાય

તેના વખતના રૈવાજો વગેરે સખાવતની નેમ
નક્કી કરવા માટે ધ્યાનમાં લેવાં.

સ્મીથ વીરૂધ પેખહર્સ્ટવાળા મુકદમા
માં લોર્ડ ચીફ જસ્ટીસ વીલસ જણાવે છે કે
"મુદ્દાઓમાં હું ઉતરૂં તે આગમજ લખ
તોના અર્થની બાબદમાં થોડાક સામાનય કા
નુનો અને નીયમો હું મુકરર કરીશ. પહેલો
નીયમ એ છે કે લખત કરનારની નેમ અને
મતલબ પ્રમાણે અને નહી કે તેથી
વીરૂધ કામ થવું જોઇએ બીજો ની
યમ એ છે કે લખતના શબદોનો અર્થ તે
કરનારના એરાદા સાથે ઘણોજ મળતો આ
વે એવો થવો જોઇએ: લખતમાંના શબદો
ફેરવવા અથવા જે શબદો તેમાં નહી હોય
તે ઉમેરવા અમને સતા નથી; પણ લખત
કરનારની નેમ સાથે ઘણોજ મળતો થાય
એવો અર્થ શબદોનો અમો કરી શકી
એ અને અમારે કરવો જોઇએ તથા
જે શબદોનો અર્થ અકકલ વીરૂધનો
લાગે તે અમો રદ કરી શકીએ આ નીયમો
સરવેથી ચઢતી ગણાતી સતાઓ—કોક પલા
ઇડન અને લોરડ જસ્ટીસ હેલના ચુકાદાઓ
ના આધારે ઠરાવવામાં આવયા છે. અને તે
પ્રમાણે જડજોએ લખતના શબદોનો અરથ
તે કરનારની નેમ સાથે ઘણોજ બેસતો આવે
એવી રીતે કરવો જોઇએ; તેની નેમનો ભંગ
થાય એવો અરથ કરવાનો હુનર ધારાના હી
માયતીની ચાલાકી બતાવે પણ એક જડજને
માટે તે છાજતો નથી."

એતરની જનરલ વીરૂધ દ્રમનવાળા મુ
કદમાંમાં લોરડ ચાનસેલર સુગડને જણાવયું
છે કે "જુનનાં લખતોમાંની દવીઅરથી ભા
ષાનો અરથ કરવાને કાયદાનો સરવેથી ઘણો
જ નકકી થએલો એક નીયમ એ છે કે લ
ખતનો અરથ સમજવા માટે તે કરવામાં
આવેલું હોય તે વખતના રૈવાજની મદદ
લેવી; એવા લખતની રૂહે તમે શું કામ કર
શું છે તે મને કહો અને એ લખત શું અ
રથ ધરાવે છે તે હું તમને કહીશ." આ ચુ
કાદા સામે ઉમરાવોની સભામાં અપીલ લઇ જ
વામાં આવી હતી જેના ચુકાદામાં એવો નીયમ
મુકરર કરયો છે કે "આવાં લખતનો અ
ર્થ કરતી વેળાએ તે મધેના શબદોનો અર્થ
લખતના જમાનામાં કેવો કરવામાં આવતો
હતો તે તમે જોઇ શકો; તે જમાનાના એ
વા દસ્તાવેજો તે માટે તપાસી શકો."

એતરની જનરલ વીરૂધ ડેંડ હેમ સ્કુ
લવાળા મુકદમામાં માસ્તર ઓફ ધી રોલ્સ
સર જોન રોમીલીએ જણાવયું છે કે સઘળી
સખાવતોના સંબંધમાં કોરટે તેમના સ્થાપ
કના અસલ એરાદા ઉપર નજર
કરવાની છે અને આ અદાલત
સખાવતના સ્થાપકની ઈચ્છાઓ અને એરા
દાઓ અમલમાં મેલે છે."

લખતોનો અરથ કરવા માટેના સામા
નય નીયમો મુકરર કરનારી જુદી જુદી સલા
હતો તપાસતાં મારા હાથમાં એક એવો મુક
દમો આવયો છે કે જે મેં આગળ જોયલા
કોઇ પણ મુકદમા કરતાં આગળ વધે છે. એ
મુકદમો ફાવેલ વીરૂધ ટરેનટરને લગતો છે અ
ને તેમાં બેરન બ્રેમવેલ જણાવે છે
કે "વાદીઓને આ મુશકેલી વચચે કામ
લેવાનું છે કે શબદોનો સવભાવીક અને
વયાકરણના કાનુનો પ્રમાણેનો અર્થ તે
વીરૂધ જાય છે એમ તેઓ સ્વીકારે છે.
ર્થ કરવાને લગતો સોનેરી નીયમ એ
તેમનો જે કુદરતી અર્થ થતો હોય તેજ કર
વો સીવાય કે તેવો અર્થ અકકલ વગરનો
ઇ પડે અથવા તો લખતની સામાનય નેમ
અને મતલબની વીરૂધમાં તે જાય અથવા
જુદા પ્રકારનો અર્થ કરવાના તરફેણમાં
સગવડ તે લગતું કોઈ ઘણુંજ સંગીન
કારણ હસ્તી ધરાવતું હોય."

કોર્ટ આગળ અરથ કરાવવા માટે લાવવામાં
આવતા દસ્તાવેજો કરનારાઓની નેમ સાચ
વવાને કોર્ટ કેટલી હદસુધી જઇ શકે તે બ
તાવવાને આ છેલો મુકદમો મેં ટાંકયો છે.
કોર્ટ આગળ લાવવામાં આવેલા હાલના મુક
દમાના દસ્તાવેજોની ભાષા માટે જે મત મેં
બાંધયું છે તે જોતાં બેરન બ્રેમવેલે ઠરાવે
લા આ નીયમની મદદ લેવાની
જરૂર નથી. પણ જો તેમાં વાપરેલા
શબદોનો કુદરતી અરથ જુદો કરવામાં
આવયો હોત તો તેમનો કુદરતી અર્થ વાદી
ઓ તકરાર કરે છે તેવો થતો હોત તો એ
મ ઠરાવવાને હું આંચકી નહી કરતે કે હાલ
ના મુકદમામાં "જુદો અરથ કરવા માટે ર
ગવડને લગતા બહુ સંગીન" કારણો
હસ્તી ધરાવે છે તે કારણો સંગીનજ
પણ મારા અભીપ્રાય પ્રમાણે ઘણાજ
ના છે. વાદીઓ આ લખતોનો જે
કરાવવા માંગે છે. તેમાં તેઓ ફાવે તો

આખી પારસી કોમની ખરાબી કરવાં અને તેનો નાશ કરવામાં ફતેહ મળવે. પ્રતીવાદીઓના વીદવાન ધારાના હીમાયતીએ હમોને જણાવયું છે કે પારસી કોમમાં રસ્તે રખડતા ભીખારીઓ અને ધંધાદારી વેશયાઓ નથી તે માટે પારસી મગરૂર છે અને કોમ પોતાના નીરધનો અને અપંગોની સંભાળ લે છે. વાદીઓની દલીલ ફતેહમાં ઉતરે તો કોમને પોતાનાં ટોળાના આ ખાસ લક્ષણો માટે મગરૂર થવાનું કોમ કારણ નહી રહે અને કંગાળ ફકરા પતીઓ અને ગુજરાતના દુબરાઓનાં ઝડપથી પવીત્ર મજદીયસની ધરમ તરફ પ્રતીવાદીઓના કબજામાં રહેલા લેપન લાખ રૂપીઆને લીધે ખેંચાવાથી પારસીઓ એક કોમ તરીકે હસ્તી ધરાવતા બંધ પડે. એમ યાદ રાખવું જોઇએ કે આ સવાલ ઉપર એમ નહીં ચુકાદો આપવો જોઇએ કે હાલના દાખલામાં વાદીઓ એક ભણેલી અને કેળવાયલી બાનુ કે જે યુરોપના સરવેથી સુધરેલા દેશો માંહેલી એક છે તેણીને દાખલ કરવા માટે લડત ચલાવે છે. એ વાતતો માત્ર એક અકસમાત જેવી છે તો કોર્ટને “ સગવડ પડતાં અગતનાં કારણો ” ધયાનમાં લેવાનાં હોય તો જુદદીનો ધરમમાં કોઇપણ આંચકો વગર દાખલ થાય એવી રીતે આગલાં લખાણોનો અર્થ ઉભો કરવાથી કુદરતી પરીણામ શું આવે તે ધયાનમાં લેવાનું છે.

મેં આગળ કહયું છે તે પ્રમાણે લખાણોનો અર્થ કાઢવાની સાધારણ રૂઢીઓથી વેગળા જવાનું કાંઇ પણ કારણ નથી. મીo જીવણજી મોદીએ પોતાની જુબાનીમાં જણાવયું છે તે પ્રમાણે જે જે જગોએ પારસીઓ રહયા છે ત્યાં તેઓ જુદી કોમ તરીકે રહયા છે એ રીતે આપણે મુંબઇની પારસી અનજુમન, સુરતની પારસી અનજુમન, નવસારીની પારસી અનજુમન, કલકતાની પારસી અનજુમન અને મદરાસ, ખંભાત અને ઉતાકામંદ વગેરે જે ઠેકાણે બહુ ટુંક પારસીઓની વસ્તી છે ત્યાં પણ જુદી જુદી અનજુમનો જાણીએ છીએ. સખાવતનાં ખાતાં જેમાં કરતી વેળાએ અને તેને માટે ભરતી વેળાએ તેના સ્થાપકોનો ખયાલ એજ લાગે છે કે જે સખાવતનું ખાતું ઉઘાડવામાં આવયું હોય તે ઠેકાણાંની કોમને તેનો લાભ મળે. પુરતી સંખયામાં જ્યાં જ્યાં પારસીઓ પોતાનું મથક કરે છે અને દાખમાં અથવા અગીઆરીની અથવા બાંધયાં નસેસાલારોનું એક ખાતું રાખવાની જરૂર તેઓને લાગે છે તયારે તેઓ પોતામાં ઉઘરાણું કરીને અથવા કોઇ એક પઇસાદાર અને ધરમી પારસીનાં એકલાના ખરચે નવાં ખાતાંઓ ઉભાં કરે છે. તેવાં ખાતાંઓ અને ફંડો તે ઠેકાણે વસ્તી કોમના ઉપયોગ અને લાભ માટેજ છે. નવા આવનારાઓ જેઓ ત્યાં જાથુકનું મથક કરે છે તેઓ તે ખાતાંઓને હંમેશાં તકાવી રાખવા માતે ફંડોમાં રકમ ભરે છે અને સર અવસરે તેમાં ઉમેરો કરતા રહી તે ફંડો વધારે છે જયારે કોઇ હમદીન તે જગયાએ જાય છે ત્યારે તેને ત્યાંની અગીઆરીનો ઉપયોગ કરવા દેવામાં આવે છે અને જો ત્યાં તે મરણ પામે તો તે જગાના દાખમામાં તેને અવલમંજલ પહોંચાડવામાં આવે છે પણ જો તે ત્યાં જાથુકનું મકાન જો નહી કરે તો તે જગાની અનજુમનનો તે સભાસદ નહી ગણાય. એમ ધારો કે પારસીઓની એક ટોળી ગુજરાતમાં ફરવા ગઇ છે તેને કાંઇ પણ સવાલ વગર ત્યાંનાં આતશબેરામ અથવા અગીઆરીમાં જવા દેવામાં ત્યાં એબાદત કરવા દેવામાં આતશના કેબલાને નમન કરવા દેવામાં તથા સુખડ ચઢાવવા દેવામાં તેમજ મોબેદોને આશીરદાદ આપવા દેવામાં આવશે, જો તે ટોળીમાંનો કોઇ મરણ પામે તો તેની લાશને સરવથી નજદીકનાં દાખમામાં લેઇ જઇ ઠેકાણે પાડવામાં આવશે. એવો હક ભોગવવા દેવાથી કાંઇ તેઓ અમુક જગાના અમુક અનજુમનના સભાસદ બનતા નથી. જે મકાનો અને ફંડો વીશે આ મુકદમામાં તકરાર ઉઠાડવામાં આવી છે તે સઘળાંની સ્થાપના અને બક્ષીસ મુંબઈની પારસી કોમ માતે કરવામાં આવી હતી અને લખતમાં વાપરવામાં આવેલા દરેક વાકયનો અર્થ એકજ પ્રકારનો થાય છે એટલે કે તે એજ કોમના ફાયદા અને લાભ માટે છે.

આ સવાલની બાબદમાં આ વીના ધયાનમાં રાખવાની અગતની છે કે આ મકાનોની સ્થાપનાને લગતા કોઇ રૂઢી સર લખાયલા દસ્તાવેજોનો અર્થ કરવાને માગણી કરવામાં નથી આવી. એ દસ્તાવેજો જ

ઘતા ઓછા અનીશ્ચીત દસ્તાવેજો છે, તેઓ કાંઈક રીતે એ મકાનો સાથે સંબંધ ધરાવે છે પણ તેઓ કાંઈ તેઓમાંના કોઈની પણ એક ટ્રસ્ટડીડ જેવાં લખત મારફતે જેવી સ્થાપના કરવામાં આવે તેવી સ્થાપના કરતા નથી. વળી આ પણ યાદ રાખવાનું છે કે ઘણા દાખલાઓમાં તો દસ્તાવેજો બીલકુલ હસ્તી ધરાવતા નથી. દાખલા તરીકે પાંચમાનાં સરવથી જુના ત્રણ દોખમાંના દસ્તાવેજ બીલકુલ નથી; એક સગડીનો દસ્તાવેજ નથી. કોટના નસાખાનાના અને સગડીવાળાનાં મકાનનો દસ્તાવેજ નથી અને બહારકોટનાં નસાખાનાનો જે દસ્તાવેજ હસ્તી ધરાવે છે તે તો તેના સ્થાપકના મરણ બાદ તેના વકીલોએ પસાર કરેલી એક ફારગતી છે.

આ મુકદમમાં જે મકાનોના ટ્રસ્ટોનો સવાલ છે તે કોરટ તયારે કેવી રીતે નકી કરી શકે? કોમ વચે ચાલતા રેવાજ અને સ્થાપકની નેમ નકી કરીને કોરટે પ્રથમમાં કોમ વચે ચાલતા રેવાજ અને સખાવત કરનારાઓના મત નકી કરીને સથાપકોની નેમ તે ઉપરથી નકી કરવી જોઈએ, વાદીઓના વીદવાન ધારાના હેમાએતીઓ પોતેજ એવો આગ્રહ હમને કરયો છે. એ મત સાથે હું સંપુરણ રીતે મળતો થાઉં છું અને સખાવતના એ ખાતાઓના સ્થાપકો તેમનો લાભ કોણને આપવા માગતા હતા તેની તપાસ એજ કસોટીથી લેવાને હું ખુશી છું.

પારસીઓ વચે શું રેવાજ ચાલતો આવયો છે. બારસો કરતાં વધારે વરસ થયાં તેઓ હીનદુસ્થાનમાં છે. જુદદીનોને વટલાવવા અને દીનમાં લેવાનો રેવાજ પારસીઓમાં છે એવું પુરવાર કરવાને કોઈ પણ ખરચ અથવા મહેનતની વાણ વાદીઓએ કરી નથી. વાદીઓની તજવીજ કેટલી ફતેહમંદ નીવરી છે? વટલાવવાના દાખલા આપવા માટે સોરાબજી પંથકી જેવા સાક્ષીઓની મદદ તેમને લેવી પડી હતી. હું ધારું છું કે એમ કહેવામાં વાદીઓને હું કશો ગેર ઈનસાફ નથી કરતો કે તેઓ પોતાની તજવીજમાં બીલકુલ નીષફળ—નીવડયા હતા એમ તેઓએ જોઈ લીધું હતું. એમ કહેવામાં આવયું હતુ કે તેઓ પાસે એવીજ જાતની વધુ જુબાની છે. કાંય નહી તેઓએ તે રજુ કરી; પણ એક વાર એમ ધારયે કે વાદીઓના સાક્ષીઓએ જે દાખલા બે વટલેલ હબસીઓ સુધીના આપયા હતા અને હું માનું છું કે સોરાબજીએ તે પોતાના મનમાંથીજ ઉપજાવી કાઢયા હતા તે ઉપરથી શું એમ પુરવાર કરી શકાય કે આખા હીંદુસ્થાનમાં ફેલાએલી એક મોટી કોમમાં વટલાવવાનો રીવાજ ચાલતો હતો? જુદદીનોને વટલાવવાનું પારસી વચે સાધારણ હતું એવું પુરવાર કરવાની તજવીજ સદાબરી ભાંગી પડી હતી અને મને લાગે છે કે તે જાણીજોઈને અને ઘણીજ ડહાપણ ભરેલી રીતે પડતી મેલવામાં આવી હતી. વળી અકબરને તેની જીંદગીના એક તબકકામાં વટલાયલો અથવા ધુપનીરંગમાં જણાવેલા તરણ વીદવાન પંડીતોને છુપી રીતે વટલાવવામાં આવેલા ધારવામાં આવે છે તેથી શું રેવાજ પુરવાર થાય છે? વાદીઓ એક બળવંત મંડળ છે. દોલત લાગવગ અને દરજાના સંબંધમાં તેઓ બળવંત છે; અને કોર્ટને સંતોષ મળે એવી રીતે એક પણ જુદદીનને જરથોસ્તી ધરમમાં વટલાવવાનો દાખલો પુરવાર કરવાને નીષફળ થયા ત્યારે એવું અનુમાન કરવું ગેરવાજબી નથી કે જુબાનીઓ ભેગી કરવા માટેના સાધારણ સાધન અને ખંતીલ તજવીજની ગેર હાજરીમાં તેઓ નીષફળ થયા નથી. તેઓ નીષફળ થયા છે તે એટલા માટે કે જે રેવાજ તેઓ પુરવાર કરવા મગાતા હતા તે હસ્તી ધરાવતોજ નહીહતો.

હવે ખાતાંઓના સ્થાપકોના ધરમ સંબંધી મત શું હતા તે તપાસીયે તેમનાં મત શું હતાં તે નકી કરવાને શહેજ પણ મુસકેલી નથી. એક્ઝીબીટ ૭૩ વાળો દસ્તાવેજ જુઓ એ કાગજ મુંબઈની આખી અનજુમને પુનાના એક પારસી ઉપર તારીખ ૧૭ મી જુન ૧૮૨૪ને દીવસે લખેલો છે. મુંબઈની આખી અનજુમનને નાંમે તે લખવામાં આવેલ અને તે ઉપર તે વેળાના કોમના મુખય આગેવાનોની સહી છે તેનાં જણાવયું કે "મુંબઈની પચાયતની રજાગર જે શખશની બાયડી જીવતી તેને બીજી બાયડી કરવાની ના આપવા; જે ઓરતનો ભરથાર હોય તેને બીજો ભરથાર કરવાં ના જુદદીન સ્ત્રીને પેટના બાળકને ર

તી પેરાવવાની રજા ના આપતા". એક ઝીબીટ ૭૪ વાળો દસ્તાવેજ જુવો. એ કાગજ પંચાતના એક સભાસદ ખરસેદજી માનેકજીએ પોતાના હમસરીકો ઉપર તારીખ ૧૦ મી આગસ્ટ ૧૮૨૬ ને દીને લખયો છે. એમ જણાય છે કે એક પારસી ગ્રહસ્થને ત્યાં નવલા નામે એક પારસીનો કર હતો જેને પોતાના ઘરમાં રાખેલી એક જુદદીન સ્ત્રીને સદરો પહેરાવયો હતો, તેના સેઠને હુકમ કરવામાં આવયો હતો કે " એ લોનદીનો સદરો મજકુર નોકર નવલાને હાથેજ ઉતરાવો " મીસતર ખરસેદજીએ આ માણસની વરતણુંક વીષે વીચાર ચલાવવા પોતાના હમસરીકોની એક સભા બોલાવી હતી અને ત્યાં પેલી લોનદાનો સદરો કાઢી નાંખી તેને છુટી કરવાનો હોકમ વાંચી સંભળાવી તેઓએ જણાવયું હતું કે " પંચાયતમાં ભેગા મળેલા આપણે સઘળા આસામીઓ મજકુર પારસી નોકર નવલાને તેને કેહેવાનું જે કાંઈ ઘતતું આપણે ધારતા હોશું તે કહીશું કે જેથી ફરીથી કેઈ એવું કામ કરે નહીં." એજ કાગજમાં એક થઈ ભરેલા જુનદના છોકરા વીશે અસારો કરી તે બાબતનાં તપાસ ચલાવવા સુચના કરવામાં આવી છે. એક ઝીબીત ૭૫ ઉપરથી વળી જણાય છે કે ૧૮૨૮ના વરસમાં કોમ વચ્ચે અનીતી વધવામાં આવી હતી અને જુદદીન માને પેટે અવતરેલાં બાળકો વીશે તકરાર ચલાવવામાં આવી હતી. તારીખ ૧૨ મી ડીસેમબર ૧૮૨૮ ને દીને વહાડીબાજી નવરોજી, જમશેદજીએ ફરામજી કાવસજી અને જમશેદજી જીજીભાઈ ઉપર લખેલાં કાગજમાં ઘણા ગુસ્સા સાથે ફરીઆદ કરવામાં આવી છે કે કેટલાક લોકો પંચાયતની રજા વગર એવાં બચ્ચાંઓને સદરો કુશતી પહેરાવે છે ત્યારે જેઓ રજા માગવા આવે છે તેઓને રજા નથી આપવામાં આવતી રાખેલી ઓરતોને પેટે અવતરેલા બાળકોનું બુંદ કોણનું છે તેના ચોકસપણા પેટે અફસોસ કરીને તેઓ જણાવે છે કે વહાડીબાજી જમશેદજીએ સુચવયુ છે તે પ્રણે કોમને જાહેર રીતે ચેતવણી આપો અ ત્યારેથી એવાં બચ્ચાંઓ થાય તયારે તેમ [illegible] માં એકદમ લેવાની રજા ના આપતાં [illegible] એકદમ કરો જ્યારે બીજરથોસ્તી કોઈ સખસ કોઈ જુદદીન ઓરતની [illegible] ય ત્યારે તેને ન્યાત બહાર મેળો અને તે મરી જાય ત્યારે તેને દખમે પણ નહીં ચઢાવો ત્યારેજ તેઓ સંભાળ લેશે; અને બેસીને તમે એવા મજબુત નીયમ ધરાવશો ત્યારેજ ઘણી મહેનત પછી એ બાબદનો સુધારો થશે." પારસી બુંદના જુદદીન ઓરતોથી અવતરેલા બાળકોને લેવા સામેની ઉસકેરણી ચાલુ રહેલી જણાય છે, અને આ કાગજમાંની સુચનાઓ પ્રમાણે સેવતયાનો અમલ કરવામાં આવયો હતો કારણ કે એ કઝીબીટ ૭૬ ઉપરથી જણાય છે કે આખા પારસી અનજુમન એક દરેમહેરમાં તારીખ ૧૧ મી આગસ્ટ ૧૮૩૦ ને દીવસે મળી હતી અને એવાં બાળકોને દાખેલ કરવા સામે ઘણા સખત કાનુનો તેણે બાંધયા હતા તે ઠરાવોમાં જણાવવામાં આવયું છે કે રાખેલી ઓરતોના પેટના બચ્ચાંઓને લીધાથી ધરમને ઘણું નુકસાન થાય છે અને તેટલા માટે નકીપણે ઠરાવવામાં આવયું હતુ કે હવેથી એવાં કોઈ પણ બાળકોને સુદરે કુસ્તી નહી પહેરાવવો અને જે મોબેદો ચોરી છુપીથી એવાં બચ્ચાંઓને સુદરો કસ્તી પહેરાવે તેમને નયાત બહાર મેલવાની અને બીજી સજા નકી કરવામાં આવી હતી. જે કુટુંબમાં એવાં કોઈ બચ્ચાં હોય તેને પણ નયાત બાર કરવાનો હુકમ કરવામાં આવયો હતો. પારસી બાપના છોકરાઓને પણ દાખેલ કરવા સામે ૧૮૩૦ ના વરસમાં કેટલીક સખાત લાગણી ધરાવવામાં આવતી હતી તેની પીછાણ તે ઠરાવો વાંચવાથી કરી શકાશે.

એકઝીબી ૭૭) માં પંચાયતની તા૦ ૨૯ મી જુલાઈ ૧૮૩૫ ને દીને મળેલી એક સભાનો હેવાલ આપવામાં આવયો છે તે ઉપરથી જણાય છે કે એક પારસી પોતાનુ એક હરામ ઈલટનુ બચુ લઈને મુંબઈમાં પોતાના સગાંઓને તયાં આવયો હતો અને તે પારસી બચું છે એમ જણાવીને સરેસતા મુજબની ક્રીયા કરાવી તેની લાશને દખમે ચઢાવી હતી. ખરી હકીકત જણાતાં દખમાંને કેવી રીતે પાછુ પવીત્ર કરવામાં આવયુ હતુ, ક્રીયા કરનાર મોબેદનું બરસતુર કેવી રીતે બાંજવામાં આવયું હતુ અને તે પારસીના આખા કુટુંબને કેવી રીતે નયાત બહાર કાઢવામાં આવયા હતા તેનો હેવાલ પણ એની અંદર આપવામાં આવયો છે અને વધુ એમ જણાવવામ

આવયું છે કે એ કુટુંબના સંબંધ માં ધરમને લગતી કોઇ પણ કીયા કરવાની મનાઇ મોબેદોને કરવામાં આવી હતી.

૧૮૩૦ માં અંજુમને કરેલા ઠરાવ નકામા જેવા નહી હતા, પણ મજબુતી સાથે અમલમાં મેળવામાં આવતા હતા તે બીજા એકઝીબીટ ૭૮ ઉપરથી જણાઇ આવે છે. તે બતાવે છે કે બે દાખલામાં પારસીઓના હરામ ઇલ્લતના બચાંઓને મોબેદોએ સદરો પહેરાવવાની હકીકત પુરવાર થતાં, તા૦ ૨૮ મી જુન ૧૮૩૬ ને દીને મળેલી પંચાયતની સભાએ અંજુમન બોલાવી લાગતા વળગતા મોબેદો અને પારસીઓને નયાત બહાર મેળવાનો ઠરાવ કરયો હતો:—

એકઝીબીટ ૮૯ ઉપરથી જણાય છે કે તારીખ ૨૦ મી જુલાઇ ૧૮૫૦ ને દીવસે મળેલી પંચાયતની એક સભાએ ઠરાવ કરયો હતો કે ચોકસ મોબેદોએ એક પારસીએ રાખેલી જુદદીન ઓરતને પેટે હરામ ઇલ્લટથી અવતરેલા બાળકોને સદરો પહેરાવેલો હોવાથી તે મોબેદોને સજા તરીકે કોઇ પણ દરેમહેરમાં કાંઇ પણ જાતનું કામ કરવા દેવું નહી. આ ઠરાવ વહેવારૂ રીતે તે મોબેદોનું રોજીનું સાધાન લઇ મેલવા બરાબર હતો.

મારા ચુકાદાના પહેલા ભાગમાં એ ૫૯ અને એ ૬૪ નંબરવાળી એકઝીબીટો વીષે મેં એ સારો કરયો છે. કોમના સ્વીકારાયલા વડાઓ અથવા અકાબરોનું ધરમ સંબંધી મત શું હતું તે પુરવાર કરવાને એ દસ્તાવેજો પણ મદદગાર થઇ પડે છે આ બાબદમાં સરવેથી જુનો પુરાવો એકઝીબીટ ૭૯ વાળો દસ્તાવેજ છે તે મધે તારીખ ૧૭ મી આગસ્ટ ૧૮૧૮ ને દીવસે મળેલી પંચાયતની સભાનો હેવાલ પારસી પ્રકાશમાંથી આપવામાં આવયો છે એમ જણામ છે કે એક પારસી પોતાની હરામ ઇલ્લટની એક છોકરીને વાણીઆથી લઇ આવયો અને તેને સદરો કુસ્તી પહેરાવવાની રજા પંચાયત પાસેથી માંગી. ઘણી મુશકેલી પછી આ પરવાનગી આપવામાં આવી અને એવો ઠરાવ કરવામાં આવયો કે કોઇ પણ પારસીની જુદદીન બાયડીના બાળકને હવે પછી પંચાયતની રજા વીના સદરો પહેરાવવા દેવો નહી.

આ એકઝીબીટો ઉપરથી ભેગી થતી હકીકત એવી છે કે ગઇ સદીના પહેલા ભાગમાં જુદદીન અને પોતાના પારસી છોકરાંઓને ઘણી મુસ્કેલી વગર સદરો કુસ્તી પહેરાવવામાં આવતો, પણ જ્યારે બદી વધતી ગઇ ત્યારે એ રેવાજની સામે વાંધો ઉઠાવવામાં આવયો અને શરૂઆતમાં એવો અંકુશ મેલવામાં આવયો કે તે માટે આગમજથી પંચાયતની રજા મેલવવી, પણ પછવાડેથી એવી રીતની રજા આપવા સામેની લાગણી ઘણી મજબુત થવા લાગી અને તેથી એવો ઠરાવ કરવામાં આવયો હતો કે એવા છોકરાને બીલકુલ દાખલ કરવા નહી અને એવા ઠરાવોનો ભંગ કરવાને માટે તરેહવાર સજાઓ મુકરર કરવામાં આવી હતી. પ્રતીવાદીઓ પારસી કોમના કેટલાક આગેવાનો—સખાવતના ફંડોમાં હીસ્સો આપનારાં કેટલાંક જાણીતાં પારસી કુટુંબોને લગતાંઓની એક સભા બોલાવી હતી. તેઓ સઘળાઓએ જણાવયું હતું કે વટલેલ જુદદીનોને અમારી સખાવતનોલાભ આપવાનો અમારો એરાદો હતોજ નહી; ખરૂં કહીએ તો હાલની તકરાર ઉભી થઇત્યાં સુધી એવો ખીઆલ પણ અમોને નહી હતો. જો હમણાના જમાના માટે એ ખરૂં હોય તો વધારે દુરના વખતના સંબંધમાં તો તે ખરૂ હોવુંજ જોઇએ, કેમકે હાલના વખતના પારસીઓ કરતાં તે જમાનાના લોકો દીનદારી યકીન અને કીયાઓના સંબંધમાં ઘણા વધારે મજબુત અને જનુની હતા.

સ્થાપકોના ધરમ સંબંધી યકીનની તપાસ કરવાને ઉપયોગી થઇ શકે એવી સઘળી સામગ્રીઓ ઉપરથી જણાય છે કે, તેઓએ વટલેલ જુદદીનોને લાભ આપવાનો એરાદો કરી રાખયોજ નહીં હતો. સ્થાપકોના ધરમ સંબંધી મતોની તપાસ તેમની આગમચના જમાના, તેમના પોતાના જમાના અને તેમની પાછળના જમાનાના લોકોનાં મત ઉપરથી કરી શકાય; અને તે વખતના આસપાસના સઘળા સંજોગો ધયાનમાં લેતાં હું એવા સારપર આવયો છું કે એ દરવદને પોતાના ધરમમાં લેવાના જુના વખતના પારસીઓને ઘણોજ કટ ઉપજાવનારો લાગેલો હોવો જોઇએ. શેહેરયારજી જેવા “ ધરમના સુધારકો

ને જે સુધારક સભાની સેવા તેઓ કરતા હતા તેની સ્થાપના પછીજ કોમના એક નહાના ભાગના મનમાં દરવંદને વટલાવવાનો વીચાર દાખેલ કરયો છે.

જો વાદીઓ એમ માનતા હોય કે સ્થાપકોનો અભીપ્રાય તેમના ધારાના હેમાયતીએ જણાવયો છે તેવોજ હતો, તો તેઓ બાહેર આવીને પોતાની દલીલના ટેકામાં જબાની આપવાની હીમત તેઓએ કાં નહીં કરી? નોંધ ઉપર જે સાત વાદીનાં નામ છે તેઓમાંનો એક પણ મુકદમામાં જબાની આપવાને બાહેર આવયો નહીં હતો, અને એમ ધારવાની હું હીમત કરૂં છું કે તેમના પક્ષ તરફથી જે દલીલ કરવામાં આવી હતી તે તેઓ માનતા હોત તો તેઓ પોતાની તરફથી ઘણી કીમતી જબાની આપી શકત.

દાખલો પેહેલો પેહેલા વાદી સર દીનશાહ પીટીટનો લેવો. તેમના બપાવા જેમનું નામ કોમનો દરેક વયક્તી માન અને વાહાલ સાથે યાદ કરે છે, તેઓ આ મુકદમામાંના તકરારી મકાનોમાંના એકના સ્થાપક હતા. તે બુર્જોરગ બેરોનેટે અને તેમનાં કુટુંબે કેટલાક ધરમ ખાતાંઓને નાદર રકમની મદદ આપી છે, પારસીઓ માટે મેહેલના જેવું એક સેનેટરીઅમ અને પારસી છોકરાઓ માટેનું એક યતીમખાનું પેહેલા વાદીનાં કુટુંબને તેમની હસ્તી માટે આભારી છે. પેહેલા સર દીનશાહ ઘણા થોડાં વરસ અગાઉ સુધી હયાત હતા. પેહેલા વાદી ઉમરે પહોંચયા તે પછી ઘણા વરસ સુધી તેઓ હયાત હતા. તેમના પઉત્ર અને વારેસ તરીકે સ્વભાવીક રીતે તેઓ તેમના ચાલુ સમાગમમાં રહેલા હોવા જોઈએ. એક સગડીના સ્થાપક અને પારસી સખાવતનાં ફંડોમાં ઘણીજ નાદર રકમો આપનાર મરહુમ સર દીનશાહ પીટીટના યકીન વીશે પેહેલા વાદી કરતાં બીજું કોણ વધારે જ્ઞાન અને સતા સાથે જબાની આપી શકે? જો તેઓ એમ કહેત કે તેમના બપાવાનું યકીન જુદીનોને વટલાવવા તરફેણમાં હતો, બંગીઓને પારસી કોમ દાખેલ કરવાનું તેમને પસંદ હતું; દુ...ને જરથોસ્તી ધરમમાં વટલાવવા અ...ની લાશને દખમામાં લઇ જવા સામે નહીં હતો; એક બાહાર જરથોસ્તી આતશ બેહેરામોમાં ધરમ કીયામાં હાજરી આપે તે તેમને પસંદ હતું, તો તેઓ પોતાની અને પોતાના હમધરીક વાદીઓ તરફથી આવેલા મોરાબજી પંથકી અને શેહેરયારજી ભરૂચા સરખા સાક્ષીઓની જબાની કરતાં વાદીઓના મુકદમાને વધારે મજબુત બનાવી શકત.

બીજો દાખલો બીજા દાખલા સર કાવસજી જેહાંગીરનો લેવો, જેઓ કોમમાં હમેશાં માનવંત થઈ પડેલું પોતાના વડા કાકા અને તેમને દતક લેનાર પીતાનું નામ ધરાવે છે. મરહુમ સર કાવસજીએ પારસી સખાવતનાત ફંડોમાં મોટી રકમો આપી હતી. હાલના સર કાવસજીએ પોતે પણ દખમાની પરોથમાં આવેલી જમીનનો એક ટુકડો પારસી કોમને આપયો છે. મરહુમ સર કાવસજી શું યકીન ધરાવતા હતા અને હાલના સર કાવસજી પોતે શું યકીન ધરાવે છે? વાદીઓના ધારાના હેમાયતીઓ જ્યારે સાંભળેલી વાતો જણાવનારા સાક્ષીઓની જબાનીનો એક મોટો જથો દાખેલ કરાવવામાં ફતેહ મેળવી, ત્યારે બીજા વાદી કે જેઓ પોતાનો દતક લેનાર પીતાના અંગત યકીનથી વાકેફગાર નહી હોય તોપણ તેમનાં મત વીશે જે કાંઈ તેમણે સાંભળયું હોવુંજ જોઈયે તે ઉપરથી તેઓએ તેમના યકીન વીશે કઈ પણ મત નથી બાંધયું એવું ડોલ તો તેઓ ઘાલી નહીજ શકે. શું મરહુમ સર કાવસજી એવું યકીન ધરાવતા હતા કે દરવંદો અને જુદીનો, બંગીઓ અને દુબળાઓને કોમમાં દાખેલ કરવા અને દરેહમેહેરો દાખેલ થવા દેવા, તથા તેઓ મરણ પામે ત્યારે તેમની લાશને દખમે ચહડાવની તથા સામાનય રીતે પોતાની સખાવતમાં સામાનય રીતે ભાગ લેવા દેવો? બીજાવાદી જે બીના ખચીત જાણતા હોવા જોઇયે તે તેઓ કાં નહીં જણાવતા.

તીજા વાદીના બપાવા મરહુમ મી૦ બેહેરામજી જીજીભાઈએ ઘણા જાથુકના સખાવત ખાતાં સ્થાપયાં છે, જેમાંના કેટલાક માત્ર પારસીઓ માટે છે. શું શું તેઓ પારસી ધરમ ખાતાંઓનો લાભ જુદદીન વટળેલોને આપવા માગતા હતા? કાં નહીં મી૦ રૂસ્તમજી નાનાભાઈ બેહેરામજી જીજીભાઈ મેરજની જબાનીનો લાભ કોર્ટને નહીં આપતા?

તકરારી ધરમ ખાતાંઓની સ્થાપના કરનારાઓનાં યકીનને મીઠી જબાને એવાંજ ખાતાંઓ ઉભાં કરનારાઓના યકીન ઉપરથી નકી કરી શકાશે. મને જણાય છે કે ચોથા વાદીના બપાવા મરહુમ મી૦ નશરવાનજી તાતાએ નવસારીમાં એક દખમુ બંધાવી તે પરથાવ્યું હતું. ૧૮૭૭માં તેના પાયો નાખી ૧૮૭૮માં તેને ખોલવું મેલવાની ક્રીયા કરવામાં આવી હતી, જેનું સંપુરણ વરણન અમારી આગળની તપાસમાં પણ ઉપયોગમાં લેવામાં આવેલી ધરમ રસમો નામની ચોપડીમાં આપવામાં આવ્યું છે. એજ ચોપડી ઉપરથી મને જણાય છે કે ૧૮૮૪ ના વરસમાં મી૦ નશરવાનજી તાતાએ વાંદરામાં એક પારસી અગયારી બંધાવી તે પરથાવી હતી. તેમનું યકીન શું હતું ? જો એક પઉત્ર તે આપણને કહી નહી શકે તો બીજુ કોણ કહી શકે ? ખચીત તે વીશે તેઓ જાણીતા હોવા જોઇએ. અને તોપણ ચોથા વાદી મી૦ રતનજી જમશેદજી તાતાએ પોતાની જબાનીથી કોરટને વાકેફ કરવાની મેહેરબાની નથી કરી !

મી૦ જીવનજી મોદીએ પોતાની જબાનીમાં આ ઘણી અસરકારક બીના જણાવી હતી કે તાતા કુટુંબના એક આગેવાન વયકતી છઠા વાદીની ફ્રેંચ ધણીઆણીને એ કુટુંબના વડાએ વાંદરામાં બંધાવેલી અગયારીમાં દાખેલ થવા દેવામાં આવી નહી હતી. જો તે વાત ખરી નહી હોય તો તેનો અસરકારક* જવાબ ચોથા વાદી નહીં તો બીજું કોણ આપી શકે? તેમના બપાવાએ નવસારીમાં બંધાવેલાં દખમામાં એક વટલેલ જુદદીનની લાશને દાખેલ કરવા સામે કાંઇ વાંધો છે કે કેમ તે તેઓ જણાવી શકત. વાદીઓના ધારાના હેમાયતીએ કોરટને અપીલ કરી સવાલ ઉઠાવ્યો હતો કે, " હવે આ બાઇ પોતાનો ધરમ છોડીને જરથોસ્તી ધરમમાં દાખેલ થઇ છે, ત્યારે ધરમની એબાદત માટે તેણીએ ક્યાં જવું; અને તેણી મરણ પામે તો તેણીની લાશને ક્યાં ઠેકાણે પાડવી? " તેનો દેખીતો જવાબ એ જણાય છે કે " જે કુટુંબમાં તેણી દાખેલ થઇ છે તેના વડીલે બંધાવેલાં ધરમ ખાતાંઓનો ઉપયોગ તેણી કાં નહીં કરતી ? મરહુમ મી૦ નશરવાનજી તાતાએ બંધાવેલી વાંદરાની અગયારી અને નવસારીનું દખમું તેણીના વપરાશ માટે, ચોથા વાદી મી૦ રતનજી જમશેદજી તાતાની તકરાર ખરી હોય તો, રહેવું જોઇએ. તેમણે પોતાના બપાવાનાં યકીન શું હતાં તે વીશે નકી સાર ઉપર આવવાની કશી તક તેઓએ અમને આપી નથી, તો જો કે તેઓ તે વીશે સંપુરણ વાકેફી ધરાવતા હોવા જોઇએ.

પાંચમા વાદી મી૦ ફરામજી નસરવાનજી પટેલના બપાવા મી૦ ફરામજી નશરવાનજી પટેલ પારસી કોમના એક આગેવાન હતા અને તેમના પીતા પણ તેવોજ આગેવાન દરજ્જો ધરાવતા. તેમનાં યકીન વીશે કોરટને ખબર આપવાની તસદી તેઓએ લીધી હોત તો અમારી આગળના સવાલો બાબત કેટલુંક અજવાળું પડી શકત.

૭ મા વાદી હું ધારૂં છું કે મોબેદી વરગને લગતા છે. તેઓ પણ પોતાના વડીલો અને સામાનય રીતે મોબેદી વરગના યકીન વીશે તેઓ ચાહાત તો અજવાળું નાખી શકત.

મને એમ માનવાની ફરજ પડે છે કે આ મુદાના સંબંધમાં વાદીઓનો આધાર યકીન ઉપર હોત તો તેઓ બાહેર આવીને જબાની આપત, પણ તેમની ગેરહાજરી એક અણાજ ખુલ્લા સાર ઉપર દોરે છે. તેઓ પોતાના વકીલોનાં યકીનથી વાકેફ હતા, તકરારી ધરમખાતાંઓના સ્થાપકોના યકીનથી તેઓ જાણીતા હતા; તે યકીન તેઓ જાણે છે કે તેમના ધારાના હેમાયતીએ દલીલ કરી છે તેવું નહીં હતું; સાક્ષીનાં પીંજરામાં દાખેલ થવાની હીંમત કરવાથી તેઓ પાછળ પડ્યા હતા, કેમકે તેઓ જાણતા હતા કે તેમની જબાની તેમના મુકદમાને ટેકો આપી નહીં શકશે—તેઓ જાણતા હતા કે તેમની જબાની તેમની તરફથી કરવામાં આવેલી દલીલોનો નાશ કરનારી થઇ પડશે.

આ તદન ખોટું છે કે પેહેલા પાંચ અને સાતમા વાદીઓને પ્રતીવાદીઓ સાથે ટ્રસ્ટીઓની નેમણુંકના સવાલની બાબતમ ફરીઆદ હતી. તેઓ માનતા હતા કે પ્રતીવાદીઓ હક વાજબી રીતે નેમાયેલા ટ્રસ્ટ નથી. અને ખાલી પડતી જગાઓ પુરવાને તેમને કશો હક નથી. છઠા વાદીને પ્રતીવાદીઓ સામે ફરીઆદનું કારણ એ મળ્યું હતું કે તેમની માનયતા પ્રમાણે તેમ

ધણીઆણીને બાહેર રાખવામાં તેઓએ પક્ષ પક્ષપાતપણું બતાવ્યું હતું. તેમણે પ્રતી વાદીઓ સાથે લડત ચલાવવાની દરખાસ્ત કરી. બીજા વાદીઓએ તેમના તરફે વકીલ સો જી બતાવી, અને એ લડત ચલાવવામાં તેમ ની ફરીઆદનાં કારણને પણ જોડવામાં આ વે તો તેમની સાથે લડતમાં જોડાવાને વીવે કની લાગણીથી તેઓએ તઈયારી બતાવી. આ કારણે બે પ્રકારના મુકદમાઓની એકજ મુકદમામાં ભેળ કરવામાં આવી અને જુદા જુદા વીચારોથી કામ લેનારા બે પ્રકારના વાદીઓ સાથે જોડાયા.

છઠા વાદી મી૦ રતનજી દાદાભાઈ તા તા તરફે હું ઘણીજ તીક્ષ્ણ દીલસોજી ધરા વું છું. તેમની વરતણુક આખી તપાસ દર મીઆન ખાજબી પ્રમાણીક અને મરદાનગી ભરેલી જોવામાં આવી છે; અને તેઓ પો તાની ધણીઆણી તરફથી જે દાવા કરે છે તેના સંબંધમાં તેઓ નીપફળ ઉતરે એવા સાર ઉપર જવા માટે મને થોડી દલગીરી નથી ઉપજતી. તે બાઈને પરણ્યા પછી તે ઓ તેને હીંદ લાવયા હતા, અને જરથો સ્તી ધરમમાં દાખેલ થવાની ક્રીયા તેણીએ કરી હતા. ધરમમાં તેણીને દાખેલ કરવા મા ટે તેઓએ પ્રતીવાદીઓના બે મુખ્ય સાક્ષી ઓ—મી૦ જીવનજી મોદી તેમજ દસ્તુર દારાબ પાસે સંભાળ ભરેલા શબ્દોમાં પસંદગી મેળવી હતી, અને તેનો પુરાવો એકઝીબીટો એ૦ ૯૬ એ૦ ૯૭ અને એ૦ ૧૦૨ છે

તેણીને દાખેલ કરવા સામે જે સંસા રી કારણો હવે તેઓ જણાવે છે તે બચ્ચા જેવા છે. તેણીને દાખેલ કરવા સામે જે કા રણો આ સાક્ષીઓ જણાવે છે તેજ માત્ર હોય તો તે ટુકામાંજ બાજુએ કરી દેવા મા ં અને કરી આચકી નહીં લાગત. વળી કારણો નજીવાં હોવા ઉપરાંત પક્ષ ના હકોની તપાસ ચલાવતાં સાક્ષીઓની વેલાં સંસારી કારણો ઉપરથીજ આપા ણી નહીં શકે.

ઉપર જે કારણોની મેં નોધ લીધી ઉપરથી હું એવા સાર ઉપર આવું મક સંપુરણ જુદદીનને સઘળી શરતો ી અને સઘળી ઘટતી ક્રીયા કરાવી જ તી ધરમમાં દાખેલ કરવામાં આ ણ તે પ્રતીવાદીઓના કાબુમાં ડા અને મીલકતો છે તેનો ઉપ

ભોગ પોતાના હક્ક તરીકે કરી નહીં શકે; એ ફંડો અને મીલકતોની સ્થાપના માત્ર પારસી કોમને માટેજ કરવામાં આવી હતી, અને પારસી કોમ અસલમાં ઈરાનથી આવીને અત્રે વસેલા જરથોસ્તી ધરમ પા ળનારા વંશજોની તથા ઈરાનથી થોડા વખ ત કે જાથુકને માટે આવતા જરથોસ્તીઓ, અને જુદદીન ઓરતને પેટે પારસી બાપો થી અવતરેલાં અને ઘટતી રીતે ધરમમાં લી ધેલાં બચાંઓની બનેલી છે.!

મુકદમાની આ શાખાનાં શેવટ ઉપર આવતાં આપણી કોર્ટોએ પારસીઓના સં બંધમાં ચુકવેલા બે મુકદમાઓ વીશે ઈ શારો કરયા વીના મને ચાલતું નથી, કેમકે તેમના ચુકાદા હાલના સવાલ સાથે હું ધારૂં છું કે અગતનો સંબંધ ધરાવે છે. વાદીઓ જ ણાવે છે કે જરથોસ્તી ધરમ વટલાવવાની રજા અને ફરમાન આપે છે, માટે જુદદીનોને દા ખલ કરો. પ્રતીવાદીઓ જણાવે છે કે ધર મમાં પરવાનગી હોય તોપણ ૧૨૦૦ વરસો નો રેવાજ જુદદીનોને દાખેલ નહીં કર વાનો છે. કઈ તકરાર તયારે ચાલવી જોઈએ? ધરમનાં ફરમાનો કે તે ધરમ પાળનારાઓના જુના રેવાજો? પેશોતન હોરમસજી દસ્તુર વીરૂધ મેહેરબાઈવાળા મુક દમામાં નામદાર જજ મી૦ સ્કાટે ઠરાવ્યું હતું કે ધરમનાં ફરમાનો ઉપર રેવાજ ફાવવો જોઈએ. તેણે જણાવ્યું છે કે "જરથોસ્તી ધરમ બાળ લગનનો કો રાહો રાખતો નથી જણાતો. લગન ને લગતી આશીરવાદની ક્રીયામાં એક બં દગી મારફતે પરણતાં જોડાંને જે આગ્રહ કરવામાં આવે છે તે લગન કરવાને દરેક રીતે લાયક તે નહીં હોય તો બેહુદો થઈ પ ડે. ઝંદ અવસ્તામાં ઘણા એવા ફકરા જે બાળ લગનના વીચારની વીરૂધ જાય છે. પણ ઝંદ અવસ્તાના અસલ ફરમાનથી રે વાજ આડો આવયો છે, અને અંગ્રેજી કે ઈરાની કાયદો કોઈ પણ સારી રીતે મુ જબ અથવા રેવાજને આધીન રહીનેજ લાગુ પડી શકાય. ૧૧૭૦ વરસ અગાઉ પારસીઓ પશ્ચીમ હીંદુસ્તાનમાં આવી વસ્યા, ત્યારે તેઓ ઘણું કરીને પોતાની સા થે ઈરાનથી કાયદા અને રેવાજનું એક બંધારણ લેતા આવેલા હોવા જોઈએ, પણ તે સઘળું ભુલાયા વગરનું હતું

અને આખરે આખરેનકામું થઇ પડયું, અને આ ગુલીબર પરદેશીઓએ સ્વભાવીક રીતે જે હીંદુ કોમ વચે વસવાની તેમને ફરજ પડી હતી તેમના કાયદા અને રેવાજો માંડયું ઘણું ગ્રહણ કરયું."

આ ચુકાદાનો સાર એ છે કે મંદ અવસ્તા રેવાબત અને બીજાં સાધનો ઉપરથી જરથોસ્તી ધરમનો જે સાર એ વીદવાન જજે કાહાડયો હતો તે પ્રમાણે એ ધરમ પ્રમાણે બાળ લગન થઇ નહીં શકે અને તે કાયદાસરનાં નહીં હતાં, તોપણ બાળલગનનો એક રેવાજ પારસીઓમાં ઉભો થયો હતો, અને વીદવાન જજે ધરમનાં ફરમાન ઉપર રેવાજને ફાવવા દઇ, બાળલગનને કાયદાસરનું અને બંધન કરતા ઠરાવયું હતું.

નામદાર જજ મી૦ સ્કાટનો આ ચુકાદો આપણા મરહુમ વડા જજ સર ચારલ સર્કેરન અને મી૦ જસ્તીસ હોસકીંગ શીરીનબાઇ વીરૂધ ખરશેદજીવાલા મુકદમામાં પસંદ કરી તે પ્રમાણેજ આપયા હતા. એક કોમ વચે એક સારી રીતે સ્થાપીત થયલા જુના રેવાજને વપરાશમાં બંધ પડેલા અને જુના વખતથી ચાલતા આવેલા રેવાજની સામે જતા ધરમના ફરમાન ઉપર સરસાઇ આપવીજ જોઇએ, એમ ઠરાવવા માટેની ઘણી સતાઓ મોજુદ છે.

પરીણામ એ આવે છે કે હું એમ ઠરાવું છું કે વાદીઓ તેમના મુકદમાની આ શાખામાં જે દાદ માગે છે તે મેળવવાનો હક તેઓ નથી ધરાવતા; અને જુદદીનોને વટલાવવા તથા તે વટલેલ જુદદીનોને હાલના પ્રતીવાદીઓના વહીવટ હેઠળનાં સખાવતનાં ફંડો અને મીલકતો ભોગવવાનો હક આપવા દેવાને જે દાદ તેઓએ ચાહી છે તે બાબતમાં તેમનો મુકદમો હું કહાડી નાખું છું.

હું ધારૂં છું કે બંને પક્ષકારો તરફથી ઉભા કરવામાં આવેલા દરેક અગતના મુકદમાની તપાસ કરી તેનો ફડચો મેં કરયો છે, કોરટના ટુંકાક્ષરી રીપોર્ટર મી૦ નકબાએ ધારાના હેમાયતીઓનાં ભાષણની લીધેલી આબેઆબ નોંધ બંને પક્ષના ધારાના હેમાયતીઓ તરફથી જે જે સવાલો ઉપર તકરાર ચલાવી હતી તે દરેકને મારાં ધ્યાનમાં રાખવાને મને ઘણી મદદગાર થઇ પડી છે. હવે હું મુદાઓ વીસેના મારા અભીપ્રાયની નોંધ આહીં લઇશ. પહેલા, બીજા અને ત્રીજા મુદાઓનો જવાબ હું નકારમાં આપું છું.

ચોથા મુદાના સંબંધમાં હું ઠરાવું છું કે તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ નું લખત કાયદાસરનું ટ્રસ્તડીડ છે અને તેમાં ટ્રસ્ટોનું જે બયાન આપવામાં આવયું છે તે બરાબર છે. પણ મરણ પામેલા અથવા ઓધો છોડતા ટ્રસ્તી કે અશક્ત થયલા ટ્રસ્તીઓની જગાએ નવા ટ્રસ્તી કે ટ્રસ્તીઓ નેમવાની જે સતા ટ્રસ્તીઓના હાથમાં સોંપવામાં આવેલી એ લખતમાં જણાવવામાં આવી છે તે ગેરકાયદેની છે.

પાંચમા મુદા વીષેનો મારો જવાબ નકારમાં છે. તા૦ ૪ થી ડીસેમબર ૧૮૫૧ નાં લખત (એકજીબીટ ને૦ ૪૨) મારફતે મળેલી અથવા જનમ પામેલી સતા ગેરકાયદેની નથી; પણ તેનો જે ભાગ ટ્રસ્તીઓ તે પોતામાંથી મરણ પામતા, ઓધો છોડતા અથવા અશક્ત થયલા ટ્રસ્તીઓની જગાએ બીજાઓને નેમવાની સતા આપે છે તે કાયદા વીરૂધ છે.

છઠા મુદાને લગતો મારો અભીપ્રાય ચોથા મુદાને લગતા મારા અભીપ્રાયમાં વેહેવારૂ રીતે સમાઇ જાય છે. તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ નાં લખતની રૂએ આપવામાં આવેલી સતાના જે ભાગ ટ્રસ્તીઓને પોતામાંથી મરણ પામતા ઓધો છોડતા કે અશક્ત થતા ટ્રસ્તીઓની જગાએ સતા આપે છે, તે સીવાયના બાકીના ભાગમાં આપવામાં આવેલી સતા ગેરકાયદેની નથી.

૭ મા મુદાનો મારો અભીપ્રાય નકારમાં છે.

૮ મા મુદામાં દીવાની વહીવટને લગતા ધારાની ૧૪૬ મી કલમમાં ઈરાદો રાખવામાં આવયો છે તેમ "હકીકત કે કાયદાને લગતી કોઇ સંગીન દરખાસ્ત" કરતી નથી, અને તેનો જવાબ આપવા ના પાડું છું.

૮ મા મુદદાનો જે જવાબ મેં યો છે તેજ નવમા મુદાને લાગુ વળી તે ઉપરાંત મજકુર ટ્રસ્તડીડ પારસી કોમ અથવા વાદીઓ શું હતા તે કહેવાને કોર્ટ શકતીવાન ન

૧૦ મા મુદાનો જવાબ નકા વાળું છું.

૧૧ મા મુદ્દાનો જવાબ હાકારમાં હું વાળું છું. ૧૨ મા મુદ્દાનો જવાબ પણ હાકારમાં વાળું છું.

૧૩ મા મુદ્દાના સંબંધમાં હું એવા અભીપ્રાય ઉપર આવ્યો છું કે પ્રતીવાદીઓ " જુ " અને " એ૦ ૪૨ " એક્ઝીબીટો ને ગમે એ વખતનાં બંને ત્રસ્તદીડોમાં સમાવવામાં આવેલી મીલકતો અથવા ફંડો ના, એક્ઝીબીટ " જુ "માં જણાવેલી ૧૦ મી અને ૧૧ મી મીલકતો સીવાય, કાયદા સર નેમવામાં આવેલા ત્રસ્તીઓ નથી.

૧૪ મા મુદ્દા વીષેનો મારો અભીપ્રાય એવો છે કે ત્રસ્તની કોઈ પણ મીલકતના વહી વટના સંબંધમાં કોઈ પણ યોજના ઘડવા ની જરૂર નથી, કેમકે એ મીલકતોના સં બંધમાં ત્રસ્તદીડોમાં જે ગોઠવણ દેખાડવા માં આવી છે તે વાજબી છે. પણ ત્રસ્તી ઓમાં ખાલી પડતી જગાઓની પુરણી કર વા માટે એક યોજના ઘડવાની જરૂર છે.

૧૫ મા મુદ્દાનો જવાબ હું નકારમાં આપું છું.

૧૬ મા મુદ્દાનો જવાબ આપવા ને હું નાપાડું છું. એક મુદ્દો જે વી રીતે ઘડાવો જોઇયે તેવી રીતે ઘડવામાં નથી આવયો, અને બહુ લંબાણ દલીલોમાં ઉતરયા વીના તેનો જવાબ વાળી શકાય એ મ નથી.

૧૭ મા મુદ્દા વીષેનો મારો જવાબ ન કારમાં છે.

૧૮ મા મુદ્દાનો જવાબ હું નકરારમાં આપું છું. છઠા વાદીની ધણીઆણી તરફથી દાવો કરવામાં આવયો તે આગમચ પ્રતી વાદીના લખત બચાવનામામાં વરણવેલા ત્રણ વરગોમાં સમાઇ જતા સીવાયના કોઇ પણ બી જા શખસોએ તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૮૪ ના ત્રસ્ટડીડમાં જણાવેલા લાભ ભો ... ગો પોતાને હક હોવાનો દાવો કરેલો ... ગ્યો નથી.

૯ મા મુદ્દાનો જવાબ હું નકારમાં ...

... મા મુદ્દામાં સમાયલા બંને સવા ... લ હું નકારમાં આપું છું. ... ઠરાવું છું કે પ્રતીવાદીઓએ ત્રસ્તી ... ર જેટલો વખત આપ્યા ઉપર હતા ... બત દરમીઆન કાંઇપણ ગેરવરત ... ણાનો અપરાધ કરયો નથી.

૨૧ મા મુદ્દાના સંબંધમાં હું ઠરાવું છું કે ૨૫ મી સપટેમબર ૧૮૮૪ ના ત્રસ્ત ડીડમો જે ભાગ ત્રસ્તીઓને પોતાનેજ નવા ત્રસ્તી નેમવાની સતા આપે છે તે સીવાયના તેના બાકી ભાગ વાદી ઉપર બંધનકરતા છે.

૨૨ મા મુદ્દાનો મારો જવાબ એ છે કે પ્રતીવાદીઓ કાયદાસર રીતે નેમાયલા ત્ર સ્તી નથી.

૮ મા અને ૧૬ મા મુદ્દાઓના મા રા જવાબમાં જે કારણ બતાવવામાં આવયાં છે તેજ કારણો ૨૩, ૨૪ અને ૨૫ મા મુદ્દાઓનો જવાબ આપવા હું ના પાડું છું.

૨૬ મો મુદ્દો એવી રીતે ઘડવામાં આ વયો છે કે તેનો જવાબ ટુંકમાં આપી શકા ય એમ નથી, પણ તે માટે મારા ચુકાદાના તે ભાગનો હવાલો હું આપીશ કે જેમાં મેં એમ ઠરાવયું છે કે ૧૮૮૪ નાં લખતનો અરથ નકી કરાવવાની જે દાદ માગી છે તે દાદના સંબંધમાં મુકદમો માંડવાનો હક વા દીઓ ધરાવતા નથી.

૮ મા અને ૧૬ મા મુદ્દાઓના મારા જવાબમાં આપેલાં કારણો માટે ૨૭ મા મુદ્દાનો જવાબ આપવાને હું ના પાડું છું.

૨૮ મો મુદ્દો મુકદમામાં એક ઘણો અગતનો સવાલ ઉભો કરે છે અને જે વધા રે ખોલાસાવાર રીતે ઉભો કરી શકાત. મા રો જવાબ એ છે કે, પ્રતીવાદીઓએ પોતા ના લેખીત બચાવનામાના ૧૪ મા ફકરા માં પારસી કોમના બંધારણનું ખરૂં વરણ ન આપયું છે.

૨૯ મા મુદ્દાનો જવાબ ૮ મા અને ૧૬ મા મુદ્દાના મારા જવાબ માં જણાવેલાં કારણો માટે આપવાને હું ના પાડું છું.

૩૦ મા મુદ્દાનો જવાબ મારા ચુકા દામાં આપવામાં આવયો છે. તે એવી રીતે ઘડાયલો છે કે તેનો ટુંકામાં જવાબ વાળી નહીં શકાય.

૩૧ મા મુદ્દાનો મારો જવાબ એ છે કે એ લખતો ઉપર લાંબો વખત થયો અ મલ થતો આવયો છે, અને નવા ત્રસ્તી ઓને નેમવાની સતા હયાત ત્રસ્તી ઓને તે મધે આપવામાં આવી છે અને જે કાયદેસરની નથી, તે સીવાયની બાબતમાં તેમને કાયમનાં ગણવાંજ જોઇયે.

૩૨ મા મુદ્દાનો જવાબ આપી શકાતો નથી. પારસી કોમનો મોટો ભાગ શું પસંદ કરે છે અને પસંદ નથી કરતો તે જાણવાનાં સાધન કોર્ટ ધરાવતી નથી.

૩૩, ૩૪, અને ૩૫ મા મુદ્દાઓના જવાબ ૮ મા અને ૧૬ મા મુદ્દાના જવાબમાં મેં જણાવેલાં કારણોને લીધે આપવાનું ના પાડું છું.

૩૬ મા મુદ્દાનો મારે જવાબ નકારમાં છે.

ખરચનો સવાલ.

પ્રતીવાદીઓએ અમારી આગળ ચાલેલી સુનાવણી દરમીઆન આખો વખત ઘણી વધારે અગત પોતાની નેમણુક કાયદાસરની હોવા અને પોતામાંથી મરણ પામતા કે ઓધો છોડતા ટ્રસ્ટીની જગાએ બીજાને નેમવાના પોતાના હકને લગતા સવાલને આપી હતી. મુકદમાની સુનાવણીમાં રોકવામાં આવેલો વધારે મોટો ભાગ મુકદમાના આ ભાગના સંબંધમાં રોકવામાં આવયો હતો. મુકદમાની એ શાખામાં વાદીઓ ફતેહમંદ નીવડયા છે. વાદીઓ જોકે મુકદમાની બીજી શાખાની બાબતમાં નીષ્ફળ થયા છે, તો પણ તરકટને લગતાં કાયદા સંબંધી વાદીઓની દલીલોની બાબતમાં તેઓએ ફતેહ મેળવી છે, કે જેને લગતી તકરારે અમારો ઘણો વખત રોકયો હતો. મુકદમાની આ બાજુની બાબતમાં ઉભા કરવામાં આવેલા સવાલો વધારે મોટી અગત ધરાવનારા હતા અને તે કોઇ પણ રીતે મુશકેલી રહીત નહીં હતા. જે સવાલો તેમાં સમાવવામાં આવયા હતા તે એક યા બીજા વખતે ઉભા થવાજ જોઇતા હતા. કમનસીબની આ વાત છે કે એ સવાલોનો સેવટનો ફડચો કરવાને અને એવી રીતે મુકદમો લડવામાં આવયો નથી; પણ હું ધારૂં છું કે એ સવાલોની બાબતમાં કોરટે તે મત ઉચારયું છે તે કાંઇક ઉપયોગી સેવા બજાવશે અને તે આધારે વધુ કજયા લડવા સામે અટકાવ પડશે. આ બીના અમારાથી છુપી નથી કે ચોથા વાદી જેઓએ ખરચમાં પોતાના હીસ્સાની જોખમદારી સ્વીકારી છે તેઓ સેવાય બાખા ખરચની સઘળો જોખમ અને જોખમદારી છઠા વાદીને માથે છે. મી૦ જીવનજી મોદીએ અને દસ્તુર દારાબે છઠા વાદી ઉપર બપેલાં કામજો અને જે સંજોગો વચ્ચે તેમની ધણીઆણીના સંબંધમાં કીયાઓ કરવામાં આવી હતી તે જોતાં હું નહીં ધારતો કે છઠા વાદી તરફ વાજબી રીતે વરતવામાં આવયું હોય. તેઓએ પ્રમાણીકપણે અને મરદને છાજતી રીતે લડત ચલાવી છે, અને મને લાગે છે કે તેમને નાણાં સંબંધી નુકસાનમાં ઉતારવામાં આવે તો તેઓને ઘણો ગંભીર પ્રકારનો અનયાય થાય.

હવે પ્રતીવાદીઓના ખરચનો સવાલ રહે છે. પોતાની પછીના ટ્રસ્ટીઓને નેમવાના પોતાના હક માટેની લડતને જેટલી અગત આપવી અને પોતાનીજ પસંદગાનાઓને નેમવાના હકને ચીવટાઇથી વળગી રહેવાની તજવીઝ કરવામાં તેઓએ ડહાપણ કરયું હતું કે તે સવાલને ટોલણે મેલતાં મને એમ લાગે છે કે મુકદમો માંડવામાં આવયો તે આગમચની સ્થીતી માટે તેઓ અંગત રીતે જવાબદાર નથી. તેમની આગમચના ટ્રસ્ટીઓ એ હક અભીમાનથી લઇ નીકળયા હતા અને તેઓએજ પોતાના વારેસ ટ્રસ્ટીઓને તે આપયો હતો; અને મરહુમ સર જમશેદજી જીજીભાઇએ અમારી આગળ તકરાર દરમીઆન જણાવયું હતું કે તેમના ઓધા ઉપરથી તેમને દુર કરવાની તજવીઝ તેમની સામેની નઠારી લાગણીનું અને કોમ વચ્ચે તેમને ઉતારી પાડવાની તેમનું પરીણામ હતું એમ તેમને લાગયું નહીં હોત તો તેઓ અને તેમના હમશરીકો એ સવાલ બાબત લડત ચલાવત નહીં. એ તેમનો વીચાર ભુલભરેલો હશે—ઘણું કરીને તે ભુલભરેલો હતો; પણ એમ છતાં એવો વીચાર તેઓ ખરેખર ધરાવતા હતા અને પ્રમાણીક લાગણીથી તે વીષે મને જણાવવામાં આવયું હતું. ટ્રસ્ટ દાખલ તેઓએ તદન સ્વાર્થ વીના કીમતી સેવા બજાવી છે અને ટ્રસ્ટોનો એ ચલાવેલો વહીવટ દોષરહીત છે. એ તરીકે તેમને તેમનો ખરચ મળ જોઇએ.

ખરચના સંબંધમાં મારો હુકમ થશે કે વાદીઓનો "પારટી અને પાર વચ્ચેના" "ટેક્ષ કરેલો" ખરચ અને દીઆને એટરની અને કુળ વચેનો

અરસ્પ પ્રતીવાદીઓના કાબુમાંના ધરમ ફંડોમાંથી ખરચ કરવો. જો વાદીઓ અને પ્રતીવાદીઓ ક્યા ફંડ કે ફંડોમાંથી ખરચ પુગાર કરવો તે બાબત એકમત થાય તો તેઓએ પસંદ કરેલાં ફંડ કે ફંડોમાંથી તે અપાવવો. નહી તો એ સવાલ અમારી આગળ લાવવો, અને અમો ધારે તે સવાલ અને ચુકાદો કરશું અથવા તે કામ કમીશનરને સોંપીશું.

આ ચુકાદો સમાપ્ત કરતાં મેસરસ લાઉનડસ અને લૅંગમેનનો તેઓએ મુકદમાની સુનાવણી વેળાએ કોરટને આપેલી ઘણી કીમતી મદદ માટે આભારની માહી લાગણી હું જાહેર કર્યા વગર રહી શકતો નથી.

નામદાર જજ મીં॰ બીમૅનનો ચુકાદો.

નામદાર જજ મી॰ બીમને પોતાનો ચુકાદો વાંચી સંભળાવતાં જણાવયું કે મુકદમાના પેહેલા ભાગના સંબંધમાં મારા ભણેલા મીત્ર સાથે હું તદન મળતો થાઉં છું. અમોએ એ મુકદમા ઉપર સંપુરણ રીતે વીવેચન ચલાવયું છે. દરેક અગત્યના મુદાઓમાં કેવી રીતના ઠરાવ ઉપર આવવું તેના મુખ્ય નીયમો અમે નકી કીધા હતા તથા એપ્રીલ માસમાં છુટા પડયા તે આગમચ અમોએ અમારા અનુમાનો નકી કીધા હતા. કરવાનું ફકત એટલુંજ બાકી રહયું હતું કે મુકદમાના તે વીભાગ ઉપર અમો વચ્ચે ચાલેલા વીવેચનના પરીણામોને સામટા ઘડી નાખવા. મારા ભાઇબંધ દાવરે અમારા એકત્ર ચુકાદાને જે શીલ સીલાબંધ રૂપ ઘણી કુશળતાથી આપયું છે તેની હું આભારની લાગણી સાથે પીછાન કરૂં છું.

તે છતાં મુકદમાની છેવટે આ મોહલું જણાયું હતું નહી કે મુકદમાના બીજા ભાગમાં સમાએલા તરેહવાર સવાલો ઉપર અમો તદન એકમત હતા. એપ્રીલ માસમાં હું હીંદ છોડી ગયો તે વેળા પ્રતીવાદી ટ્રસ્ટીઓ તરફથી વહીવટ ચલાવવામાં આવતાં ધારમીક ફંડોના લાભ ભોગવવાના જરથોસ્તી ધરમમાં વટલેલા જુદદીનોના હકના સંબંધમાં મારા ભાઇબંધ દાવરે જે તકરાર [illegible]તા તથા અનુમાન ખેંચતા હું સમજતો હતો તેની સાથે તદન મળતો થવાને હું તઇયાર હતો નહી. આથી અમો વચ્ચે એવી ગોઠવણ થઇ હતી કે એ બાબત ઉપર અમે અમારા જુદા ચુકાદા આપવા. અમો વચ્ચે એવી પણ ગોઠવણ થઇ હતી કે અમો સાથે મળયે અને ચુકાદા આપયે તે આગમચ જે વખત પસાર થાય તેટલાં મુખ્ય મુદાઓ ઉપર અમારે ચાલુ ધયાન આપવું તથા પરસ્પર વીચારો અદલબદલ કરવા કે જેથી જો બની શકે તો હેરફેર અભીપ્રાય આપવાની તથા વખતે જુદા જુદા ચુકાદા આપવાની જરૂરીઆત પણ દુર થાય. અમો વચ્ચે લંબાણ પત્રવેહેવાર ચાલયો હતો તથા હું મુંબઇ પાછો ફરયા પછી ફંડોના લાભમાં હીસ્સો મેળવવાના વટલેલોના હકના સંબંધમાં આખી જુબાની તથા અમને સુણેલી તકરાર અને વળી ધારાના હેમાયતીઓ તરફથી તેની તરફેણ અથવા વીરૂધમાં આણેલી દલીલો ઉપર અમો વચ્ચે લંબાણ વીવેચન થયું હતું. આ અંગત મસલત ઉપરાંત નામદાર જજ મી॰ દાવરના ચુકાદાના લંબાણ બીજા ભાગનો મેં સંભાળથી અભયાસ કીધો છે અને જોકે આ ગુચવણભરેલા સવાલના બધા ભાગો ઉપર અમો એકસરખી રીતે જોતા હોઇએ તે વીશે હું શકમંદ છું તે છતાં મને આથી મોટો સંતોષ ઉપજયો છે કે મુખ્ય ચુકાદા સાથે હું મળતો થાઉં છું. કદાચ હું લખાર જ

બીજી રીતે આ બાબત ઉપર વીચાર કરતો હોવાથી એવાં પરીણામ ઉપર હું આવયો છું પણ તે સાથી અગત્યનું નથી. હું ધારૂં છું કે એમ કહેવામાં હું ખોટી વડાઈ લેતો નથી કે જે જે છુટથી ટીકાઓ કીધી હતી તેને પરીણામે મારા ભણેલા ભાઇબંધના ચુકાદાના ઘણા ભાગોમાં ફેરફાર કરવામાં આવયો છે તથા તેથી એકસરખી પંકતી ઉપર આવી મુખય સવાલનો એકમતી જવાબ આપવાનું અમો બંને જણા માટે સહેલ બનયું છે, પણ મને લાગયું છે તથા હું એમ પણ સમજયો છું કે મારા ભાઈબંધ દાવરની પણ એવીજ ઇચછા હતી કે જે સવાલે મુંબઈની પારસી કોમમાં આટલી બધી લાગણી ઉપકેરી હતી તેનો ફડચો કરવા આગમચ મારે પણ મારી પોતાની તરફના ટીકા કરવા. હું આ ટીકા મારાથી બને એટલા ટુંકા કરીશ. ખરૂં જોતાં દાવર જજના ચુકાદામાં થોડાક વધારાના ટીકા ઉમેરીશ. મારી નેમ બને એટલી આ વાત ખોલ્લી કરવાની છે હું પણ એવો અભીપ્રાય શા માટે ધરાવું છું પોતાનાં ટ્રસ્ટ ફંડ તથા મીલકતોના ભોગવટામાંથી વટલેલોને બાતલ રાખવામાં ટ્રસ્ટીઓ વાજબી હતા તે બને એટલા થોડા તથા સાદા શબદોમાં મારાથી બને એટલું ખોલ્લું કરવું. પણ હું ઉમેદ રાખું છું કે મારા ટુંકા ચુકાદા ઉપરથી એમ નહી અનુમાન બેચવામાં આવશે કે આ મુકદમા ઉપર વીચાર ચલાવવા માટે મેં થોડોજ વખત લીધો છે. મારા છેલા રજાના દીવસો ઉપર મળેલી પુરતી ફુરસત વેળા દરેક બારીક બારીક વીગત ઉપર ધયાન આપવાનો મને પુરતો વખત હતો પણ મેં તેમ બે સબબોસર કીધું નહી. એક તો એ કે હું એવી ઉમેદ રાખતો હતો કે અમો હમણા જે બહોળાં પ્રમાણમાં એકમત થયા છીએ તેવીજ રીતે આખરે એકમત થઈશું તથા બીજું એ કે મારી ખાતરી છે કે જે ખરા સબબો ઉપર અમારો ચુકાદો રચાયલો છે તે મકમ પ્રકારના છે તથા તે ટુંકમાં સેહેલાઈથી સમજાવી શકાય તેવા છે.

૧૮૮૪ વાળું ટ્રસ્ટ ડીડ—તેનો લાભ કયા જરથોસ્તીઓ લઈ શકે ?

એક શરૂઆતના કાયદા સંબંધી વાંધાથી મારા ભણેલા બેરાદર અને મને પોતાને થોડીક ચીંતા ઉપજી હતી તથા ભારે ગંભીર મુશકેલી જણાઈ હતી અને મારે પોતાને માટે કહીશ કે ખરેખર મને ગંભીર શક ઉપજયો હતો. તે આ રીતે થયું. ૧૮૮૪ ના ડીડમાં જરથોસ્તી ધરમ પાળનારા સઘળા પારસી કોમના સભાસદોના લાભ માટે ટ્રસ્ટ હોવાનું જાહેર થયું છે. જયારે આ શબદો વાપરવામાં આવયા છે તયારે બે ચીજ આપણને યાદ રાખવાની છે: એક તો એ કે તે શબદો એક ઇંગ્રેજ લખનારે વાપરયા હતા કે જેને આ શબદોથી કેવી મુશકેલી ઉભી થશે તેનો સેહેજબી ખયાલ હશેજ નહી. 'પારસી કોમ' ના મેમબર એટલે શું હોવું જોઇયે અથવા થવું જોઇયે તે સવાલ ઉભો થયો હતો નહી, સાત વાદીઓમાં એકબી બહારની કોમનો જરથોસ્તી ધરમમાં દાખલ થયેલો માણસ નથી. અને પ્રતીવાદીઓ કહેતા હતા કે તેઓ આ મુકદમો ચોકસ ઠરાવેલા અથવા વરણવેલાં માણસો નહીં હોય તેવા તરફથી અથવા તેમને માટે માંડી શકે નહીં. મારા બેરાદર દાવર, જેવણે બહુ બાહોશ અને બહુ કાળજીમંદ રીતે વીચાર ચલાવયો હતો એમ માનવાને મને મોટાં કારણો છે, તેવણને એવા છેવટ ઉપર આવવાની ફરજ પડી છે કે તે વાંધો વજુદવાળો છે અને આ મુકદમો, જયાં સુધી આ દાદ માંગવામાં આવી છે તયાં સુધી નીશફળ જવો જોઇયે. મને કહેવાની જરૂર નથી કે મારા ભણેલા ગોઠયાના જ્ઞાન અને કાબેલીયત વીશે હું બહુજ ઉંચું મત ધરાવું છું અને તેવણના આવા પાકટ વીચારથી ખેંચેલાં છેવટ તરફ મારે માનથી જોવું જોઇયે અને જો તેથી હું જુદું મત બાંધતો હોવું તો અતીશય માનપુરવક લાગણી દેખાડીનેજ તેમ મારે કરવું જોઇયે.

વાદીઓએ પોતાના હક માટે ખરચેલી ગંજાવર રકમ.

એક હક જેને એક ખાસ તરીકે ગણી શકાય તે હાલમાં ધરમમાં દાખલ થયલાઓને માટે વીશમાં તેવી રીતે દાખલ થનારાં મેળવવાનો એટલે જાહેર ચોકસ લાભોમાં ભાગ આપવાનો લડત પારસી કોમના તવંગર અને [illegible]ણસો આગળ આવયા છે. આ સં

રજુ રીતે નીરણાયુ કરવાને સારૂ તેઓ પાણીની માફક નાણું વેર્યું છે, તેઓએ કાયદાશાસ્ત્રીઓના મંડળ અધિંય ખરચેથી ચુનંદા માણસોને રોક્યા છે, અને જરથોસ્તી ધરમમાં દાખલ થનારાઓને માટેનો મુકદમો જોરદાર બનાવવાને સારૂ માણુસજાતથી જેટલું બને તેટલું તેઓએ કરયું છે. એક ચોક્સ માણસ જે જરથોસ્તી ધરમમાં દાખલ થયો હોય તે મુકદમો ચલાવ્યો હોય તેવું કાંઈ નથી હમણાં હઈયાતી ભોગવતા માણસો માહેલો એકબી જનમ્યો હતો તેની અગાઉ જે બાબત છેવટની નક્કી થઈ હતી તેના સંબંધમાં જવાબ મેળવવાને સવાલ ઉભો કરવામાં આવયો છે. માણુસજાતના વેહવારમાં કદીબી નક્કી થઈ શકે તેમ આ નકી છે કે જરથોસ્તી ધરમમાં દાખલ થયલા આખા વરગ તરફથી આ વાદીઓએ જે કરયું છે અને જે ખરચ કીધો છે તે કોઈબી ખરચ કોઈબી વટલેલ કરી શકવાનો નથી અને કોઈબી કોરટમાં કહી શકવાનો નથી.

દાખલા તરીકે અમને ધારી લેવા દો કે બહુ હલકા વરગના કહેવાતા વટલેલોમાંના એકને—દુબળીના પેટના કોઈ ગેરકાયદેના બાળકને એક વાદી પક્ષકાર બનાવવામાં આવયો હતે. કોઈબી એવો મનુષય છે કે જે ગંભીરાઈથી એવી દલીલ રજુ કરી શકે કે મુદાઓમાં આવા એક વધારાથી વાદીઓનો દાવો મજબુત થયો હતે અથવા કોરટનો ચુકાદો વટલેલોની સામાનય રીતે વીરૂધ બનાવયો હતે અને હવે પછી થનારો અને થયલા સઘળા આબરૂદાર વટલેલોને માટે ઓછો ગેરવાજબી ચુકાદો બનાવયો હતે?

સુનાબાઈને પક્ષકાર બનાવવાથી શું અસર થતે?

એમ છતાં ફકત આ દલીલના કારણો ... ફરીથી જણાવું છું કે દાખલા તરીકે નાબાઈને સાક્ષી બનાવવાને બદલે એક બનાવવામાં આવી હતે તો પક્ષકાર ન... તેના આસામીની સામે ચુકાદો આપવા ...ભાવ સંપુરણ અને કારયસાધક રીતે દુર ...ી. ખરેખરો સંગીન તફાવત શું ...તે? બીલકુલ કાંઈજ નહી. તેણી જે ...હતી તે દરેક ચીજ તેણીએ અમને ...તેણી વટલેલ હોવાનો દાવો કરે છે; તેણીની જબાની અને ઉલટપાલટ જબાની લેવામાં આવી છે. તેણી એક પક્ષકાર નથી તે કારણથી એવું સુચવવામાં આવે છે કે આ ધરમાદા ફંડોમાં હીસ્સો મેળવવા માટેના વટલેલોના હકની સામે હાલ ચુકાદો આપી ઇનસાફ આપવાના ઉતમ રેવાજોનો અમે ભંગ કરયે છીએ. આ તેણી એક વાદી હતે તો સહેજબી દલગીરી વગર અમે બરાબર તેજ જબાનીઓ ઉપરથી એકના એકજ ચુકાદા ઉપર આવયા હતે. હું કબુલ કરૂં છું કે આ બીના જોઈયે તે કરતાં વધારે તીક્ષણ બુધી બતાવવાનું પરીણામ જણાય છે. વળી એવી સુચના કરવામાં આવી છે કે એક વટલેલ પક્ષકાર વાદીની ગેરહાજરીમાં આ દાવો પહેલેથી છેલ્લે સુધી વાદીઓ અને પ્રતીવાદીઓએ સાથે મળી ઉભો કીધો હતે નહી તેવી અમારી પાસે જામીનગીરી નથી. મને પુછવામાં આવે છે કે વટલેલોના હકો બાજુએ મુકતાં ચુકાદો મેળવવા માટે વાદીઓ અને પ્રતીવાદીઓ સાથે મળી આ કેસ ઉભો કીધો નથી તે અમે કેમ જાણવાના હતા? તેનો ટુંક જવાબ એ છે કે વાદીઓનો દાવો ચલાવનાર ભણેલા કાયદાશાસ્ત્રીઓ પહેલાં તો તેને વચન આપે અને તેઓએ જે ઝેહેમત લીધી છે તેવી શખત ઝેહેમત અને ખંતીલી કોશેશ બને પક્ષકારો સાથે, મળી જઈ મજબુત કેસ ઉભો કરી શકે તેવો કેસ બનાવવામાં લે એવી ભાગયેજ વકી છે.

કોઈએબી આ દાવામાં કાંઈબી ભાગ લીધો નથી, કોઈબી શખસ જેણે દાવાની સુનાવણીઓ વખતે હાજરી આપી હોય અથવા રીપોરટ વાંચયા હોય તે ખબરદારીથી એવો શક નહી લઈ જઈ શકશે કે કોઈબી એક અથવા દજનબંધ વટલેલો પોતા માટે જે કરી શકયા હતે તે કરતાં પઈસા અકલ અને મેહેનતથી થઈ શકતી કોઈબી ચીજ વટલેલો માટે વધુ કરી શકતે. તેટલા માટે તયારે કોરટ સનમુખ હાજર નહી થયલા શખસોને ગેરઈનસાફ કરવાના કોઈબી જોખમ સંબંધી હું મારા પોતા તરફથી કહી શકું કે એવા જોખમ માટે અત્રે હું ગંભીરાઈથી બોલવા માગતો નથી.

પણ હું આશા રાખું છું, કે હું આ તયાર આબમજનો બતાવી ચુકયો છું કે આ વાંધો ટકી શકતો નથી. આ વાંધો ફકત આ

મળવાને લગતી છે. પ્રકારોમાં એક જુદદીનને દાખલ કરવાથી શું બખાડાભરેલા સવાલ ઉપર એકના લાભમાં ભાગ જેટલું બી ભળવાળાનું વધારે કારણ નાંખવું ન હવે, બલકે નીયમનો બંધ બેસતાં બીજા યોગ્ય કારણો કામ લેવા સીવાય વધું કાંઈ પણ થઈ શકશે નહીં. વાદીઓની હારમાં એક જુદદીનને ઉમેરવાના સંબંધમાં 'હું હવે પછી વીસ્તારીને સમજાવીશ સમજાવીશ પણ તે પહેલાં મને વીચાર કરવા દેવો કે ૫૩૯ મી કલમની રૂએ આ મુકદમામાં કશી પણ દાદ આપી શકાય નહી. એવી લખવામાં આવેલી દલીલ સંગીન છે કે નહી. આ મુકદમામાં ચાલેલી તકરાર દરમયાન ભાવારથ ઉઠાવવાના સંબંધમાં તથા સુધારાના સંબંમાં ઘણીજ વખત લેવામાં આવયો છે. મને જો સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું ન હોય તો મને એવી સુચના કીધેલી જણાય છે કે ટ્રસ્ટડીડમાં સુધારો કરવાની માગણી એડવોકેટ જનરલના દાવામાં કહી શકાય એ સંભવીત છે" પણ કોરટને તો એવોજ ભાવાર્થ ઉઠાવવાને કહી શકાય કે આ બાબતમાં સીધી રીતે કોણનો લાભ છે? "કનસ્ટ્રકશન" અને "કનસ્ટ્રુ" શબ્દોના સંબંધમાં અત્રે ઘણી રમત કરવામાં આવી છે પણ હું તો તેમાં કશો એવો મોટો ચમતકાર જોઈ શકતો નથી. મને જે આ મુકદમામાં ધ્યાન આપવાનું છે તે એટલુંજ છે કે વાદીઓ કોર્ટ પાસે શું દાદ માંગે છે? જયારે ૫૩૯ મી કલમની રૂએ કોર્ટ સનમુખ એવો મુકદમો રજુ કરવામાં આવે ત્યારે કોર્ટ શું કરી શકે તે વાદીઓ જાણવા માંગે છે કે કેમ? આ કલમ ઉપરથી માલમ પડશે કે તેમાં નીચે, મુજબ દાખલા તરીકે સુચના છે :— "જયારે પણ આવા ટ્રસ્ટનો કારોબાર ચલાવવાને માટે કોર્ટની રાહાબરીની જરૂર પડે ત્યારે વાદીઓ ખાસ હેતુઓ માટે ડીક્રી મેલવી શકે અથવા એવી કાંઈ બીજી દાદ કોર્ટ ખુલી શકે." હું એમ સમજું છું કે મારા ભણેલા બેરાદરનો એવો અભીપ્રાય છે કે જે દાદ આપવાના સંબંધમાં આપણને લાગેવળગે છે તે દાદનો આ પાંચ હેતુઓમાં સમાવેશ થતો નથી. તે એકજ પ્રકારના નીયમો લેખવા જોઈએ. મારે અત્રે આ બીનાનો તો એકરાર કરવો જોઈએ કે આ ખચીતજ એક મોટી મુશકેલી છે અને જો મારો ભણેલો બેરાદર ખરો હોય,—અને તે ખરો હોય એમ ઘણો સંભવ છે—તો પછી આ બાબતનો છેડો આવી જાય છે. હું એકજ પ્રકારના નીયમોની ઝાઝી તરફેણથાય કરતો નથી. એ નીયમ ઘણો અનીશ્ચીત છે. એકજ પ્રકારની દાદ તે શું? ખચીતજ વધવ હારૂ રીતે એકબીજાને તદન મળતી આવતી બાબત નહીં. મને એમ લાગે છે કે વાદીઓ આવા પ્રકારના મુકદમામાં કોર્ટ કનેથી જેની કાંઈ ઘટતી લાગે એવી વધુ અથવા બીજી દાદો માંગે છે. દાખલા તરીકે તરકટ કરનારા ટ્રસ્ટીઓને દુર કરવા તથા તેઓને વીશ્વાસઘાત કરતા અટકાવવા. મેં જે કાયદા ટાંકી બતાવયા છે તે "એવી વધુ અથવા બીજી દાદ"ને વીચીત્ર રીતે લાગુ પડે છે. જ્યારે ટ્રસ્ટો ઘટતો કારોબાર ચલાવવાને માટે કોરટની રાહબરીની ઘટતી જરૂર જણાય ત્યારે ટ્રસ્ટમાં લાભ ધરાવતો કોઈપણ આસામી કોર્ટમાં આવીને એવી રાહબરી માટે માંગણી કરી શકે. હવે આવા એક ટ્રસ્ટ માટેનો કારોબાર ચલાવવાને માટે કેવી રાહબરીની વધારે જરૂર કહી શકાય

જુદદીનોને ફંડનો લાભ આપી શકાય કે ?

આવ ટ્રસ્ટ ફંડ અને મીલકતમાં લાભ ધરાવનારાઓ બે ભાગમાં વેંહચાઈ ગયા છે. અમોને એક મુશકેલ સવાલનો ફડચો કરવાનો છે, જે એ છે કે ફંડ અને મીલકતોનો લાભ જુદદીનોને આપવાની ધારણા રાખવામાં આવી હતી કે? કેટલાકો કહે છે કે એ ફંડો અને મીલકતો વટલેલોના ઉપયોગ માટે હતાં અને બીજાઓ તે બીના ના પાડે છે. ટ્રસ્ટીઓએ એક પક્ષ તરફની મજબુત વલણ અખતયાર કીધી છે અને ખુલી રીતે જાહેર કરે છે કે તેઓના મત મુજબ એ ફંડો અને મીલ
વટલેલોના ઉપયોગ માટે નથી, અને વળી જા
હેર કરે છે કે કામનો બાકીનો ભાગ પ
કરે કે નહી તોપણ સઘળા વટલેલોને
ત કરી તેઓ પોતાનો એ અભીપ્રાય અ
માં મુકશે. આ ખરેખર કાંઈ આ અથ
બા વટલેલના હકનો સવાલ નથી પર
તરંત ધારમીક સવાલ છે કે જે સઘળાં
ટાં જાહેર ધારમીક ફંડો અને ખાતાં
મુળમાં સમાયેલો પાદરી લઈ ઉ

કોઇપણ શખસ એમ માને છે કે તે આ ધરમમાં વટલાવવાનું ફરમાન છે અને તે ધરમ ફેલાવવા ચાહે છે અને વટલેલોને ધરમમાં લેવા માંગે છે તો મારા મત મુજબ બાબતને અણઘટતી રીતે મરડયા વગર કહી શકાશે કે તે શખસ ધરમ ગમે તે કહેતો હોય તોપણ વટલેલોને એબાદત કરવાના તથા બાશો ઠેકાણું પાડવાના મથકોનો ઉપયોગ કરવા તેમજ ફંડોનો લાભ મેળવવા હકી નથી એમ તમામ સ્થાનીક ધરમાદા ફંડોનો લાભ મેળવવાનો એકલો હક ધરાવતા શખસો જાહેર કરે છે તેમાં તેઓ ખરા છે કે ખોટા તે નક્કી કરાવવામાં સીધી રીતે લાભ ધરાવે છે, મારા વીદવાન બેરાદરે જે વીચારો બાંધ્યા છે તે જો બહાલ રાખવામાં આવે તો તેનું વયવહારૂ પરીણામ શું આવશે તે આપણે ખળવાર હવે જોઇએ. ૫૩૯ મી કલમની રૂએ આવા મુકદમામાં દાદ માંગી શકાશે નહી. ત્યારે માત્ર બીજા બે મુકદમાઓ સંભવીત લાગે છે. એક તો સાધારણ મુકદમો અને બીજો ૩૦ મી કલમની રૂએ અરધ સતાવાર મુકદમો. જેમ અત્રે સુચવવામાં આવ્યું છે તેમ અમોને ૪૩૭ મી કલમ ઉપરથી કશી પણ મદદ મળતી નથી. ધારો કે આ મુકદમો ઉલટાઇ જશે અને ધારો કે ટ્રસ્ટીઓએ કોઇ પણ વરણના જુદદીનોને બાતલ રાખવાને બદલે તેઓને દાખલ કરવાનો ઠરાવ કીધો હશે. હવે એમાં તો કશો શક નથી કે કોઇ પણ અસલી વીચાર ધરાવનારો પારસી જેણે કહેવાતા બંગી જુદદીનો સાથે એબાદત કરવાનો વાંધો લીધો હશે તેને ફરીયાદ કરવાનું સંગીન કારણ રહેશે. પણ જો તે ૫૩૯ મી કલમની રૂએ એ સવાલનો ફડચો લાવવા આ બાબત તે ઉપાડી ન લે તો પછી તેણે શું કરવું? તે ૪૩૭ મી કલમનો ઉપયોગ કરી શકે નહીં.

ટ્રસ્ટીઓએ એ જમવામાં પારસી કોમના મોટા ભાગની વીરૂધ જઇ જે પગલાં ભરવાનો ઠરાવ કીધો હતો તે રદ કરવાને માટે ટ્રસ્ટીઓને કોર્ટમાં ઘસડવામાં આવ્યા હોત.

શું જે અસલી વીચાર ધરાવનારી પને નુકસાન થયું છે તેઓએ શું ખાનગી મુકદમા લાવવાથી જો તેઓ તેમ કરે તો કોઇ પણ વટલેલ પક્ષકાર નથી: તે મુકદમો ટ્રસ્ટીઓ અને તેઓ વચેનો ગણાશે અને મુકદમાનું કારણ એકદમ નાશ પામશે. જો તેઓ અને તેટલા વટલેલોને પોતાની અંદર ઉમેરશે તોએપણ મુકાશે તો પક્ષકારોને જ બંધન કરતા થશે. હમણાં બે અથવા ૬ થી વધુ વટલેલો જણાતા હશે નહી. જો તેઓને ચોથી કલમ મુજબ જોડવામાં આવ્યા હોત તો તેઓને પણ ચુકાદો બંધન કરતા થઇ પડત. પણ જે દીવસે ચુકાદો આપવામાં આવે તેજ દીવસે બીજા દશ માણસોને વટલાવવામાં આવે અને ટ્રસ્ટીઓ કહે કે, " અમે આ માણસો માટે કાંઇ જાણતા નથી; તેઓને ખાસ નવા હકો પણ હોય. આપણે તેઓને અંદર દાખલ કરીશું. અને એજ રીતે બીજું ઘણું પણ કહે. કમનસીબ અસલી વીચારના પક્ષને આથી એક પછી એક મુકદમા લાવવા પડત, અને જ્યાં સુધી તેઓ અને ટ્રસ્ટનો નાશ થાત ત્યાં સુધી તેઓનો અંત આવત નહી. એજ રીતે હમણાંના મુકદમા માફકના મુકદમાનો પણ કદી અંત આવે નહી. કાયદાનો કાંઇ એ હેતુ ને હોય કે ધરમાદા ફંડનો નાશ થાય એવી રીતે મુકદમાઓ લંબાવયા કરવા. પણ જો તેમ ન હોય તો કાયદા બાંધનારાઓનો હેતુ એ હોવો જોઇએ કે ૫૩૯ મી કલમ પ્રમાણે આવા સવાલોનો હમેશ માટે નીરણય લાવવો. જો ધારા બાંધનારાઓનો એવો હેતુ હોત તો,—અને હું પણ ધારૂં છું કે તેઓનો તેવોજ હેતુ હતો.— વાદીઓએ જે વરગ માટે રેવાજ નક્કી કરવા આ દવો માંડયો છે, તેઓને તેઓ પક્ષકાર બનાવત. જે મુશ્કેલી વીષે હું આગળ બોલ્યો છું, અને હજી જે મુશ્કેલી મને નડે છે, તેજ મુશ્કેલી આ મુકદમામાં નડે છે, અને તે એ કે જેઓ ટ્રસ્ટમાં લાભ ધરાવતા હોય તેઓજ આવો મુકદમો લાવી શકે, કેમકે ૫૩૯ મી કલમમાં આ શબ્દો છે— " ટ્રસ્ટમાં લાભ ધરાવનાર, બે અથવા વધુ માણસો " હવે એ તો ખુલ્લું છે કે, આ મુકદમો લાવવાનો હેતુ એ છે કે વટલેલાઓ (નહી કે એક અમુક વટલેલ)નો ટ્રસ્ટમાં લાભ સમાયલો છે યા નહી ? તેઓને અથવા તેઓમાંના કોઇને પક્ષકાર વાદીઓ તરીકે જોડવાનું કામ અગાઉથીજ અમુક મુકદમાની લેવા જેવું ગણાય અખતેયાર કરનારાઓનો એક ભાગ જણાવે છે કે ટ્રસ્ટમાં વટલેલાઓ હીત ધરાવે

કે જ્યારે બીજા પક્ષ જણાવે છે કે તેઓ હીત ધરાવતા નથી. અને એવું જણાય છે કે જો આ સવાલ ૫૩૯ કાનુન મુજબ લાવી શકાતો હોય તો, તે સવાલ એવા માણસોથી લાવી શકાય કે જેઓને ટ્રસ્ટમાં હીત ધરાવતા સ્વીકારવામાં આવયા હોય અને જેઓ કોઈ ચોક્કસ માણસ માટે નહી પણ કારોબારના એક મોટા નીયમ ખાતર લડતા હોય. આ શરૂઆતના મુદ્દા ઉપરના મારા જાણીતા બીરાદર દાવરના અનુમાનથી વેગળા જવા માટે તેવણના તરફ અતયંત માન અને હોરમત સાથે મેં થોડાંક મુખ્ય કારણો દરશાવયાં છે. હું માનું છું કે અમને સતા છે; ઘટતી રીતે ઘડાયલા કેસમાં વાદીઓની અરજ ઉપરથી ૫૩૯ મી કલમ રૂએ ટ્રસ્ટના સ્થાપનારાઓએ વટલેલો તેમજ પારસી ધરમમાં જનમેલાઓના ઉપયોગ માટે તે સ્થાપવાનો ઇરાદો રાખયો હતો કે નહી તે સવાલમાં ઉતરવાની અમને સતા છે. હું ધારૂં છું કે, જ્યારે મુકદમો શરૂ થયો તયારે આ પ્રાથમીક મુદ્દાના ચુકાદા માટે પ્રતીવાદીઓના સલાહકારોએ અમને આગ્રહ કરયો હોત તો ઠીક હતું તેઓ બેશક એમ જવાબ આપી શકે:—"અમોએ લેખીત જબાનીમાં મુદ્દો લીધો; અમારા 'ઇસ્યુ'માં તે મુદ્દો ઉઠાવયો; એથી વધુ અમે શું કરીએ?"

પણ આ સંપુરણ જવાબ નથી. જ્યારે મુકદમો શરૂ થયો ત્યારે અમારે હમેશના રેવાજ પ્રમાણે ઝડપથી વાંચવામાં આવેલી દલીલો સાંભળવાની હતી.

તે પછી ૩૬ મુદ્દાઓ ઉભા કરવામાં આવયા જેમાં ઘણાક ગુંચવાડાભરયાં હતા. અમારે તે બનતી ઉતાવળે લખવાના હતા. આથી જજ માટેની ખરી અગત્યતા મુકદમાની ઉપજાવી કાઢવી એ તદન અશકય હતી. મુદ્દા લખાયા પછી અને તે પર વીચારવાનો વખત મળે તે પહેલાં મી૦ લાઉનડસે ઉઠીને પ્રતીવાદીઓના ધારાના હીમાયતી મુદ્દા ઉભા કરે તે સામે વાંધો લીધો. તેવણે વળી ઉમેરયું કે કોરટનું ધયાન ખેંચવા જોગ માત્ર એક કે બે મુદ્દા હતા. તેવણે અમને અમારા મુદ્દા વડવા જણાવયું અને વાંચી બતાવેલા ૩૬ ઇસ્યુ ધયાનમાં નહી લેવા જણાવયું કે એ સંબંધમાં મારા બેરાદર મી૦ દાવર કે જેઓએ નયાયાસને બીરાજ્યા તે અગાઉ ધારા સંબંધી જ્ઞાનમાં મોટો અનુભવ મેળવયો હતો તેઓએ—જણાવયું કે જેઓ કોર્ટમાં વારંવાર આવે છે તેઓને એ માલમ છે કે આરીજીનલ સાઇડપર શું રેવાજ હોય છે એ એક લાંબા વખતનો રેવાજ હતો; પ્રતીવાદીઓને "મુદાઓ" ઉભા કરવા દેવામાં દરેક જાતની બનતી છુટ આપવામાં આવે છે પણ બનતું એમ કે જેમ જેમ મુકદમો આગળ ચાલતો ગયો તેમ તેમ તેઓમાંનો મોટો ભાગ નકામો થઈ પડયો અને તેઓ કદી સાંભળવામાં આવયા નહી. આ સઘળો વખત પ્રતીવાદીઓના ધારાના હીમાયતીઓ બેશી રહયા અને કોઈ પણ ટીકા કરી નહી. અને મી૦ લાઉનડસે વાંધો ઉઠાવયા બાદ અને મી૦ દાવરે તેનો જવાબ વાળયા બાદ, તપાસ શરૂ થઈ. મારા વીદવાન મીત્રનો જવાબ, તેના ઉપર ફરીથી વીચાર કરતાં જણાય છે કે, એવો હતો કે જે સામે વાંધો લઈ શકાય, અને જેમ બનતું છે તેમ મુદ્દાઓની લાંબી ટીપમાં એવા પણ મુદ્દાઓ હતો કે જેઓ મી૦ લાઉનડ છે જેને અગત્યતા આપી હતી, તેથી જુદા હતા. નામદાર જસ્ટીસ દાવરે એમ સુચવયું હતું કે આ મુદ્દાઓનો મોટો ભાગ, હમેશના નીયમ પ્રમાણે રચાયલો હતો. તેઓએ એમ સુચવયું હતું કે, ઘણી વખત બને છે તેમ તેઓમાંના ઘણા સંબંધમાં આપણે ફરીથી ઘણું સાંભળવાની આશા રાખતા નથી. વાદીના ધારાના હીમાયતીએ જે અગત્યનું ધરયું હતું તે બધા તરફ અમારૂં ધયાન ખેંચાયું હતું. પ્રતીવાદીઓએ આ બધું સાંભળયું હતું. તેઓએ તે વખતે જોયું હશે કે મી૦ લાઉનડસે જે સમજુતી ઉપર મુકદમો ચલાવવા જણાવયું હતું. તે સામે એક મોટો શરૂઆતનો વાંધો હતો જે અમે જોઈ શકયા ન હતા. મને મને લાગે ખરો વખત હતો કે જ્યારે પ્રતીવ વીદવાન ધારાના હીમાયતીએ એવી ખબર આપવી હતી મુકદમાઓમાં ગમે તેવો હોય તે છતાં આ મુકદમામાં એક વાંધો હતો. અને જો તેણે ખુલ્લા સ્વરૂપમાં સમજાવયો હોત, તે સંબંધમાં દબાણ—દબાણ કર હતી—કરયું હોત તો અત્રે તે વી

કહેવાનું હતું. તે થોડા કલાકમાં સાંભળયું હોત, અને તે પર અમારો ચુકાદો આપયો હોત. જો તે ચુકાદો પ્રતીવાદીઓની તરફેણમાં હોત તો તરતજ મુકદમાનો અંત આવત નહી કારણ કે જો છઠા પ્રતીવાદીને એમ ખબર પડત કે જે બાબતમાં તેનો મોટો લાભ સમાયલો છે તેનો ચુકાદો આપવામાં આવશે નહી તો એ તો લગભગ ચોકસ છે કે તે લખતે, જે મુદા ઉપર મારા વીદવાન બીરાદરના ચુકાદાની શરૂઆતમાં વીવેચન કરવામાં આવયું છે, તે મુદદા ઉપર પોતાની દલીલો વાદીઓ બતાવત નહી. આથી કયાં તો વાદીઓએ પોતાના ફરીઆદનામામાં સુધારો કરીને યોગય પક્ષકારો કરયો હોત અથવા તો આખા મુકદમાનો ટુકમાંજ છેડો આવત પણ પ્રતીવાદીઓએ જે રસ્તો લીધો હતો તેણે તારા વીદવાન મીત્રના સંબંધમાં એક બહુજ અસંતોષકારક પરીણામ આવયું—અને મારા બાબમાં પણ વખતે તેમજ બનત. મહીનાઓ પછી અને હજારો રૂપયાનો ખરચ થવા બાદ, આખી કોમની લાગણી લાગણી ઉશકેરીને તેમજ કોરટમાં નહી ઇચછવા જોગ ઘણી જુબાની આપયા બાદ અને ટરસ્ટના પઇસા છુટથી ખરચયા બાદ તેમજ જે ખાનગી માણસો એમ માનતા હતા કે કોરટ જુદ્‌ીનોના સવાલની તપાશ હતી, તેઓના પણ ઘણા પઇસા ખરચાદ કરયા બાદ, અમને કહેવામાં આવે છે કે એ સવાલપર ચુકાદો આપવાને અમને ખરેખરી કોઇ સતા નથી, અને હું ધારૂં છું કે મોટે ભાગે તેઓનું કહેવું ખરૂં છે. હવે, હું એમ ધારૂં છું કે જ્યારે કોઇ મોટા મુકદમામાં વીદવાન ધારાના હીમાયતીઓ રોકાયા હોય ત્યારે તેઓ પાસે એવી આશા રાખવાનો કોર્ટને હક છે કે, હમણા જેવો અ
તો સવાલ જનમ પામયો છે, તેવો અ
ો સવાલ એક કલાક પણ દાબી મુકવો
હું ધારૂં છું કે અમને કહેવું જોઇએ
કે, જે વખતે મુદાઓ વાંચવામાં આવયા
પ્રતીવાદીઓ મુરબ્બીઆસથી આ બાબદ
ધાર રાખતા હતા,(૨) કે પ્રતીવાદીઓ
દાને એવો ધારતા હતા કે જેથી
ને લગતી બાબદમાં વાદીઓનો દાવો
થાત: (૩) કાયદાને લગતો શરૂઆત
થ હોવાથી પ્રતીવાદીઓએ તેજ વ
તેનો નીરણય કરવા ધ્યાન કરયું

હોત હમણા, જેમ બનયું છે તેમ, મારા બીરાદર દાવરનો ચુકાદો બીજી રીતે ઘણો કીમતી અને ઉપયોગી હોવા છતાં, આ મુદદા સંબંધમાં તેમનો ભાગ ઘણો અગતનો નથી. અને એ પણ ખરૂં છે કે જો તેઓ ખરા હોય તો હું જે કહું તે પણ તેવુંજ ગણાય હું એમ ધારયા વગર રહી શકતો નથી કે આ બીના નહી ઇચછવા જોગ છે. હમણાની રૂઢી ખામી વાળી હોય ? આપણી પોતાની ખામીઓના સબબે પણ એમ બનયુ હોય! બેશક જે જોખમદારી મારા ઉપર મુકવામાં આવી છે તે હું કાઢી નાખવા માગતો નથી. પણ એતો ખુલ્લું છે કે ધારાશાસ્ત્રીઓ અને જજો, એક ભારી મુકદમાની શરૂઆતમાં ઘણીજુદીરીતેમુકાયલા હોય છે. એક ધારાશાસ્ત્રી તેને લગતી દરેક વીગત જાણતો હોવાનું ધારી શકાય. તે તેની નબળી અને મજબુત બાજુઓથી વાકેફ હોઇ શકે. દરેક જજને દરેક મુકદમામાં ખુલ્લા સ્વચછ દીલે આવવું પડે છે અને તેથી જ્યારે મુકદમો ગુચવણ ભરયો હોય ત્યારે દરેક ધારાના હીમાયતી તરફથી તેને જો ખુલ્લા રદયે મદદ મળે નહી તો તેની સ્થીતી ઘણી ગેરલાભ થઇ પડે છે. હવે હું ટુંકમાં મુખય સવાલ વીશે બોલીશ. મુદ સવાલ સમજવા માટે અને અમારી સનમુખ સવાલ જે રીતે આગળ વધારવામાં આવયો છે તે રૂઢી સમજવા માટે આપણે ફરીથી ૧૮૮૪ ના ત્રસટડીડ ઉપર નજર દોડાવવી જોઇયે. મેં જણાવયું છે તેમ અત્રે ત્રસટીઓ પોતાને "જરથોસતી ધરમ પાળતી પારસી કોમના મેમબરો" ના લાભ માટેના મુંબઇના પારસીઓના તમામ જાહેર ધારમીક ખાતાંના ત્રસટીઓ તરીકે જાહેર કરે છે; અને પાછળથી જયારે એક પરદેશી વટલેલને દાખલ કરવાની તજવીજ થઇ તયારે તેઓએ તે ડીકલેરેશનના શબદોનો અરથ એવી રીતે કીધો કે જેથી તેઓના ત્રસટના લાભોમાંથી પારસી માબાપને પેટ નહીં જનમેલાં અથવા ઇરાની પારસીઓની વયાખયામાં નહી આવતા સઘળા લોકોને બાકાત કરી શકાય; અને વળી પારસી બાપના છોકરાને હક આપી પારસી બીન પેટ જુદદીન પીતાથી થવેલાં છોકરાંઓને બાકાત કીધાં છે. તે સામે વાદીઓ વાંધો લે છે.

તેઓ પ્રથમ એવી દલીલ લાવે છે કે જે રૂપમાં એ શબદો કહ્યા છે તે રૂપમાં

ટ્રસ્ટીઓએ તેનો અરથ ખોટો કરયો છે; બીજું જો એજ શબ્દો ટ્રસ્ટની સ્થીતી અને હેતુ બરોબર બતાવતા હોય તો, પ્રતીવાદીઓએ તેનો ખોટો અરથ કરયો છે. વાદીઓ કહે છે કે એ શબ્દો પોતે વાંધા લેવા જોગ ન હોય, પણ તેના ખરા અરથમાં જે આ જુદદીનમાંથી વટલીને તે બાદ જરથોસ્તી ધરમ પાળતા હોય તેઓનો સમાવેશ પણ થઈ જાય છે. બીજા શબ્દોમાં પારસી કોમનો અરથ એવો થાય છે કે જેઓ પારસી અથવા પવીત્ર જરથોસ્તી ધરમ પાલતા હોય તે. અને વાદીઓ આ વાદની બીના, મુંબઈના પારસીઓમાં અસલથી ચાલતા આવેલા રીવાજને લગતી શહાદતો, તેમજ જે વખતે ટ્રસ્ટ સ્થાપવામાં આવયું તે વખતે તેના સ્થાપનારાઓનો શું હેતુ હતો તે સંબંધમાં બનતી જુબાનીઓ, રજુ કરી, સાબીત કરવા માગે છે. આ સામે તરતજ બજબુતીથી વાંધો ઉઠાવવામાં આવયો હતો. પ્રતીવાદીઓ કહે છે કે " ઠગાઈઓને લગતા કાયદા " પ્રમાણે સને ૧૮૮૪ ના દીડની અગાડી વાદીઓ જઈ શકે નહી. હું એકદમ જણાવીશ કે મારા ભણેલા બીરાદર અને મેં પોતે એ બાબે અમારી સનમુખ દીવસો સુધી રજુ કરવામાં આવેલી લંબાણ તકરારો ઉપર સંપુરણ વાદવીવાદ ચલાવયો હતો. અમોએ સઘળી સાહદતો વાંચી તે ઉપર ઘટતો વીચાર ચલાવયો છે. કેસ પુરો થયો તેની લાંબો વખત અગાઉ અમો એકમતી ઉપર આવયા હતા કે પ્રતીવાદીઓની એ દલીલ નહી ટકી શકે તેવી છે. હાલ હું એટલુંજ કહીને સંતોશ પકડીશ કે આ વાંધાનો ફેંસલો કરવામાં મારા ભણેલા બીરાદરને મહોડેથી જે બોલાયું છે તે સાથ હું તદન મળતો થાઉં છું. અમોએ જે મુખય કારણો ઉપર અમારા ચુકાદાનો આધાર રાખયો છે તે સાથે અમારા ભેગા વીચારો વખાણવા લાયક રીતે જણાવયા છે. અને બનતા સુધી ભારે શબ્દોને બદલે સાદા શબ્દો વાપરી હું તેમાં એટલું ઉમેરીશ કે જ્યાં કેટલાક માણસો કસમ ઉપર એક સવાબાર દસ્તાવેજમાં એમ જણાવે કે તેઓ મીલકતો અને નાણા ટ્રસ્ટ તરીકે ધરાવે છે: જ્યાં તેઓ ટ્રસ્ટના હેતુઓ પોતાની સમજ પ્રમાણે સમજાવે છે; જ્યાં ટ્રસ્ટની સ્થાપનાને લગતા દરેક દસ્તાવેજો તેઓની પાસે હોય. ત્યાં મને એમ લાગયું અને હજી પણ મને એમ લાગે છે કે, તેઓએ જ્યારે કોઈને તેની તપાસ કરવાની તક મળે છે ત્યારે તેઓ ટ્રસ્ટના સ્થાપકો શું ધારતા હતા તેને લગતી મુખ અથવા લેખીત સાબીતીઓ અટકાવવા પ્રયતન કરે એ તદન બેહુદું છે. વાદીઓ કહે છે કે તેઓ બીજી બાબત વીશે બોલતા હતા: પ્રતીવાદીઓ કહે છે કે તેઓ જુદીજ બાબત ધારતા હતા. પ્રતીવાદીઓ કહે છે કે ઠગાઈને લગતા કાયદાની સાતમી કલમના સબબે વાદીઓ જે કહે છે તે સાબીત કરી શકશે નહી. તેઓ કહે છે તેનો અરથ આ થાય છે. અમે એ કાયદાના સબબે કાયદાસર સતાધારીઓ છીએ. અમેજ માત્ર ફંડની સ્થાપના કરનારનો શું હેતુ હતો તે નકી કરવાની સતા ધરાવીએ છીએ. આજ સુધીના ચુકેલા મુકદમાઓમાં એવો એક પણ મુકદમો નથી કે જેમાં ઠગાઈને લગતા કાયદાની કલમનો આવો અરથ ઉઠાવવામાં આવયો હોય. જો તેવા અરથ ઉઠાવવામાં આવે તો એ કાયદાને ઠગાઈ અટકાવનાર નહી પણ તે વધારનાર કાયદો કહી શકાય. મારા મત પ્રમાણે એ કાયદાની જે કલમપર પ્રતીવાદીઓ આધાર રાખે છે તે કલમ ભુતકાળમાં આ દેશને લાગુ પડી હોય યા નહી તે સવાલ બાજુએ મુકતાં, હવે તો આ દેશને લાગુ પડે એમ નથીજ. અને એટલી પણ મને ખાત્રી છે કે ધારો કે તે કલમ આ દેશને લાગુ પડે છે તે છતાં રોકફોકલડ વીરૂધ બાસટેડનો ચુકાદો તે સંબંધમાં સંતોષકારક ખુલાસો આપે છે, અને હમણા એ વાતનો શક નથી અને કદીએ હતો નહી કે વાદીઓ જે રસ્તે કામ લેવા માંગે છે તેજ રસ્તે કામ ચલાવી શકાય અને માટે બીજો રસ્તો છેજ નહી અમારે કોઈ બાબત નકી કરવાની હોય તો એ છે કે ટ્રસ્ટીઓને જેઓએ નાણા આપ્યા હતા તેઓનો હેતુ શું હતો અને તે હેતુ ઓ બજાવવા હતા કે નહી. ભુતકાળની ઠીક તપાસમાં ઉતરીને તેને લગતી જુબાની આથીક તપાસ લીધા વગર એ કેવી રીતે પાર પાડી શકાય? પ્રતીવાદીઓ ટ્રસ્ટીઓ હોવાનું કસમપર જણાવે છે ને ટ્રસ્ટીઓએ " ઠગાઈના કાયદા " ની

છળ ભરાઈને તેઓપર આરોપ મુકનારને એમ કહેવું ન જોઈએ કે, " અમને સોંપવામાં આવેલા પ્રશ્નનો અર્થ જે અર્થે કરીએ છીએ તેનાથી વધુ તમે કાંઈ પણ સાબિત કરી શકશો નહી " અરેખર એક ' ટેકનીકલ ' અટકાવ—કે જે કદી પણ મુકવો જોઈતો હતો નહી. દુર કરીને પણ આપણે રજુ થયેલી જબાનીઓજ દોરાવું જોઈએ. અમારી તપાસ એવી રીતે વીસ્તારવી નહી જોઈએ કે જેથી સાંભળેલી બીનાને અથવા કોર્ટમાં નહી સાબિત થયેલી બીનાને લગતા થયે. ઘણી બાબતોમાં, મને પોતાને એમ લાગ્યું હતું કે અમે અમારી ફરજોથી આગાડી વધી, ખરૂં જોઈએ તો જે સુણાની કહેવાય નહી, તેના લખાણથી અમારી નોંધો ભરતા હતા. પણ મારા વીદવાન મીત્રે એમ ધાર્યું હતું કે આવા મુકદમાઓમાં જો આપણે ભુલ કરીએ તો તે ભુલ છુટછાટની તરફની હોવી જોઈએ. અને મોટે ભાગે તે ખરા હતા. જ્યારે મુકદમો પુરો થાય ત્યારે ખરાબ જબાનીથી સારી જબાની જુદી પાડવાનું કામ ઘણું સહેલું છે. પણ જ્યારે તપાસ ચાલુ હોય અને તેનો બોજો પડયો હોય ત્યારે તે તેટલું સહેલું નથી હોતું. આ બારીક તપાસ પછી અમારી નોંધમાં ઘણી નકામી અને બીનઅગતયની બાબતો માલમ પડે તો મને ખાત્રી છે કે મારા વીદવાન મીત્રનો લંબાણ ચુકાદો એમ ખાત્રી કરી આપશે કે અમે તે ભાગને કાંઈપણ વજન આપ્યું નથી.

૧૮૮૪ ના ડીડનાં શબ્દો અને પાછળથી તેનું જે બંધારણ કરવામાં આવ્યું તે માટે વાદીઓનો કેસ એ છે કે આ સઘળા ટ્રસ્ટો જાહેર ધારમીક એનડાઉમેંટો અને ધરમાદા ફંડો છે. તે ફક્ત કોમી કામ માટે [illegible], પણ ધારમીક કામો માટે સ્થાપવામાં [illegible]વ્યાં હતાં. તરફ રજુ કરવા મુજબ તેના [illegible]કોએ પારસીઓનાજ ફક્ત જાહેર ધાર[illegible] ખાતાઓ માટે તે નહી હોવાથી એ ધ[illegible] પાળનારા સઘળા શખશોના લાભ માટે [illegible]વાનો ઇરાદો રાખ્યો હતો. ત્યારે કોણ [illegible]રમ પાળે છે જેઓ એ ધરમમાં જનમ [illegible]ઓજ તે ધરમ પાળે છે એમ કહી [illegible] ? ખચીતજ નહી. કારણ અમે સહે[illegible] પુરવાર કરી શકીશું કે (અને આમા[illegible] નમુના વારંવાર તે કબુલ રાખવામાં આવ્યું છે) જરથોસ્તી ધરમ આગળમાં બીજાઓને વટલાવનારો ધરમ હતો; તેના ફરમાનો વટલાવવાની પરવાનગી આપે છે એટલુંજ નહી પણ તેમ કરવાની ખાસ આજ્ઞા કરે છે. તેટલા માટે એવું ઠરે છે કે એક ધરમ જ્યાં વટલાવવાનું એવી રીતે ફરમાવે છે અને તે ધરમ પાળનારા એકીનદાર શખશો એબાદત કરવા તથા આશીર્વાદ માણી પાડવાની જાહેર જગાઓ તે ધરમ પાળનારાઓના ઉપયોગ માટે સ્થાપી જાય ત્યાં તેઓએ આવા એનડાઉમેંટોના લાભોમાં ધરમમાં વટલેલા શખશોને હીસો અપાવવાનો ઇરાદો રાખેલો હોવો જોઈયે—તેવો ઇરાદો રાખેલો ધારવો જોઈયે. આ સીવાય બીજો કોઈ વીચારો એકદમ આ વહેવારૂ મુરખાઈભરયા અનુમાન ઉપર દોરવે છે કે તમારો બીજાઓને વટલાવવાનું ફરમાન આપનારો મોટો ધરમ ધરાવો છો અને ને છતાં જાહેર ધારમીક પ્રસાદમાં કાંઈબી અથવા થોડોબી ભાગ વટલેલોને આપવાની ના પાડે છે. હું માનું છું કે વાદીઓની મુખ્ય તકરારનો આ ખરો વાજબી ખોલાસો છે. એ દલીલ ઘણી મજબુત અને અસરકારક છે. ઘણાય મહીનાઓ સુધી, આખા મુકદમા ઉપર વીચાર ચલાવ્યા બાદ, મને તે કબુલ કરવી પડી હતી. મને તેની સાદી કરકથી ઘણી અસર થઈ હતી, અને મારે કહેવું જોઈએ કે એ નીરણયપર આવવામાં મુખ્ય જબાનીમાં રજુ થયેલી કેટલીક બીનાઓની મેં મારાપર અસર થવા દીધી નહતી. એ તરફની કેટલીક નબળી બાજુપર વાદીઓના વીદવાન અને કાબેલ ધારાશાસ્ત્રી મી૦ લાઉંડસનું ધ્યાન ખેંચાયું હતું અને તેઓએ કોર્ટને અરજ કરી હતી કે આવી વધુ જબાની તેઓ લાવે કે કેમ તે નકી કરવા કોરટે તેમને મદદ આપવી અમે તો બેશક કાંઈ પણ કહેવાની સ્થીતીમાં હતાજ નહી અને મી૦ લાઉનડસે વખમાંથીજ એવી વધુ જુબાની લાવવાનું બંધ એ જબાનીના સંબંધમાં મારા બેરાદર દાવર લંબાણું વીચારો જણાવ્યા છે. જેઓ એ વધુ થયેલી જબાની સાંભળી હશે, અથવા જેઓએ તેના અભ્યાસ કરવા તસદી લીધી હશે તેઓ જોઈ શકશે કે હબશીઓને લગતી કેટલીક અધિકતથ્ય રૂપ બાબતો સીવાય, વટલાવવાની સવાલને જે રીતનો અર્થ આપવામાં આવ્યો હતો. તેવો અર્થ આ

ખવામાં આવ્યો ન હતો. પારસી ધરમમાં અને કોમમાં ગેરકાયદે જનમેલાં બાળકોને અને બહુ ઉદાર દીલથી નરમ ભાષામાં બોલવે તો રખડતાંઓને દાખલ કરવાં અને ઉમરે પુગેલા માણસોને એક ધરમમાંથી બીજા ધરમમાં લેવાં એ બે જુદી બાબતો છે. ઉપરથી જોરાવર દાખલો સુનાબાઈનો છે. અને અગર આપણે એમજ માનીયે કે તેણીના સંબંધમાં જે સબળાઓએ જબાની આપી છે તે ખરી છે અને સાચી સીવાય બીજું કશું નથી તોપણ તેથી શું સાર નીકળે છે? તેણીને બાળપણમાં એક પારસી કુટુંબમાં છુપીથી દાખલ કરવામાં આવી હોયની, તે કુટુંબની બેટી માફક ઉધારી ાય સદરો કુસતી પહેરાવવાં હોય અને એક પારસી સાથે પરણાવી હોય અને તે પછી આતશબેહરામોમાં તે દાખલ થઈ હોય પણ તેણીની બુનીયાદ વીશે કોણ જાણી શકવાનું હતું ?

બાકીની જબાનીના સંબંધમાં માત્ર એટલુંજ ખુલ્લું થાય છે કે પારસી પીતાઓના ગેરકાયદે જનમેલાં બાળકો ચોરી છુપીથી કોમમાં ઘુસાડી દેવામાં આવયાં હતાં, જે બનાવો ખાસ કરીને, મોફસીલમાં બનયા હતા કે જયાં પારસીઓ વેરાઈ વીખેરાઈને છુટા છુટા પડેલા હતા અને તેઓ કોમી અંકોશ હેઠળ ઘણા થોડા હતા. જો કોઈ જુના વીચારના ધરમી પારસીને સુનાબાઈ મોટી થઈ તે પછી તેણીને માટે શક ઉપજયો હતે તો તેને ઘણું કરીને એમ સમજાવી લેવામાં આવયો હતો કે તેણીના પાળક પીતાની તેણી કુદરતી અવતરેલી બેટી હતી. એટલી મોટી સંખયાના આબરૂદાર પારસી કુટુંબોમાં એટલી મોટી સંખયામાં ગરીબ બીચારાં હતાં કે શક ભરેલાં ધારણને ખાતર તે મોઈ નાખવાને કોઈબી માણસ આતુર થાય નહી. સુનાબાઈ જયારે મુંબઈ જબાની આપવા આવી તયારે જે બનયું હતું તેને એજ બાબત લાગુ પડે છે. તેણીએ આતશ બેહરામોની મુલાકાત લીધી હશે એ વીશે મને શક નથી પણ એક પારસી સ્ત્રી જેવો તેણીએ પોશાક પહેરયો હતો માટે તેણીના સંબંધમાં કોઈ માણસ શું જાણી શકે !

હું એમ કહેતો નથી કે જો ધરમગુરૂઓએ તે વાત જાણી હોત તો તેઓએ તેણીના હાંકી કાઢી હોત. તે હદપાર જવાનું બણાત, વાદીઓનો મુકદમો એ છે કે તેણી વટલાએલી હતી તેથીજ તેણીને જાહેર આતશબેહરામોમાં જવા દેવામાં આવતી હતી. મને જે કહેવાનું ખરૂં લાગે છે તે માત્ર એ છે કે તેણી વટલાએલી હતી યા નહી તે માટે કોઈ બીજો કેવી રીતે જાણી શકે ? જો તેણીએ પોતે જરથોસ્તી ધરમમાં દાખલ થયા બાદ પોતાને હીંદુ તરીકે જાહેર કરી હોત તો તે બાબત જુદીજ હતી. પણ તેમ કાંઈ બનયું હોય એમ જણાતું નથી. ધારો કે અમે અંગ્રેજો, મુંબઈના અસલ વીચારના પારસીઓ જેવાજ વીચારો ધરાવતા હોઈએ તે છતાં સેંટ પોલના દેવળમાં ભેગા થયેલા દરેક માણસને એ વાતની કયાંથી ખબર પડે કે આના દરેક માણસમાં જે ગુણો હોવા જોઈએ તે દરેક હતા? સુરત ખાતે તથા બીજે સ્થળે વટલેલાઓને લગતી બધી મોઢેની જુબાની હું તદન નકામી ગણું છું. બેશક જો વાદીઓ એમ સાબીત કરી શકયા હોત કે તેઓની કોમમાં લાંબો વખતથી એવો રીવાજ છે કે પરધરમના વટલેલાઓને કોમમાં દાખલ કરીને તેને કોમને લગતા દરેક ધારમીક હકમાં પણ સામેલ કરવામાં આવે છે તો તેથી તેઓને ઘણો ટેકો મળત. પણ તેઓ એમ કરવામાં નીવફળ થયા હોવાથી, કાંઈ તેઓને તેટલાજ પ્રમાણમાં નુકસાન થતું નથી. ખરેખર, હું ધારૂં છું કે જુદી જુદી વખતે રીવાજ ઉપર મોટો ભાર મુકવામાં આવયો છે. મેં પહેલાંથીજ ધારયું હતું કે જ્યારે વાદીઓ, એમ નકી કરી શકત કે (૧) જરથોસ્તી ધરમ વટલાવવાને છુટ આપતો હતો અને (૨) મુકદમા બતલાવવામાં આવેલી મીલકતો અને ફંડો, મુંબઈની આખી જરથોસ્તી કોમની બધી જાહેર મીલકતો હતી, આ
ર પ્રતીવાદીઓને માથે એ બાબત સ
કરવાની રહેત કે એ જાહેર મીલકતે
ફંડોનો લાભ વટલેલાઓને આપવાનો
જ નથી. પણ વાદીઓ એકદમ આ
એમ અમને દેખાડવાને તઈયાર થય
લા નજદીકના વરસો દરમયાન
વાર જુદદીનોને આતશબેહરામો
દોખમાઓનો લાભ લેવા દેવામાં આ
તો. જુબાની ઉપરથી માત્ર એટલું
ય થાય છે કે મોફુસીલના ઘણા પાર
જુદદીન સ્ત્રીઓને રાખી હતી, તેથ

છોકરાં થયાં હતાં અને તેઓને પારસી તરીકે ઉછેર્યાં હતાં પણ પ્રતીવાદીઓ તો એવા વટલેલાઓને પારસી કોમમાં દાખલ થવાની વાત કબુલ કરે છે, અને તેઓ કબુલ કરે છે કે એવા છોકરાઓને જરથોસ્તી કોમમાં દાખલ કરી શકાય. મુખ જુબાનીપર આધાર રાખીએ તો આટલે સુધી તો થોડા વખત ઉપર હવામાં બખેડા ભરતા જેવી વાદીઓની સ્થીતી થઇ હતી. ખરૂં છે કે આ જુબાની "વટાળવું" એ શબ્દનો ખરો અર્થ સાબીત કરાવવા લાવવામાં આવી હતી, પણ કોઇ પણ ગંભીરાઇથી કહી શકશે નહી કે તેમ થાય છે. પ્રતીવાદીઓ જેની ના ના પાડે છે તે બીના એ છે કે પરદેશી વટલેલ કે જેની નસોમાં કોઇપણ જાતનું પારસી લોહી વહેતું નથી, તે પારસી કોમમાંનો એક થઇ શકે નહી, અને તેઓને ધારમીક તેમજ ધરમાદા ખાતાઓના લાભ મળી શકે નહી. અને હું કહી શકતો નથી કે જે મુખ જુબાની રજુ થઇ છે તે આવો કોઇપણ દાખલો અથવા તેને થોડી રીતે મળતો દાખલો, પુરો કરે છે.

એક મુખ્ય કારણ એ છે કે પહેલી બાબતમાં તમામ સંજોગો એકદમ જણાઇ આવે ત્યારે બીજી બાબતમાં એટલો તો ભેદ થઇ શકે રહે કે દત્તક લીધેલું બાળક પરદેશથી પ્રગટ છે કે પારસી પોતાનું ગેરકાયદેસર સંતાન છે. જ્યારે પારસી પોતાથી પેદા થયાં બાળકોથી અલાહેદાં અર્થાત તદન જુદદીન બાળકો ટરસ્ટની મીલકતોનો લાભ લેવા હકદાર છે કે નહી તે સવાલનો નીકાલ કરવાની માગણી કરવામાં આવી છે ત્યારે વાદીઓએ રજુ કીધેલા મહોડેના પુરાવા તદન નકામા જણાઇ આવે છે. લેખીત પુરાવો તેવો નથી. પરંતુ તે બીજે
હું વીચાર કરૂં છું ત્યારે હું એક
ાય ધરીશ. જે એ બાબતને આ મુ
અયોગ્ય આગેવાની મળી છે. મારૂં
ાડું પણ હોય. પરંતુ મારૂં એમ
કે પ્રતીવાદીઓએ, તેઓ જેને
ી નીરંતર ચાલતી આવેલી હીંદ
પારસીઓની એક સરખી રીત
ા ઉપર મજબુત નામદાર બાં
ુરતા માન સાથે હું જણાવીશ કે
ી મારા વીદવાન મીત્ર ઉપર
થઇ હતી. મને તેની કાંઇ અ

સર થવા પામી નથી. સ્થીતી શું છે? પ્રતીવાદીઓ કહે છે કે તેઓનો ધરમ જુદદીનોને પોતાના ધરમમાં દાખલ કરવા ફરમાવે છે. પણ તેઓ કહે છે કે બારસો વરસ અગાઉ પારસીઓ ઇરાનથી આ દેશમાં આવ્યા તે પછી હીંદી જરથોસ્તીઓ, જેઓ સામાન્ય રીતે પારસીઓ તરીકે ઓળખાય છે, તેમણે કદી પણ ધરમની તે આજ્ઞાનો અમલ કીધો નથી. પારસી ધરમમાં જુદદીનોને દાખલ કરવાની આજ્ઞાતો છે પણ રીવાજ તેથી ઉલટોજ ચાલ્યો હતો એમ પુરવાર કરવાને તેઓ એ બીનાનો આધાર લે છે કે કોઇ પણ જુદદીનને ધરમમાં દાખલ કરવામાં આવ્યું નથી. આના સંબંધમાં કેટલાંક વરસો અગાઉ નામદાર જજ મી० સ્કોટ જે० એ આપેલો ચુકાદો રજુ કરવામાં આવે છે તેમાં તે નામદારે ઠરાવ્યું હતું કે સ્થાપીત થયેલો રીવાજ ધારમીક નીયમનું ઉલંઘન કરે. તે વીદવાન જજે જણાવ્યું હતું કે, જરથોસ્તી ધરમ બાળલગ્નની વીરૂધ છે પણ હીંદી જરથોસ્તીઓ બાળલગ્ન કરે છે એમ મને ખાત્રી થઇ છે તે નામદારે બાળલગ્નની તરફેણમાં ઠરાવ કીધો હતો. એ મુકદમાના સઘળા સંજોગો જોતાં મી० સ્કોટનો તે ચુકાદો ઘણોજ યોગ્ય અને વ્યાજબી હતો. પણ તેની હાલના સવાલ ઉપર શું અસર થાય છે? હું નથી ધારતો કે તેની એ સવાલ ઉપર કાંઇ અસર થઇ શકતી હોય. હકાર અને માત્ર કહેવાતા નાકાર વચ્ચે પુરતો અને ખુલ્લો ફરક છે. સખત રીતે નકારવામાં આવેલી બાબત રૂઢી કે રીવાજ હોઇ શકતો નથી. માત્ર એક આજ્ઞાનો અમલ ન થયો તેટલાજ ઉપરથી ઉલટો અર્થ બાંધવાની દલીલ કરવી તે દેખીતી રીતે અજુક્ત છે. જરથોસ્તી ધરમ જુદદીનોને તેમાં દાખલ કરવા ફરમાવે છે, પણ અમે ઘણાં વરસોથી કોઇને ધરમમાં લીધા નથી. એટલા માટે અમો તે ધરમને પાળતા અને તેમાં સઘળાં ફરમાનોને માન આપતા હોવા છતાં ધરમની સ્પષ્ટ આજ્ઞાઓ રદ કરવાને અમો જુદદીનોને ધરમમાં નહી લેવાના રીવાજ ઉપર આધાર રાખીએ છીએ. પ્રતીવાદીઓ ઉપર પ્રમાણે આ બાબતમાં કહે, અને તેને નહી બનવા જેવું જણાવી બાજુએ મુકવાનીજ જરૂર છે. એક ચીજ નહી કરવાનો રીવાજ હોઇ

શકે નહી. સંજોગોના સબબે એ કામ નહી ઇચ્છવા તેમજ નહી બનવા જેવું થઇ પડયું હોય અને તેથી તેવા બનાવો ના બનયા હોય. પણ જ્યાં સુધી મુખ્ય સીધાંતો ફેરવાય નથી ત્યાં સુધી તે મુજબ વરતવાની અથકતી અવા નામરજીની ખાતર તેની જરૂર ઓછી કરી શકાય નહીં. પ્રાચીન કાળના પારસીઓની જુદદીનોને પોતાના ધરમમાં લેવાની જેટલી ફરજ હતી તેટલીજ ફરજ આજનો દરેક પવીત્ર જરથોસ્તી તેમ કરવાના સંબંધમાં ધરાવે છે. એ વાત સ્વત: સીધ છે.

હવે આપણે કહેવાતા નહી ચાલતા રીવાજ અને અસલ ફરમાનના સંબંધમાં વધુ બારીકીથી વીચાર કરીએ. આ બાબતમાં પ્રતીવાદીઓમાંના ઘણાજ જુના વીચારવાળાઓએ પણ સ્વીકારયું છે કે અમોએ હીંદુસ્તાન ખાતે આવયા પછી જુદદીનોને ધરમમાં દાખલ નથા કરયો તેનું કારણ એજ કે અમારાથી તેમ બની શકયું નહી. એ ખોલાસો અલબત પુરેપુરો ખરો છે. પરંતુ એ ફરમાનનો ઉપયોગ કરવાના સંબંધમાં હવે જે અશક્તી બતાવવામાં આવે છે તેની કેવી અસર થશે. વીગતો ઉપર ધયાન આપીએ. એસલામી ધરમનો ફેલાવો થતા પહેલાં જરથોસ્તીઓને ઇરાન ખાતેથી હાંકી કહાડવામાં આવયા હતા અથવા તેઓ ઇરાન ખાતેથી નાસી ગયા હતા. નાશભાગમાંથી જેઓ છુટાછવાયા બાકી રહી ગયા હતા તેઓ હીંદુસ્તાન ખાતે આવી પહોંચયા હતા. તેઓ માત્ર એક સહીસલામત રહી શકાય તેવા આશ્રમમાં રહેવા દેવામાં આવે અને શાંતી વચ્ચે પોતાનો પ્રાચીન ધરમ પાળવા દેવામાં આવે એટલાથીજ ખુશી હતા. એવા સંજોગોમાં પરધરમીને વટલાવવાનો વીચાર કરવો તે રાજયનીતીથી વીરૂધ અને અવયવહારૂ હતું. તેઓ પોતાનો ધરમ અને પોતાની નાની મંડળીનું આસપાસના મોટા મંડળો, જેઓ ખાસ દુશમનના હોય તો પણ પોતાના દીલસોજ, ધારમીક અને સંસારીક મંડળો તો નહોતાંજ, તેમના ધસારા સામે રક્ષણ કરી શકે તો પણ બસ હતું. અગાઉના હીંદી જરથોસ્તીઓને જે ભયની વચ્ચે કામ કરવાનું હતું તે એ હતો કે જેઓની સાથે તેઓ વસતા હતા તેમની સાથે જોડાઇ જવાય. તેઓને ખાસ દરકાર પોતાના ધરમ અને પોતાની કોમની હંતકથા એ ની આવવાના સંબંધમાં રાખવાની હતી. એ વખતે જો તેઓએ પર ધરમીઓને પોતાના ધરમમાં લેવાની તજવીજ કીધી હોત તો તેમની સામે વેર લેવાનાં પગલાં ભરાયાં હોત. તેઓને રાજયદ્વારી હીલચાલ કરનારા ગણવામાં આવયા હોત, જે તેઓને માટે એક આતમહત્યા કરવા જેવું જ થઇ પડત. તેઓ અજાણ્યા હતા; તેઓ નબળા અને નાસી છુટેલા હતા. અલબત તેઓએ કોઇને વટલાવવાનો પ્રયાસ કીધો ન હોતો. તેઓની માત્ર એટલીજ ઇચ્છા હતી કે તેમનાં પોતાનાં માણસોને વટલાવવામાં ના આવે. એ પ્રમાણેની સ્થીતીમાં કોઇને વટલાવવાનો પ્રયાસ કરવામાં ના આવયો હોય તેથી એમ ના ઠરે કે જુદદીનોને પોતાના ધરમમાં દાખલ નહી કરવાનો રીવાજ પડયો હતો.

તો પણ અમારી પાસે જે દફતરો અને ખતપત્રો રજુ થયાં છે તેમાંથી હું ધારૂં છું કે એવો પુરતો પુરાવો મળી આવે તેમ છે કે જેવી એવું બતાવી શકાય કે રાજયનીતીના કારણસર પરધરમીને વટલાવવાનાં કામને વહેવારૂ રૂપ આપવામાં નહોતું આવયું પણ સમગ્ર હીંદી જરથોસ્તી કોમ તેમ કરવાનું જાણતી હતી અને તેના સંબંધમાં દાખલા દલીલો સાથે વારંવાર ચરચા ચાલતી હતી. આ બાબતના સંબંધમાં પાછળથી હું થોડું કહીશ. અત્રેનો હવે મારી ટીકા આ બાબતના સંબંધમાં એટલું કરીને પુરી કરૂં છું કે જ્યારે ખરેખરી રીતે વટલાવવામાં આવયાનો કોઈ દાખલો નથી તેથી મારા મત મુજબ વાદીઓના અસલના હકને કાંઇ ધાખો પહોંચતો નથી મારે જે વખતે આ ટ્રસ્ટોના સ્થાપકોના એ ટ્રસ્ટોની સ્થાપના કરતી વખતના તેમ કરવામાં રહેલા ઇરાદાના સવાલને નીરણય કરવા ઉપર આવીશું તે વખતે કે ક અગત્યના વીચારો પેદા થશે. આથી તે વાલનો અમારે જવાબ આપવાનો છે સંબંધમાં ચોકસ ખોલાસો કરવાની જ બી થાય છે. સવાલ એવો નથી રથોસ્તી ધરમ પરધરમીને વટલાવ રજા આપે છે કે નહી; સવાલ તો એ જયારે ટ્રસ્ટોની સ્થાપના થઇ ત્યારે સ્થાપકોએ સ્વધરમમાં દાખલ થયલા મીઓને તેનો લાભ આપવો એવો તથા ઇરાદો કીધો હતો કે નહી. આ

થી ઉપર ઘણું વજન મુકી શકાય નહી કેમકે ખરી રીતે પહેલો સવાલ ઉભો થતો નથી અને ફક્ત બીજોજ સવાલ મુકદમાના આ ભાગના સંબંધમાં ઉભો થાય છે. એકદમ કહી શકાશે કે જરથોસ્તી ધરમ પરધરમીઓને સ્વધરમમાં લેવાની રજા આપે છે અને આજ્ઞા પણ કરે છે. નીઃસંશય એમ કરવાની કદી ના પાડવામાં આવી નથી અને ના પાડી શકાય પણ નહી. એ વાત ખરી છે કે પ્રતીવાદીઓના મુકદમાને ટેકો આપવાને કોર્ટમાં હાજર થયલા કહેવાતા વીદવાનોએ ધરમના ફરમાનનો ઉંધોજ અર્થ સમજાવી જવાના બાળક બુધીના પ્રયાસ કરવામાં અમારો ઘણો વખત લીધો છે, કેટલેક દરજજે ધરમાંધપણાથી અને કેટલેક દરજજે મુરખાઇ અને ખુલ્લા વીચાર કરવાની કેળવણીની ખામી કે જેના સબબે મી૦ મોદી જેવા સાક્ષીઓ પોતાના પુજ્ય વીચારો અને અભીપ્રાયો ખુલ્લા કરી શકયા નહી. એવી મુરખાઇભરેલી ફીલસુફી બાજુએ મુકીને તથા જરથોસ્તી ધરમ પરધરમીઓને પોતામાં લેવાની આજ્ઞા કરે છે એ વાત સ્વીકારીને આપણે એક પગલું—જે આખરે ઘણું જરૂરી નથી—આગળ ભરશું.

હવે હું બીજો મુદો હાથ ધરીશ, જેને માટે દીવસોના દીવસો લેવામાં આવયા છે. દેખીતી રીતે તે સવાલ જાણે કે પારસી અને જરથોસ્તી ધરમના અર્થના સંબંધમાં છે પણ ખરી રીતે તે ઘણો ઉંડો અને સઘળી બાબતના મુખરૂપ સવાલ છે. ટુંકામાં કહીએ તો વાદીઓ એમ કહે છે કે પારસી પહેલેથી ધારમીક સંકેત છે જ્યારે પ્રતીવાદીઓ કહે છે કે તે એક પહેલા જાત અથવા એક વંશનો સંકેત હતો. સંખ્યાબંધ ચોપડીઓ ઉપર અમારૂં ધયાન ખેંચવામાં આવયું છે, તેમાંની એક પણ ચોપડીમાંથી મુશ્કેલીનો સારી રીતે નીકાલ કરવામાં મદદગાર થઇ શકે તેવો ફકરો મળતો નથી. ચોકસ હકીકતોના સંબંધમાં જ્યારે એક એવો ગુંચવાડાભરેલો પ્રશ્ન ઉભો થાય કે જે મુસાફરોની ...નમાં પણ ના હોય ત્યારે તેઓ અમુક શબદનો બંધ બેસે તેવા રૂપમાં ઉપયોગ ... હોય તો તે નકામો છે. હીંદી પારસી દરેક માણસ સ્વીકારે છે તેમ, ઇરાન ... હીંદુસ્તાન ખાતે આવયા હતા. તેઓને ગુરતજ અને પારસી કહેવામાં આવતા હતા કારણકે તેઓ પરશીઆ (Persia) થી આવયા હતા. હીંદીઓએ તેઓને આ નામ આપયું હતું તે માત્ર તેઓનું વતન સુચવનારૂં હતું. આ બાબતના સંબંધમાં જાણવા જેવું તો એ છે કે હીંદી જરથોસ્તીઓએ લખેલાં લખાણોના ૨૦ થી ૩૦ ફકરાઓમાં તો પારસી શબદ એવો હતો કે કોઇ પારસી પોતાને માટે તે નામ ધારણ કરવાનો વીચાર ના કરત. ત્યારે સવાલ એ ઉભો થાય છે કે તે વખતે એ શબદો કોમ અથવા પ્રજાપણું દરશાવનારો અને ધરમની વીરૂધ જનારો અર્થ કરવામાં આવયો હતો કે? મારે કહેવું જોઇએ કે ઘણું કરીને તેવો અરથ કરવામાં આવયો ન હોતો. જ્યારે તેઓ હીંદુસ્તાન ખાતે આવયા તયારે આ મોટા દેશમાં મઝદીયસ્ની ધરમ માનનારા માત્ર તેઓજ હતા, ગમે તેમ પણ તેઓ પરદેશી હતા અને બહારનાં માણસોએ તેઓનું વતન ઓળખાવવાની ખાતર તેમને પારસી નામ આપવા પસંદ કીધું હશે. પણ તેઓનું ઐકય જાળવી રાખનાર તરીકે તેઓ કઇ ચીજ માને છે? એ ચીજ તે જે ધરમ માટે તેઓ લડયા હતા, દેશનીકાલ થયા હતા અને પરભુમીમાં આવીને વસ્યા હતા તે ધરમ હતો? કે એ તે કોઇ પ્રજાકીય અથવા વંશીય લાગણી હતી? હું ધારૂં છું કે તે સવાલના સંબંધમાં ચોકસ અને સ્પષ્ટ જવાબ મળી શકે તેમ છે. સ્વદેશાભીમાનની કેવી લાગણી તેમનામાં હયાતી ભોગવતી હશે? અલબત ઇરાન ખાતે તે વખતે સંખ્યાબંધ જરથોસ્તીઓ હતા અને હજુ પણ છે. પણ તેઓમાં હીંદી જરથોસ્તીઓ તેઓને પારસી નથી કહેતા પણ ઇરાની કહે છે. વાત એ છે કે તેઓએ પોતે પોતાને પારસી કેમ કહેવડાવયા? તેમને ઇરાનના રાજા સાથે કાંઇ સંબંધ ન હોતો; ઇરાનવાસીઓ તરીકે તેમને કાંઇ ખાસ ધારમીક તેમજ દીવાની હક ન હોતા. તેવાં કાંઇ રાજદ્વારી લક્ષણ તેમનામાં ન હોતા. તેઓની પાસે માત્ર પોતાનો ખાસ ઉચ્ચ અને ઉદાર બનાવનારો ધરમ હતો જેના સબબે તેઓ આસપાસની તમામ કોમોથી જુદા રહયા હતા. શું ત્યારે એમ સાર નથી નીકળતો કે તેઓની વચ્ચે ઐકય જાળવી રાખનારી મુળ ચીજ તે પ્રજાપણું ન

હી પણ ધરમજ હતો. એમ પણ કહી શકાય કે જે જરથોસ્તી ધરમ પાળનારાઓ પહેલાં આ દેશમાં આવયા તેમનામાં સામાનય ધરમની લાગણી હતી તેમજ એક જાત તરીકેની લાગણી પણ હતી. એક વખત ધારમીક કે નીતીય લાગણી ઉભી થઇ એટલે લાભ મળતાં પ્રજા તરીકેની લાગણી કરતાં પણ તે વધી જાય એ બીન તકરારી બીના છે. આ બાબત ભુલી જવા જેવી નથી અને તે સંબંધમાં પાછળથી વીવેચન થશે. પરંતુ પહેલાં આ દેશમાં આવનારા જરથોસ્તીઓને ઇરાની અથવા તો જરથોસ્તી કોમ કહેવી તે પણ અશુધ છે. ખરી રીતે તેઓ એક મહાન પ્રજાના છુટાછવાયા થઇ ગયલા લોકો હતા. સામાનય રીતે જેઓનું સંપુરણ પ્રજાકીય બંધારણ હોય તેઓના વરગ પડી જતા નથી. ગ્રીક કે રોમન લોકોનો કોઇ વરગ નથી. છતાં કેટલીક વખત એવું બને છે કે જંગલીઓ અથવા નાસ્તીકો એક રાજય અગરા પ્રજાને ઉથલાવી નાખે છે અને તેથી જેઓ હયાત રહે અને પોતાના જુના ધરમને એ પ્રજાકીય ખજાના તરીકે પોતાની સાથે લઇ જવા માગતા હોય તેઓ પોતેજ એ પવીત્ર ખજાનાના અમુક વરણીય રક્ષકો બનાવી લે છે.

પારસી અને જરથોસ્તી શબ્દના ઉપયોગના સંબંધમાં તપાસ કરવાની જરૂરીઆત ઘણા જુના વખતથી જણાયલી છે. વાદીઓ જણાવે છે તેમ જો પહેલેથી 'પારસી' શબ્દનો એવોજ અર્થ થતો હોય કે 'પવીત્ર જરથોસ્તી ધરમ પાળનાર' તો પછી એ ધરમ પાળનાર અને તેમાં ધોરણસર દાખલ થનાર કોઇ પણ માણસ પારસી અને પારસી કોમનો ગ્રહસ્થ બણાય. આવો માણસ સને ૧૮૮૪ ના ટ્રસ્ટડીડ મુજબ ટ્રસ્ટને લગતી મીલકતોનો લાભ લેવાને હકદાર ગણાય. તેજ પ્રમાણે જો 'પારસી' શબદનો ઉપર જણાવયો તે કરતાં કાંઇ વધુ પારસ ખાતેથી આવેલાઓમાંનો એક એવો અર્થ થતો હોય તો જરથોસ્તી ધરમમાં દાખલ થવાથીજ માત્ર એક માણસ કહો કે એક ફ્રાનસ નીવાસી—પારસી થઇ શકશે નહી અથવા પારસી કોમનો એક ગ્રહસ્થ ગણાઇ આ ટ્રસ્ટોનો લાભ લઇ શકશે નહી. પાછલી બાબતના સંબંધમાં વાદીઓ એક બીજી વધુ મજબુત દલીલ કરે છે. તેઓ કહે છે કે 'પારસી કોમના ગ્રહસ્થો વીગેરે' આટલા શબદો સને ૧૮૮૪ના ડીડમાં છે તે દાખલ કરવાની સતા નહોતી કેમકે તે એ ખાતાંઓના સ્થાપકોના ઇરાદાથી વીરૂધ છે. મેં જોયું છે કે એ શબદો અંગ્રેજી મુસદો કરનારના છે. એ શબદોથી કેવી મુસકેલી ઉભી થશે તે કદાચ તે મુસદો કરનાર સમજી શકયો નહી હશે. મેં કહયું છે કે એ શબદો જરથોસ્તી ધરમ છોડી બીજો ધરમ સ્વીકારનારાઓને બાતલ કરવા માટે લખવામાં આવયા હતા; જરથોસ્તી ધરમ સ્વીકારનારા પરધરમીઓને બાતલ કરવા માટે નહી. માત્ર જરથોસ્તી ધરમમાં દાખલ થવાથીજ એક માણસ પુરેપુરી રીતે પારસી કોમનું માણસ ગણાય અને કોમનાં જાહેર તથા ધારમીક પુજા માટેના સઘળાં ખાતાંઓનો લાભ લેવાને હકદાર ગણાય એ દલીલને હું મુખય ગણતો નથી. હું ધારૂં છું કે ડીડમાંના શબદો ઘણા અગત્યના નથી. કારણ કે જુનાં ખતો ઉપર ધયાન આપતાં જણાય છે કે એ સઘળાં ટ્રસ્ટોના સ્થાપકોએ કદી પારસી શબદ વાપરયો નથી પરંતુ હમેશા તેઓએ જરથોસ્તીઓ, મઝદયસની ધરમવાળાઓ અને પવીત્ર જરથોસ્તી કોમના લોકો તથા એવાજ બીજા શબદો વાપરયા છે. ખરો સવાલ પારસી અને જરથોસ્તી શબદો હાલના સંકેતો વચેના ફરક સંબંધી નથી પણ સવાલ તો એજ છે કે જયારે સ્થાપકોએ આ મીલકતો અને પઇસા જરથોસ્તીઓ અને જરથોસ્તી કોમના લોકોને આપયા તયારે તેમનો શો ઇરાદો હતો તે નકી કરવું. એટલું છતાં હું ખરૂં મુળ, સંકેત અને બે શબદો કેવી રીતે લાગુ પાડવામાં આવે તે બાબતના સંબંધમાં મારી જે માનયતા બંધાઇ છે તે જણાવવું મેં વયાજબી ગણયું છે. મારા મત મુજબ એકબીજાને ઓળખવાને બીજાઓએ પહેલાં પારસી શબદ વાપરયો હતો. બીજા માણસો તેવા પરદેશથી આવેલા માણસો ધરમની આશાઓ સંબંધી નજ જાણતા હોય. પરંતુ પારસીઓના સંબંધમાં જુદી સ્થીતી હતી. તેઓએ પોતાના વતનને માટે દૂર થવાનું કાંઇ કારણ ન હોતું. તેને પોતાના ધરમ માટેજ મગરૂર થવાનું હતું. ઇરાન ખાતેથી જરથોસ્તી ધરમ પાળનારાઓને હાંકી કહાડવામાં આવયા તે

ની તેઓજ પહેલા અને છેલા જરથોસ્તીઓ હતા. વખત જતાં બેશક ધારમીક લાગણી ઉપરાંત વરગીય લાગણી ઉભી થઈ. એવી રીતે જેમ જેમ કોમ આબાદ થતી ગઈ, દોલત અને માન મેળવતી ગઈ તેમ તેમ તેમણે 'પારસી' એવું લોકોને મનમાનતું થઈ પડેલું નામ તે એક પ્રજા અથવા દરથક નામ હોવા છતાં સ્વીકારયું. અને સંસારી સતા બનાવવાની રૂઢી પડતાં મુળ ધારમીક બંધન નબળું થવા માંડયું, જેથી હું કહેવા હીંમત ધરૂં છું કે, આજના હીંદી જરથોસ્તીઓને પારસી કહેવા અને એમ કહાને તેમને પવીત્ર જરથોસ્તી ધરમ પાળનારાઓ કહેવા કરતાં તેમની એક નાત, જાત કે વરગ બતાવવો, એ તદન વધાજબી છે.

ત્રસ્તડીડની રચના.

આ સબબે સને ૧૮૮૪ નું ત્રસ્તડીડ એક યુરોપીયનને હાથે ઘડી કહાડવામાં આવયું હતું તે આવા શબદોમાં રચાયલું છે તે વધારે કમનસીબીની વાત થઈ પડે છે, કારણકે આપણે તેને તેની આગળનાં આચરણો સાથે તપાસ્યે છીએ ત્યારે આ વાત તો ખોલ્લી થાય છે કે પ્રતીવાદીઓએ વાંધા લેવામાં આવેલા શબદોનો ખરો અરથ ઠાવયો છે કે કેમ તે સવાલ બાજુએ મુકતાં ખુદ એ શબદોજ વપરાવા જોઈતા નહી હતા. આ ત્રસ્તો જાહેર ધરમોપયોગી કામો માટે તે વખતના સ્થાપકોએ અરપણ કીધાં તેઓનીજ ભાષાની નકલ કરવામાં આવી હતે તો વધારે સારૂં થતે. તેમ જો કરવામાં આવયું હતે તો ધારાના હેમાયતીઓએ કીધેલી ઘણી સુભાખીત પણ સામાનય રીતે લેતાં બીનઉપયોગી તકરાર સાંભળવાની તથા શબદકોષમાં આવેલી સમજણ તથા વધતી ઓછી લાયકાત ધરાવતા વીદવાનો તથા મુસાફરોએ જણાવેલી વાતો, કથાઓ તથા તેઓએ દરશાવેલા વીચારો ઉપરની ધારાના હેમાયતીઓની નકામી તકરાર ઉપર ધ્યાન આપવાની જરૂર રહેતે નહીં.

જો મને માલમ પડે કે આ ત્રસ્તોમાં— માં "જરથોસ્તી કોમની અનજુમનના ઉપભોગ માટે" અથવા તો "બધા શુધ માઝદયસની ધરમના લોકો માટે વગેરે બોલોનો ઉપયોગ કરવામાં આવયો છે—જરથોસ્તી કોમમાં પ્રમાણીક ખાતરીથી વટલેલાઓને તેનો લાભ આપવાની પણ મતલબ સમાવવામાં આવી છે તો એમ કહેવામાં મને સેહેજ પણ આનાકાની લાગશે નહી કે આવા બોલોને બદલે "પારસી કોમના સભાસદો" જેવા લોકપ્રીય બોલો વાપરવાનો તેમજ એવા લોકપ્રીય બોલો વાપરી જેઓને સ્થાપકો પોતાનાં ત્રસ્તનો લાભ આપવા ઈછતા હતા તેમાંથી તેઓને બાતલ રાખવાનો ત્રસ્તીઓને કાંઈ પણ હક હતો નહીં.

નવ રાતનાં બરશનુમની ક્રીયા કરવા કેવાં આસામીઓ તઈયાર થશે.

આ બાબતમાં વધુ ઉંડાણમાં ઉતરયા આગમચ મને કાંઈક ગુચવણ નીપજવાનો સંભવ જણાય છે તે પ્રથમ હું દુર કરીશ. જરથોસ્તી ધરમમાં વટલાવવાના બનાવ વારંવાર બનતા હતા એવું પુરવાર કરવા માટેની જબાની અમો સાંભળતા હતા તે વેળા એક વેટળેવ કેવી રીતે બની શકે અથવા બીજા બોલોમાં બોલયે તો એક જુદદીનને વટળાવવા માટે કોઈ ક્રીયાની જરૂર છે કે કેમ તે ઉપર તકરાર નીકળી હતી. મુકદમો આગળ ચાલયો તેમ મને વધુ ખોલ્લું લાગવા લાગયું કે આ બાબત ઉપર જોઈએ તે કરતાં વધુ ધયાન આપવામાં આવે છે. પ્રથમ તે માટેની સુચના કરવામાં આવી તયારે પ્રતીવાદીઓએ તે ઉપર બોલવાની ખોલ્લી ના પાડી. તેઓએ ખોલ્લે ખોલ્લી ભાષામાં જણાવયું હતું કે જરથોસ્તી ધરમમાં વટલાવવાના બનાવ બનતા હતા કે નહી તેટલીજ બાબત ઉપર અમારો મુકદમો રચાયલો છે તથા અમને આ કે પેલાને વટલાવવાના સંબંધમાં રાખવામાં આવેલા તફાવત સાથે લગતું વળગતું નથી. તેઓએ જણાવયું હતું કે વટલાવવાનું કામ તદન સંપુરણ રીતે કરવામાં આવયું હતું એવું એકબારગી સ્વીકારવામાં આવે તે છતાં તેઓ ફંડમાં લાભ મેળવવાનો હક ધરાવતા હતા તે વાત અમો ના પાડયે છીએ. હું પોતે તો પ્રતીવાદીઓએ લીધેલો આ આધાર એકદમ છેવટ માટે સ્વીકારૂં છું. તે સાદો તથા ધયાનમાં ઉતરે એવો છે તથા તેથી અસલી ધારમીક ક્રીયાના સંબંધમાં નકામી તપાસમાં ઉતરવાની જરૂર રહી નથી. આ વાત ના પાડી શકાશે નહીં કે જયારે દરેક જણ સ્વીકારે છે

કે જરથોસ્તી ધરમમાં વટલાવવાનું ફરમાન છે મારે પ્રતીવાદીઓ તરફનું અનુભવીઓ સીલેક્ટ કમીટીનો રીપોર્ટ બાહેર પડયા પછી તેમાં ચોકસ અપવાદો દાખલ કરવાની ખંતથી કોશેષ કરતા રહયા છે. આ અપવાદોને ધારમીક આગેવાનો એવી જે શરત કરવા માગે છે કે વટલનારાં આસામીઓથી જરથોસ્તી ધરમને કાંઇ નુકસાન નહી પહોંચે તે પહેલાં જોવું જોઇએ છે તેની સાથે કાંઇ સંબંધ નથી. એક અકલને અનુસરતાં ધારમીક સીધાંતને સંજોગ મુજબ જુદાજ આકારમાં બતાવવાની આ કોશેષ કરવા જેવું છે કે જે કોશેષને એક ધરમચુસ્ત ધરમગુરૂને તદન સંસારી સંજોગોની જરૂર ખોલ્લી રીતે વચે લાવયા સીવાય બીજી રીતે તેનો બચાવ કરવાનું મુશકેલ માલમ પડશે. જો અભીપ્રાયને આ મુકદમામાં મોટી અગત લાગુ પાડવામાં આવી છે તે ખોલ્લી રીતે પુરવાર કરે છે કે શુધ ધારમીક સીધાંતને હાલની કોમની કોમ તરીકેની વીચારોથી ઉતરતી જગયા આપવામાં આવી છે. તે ઉપરાંત આ મુકદમાના તરેહવાર તબક્કા વેળા એવું અમોને બતાવવાની તજવીજ કરવામાં આવી હતી કે જુદદીનને પવીત્ર બનાવવા માટેની ચોકસ કીયાઓ કરવામાં આવે નહી ત્યાં સુધી ધરમમાં કોઇ પણ બરાબર રીતે દાખેલ થયલો ગણી શકાય નહી. પણ હું તે સવાલમાં ઉતરવા માગતો નથી, આપણુને તો એક ઘણો સાદો મુદો જોવાનો છે. પ્રતીવાદીઓ જણાવે છે કે તમારી મરજીમાં આવે તેમ એક જણને તમો વટલાવો તથા તેને તમારા ધરમમાં જણાવેલી સખતમાં સખત કીયામાંથી પસાર કરો, પણ તે છતાં અમો કહીએ છીએ કે ત્રસ્ટનાં ફંડમાં લાભ મેળવવાનો તેને હક નથી. પ્રતીવાદીઓએ આવી વળણ ધરેલી હોયાથી ધારમીક નજરે જોતાં જરથોસ્તી ધરમમાં ખરેખર આવેલો કોણ ગણાય તે સવાલ ઉપર ધયાન આપવાનું નકામું છે. પણ મને એક ટીકા કરવા વગર ચાલતું નથી. એકદમ જુના વીચાર ધરાવનારો પક્ષ જે પોતાની કોમનો ટેક તથા અખંડપણું જાળવવાને ઘણોજ આતુર છે તે એવું ધારતો લાગે છે કે જો આ સવાલનો અમારે ફડચો કરવાનો હોય તો અમારે એવો હોકમ આપવો કે નવ રાતનું બરશનુમને નામે ઓળખાતી કીયા એક વટલેલને ધરમમાં લેવા માટે તદન જરૂરની છે. હું માનું છું કે બેશક પોતાના ધરમ તરફના ઉતસાહ તથા તે તદન સ્વછ અને બીજાઓની ભેળથી મોકળો રાખવાની પ્રમાણીક નેમથી તેઓ એવી માગણી કરે છે. પણ ખચીતજ એવો મારગ અખત્યાર કરવામાં તેઓ ભુલ કરે છે. એક જણને વટલાવવા આગમજ એવી પ્રથમ શરત કરવામાં આવે તો તેનું વેહેવારૂ પરીણામ એજ આવશે કે જરથોસ્તી ધરમમાં દાખલ થવાનો દરવાજો સરવેથી હલકાં વરણના, સરવેથી જંગલી સ્થીતીના તથા નહી ઇછવા જોગ વરણ માટે ખોલ્લો થશે, જ્યારે જે આબરૂદાર શખસો પોતાનાં ખરાં અંતકરણથી આ ધરમમાં દાખેલ થવા ઇછતા હશે તેની સામે તે બંધ થશે. એક પુખત વયનો કેળવાયલો પરદેશી જરથોસ્તી ધરમમાં દાખલ થવા માટે આવી તદન પુરાની કીયા કરવાને તઇયાર થાય તે માનવાનું મને મુશકેલ લાગે છે, જ્યારે વટલવા માગતી કોઇ પુખત વયની કેળવાયલી સ્ત્રીને એવી કીયામાંથી પસાર થવાને કહી પણ નહી શકાય. એવી કીયામાંથી પસાર થવાને તદન હલકા વરણના લોકોજ તઇયાર થાય, જેવા આસામીઓને પોતાના ધરમમાં લેવાને ઉતસાહી જરથોસ્તીઓ રાજી નથી. આથી ઓછી વધતી વટલાવવાની કીયા તથા એક જણને વટલાવવા માટે કઇ કીયા જરૂરની છે કે કઇ નથી તેની સાથે આ મુકદમાને નીસબત નથી. આથી હું તે વીશે વધુ બોલીશ નહી.

શમશુલઓલમા મોદીની જબાની ઉપર વીવેચન.

આગળા વખતમાં વટલાવવાના બનેલા તેર બનાવોના સંબંધમાં રજુ કરવામાં આવેલાં ઓચરયાંઓ ઉપર હવે હું બોલીશ. તે આપણી પાસે નીચલા ત્રણ મુખય દાખ આ છે:—(૧) પંડીતો, (૨) અકબર ત (૩) મજગામના વટલેલો. પહેલો દાખલો ધતો ઓછો દંતકથા જેવો છે. મ વીદવાન ગોઢયાએ તેનો જેવો ફડચો ક છે તેવી રીતે હું તેનાં ઉંડાણમાં ઉતરી તો નથી. મી૦ મોદીનાં જ્ઞાન તથા શોધ ળને તેઓ હું આપી શકું તે કરતાં વધુ

ન આપે છે. હું પોતે તો એટલુંજ કહીશ કે આ મુકદમો ચાલતો હતો તે વેળા તેઓએ કીધેલી શોધખોળ વેળા તેઓએ જે કામ પાર મહેલું જોવા ઉપર પોતાનું દીલ બાંધેલું હતું તે કામ તેઓનાં મગજમાં એટલું બધું રોકાયા કરતું હતું કે તેઓ એ બાબત ઉપર વીચાર ચલાવવા બલકે તે ઉપર ખરી રીતે ખીઆલ દોડાવવાને પણ અશક્ત હતા. અલબતે મારા વીદવાન ગોઠયા સુચના કરે છે તેમ આ પંડીતો વખતે પારસીઓ હોય અથવા તો તેઓ પારસી નહી હોય તો તેઓ ભલાં આસામીઓ હતા તથા તેઓએ હીંદમાં પ્રથમ આવી વસનારા પારસીઓને મદદ કીધી હતી, જેથી બંદગી કરતી વેળા તેઓનાં નામ યાદ કરવામાં આવે છે. પણ તેઓના સંબંધમાં અત્રે જે જબાની રજુ થઈ છે તે જોતાં હું એ અભીપ્રાય ઉપર ઢળયો હતે કે આ પંડીતો જરથોસ્તી થયા હતા. પણ એ બનાવ એટલો પુરાના વખતમાં બનયો છે કે એ બાબત કાંઈ વેહેવારૂ અગત ધરાવતી નથી. તેથી જીજ્ઞાસુ લોકોને ગમત મળશે, તેથી વીદવાનોને રસ મળશે પણ જે સવાલનો આપણને જવાબ આપવાનો છે તેનો ફડચો કરવાને આપણને તે કામે લાગશે નહી.

શેહેનશાહ અકબરને જરથોસ્તી ધરમમાં વટલાવવાને લગતી દંતકથા.

પારસીઓમાં આ દંતકથા જડ ઘાલી બેઠેલી લાગે છે કે નવસારીના કેટલાક મોબેદોએ અકબરની દરબારમાં જઈ તેઓને પોતાના ધરમમાં વટલાવયા હતા. અકબર શેહેનશાહ ખરેખર વટલયા હતા કે કેમ તે વાત આ મુકદમામાં ઝાઝી અગતની નથી. પણ તેના સંબંધમાં ઘણું એવું છે કે જે આ મુકદમા સાથે સીધો સંબંધ છે તથા લાગતું છે. આપણને આ વાત ધયાનમાં રાખવાની છે કે પ્રતીવાદીઓનો મુકદમો એ છે કે પારસીઓ ઈરાનથી હીંદમાં આવયા ત્યારથી કોઈને જરથોસ્તી ધરમમાં વટલાવવા બનાવ બનયો નથી. તેઓ જણાવે છે કે કોઈને વટલાવવાની કોશેશ પણ કરવામાં આવી નથી તથા અશો જરથોસ્તે એ બાબ આપેલાં ફરમાન મુજબ અમલ કરવામાં આવયો નથી. આના જવાબમાં એ ને મ અસરકારક રીતે કહી શકાશે કે શેહેનશાહ અકબરને વટલાવવામાં આવયો હતો. પણ "આ વસ્તે ઉભો કીધાં ત્યારે તેઓના સ્થાપકોના મગજમાં શું હતું" તે સવાલનો જવાબ આપવા માટે તઈયાર થયા પછી આપણે આગળ વધતાં શેહેનશાહ અકબરવાળા સવાલનો ઉપલા કરતાં પણ વધારે અસરકારક જવાબ આપી શકાશે. પ્રતીવાદીઓ હઠીલાઈથી એવી વાત જણાવતા રહયા છે કે કોઈ પણ વટલવાના બનાવ બનયા નથી એટલુંજ નહી પણ કોઈને વટલાવવાનો ખીઆલ હીંદી જરથોસ્તી કોમમાંના કોઈને પણ આવયો હતો નહી. આવી દલીલ લાવવાથી તેઓનો મુકદમો મજબુત થાય છે, જે તોડવા માટે અકબર શેહેનશાહવાળો સવાલ અગતનો થઈ પડે છે. કારણકે* તેમાં આપણે શું જોઈએ છીએ?

શમસોલ ઓલમા મોદીએ વખતો વખત બાહેર પાડેલા લેખીત અભીપ્રાયો.

પારસીઓના મોટા ભાગમાં ફેલાયલી દંતકથા તથા લોકપ્રીય ખીઆલ આપણે જોઈએ છીએ કે જેમાં એ કામ બજાવવા માટે મુંબઈના પારસીઓએ સરવેથી કીરતીવંત કામ બજાવેલું ગણવામાં આવયું છે એટલુંજ નહી પણ મીં૦ મોદી પોતે જેઓ જુદદીનને વટલાવવાના સરવેથી જબરા વીરોધી છે તથા અસલી વીચાર ધરાવનારાઓના પ્રતીનીધી જેવા છે તેઓ પોતે તે ઉપર લંબાણ વીવેચન કરે છે બલકે એમ કહી શકાય કે શેહેનશાહ અકબરને વટલાવવાનું માન નવસારીના મોબેદોને વાજબી રીતે ઘટે છે એવું પુરવાર કરવા માટે લગભગ એક આખી ચોપડી લખી છે. મોબેદોની પોતાના વરગ તરફની લાગણી તથા એક વીદવતાભરેલા ગ્રંથમાં જાહેર પડતા ઉલટા ખીઆલમાં લેવા છતાં મને કહયા વગર ચાલતું નથી કે આથી મીં૦ મોદીએ પોતાને નાજુક સ્થીતીમાં મુકયા છે. જ્યારે વખતો વખત તેઓની ઉલટપાલટ તપાસમાં તેઓના પોતાના લેખીત પ્રગટ થયેલા અભીપ્રાય તેઓ સનમુખ રજુ કરવામાં આવયા ત્યારે એક વીદવાન ગ્રંથકાર તરીકે બાહેર નીકળવા માટે તેઓને ભારે પસ્તાવો થયો હશે.

આજ નહીં પણ બીજા ઘણા દાખલા
ઓમાં તોફાન ફાટ્યું ત્યાં સુધી મી૦ મોદી
બેહુદું ગેરડહાપણ વાપરી એક પછી
પોતાને બાંધી નાખનારા અભીપ્રાયો આપ
તા ગયા, જે બંધમાંથી તેઓને ચોંકાવનારી
ઝડપ તથા ગુસ્સા સાથે પાછળ હઠવું પડયું
હતું. એક લોકપ્રીય ગ્રંથકાર થવાની ઘણી
કમનસીબીઓમાંની આ એક છે. અલબતે
મી૦ મોદી આ ચોપડીઓ સ્વીકારવામાં આવે
લી ધારમીક સતા તરીકે આ ચોપડીઓ તથા
અભીપ્રાયો લખતા હતા ત્યારે તેઓ તે વ
ખતના જુસ્સાથી દોરવાઇ જતા હતા. પોતા
ના ધરમબંધુઓને ખુશ કરવાનાં મનગમતા
કામમાં રોકાઇ ગયાથી તેઓએ પોતાની વી
દવતા તથા મગજ શકતીનો ઉપયોગ નવસા
રીના કેટલાક ધરમચુસ્ત મોબેદોએ શેહેનશા
હ અકબરને વટલાવયા હતા અથવા કાંઇ
નહી તો તેઓએ જો એ શેહેનશા
હને વટલાવ્યા નહી હોય તો
બીજા કોઇએ વટલાવ્યા હતા નહી તથા તે
વી કોશેશ કરવાની બધી કીરતી તથા માન
એકલા નવસારીના મોબેદોને ઘટે છે એવું
બતાવવામાં કીધો હતો. હું એમજ કહીશ
કે પોતાનાં ઉતસાહી બખાણથી ઉભાં થયલાં
ગુચવાડાભરેલાં પરીક્ષાઓમાંથી ટેક તથા
આબરૂ સાથે પોતાને છોડવવા માટે જે એક
લો મારગ રહેલો હતો તે લેવાનું મી૦ મોદી
માં પ્રમાણીકપણું હતું નહી, કારણકે બી
જા બધા જનુનીઓની માફક તેઓ જેટલા પો
તાનાં ખાસ વેહેમો તરફ ઉલટી રી
તે જડ થઇ બેઠેલા છે તેવાજ તેઓ પ્રમા
ણીક પણ હોવા જોઇએ. પણ હું કહીશ કે
જે એકલો મારગ લેવાનું પોતાને માટે રહે
લું હતું તે લેવાની તેઓમાં હુશયારી હતી
નહી. એક વીદવતાભરેલા તથા અગતના બ
નાવ કરતાં વધુ અગત એ સવાલને કોઇ
પણ વેળા લાગુ પાડવામાં આવશે એવો સે
હેજ પણ ખીઆલ કીધા વગર મેં એ બા
બતો ઉપર બખાણ કરવાનું ઉપાડી લી
ધું હતું એવી સાદી સચાઇ જાહેર ક
રવા તથા એક નીશ્ચીત દાખલો ર
જુ કરી કસોટી લેવામાં આવતાં ટકી શકે
નહી એવા અભીપ્રાયો બાહેર પાડી બંધાઇ
જવાને બદલે હું આખો વખત એકસરખા
જ વીચારો દરશાવતો રહયો છું તથા આજે
જે બાબતનો જવાબ "હા" કરીને આપું
છું તેનો જવાબ ગઇ કાલે "ના" કરી આ
પયો હતો તે છતાં મારા અભીપ્રાય ફેર
ફેર નથી એવું બતાવવાની તેઓ
એ ઘણીજ દયા ઉપજે તેવી કોશે
શ કીધી હતી. સકીની પીંજરીમાં
મી૦ મોદી કરતાં તેઓના જેવી મોટાઇ,
ચાલચલણ તથા હું ઇચ્છું છું કે "(હું ઉ
મેરી શકું કે તેઓનું ખરા દીલનું પ્રમાણી
કપણું)" ધરાવતા સાક્ષીએ વધુ બેદકારક
દેખાવ કીધો હોય એવું હું જાણતો નથી.
મુખય બાબત એ નથી કે એકાદ બે સદી
આગમચ શેહેનશાહ અકબર જરથોસ્તી ધ
રમમાં વટલયા હતા કે નહી પણ આપણને
જોવાનું એ છે કે છેક હમણા સુધી મુંબઇ
ની પારસી કોમના એક આગેવાન વી
દવાન તથા ધારમીક ધારાના હેમાયતીએ
એવી રીતે વટલાવવાનું કામ ધારમીક
ફરમાનોથી અથવા તો કોમના રેવા
જથી ઇલટું હતું એમ કહેવાને બદલે
શેહેનશાહ અકબરને વટળાવવાની કાંઇ
નહી તો કોશેશ કરવાનું માન પોતાના ધર
મબંધુઓને ઘટતું હતું તે બતાવવા માટે
ભારે કોશેશ કીધી હતી, તેમાંથી બે સરવેથી
મોટી અગતની વાતો બાહેર આવે છે:–
(૧) જુદદીનોને વટલાવવાનો ખીઆલ પાર
સીઓનાં મગજમાંથી નીકળી ગયો હતો ન
હી તથા (૨) આ અકચાર ફાટી નીકળી તે
આગમચ કાંઇ નહી તો કોમના થોડાક આ
ગેવાન ધરમગુરૂઓ તે તરફ પસંદગીની ન
જરથી જોતા હતા.

મજગામના વટલેલાનો દાખલો.

મજગામના વટલેલાનો દાખલો પણ
તેજ સબબે ઉપયોગી છે. તેઓને વટલાવવા
માં આવયા હતા કે નહી અથવા તો વટલે
લાની લાયકાત ઉપર સામાનય રીતે વીચાર
કરી જોઇએ તો તેઓ વટલવાને લાયક હતા
કે કેમ તે સવાલ ઝાઝી અગતનો નથી.
મ હોઇ શકે કે તેઓ બધાં પારસી બાપોન
રાબ ઇલતનાં છોકરાં હતાં. અગતનું તથા
ન બંધવા જોઇએ છે કે તેઓના સંબંધમ
હાલના વખતમાં બે જાણીતા પારસી
ગુરૂઓ વચ્ચે તેઓને વટલાવવા માટે
ક્રીયા જરૂરની હતી તથા કેવી નહી ઉ
વીશે જોશભેર ચરચા ચાલી હતી. અ
તરીપુરવક રીતે બતાવે છે કે વટલા

કામ કાંઈ નહી તો એક માની લીધેલાં ધારમીક ફરમાન તરીકે પારસી કોમમાં પુરાના વખતમાંજ નહી પણ હાલના જમાનામાં પણ જાણીતુ હતું. એમો પાસે રજુ કરવામાં આવેલાં દાખલાઓમાંથી તે પુરવાર કરવા માટેની પુરતી જુબાની મળી આવે છે. એક જણાવવામાં આવતા ખરાબ આબરૂના વટલેલના સંબંધમાં પારસી કોમના આગેવાનોએ કોઈને કદી વટલાવી શકાય નહી અથવા વટલાવવા જોઈએ નહી એવા સબબ આણીને નહી પણ તેને વટલાવવામાં આવેલો હોવાની ખબર અનજોમનને આપવામાં આવી હતી નહી અથવા તો ઘટતી કીયા કરવામાં આવી હતી નહી એવા સાંકડા આધારે વાંધો લીધો હતો. વળી આપણી પાસે રેવાયતો એટલે જોખમદાર આસામીઓના ડાહાપણભરેલા અભીપ્રાયની ચોપડીઓ છે. આ ચોપડી મુંબઈના પારસીઓએ ધારમીક કીયા, ફરમાનો વગેરેના સંબંધમાં પુછાવવામાં આવેલા સવાલો તથા તેના ઈરાન ખાતેની જરથોસ્તી કોમે વાળેલા જવાબોના રૂપમાં છે. બંને સવાલો તથા જવાબો અચુક રીતે બતાવે છે કે કોઈને વટલાવવાના સામાન્ય સવાલ ઉપર વીવેચન—વટલાવવાને કોણ લાયક હતા તથા વટલાવવાનું કામ કેવી રીતે ચલાવી શકાય તેના સંબંધમાં—જે મુદતના સંબંધમાં આપણને તપાસ ચલાવવાની જરૂર છે તે આખી મુદત સુધી ચાલુ રહયું હતું. આ વાત ખરી છે કે રેવાયતો તરફ વખતે ઘણાં માનથી જોવામાં આવતું નહી હોય; પણ તેની સાથે આપણને નીસબત નથી. અગતની વાત એ છે કે ધારમીક માણસોએ પુછેલા સવાલના જવાબમાં ઈરાનના સતાદાર આગેવાન જરથોસ્તીઓએ જવાબ આપયા હતા, જેમાં જુદદીનને
લાવી શકાય અથવા તો વટલા
જોઈએ તે વાત ના પાડવામાં
ી હતી નહી. તેઓની લાયકાતના સં
ાં આપણને નીસબત નથી. મુકદમામાં
ાર તથા અનુભવી આસામીઓ તરફથી
રવામાં આવેલા મુદાઓ જે ભલા ધ
ત ગ્રહસ્થો ઉપર પારસી કોમની ધર
ળણનો આધાર રહેલો હતો તેઓની
ા માટે આપણા મગજમાં ઉં
અભીપ્રાય ઉતપંન કરતા ન
પણ આ વાત ના પાડી શકાશે

નહી કે ખરી અથવા ખોટી રીતે તેઓ તેમજ રેવાયતોના જવાબ મેળવનારાઓનાં મનમાં પારસીઓમાં વટલાવવાના બનાવ બનવાના સંભવનો ખીઆલ રહેલો હતો તથા ધારમીક નહી પણ ચોકસ સંસારી આશાઓ સાથે ધરમમાં વટલાવવાનું પસંદ કરતા હતા. આ બધી જુબાનીઓ છતાં આજે પ્રતીવાદીઓએ એવી તકરાર લેવાનું નકાર્યું છે કે જુદદીનોને જરથોસ્તી ધરમમાં વટલાવવાનું ધરમનું અગતનું ફરમાન હોયા છતાં તે તદન ઉપયોગમાં આવતું નહી હોયાથી વટલાવવાનો સઘળ વેહેવાર રીતે ઉચકી લેવામાં આવશે એવો કોઈપણ મુંબઈના પારસી અથવા જરથોસ્તી કોમના ફેલાસુફને ખીઆલ ગયો હતો નહી.

મારો ચુકાદો આપવાનો છેવટનો સબબ આપવા આગમચ એ ચુકાદાનાં પરીણામને મેં ઘણી મોટી અગત આપી હોય એવો ખીઆલ બાંધવામાં આવે તો તે ભુલભરેલો છે એમ હું જણાવીશ એટલે બીજા બોલોમાં બોલું તો હાલની જરૂરીયાતના સંજોગોને મુકદમાના ખરા હક કરતાં વધુ અગત મેં આપી નથી. સવાલ સાદો છે. તે એ છે કે જે શખસોને ત્રસ્તોનો લાભ આપવાનો તેઓના સ્થાપકોનો ઇરાદો હતો તેઓને બાતલ રાખી ત્રસ્તીઓએ ત્રસ્તનો વીશ્વાસઘાત કીધો છે કે—મને લાગે છે—જોકે હું કાંઈક આંચકીથી મારો અભીપ્રાય આપું છું—કે ત્રસ્તમાં જેઓનો લાભ હોય તેઓને બાતલ કરવા તથા નહી હોય તેઓ તરફ તે લંબાવવામાં ત્રસ્તીઓએ પોતાની ફરજનો ગંભીર વીશ્વાસઘાત કીધેલો ગણાય. પેહેલા મુદાના સંબંધમાં મેં જણાવયું હતું તેમ હું આ બાબતમાં ખરો હોઉં તો આ મુદો ૫૩૯ મી કલમ હેઠળ આવે છે તથા જે મુદો ઉભો કરવામાં આવયો છે તે સીધો હકને લગતો છે, જેમાં કોમને શું લાભકારક ગણાય તથા શું નુકસાનકારક ગણાય તે સવાલો ભેળી શકાય નહી. જે ત્રસ્ટના સ્થાપકોનો વીચાર તેમાં ખરેખર વટલેલોને દાખલ કરવાનો હતો તો કોઈને એવોજ ચુકાદો આપવો પડશે કે વટલેલોને ધરમમાં દાખલ કરવા, જોકે મુકદમામાં વારેવડીએ કહેવામાં આવયું છે તેમ એવો ચુકાદો કોમને માટે આફતકારક પરીણામો લાવનારો થઈ પડે. ખાલી કોઈના ચોકસ લા

નજીકથી દોરવાયલા જીવન સાથે કાંઈને કામ નથી. તે છતાં આ સવાલની જવાબીનો વીચાર કીધા પછી જમાતનું પાસું જ્યાં એક કે બીજી બાજુએ વધારે વળતું માલમ પડે ત્યાં સુધી થકમંદ વાતે ના. બેશક કોર્ટ ઉપર જણાવેલા બીજા સવાલો તરફ ધ્યાન દોડાવી શકે. હવે હું આપણને ક્યા સવાલોનો ફડચો કરવાનો છે તે ટુંકમાં જણાવીશ.

ત્રસ્તના સ્થાપકોનો ઈરાદો શું હતો?

આપણને એ જોવાનું છે કે ત્રસ્તના સ્થાપકોનો ઈરાદો શું હતો? આપણે આપણને બનતાં સુધી તેઓની સ્થીતીમાં મુકવા જોઈએ છે, હીંદી જરથોસ્તીઓની તવારીખનો અભ્યાસ કરવો જોઈએ છે, તેઓના નવા સંજોગો વચ્ચે તેઓ ઉપર કઈ લાગણી વપરાતા હતા તે ધ્યાનમાં લેવું જોઈએ છે તથા ખાસ કરીને આ ત્રસ્ટો સ્થાપવામાં આવ્યા તે વેળા પારસી કોમ એક પરદેશી કોમ તરીકે ક્યા તબક્કામાં આવી હતી તે તપાસવું જોઈએ છે. તે ઉપરાંત સ્થાપકો ખાસ શું ઈરાદો રાખતા હતા તે જાણવા માટે આપણે મેળવી શકીએ એટલાં ઓચરયાં તપાસવાં જોઈએ છે. તથા તેઓનો શબ્દે શબ્દ અર્થ નહી ઉકાડતાં તે વખતે જે આચારવીચાર કોમ ધરાવતી હતી તે ઉપર તેનું અજવાળું અગે પડ્યું છે તે ધ્યાનમાં લેવું જોઈએ છે. એજ રૂઢીથી આપણે આવા એક મુકદમાની ખરી સચાઈ શોધી કહાડી શકીએ.

હીંદના પારસીઓ એકજ કોમ તરીકે શા માટે રહ્યા છે?

વાદીઓએ માની લીધું છે તેમ આપણે પણ માની લઈશું કે મુસલમાનોના જુલમાટથી બચવા માટે જરથોસ્તીઓ હીંદમાં નાસી આવ્યા અને તેઓને એકજ કોમ તરીકે બાંધી રાખનારો ગાંઠ તેઓનો ધરમ હતો. હું તેમાં ઉમેરો કરીશ કે તે વેળા તેઓએ આ મુકદમામાં વાદીઓએ કહેવામાં છે તેમ જો બીજાઓને ધરમમાં વટલાવવામાં આવવાથી ધરમને નુકસાન થાય એવું નહી હોય તો તેઓને પોતાના ધરમમાં તેઓએ ખુશીથી દાખલ કીધા હતે. પારસીઓને તે વેળા મદદની, ટેકાની તથા તે બધું ઉપરાંત બળવંત દોસ્તોની જરૂર હતી અને પોતાના ધરમમાં વટલેલા જેવા બીજા કોઈ વધુ સરસ દોસ્ત તેઓને મળે નહી તે સહેલથી સમજી શકાશે. તેઓ તે વેળા બીજાઓ ઉપર જરતોષ્ટથી બનેલા હતા નહી પણ એક તાબેદાર, બીકણ અને વીખેરાયલી કોમ હતી. તે એક ઉંચાં વાળવામાં આવેલા રાજ્યમાંથી નાસી આવેલો કોમનો બાકી બચેલો નાનો ભાગ હતો. તેઓ એક પરદેશી મુલકમાં, આસપાસ પરદેશી લોકોથી ઘેરાયલા તથા એક અંજાણ્યો ધરમ ધરાવતી કોમ હતી. આ સંજોગો વચ્ચે સમજવું સહેલ છે કે તેઓ કોઈને પોતાના ધરમમાં વટલાવવાની હીમત કરતા હતા નહી તે છતાં વગવાળા હીંદુ એ સલામી વટલેલોને પોતાના ધરમમાં લેવાને ખુશીજ થયા હતે. અને મને કાંઈ પણ શક નથી કે પંડીતો તથા અકબરની વારતાઓનો ખરો ખોલાસો એજ છે. પણ વટલેલોના સંબંધમાં કોમની વલણમાં ફેરફાર કરવા તથા તે નવી રીતે ઘડવા માટે બે મુખ્ય સબબોએ ઘણું ભાગ આપેલો હશે તેનો પહેલો સરવથી બળવંત સબબ બેશક પુરાના વખતનો હીંદીઓનો નયાત જાતના આચાર વીચારનો હતો, જે તેઓના વસવાટવાળા આખા ભાગમાં ફેલાયલો હતો. બીજો તેઓની પોતાની વધતી જતી આબાદીનો હતો તેને સબબે નયાતના નીયમનું દબાણ વધુ અને વધતું થયું હતું તથા તે ખીલતું રહ્યું હતું. જે કોમ ઉંચાં બંધારણમાં બંધાઈ હોય તેને નીચા બંધારણવાળી કોમ કરતાં નયાતનું બંધારણ ઈચ્છવાજોગ જણાય છે. જેમ હીંદી જરથોસ્તીઓ પોતાની આસપાસના વસનારાઓ સાથે વધુ સીધા તથા ચાલુ સંબંધમાં આવતા ગયા તેમ નવી કોમોની તથા દાજ સંસારોની તેઓ ઉપર અસર થવા હશે, જેથી તેઓનું નયાતનું બંધારણ મજબુત થયલું હોવું જોઈએ તથા તેને મે પોતાની પડોશના હીંદીઓ સાથેના ઉપર વધારે મજબુત અસર થયલી હોઈએ. આ કાંઈ ફકત ખીઆલી વીચારથી. જુબાની ઉપરથી તે ચોકસ રીતે ર થાય છે. હું હીંદી જરથોસ્તીઓ ધારણ ધારમીકને બદલે નયાતની ઉપર સ્થાપલું રાખવાનો મજબુત કરૂં છું. ઈરાનથી આવેલા જરથોસ્તી પોતાનું નયાતનું બંધારણ

વ બનાવતા ગયા તેનો પુરાવો તેઓ અત્રે આવી પોતાની કોમને માટે ખાસ પારસી બોલ જાળવી રાખ્યો છે તે ઉપરથી મળે છે.

જુદદીનો કરતાં હરામ ઈસતનાં છોકરાંઓને આપણામાં આવતી પસંદગી.

હાલમાં એ બોલ કોઈ પણ હીંદી કોમ જેવોજ નયાતનો અરથ દરશાવે છે. શુરૂઆતના પારસીઓ વરસ અગાઉના વખતથી બાકીનો ભાગ છોડી પ્રતીવાદીઓએ પોતાના લેખીત જવાબનામામાં જે બીના જણાવી છે તે ઉપરથી આવતાં આ તરફ સંપુરણ રીતે તથા જવાબ આપી નહી શકાય એવી રીતે ખરી પડેલી માલમ પડે છે. બીજી જે તરફ શાસ્ત્રને લગતી તકરારથી વાદીઓએ પોતાનો મુકદમો બાંધ્યો હતો તેમાં સુધારો કરવાને તેઓ કદી શક્તીવાન થયા હતા નહી તેમાં ફેરફાર કરવાની હવે જરૂર માલમ પડે છે. પ્રતીવાદીઓ આપણે હમણા અસલી વીચારના પારસીઓના વીચાર જાણીએ છીએ તેમ જુદદીનોને પોતાના ધરમમાં લેવા કરતાં અનીતીને તથા હરદમ ઇસતનાં છોકરાંઓને ચલાવી લેવાને તઈયાર થયા છે. તેઓ જે ઇરાની જરથોસ્તીઓની આગલી ચાલથી વાકેફ નથી તેઓને પણ આંખ મીંચીને પોતાના ધરમમાં લેવાને તેઓ તઈયાર થયા છે. પણ તદન સ્વચ્છ તથા ખામી વગરની ચાલ ચલાવનાર પુરદેશીને તે માટેની પુરતી ખાત્રી મળે તે છતાં પણ પોતાના ધરમમાં દાખલ કરવા માગતા નથી. તેનો સબબ એટલોજ કે એક જુદદીનને તેઓ પોતાની નયાતની બાહેર ગણે છે.

તરઆ ધરમ નથી. આને ધરમ સાથે સં
નથી. આ સ્પષ્ટ રીતે ધારમીક લાગ
વીરૂધ છે, પણ તે ભેળસેળ થયા વગ
ખી પુરાણી જાત છે. આ એટલું પ
છે કે કોઈ લાયકાત ધરાવનાર મા
ની વીરૂધ બોલવાને કદી સ્વપનું પ
નહીં. પરીણામ શું છે? તે પણ
અત્રે જે ચીજ અગાઉ નહોતી તે
છે અને તે એક જાત થઈ છે જે
જપુત અને વબવાળી તેમજ
એક શ્રેષ્ઠ જાત છે. અને
સનમુખ જે જે બાબતો રજુ

કરવામાં આવે તેમાંથી જાતને લગતો વીચાર—હીંદી ઝોરાસ્ત્રીઅનોના બંધારણમાં ધારમીક વીચારને બદલે કયારે દાખલ કરવામાં આવ્યો તે શોધી કાઢવાનું છે. બીજી રીતે એમ કહી શકાય કે જે વખતે ટ્રસ્ટ નેમવામાં આવ્યું ત્યારે ધારમીક વીચારોને આધારે કામ લેવામાં આવતું હોય તો વાદીઓએ જે દલીલો કરી છે તે વયાજબી ઠરે. આમ હું તે પ્રમાણે તેને અનુસરીને ચુકાદો આપું. પણ જો તે વખતથી ધરમ કરતાં જાતને લગતા વીચારો વધારે જડ ઘાલતા ગયા હોય કે જેથી જાતનો લગતો સવાલ હીંદી ઝોરાસ્ત્રીઅન બંધારણમાં મુખ્ય ભાગ લેતો હોય તો મારે એક જુદુંજ અનુમાન ખેંચવું જોઈએ અને હું ધારૂં છું કે પ્રતીવાદીઓની દલીલો ટ્રસ્ટના સ્થાપકોના વીચારોની સમજણ આપશે. હીંદી ઝોરાસ્ત્રીઅનો આ પણ જે વખત સાથે લાગતું વળગતું છે તે વખત પહેલાં લગભગ એક હજાર વરસથી પોતે સ્વીકારેલા નવા મુલકમાં રહેતા હતા. તે વખત દરમયાન તેઓ જુદી જુદી જાતના સંસારીક તેમજ ધારમીક માણસોના સમાગમમાં આવ્યા હતા તો પણ તેઓ તેમાં ભળી ગયા નહોતા. તેઓ અત્રે પહેલા આવ્યા ત્યારે જેવી રીતે જુદા પડી આવતા હતા તેવીજ રીતે હજુ પણ અત્રેના બીજા લોકોથી જુદા તરી આવે છે. તેઓએ પોતાના જુના ધરમને સ્વચ્છ તથા પવીત્ર રાખ્યો છે અને માત્ર હાલમાંજ પઈસાની તથા બીજી જાતની સગવડોને લીધે પશ્ચીમના મુલક સાથે સમાગમમાં આવતાં અગાઉનો નાતને લગતો જે જુસ્સો હતો તે જરા મંદ પડયો છે. અનીતી હતી અને હજુ પણ કેટલેક દરજજે હોવી જોઈએ; પણ કદી નાતને લગતો નજીવો જેવો પણ કાયદો તોડવાનું જાહેર રીતે સ્વીકારવામાં આવ્યું નથી. વળી તેની પણ નોંધ લેવી જોઈએ કે તેઓ જ્યારે હીંદમાં આવ્યા ત્યારે ગમે તેવા ઉદાર હોય તોપણ હીંદી ઝોરાસ્ત્રીઅનોએ, જેમ જેમ તેઓ વધતા ગયા તથા જેમ જેમ તેમની પાસે સાધનો વધતાં ગયાં તેમ તેમ તેઓએ પોતાની જાતની પવીત્રતા જાળવવા માટે જે જે ઉપાયો લીધા તેનાથી પોતાની જાતને હીંદી ધરમોમાં મળી જવાથી અલગ રાખી. અસલથીજ હાલની પેઠે પોતાની જાતને નામે તેઓ સા

તે મળીને કામ કરવા લાગ્યા હતા અને જાતને તથા કોમને મજબુત કરવાનું કામ કરવા લાગ્યા હતા કે જેથી તેઓ મોટી સંખ્યામાં ભેગા મળી ગયા હતા. તેઓ બીજી મંડળીઓમાં જોડાઈ શક્યા હતા નહીં કારણ કે તે મંડળીઓ અમુક જાતની મંડળીઓ હતી અને તે બીજી જાતવાળાઓને પોતાની મંડળીમાં દાખલ કરતી નહીં. સંસારી હસ્તીનો બધો આધારજ જ્ઞાતી ઉપર હતો. એક જ્ઞાતી તરીકે તેઓ પોતાની પદવી સુધારવાની તથા તેને ટકાવી રાખવાની આશા રાખી શકે. તોપણ તેઓ વચ્ચે ધારમીક તથા જ્ઞાતીના ખયાલ વચ્ચે લાંબી લડાઈ ચાલી હોવી જોઈએ. તેઓને પરમેશ્વરની ભક્તી કરવાની હતી પણ તે સાથે કેટલેક દરજ્જે પઈસાની પણ ભક્તી કરવાનું હતું. ધરમમાં વટલાવવાને લગતી શરતોના સવાલ ઉપર ઘણી વખત ચરચા થઈ છે તોપણ હજુ કોઈકનેજ એવી રીતે વટલાવવામાં આવ્યું હશે. અને અમારી જાણ પ્રમાણે મીસીસ તાતાને વટલાવવાનું કામ એકજ જાહેર રીતે કરવામાં આવ્યું છે કે જે માણસ દરેક રીતે લાયક તથા કોમને એક શણગાર રૂપ છે. અકબૂરને વટલાવવામાં આવયો હતો તેને માટે અમોને ખાત્રી થતી નથી. ઘણું કરીને તેને વટલાવવામાં આવયો ન હોતો. બીજા બધા આપવામાં આવેલા દાખલાઓને રદ કરવા જોઈએ. હવે સવાલની કસોટી કરવાની છે કે જ્યારે દરેક સ્થીતી અને સંજોગથી આપણે જાણીતા થયા છીએ, જ્યારે આનુ સામે કહેવાને આપણી પાસે કાંઈ શબ્દો નથી, જ્યારે ખુલી રીતે મોટા ઠાઠમાઠથી તથા એક મોટા પારસી ધરમગુરૂને હાથે વીધી સહીત તેને નાતમાં લેવામાં આવી હતી ત્યારે આપણે શું કહી શકીએ ? ધરમમાં વટલાવવા માટે જે ચરચા ચલાવવામાં આવતી હતી તે બધી ઉડી ગઈ અને જે પ્રોફેસરો તથા ડૉકટર જુદદીનોને અમુક શરતોએ વટલાવવાની હેમાયત કરતા હતા તેજ બધાઓએ આ બાનુને દાખલ કરવાને કોશેશ કરવામાં આવતી હતી ત્યારે પોતાના વીચારો ઉપર પાણી ફેરવયું છે. આ બધી છાલકી તથા દમ વગરની તકરારો છે. મીસીસ તાતા જેવી સુધરેલી તથા કેળવાયલી બાનુને ધરમમાં દાખલ કરવાથી ધરમને કોઈ પણ રીતે નુકસાન ન થશે એમ કહેવું એ છોકરવાદ જેવું છે. તેને રીતસર દાખલ કરવામાં આવી ન હોતી એમ જણાવી તેની સામે વાંધો લેવો એ વધારે મુરખાઈભરેલું છે. તેને જાહેર રીતે એક મોટા ધરમગુરૂને હાથે વટલાવવામાં આવી હતી. આગેવાન શેહેરીઓ અને તેમજ પારસીઓને તે વીધી વખતે હાજર રહેવા માટે આમંત્રણો કરવામાં આવયાં હતાં. જે દસ્તુર જાણીતા હોવા જોઈએ તેઓ કહે છે કે તેણીને બરાબર દાખલ કરવામાં આવી હતી. પ્રતીવાદીઓ તરફથી હાજર થયલાઓની યુક્તીભરી ઉડાઉ વાતો માટે મારી ધીરજ રહી ન હતી. સી[illegible] બોલ્લી બાબતને ઉડાવયા કરીને તેમણે પોતાની બીજા સાથે મળી નહીં શકે તેવી સંબંધ વગરની વાતોને બેસ્તી કરવા માટે તેમણે અમારા વખતના કલાકો ગુમાવયા છે. ખરો અને બોલ્લો સવાલ એટલોજ છે કે તેઓનાં પવીત્ર જબાણો, તેમના પોતાના તેથી ઉલટા ઉદગારો, રવાયતો વગેરેની ગણના કરવા વગર તેઓ પોતાનો આધાર ધરમ ઉપર નહીં પણ નયાત ઉપર બાંધે છે અને જ્યારે તેની વહેવારૂ કસોટી કરવામાં આવી ત્યારે તેઓ કહે છે કે જનમથી પારસી નહીં હોય તેઓ પારસી કોમમાં દાખલ થઈ શકે નહીં. વાદીઓનો મુકદમો ટુંકમાં તેટલોજ છે અને તે જોકે અમોને મુકદમાના છેક આખેરીના ભાગમાં જણાવવામાં આવયો હતો તોપણ તે એક સારો મુકદમો છે અને તે ટકી રહેવો જોઈએ.

એ કહેતી વેળાએ હું વસ્ત ફંડો અને મીલકતોના સંબંધમાંજ બોલું છું. એમ સમજવું જોઈએ, જે ફંડો અને મીલકતો આ મુકદમાની મુખ્ય બાબત છે. જ્યાં સુધી જવાની મારી ફરજ છે ત્યાંથી એક પગલું આગળ વધવા હું માગતો નથી. તેથી દાચ મારે કહેવું જોઈએ કે હું ધારૂં છું બતાવીશ કે જેઓ હીંદી જરથોસ્તી અથવા તો એક હીંદી જરથોસ્તીની નહીં હોય તેવાઓને માટે આ ફંડો બંધાવવાનો કાંઈ ઇરાદો તેવા સ્થાપ હીં હતો.

સ્થાવર મીલકતમાં વપરાયલા શબ્દોની અસર સંબંધી તપ

સ્થાવર મીલકતના જે દસ્ત

પર મી૦ લાઉનડસે ઘણો

મળ્યો હતો તેમને આપણું ઠુંકમાં તપાસી
એ. મારા હમદરદીક દાવરે આ દસ્તાવેજ
ની પુરતી તપાસ લીધી છે તેથી હું તેના
ઉપર માત્ર જરૂર જોગી ટીકા કરીશ. દરેકના
અગતના શબ્દોજ હું અત્રે ઉતારી લઇશ.
(૧) "મુંબઇમાં જરથોસ્તી પ્રજાના મોટા વ
ધારાને લીધે બીજા દોખમાની જરૂર" (૨)
"આખી જરથોસ્તી અનજોમન" (૩) "જર
થોસ્તી કોમના લોકો માટે" (૪) "મઝદેયશ
ની ધરમના લોકોના ઉપયોગ માટે" (૫)
"મઝદેયશની ધરમના લોકો માટે" (૬)
મઝદેયશની ધરમનાં કાનો મુજબ" "મ
ઝદયશની અનજોમન" તરફથી (૭) મઝદય
શની ધરમના લોકો" (૮) "આખી અનજો
મન" (૯) "મુંબઇની પવીત્ર જરથોસ્તી કો
મના લોકો" (૧૦) "જરથોસ્તી કોમના લો
કો" (૧૧) "પવીત્ર જરથોસ્તી કોમના મઝ
દયશની ધરમના દસ્તુરો, મોબેદો, એરવદો
અને બેહદીનો" (૧૨) "પવીત્ર જરથોસ્તી કોમ
ના મઝદયશની ધરમના દસ્તુરો અને મોબેદો
અને એરવદો અને બેહદીનો" (૧૩) "મુંબઇ
ની આખી જરથોસ્તી અનજોમનની સેવામાં"
(૧૪) "સઘળા જરથોસ્તીઓના લાભ માટે
અનજોમનને" (૧૫) "પવીત્ર અને ઉતમ મ
ઝદયશની ધરમના ફીરકાના લોકો" (૧૬)
"આખી જરથોસ્તી અનજોમનના લોકો ત
રફથી" (૧૭) "હીંદુસ્તાનની પવીત્ર જરથો
સ્તી કોમ" (૧૮) "જરથોસ્તીઓના ઉપયોગ
માટે" (૧૯) "મઝદયશની ધરમના લોકોના
ઉપયોગ માટે" (૨૦) "જરથોસ્તી લોકોની
અનજોમનના ઉપયોગ માટે" (૨૧) "જર
થોસ્તી કોમની અંજોમન" (૨૨)
"અનજોમનની જમીન ઉપર જરથોસ્તીઓના
ઉપયો માટે" (૨૩) "જરથોસ્તી અન
ાં ખાસ–આમ" (૨૪) "જ
અનજોમનના ઉપયોગ માટે"
જરથોસ્તી કોમના સંબંધમાં" (૨૬)
તી અંજોમનના ઉપયોગ માટે"
આખી જરથોસ્તી કોમ માટે" (૧૮)
જરથોસ્તી આલમ તરફથી" એ તો
કે આમાંના કેટલાક ઘણા સામા
છે અને તે ઉપર વાદી ઘણો ભાર
જ ઘણામાં નયાતનો જુસ્સો ઘણો
ડતો છે જેમ કે જરથોસ્તી કોમ
વીશે ચાલુ ઇશારો કરવામાં આવયો
રસી એવો શબ્દ મળતો નથી.

પોતાના ધારમીક ઉખાણોમાં હીંદી જરથો
સ્તીઓએ પોતાનો સ.પરસ્ત પારસી નામે
પોતાને પારસી તરીકે તેમણે ઓળખાવયા
નથી. એ શબ્દનો તે સંબંધમાં કાંઇ અર્થ
નહીં થતે. આ શબ્દો ઉપરથી વાદીઓ કહે
છે કે પવીત્ર જરથોસ્તી કે મઝદયશની ધ
રમના ખરા માનનારાઓ માટે ઘણું ધારથી
કે ફંડો ખોટ્ટી રીતેથી છે તે તકરારને આમાંના
કેટલાક ઉતારાઓ ટેકો આપે છે. અત્રે કહેવામાં
આવે છે કે "પવીત્ર મઝદયશની ધરમ વ
ટલાવવાની ભલામણ કરે છે. ત્રસ્તના સ્થાપ
કોનો ઇરાદો શું હતો તેના પુરાવા છે. તે
આ બતાવે છે કે ત્રસ્તો જનમથી પારસીઓ
માટે સ્થાપવામાં આવયાં નહતાં, જનમથી પા
રસી એ શબ્દ તેઓ જાણતા પણ નહતા, પણ
પવીત્ર જરથોસ્તી ધરમના સઘળા સભાસ
દોને માટે તે હતા. હવે જો તે ધરમ વટલા
વવાનું ફરમાન કરે છે ત્યારે તે ફંડોનો લા
ભ જરથોસ્તીધરમમાં વટલાવનારાઓ સુધી લં
બાવવાનો ઇરાદો પણ તેમણે રાખેલો હોવો
જોઇએ" તરકશાસ્ત્રના નીયમ ઉપરજ આ
દલીલ વધુ મજબુતીથી કરવામાં આવી છે
અને તે ઉપર આખા મુકદમા દર
મીઆન વજન આપ્યું છે. તે છતાં
માત્ર એક બે છુટાં પડેલાં વાકયો ઉપરથી
દોરવાઇ જવાનું બની નહી શકે પહેલે તો
સમુહ ઉપરથી સ્થાપકોનો ઇરાદો આપણે ત
પાસવા કોશેશ કરવી જોઇએ. તે તપાસતાં
તરત જણાશે કે તેઓની મુખય નેમ પોતા
ની કોમને માટે જાહેર બંદગીનાં સ્થળો અ
ને દોખમાં પુરાં પાડવાં અને તેમને કોમની
અંજોમનના કાબુ હેઠળ મેલવાં. અંજોમન
અને તેની સાથે સંબંધ ધરાવતા શબ્દ પં
ચાયતના ઉપર ધયાન આપવાની જરૂર છે.
મારા હમશરીક દાવરે તેના શરૂઆતના ઇ
તીહાસમાં ઉતરીને તેનો અંત કયાં આવયો
તે બતાયું છે તોપણ અને શબ્દો નયાત અ
ને નયાતના કારોબાર જેવો અર્થ સુચવે છે.
અંજોમન તે આખી નયાત છે. મુસલમાનો
માં હીંદુઓના જેવી નયાતો નથી પણ જ
વાબદારી ધરાવનારા મોટાઓની બનેલી પ્ર
તીનીધી કમીટી સરખી હોય છે. પણ જયા
રે તે શબ્દ લેખ કે દસ્તાવેજમાં વા
પરવામાં આવે છે તયારે તેનો અર્થ
આખા કોમના કાબુ સરખો થાય છે.
પશ્ચીમ હીંદમાં મુસલમાનોના ખોજાઓ

માં હીંદુ રીત રેવજો દાખલ થયા છે. તેથી જરથોસ્તી અંજોમને પારસી પંચાયતને જનમ આપયો તેમાં નવાઇ જેવું કાંઇ નથી. પંચાયત તે એક નયાતના સરખી સંસ્થા હતી અને તે નયાતની રીતે ચલતી હતી. સવાલ એજ છે કે આજથી સુમારે દોઢેસો વરસ ઉપર નયાતના એ ખીઆલે ધારમીક ખીઆલોને કેટલે દરજ્જે ખસેડયા હતા. આ સમય કાંઇ એટલો દુરનો નથી કે જેથી વચે વખત ઘણો થયલો હોવાનાં કારણે અંધારામાં ગોથાં ખાવાં પડે. ૧૭૫૦ના પારસી કોમ હાલની પારસી કોમ કરતાં કાંઇ ઘણી જુદી નહીં હોય. તેના ખીઆલો આજની પારસી કોમના ખીઆલોના સરખાજ હતા એ બનવાજોગ છે. જો કાંઇ ફેરફાર થયો હોય તો પણ તે એટલો કે હમણાના ખીઆલો ઓછા નહીં પણ વધુ ઉદાર બનેલા હોવા જોઇએ. અલબત આવી બાબતમાં બહુ ઝડપથી સામાનય સાર કહાડવો નહી જોઇએ. એકબીજાથી વીરૂધ જતી બાબતો ઉપર આવી હોય, સ્થીતી બદલાઇ હોય અને રાજનીતીના ખીઆલો બદલાયા હોય. આ ફંડો સ્થપાયાં તે અગાઉ પારસીઓ નયાતી બંધારણ તરફ ખેંચાયા હતા. અને નયાત રચી હતી એમ માનવામાં જો હું ખરો હોઉં તો તે હવામાં ઉછરેલી સ્થીતી જલદીથી ફેરવાઇ નહીં જાય. એક નયાતના ઝનુનને ઉખેડી કહાડવા માટે લાંબા વખતની અને ફેરવાયલા સંજોગોના ચાલુ દબાણની જરૂર છે. બસો વરસ પહેલાં હીંદી જરથોસ્તીઓ હાલના જેટલા બુધીશાળી, શ્રીમંત કે આગળ વધેલા નહતા, તો પણ પોતાને માટે મગરૂર હતા. તેઓએ પોતાના બાપદાદાનો ધરમ તેની સઘળી પવીત્રતા સાથે જાળવી રાખયો હતો. તેઓ પ્રમાણીક અને કાયદાને માન આપીને ચાલનારા શેહેરીઓ તરીકે જણાયલા હતા. પોતાની માની લીધેલી પવીત્ર નીતી અને કરકસર માટે તો તેઓ ઘણાજ મગરૂર હતા. વારંવાર કહેવામાં આવ્યું છે કે પુરવ તરફની બીજી કોઇપણ કોમમાં આટલા ઓછા ભીખારીઓ અને અનીતીમાન સ્ત્રીઓ નહી હશે. એક શબ્દમાં કહેતાં એક કોમ તરીકે તેમને મોટું માન હતું અને પોતાની સાથે હલકા વરણના હીંદુઓ નહી ભેળાય તે માટે તેઓ ઘણા સાવધ બનયા હતા.

આજથી ૧૫૦ વરસ અગાઉની જરથોસ્તી કોમનું એ ખરૂં વરણન છે. અને સવાલ એ છે કે એ કોમના આગેવાનો જેઓ પોતાની પવીત્રતા માટે જાણીતા હતા તેઓ એ પોતાનાં આતસ બેહેરામના કે દોખમાના દરવાજા કોઇને પણ માટે ઉઘાડા મેલ્યા હોત કે તેમને પવીત્ર ધરમમાં દાખલ કરવા માટે દસ્તુરો રોકવાની પઇસા ફાજલ પાડયાં હોત. ફંડને વટાવવા તેનું કામ કોમની ઇચ્છાનુસાર કરવામાં આવત એવું કાંઇ નથી. તપાસ દરમીઆન એ તો ખુલ્લું થયું છે કે મોબેદોનો હાથ વહેવારૂ રીતે છુટો હતો જો કે એક આખા વરગ તરીકે તેઓ બીજા કોઇ મોટા ધરમના ધરમગુરૂઓથી ઉતરતા નથી તો પણ તેઓમાં કેટલાક એવા પણ છે કે જેઓ પોતાને વધુ પઇસા આપનારના હાથમાં વેચાઇ જાય. મુકદમાની આ બાજુ ઉપર મારા વીદવાન હમશરીકે બહુ ભાર મેલીને વીવેચન કરયું છે. અને હમણા જો કે તે સાથે અમોને કાંઇ સંબંધ નથી તોપણ કદાચ કોઇ બટલેલોની તરફેણમાં મુકદમો ચલાવવામાં આવે તો ભવીષયમાં કેવાં પરીણામો આવે તેજ ધયાનમાં રાખીને કોઇ પણ કબુલ રાખશે કે આ ફંડોના સ્થાપકોના મનમાં જે હતું તે સાથે આ મુખય સવાલને ઘણો સંબંધ હતો, આવા અગતના સવાલ તરફ તેઓ ધયાન આપવા વગર રહી શકે કે? જેઓ પોતાના લોકો, ધરમ, નયાત અને તમો તેને ગમે તે નામે બોલાવો તેને માટે મગરૂર હતા તેઓ તે સઘળાને કોઇ નીયમોને વળગી રહેવાની દ્રઢતા વગરના મોબેદોની દયા ઉપર છોડી જાય કે? આ ર ની
બાબતમાં ધરમના અસલ ખીઆલોમાં
ના સરખા ખીઆલો કેટલા મજબુત
ખલ થયા છે તે આ મુકદમામાં મને
ને વધારે ખાલી રીતે સમજાતું ગ
હીંદી જરથોસ્તીઓ પોતાની લાસ
બંધમાં કેવી રીતે વરતે છે તે આપ
છે. તેમની જીંદગીના નાના મોટા
ઉપર ધરમગુરૂઓનો કેટલો અંકુ
આપણે સાંભળયું છે. આ સઘળો
બંધારણનો ઘણો ખીલેલો જુસ્સો
ધારમીક નજરે નહીં જોતાં આ
વાતી એક જુદદીનને મરણ ક્રીયા
લેવા દેવો એ પાપ સમાન છે. તે

મુકને આતશબેહેરામમાં દાખલ થવા દેવે એક જુના વીચારના હીંદી જરથોસ્તીને બેશક ભડકાવનારૂં થઇ પડે. તેને એક કામ વાજબી લાગે પણ ધારમીક પ્રેરણા તે લાગણીને તરત દાબી દેશે. તે તપાસવા માટે આપણે માત્ર એટલુંજ માની લેવું જોઇએ કે જેને વટલાવવાનો ધંદો છે તે એક સારા ખાનદાનની ખુબસુરતવાળી યુરોપીઅન બાનુ નહીં પણ એક બની છે અને હીંદી જરથોસ્તીઓ જે રીતે જમાનાઓ થયાં નયાતી બંધારણ હેઠળ ઉછરેલા છે તેઓની નજરમાં એક હલકો હીંદુ પોતામાં સમાએલું હીણતાનું તતવ પોતાની ગમે તેવી સરસ ધારમીક માનતાઓ અને પ્રથાઓ વડે દુર કદી નહીં થકે અને તેમનાં આતશબેહરામોમાં બંદગી કરવા માટે પોતાને લાયકનો બનાવી નહીં થકે. જેઓ પણ આ મુકદમાની જબાની સાંભળી છે અને જેઓ કઇ તરફના સમાજના આગળ વધેલા અને ઉદાર ભાગોના ખીઆલોથી જાણીતા છે તેઓ આના સંબંધમાં કદી પણ શંકાશીલ નહી રહે. પુરવ તરફના સઘળી ઉતરતા વરણના લોકોને પોતાના ધરમમાં લેવાનું હીંદમાં ખ્રીસ્તી મીશનરીઓને માટે રહયું છે. પણ ખ્રીસ્તી ધરમે એક નયાતનું રૂપ ધારણ કરયું નથી. તે પશ્ચીમમાં છુટાપણું ધરાવતી પ્રજાઓમાં ખીલયો અને વટલાવવાના સાહસમાં તે હમેશાં ઉદાર રહયો છે. જરથોશતી ધરમને માટે તેમ કહી શકાય તેવું નથી અને મુંબઇના જરથોસતીઓ તો તેઓ કરી શકે તેમ નથીજ. તે ...ાંના કેટલાક ઉદાર ગ્રહસ્થો કાંઇ પણ
૪ . મેલવા માગે છે તે એટલીજ છે કે
ઇને વટલાવવાજ પડે તો પણ તેમને
અને દોખમાની જુદી સગવડ ક
ાપવી. બીજા શબ્દોમાં ધરમનાં
મુજબ વટલાવવાની ના પાડવામાં
નથી પણ સંસારીક અને ધારમીક
ને નયાતના સખત કાનુનો લાગુ
ી આવે છે. તેના ખીઆલો આ
અને આપણે આજથી ૧૫૦ વરસ
ા હતા તે જોવાનું છે. દરમીઆન
ાટી, આબાદ, શ્રીમંત અને રાજદ
જરે લાગવગ ધરાવતી થઇ છે. કેટ
:ણો આજે એવાં છે કે જે દોહોડસો
ગાઉ હસ્તી ધરાવતાં ન હતાં કે જે ને ખાતર પારસીઓને અલગપણું પસંદ કરી બાહેરનાઓને અટકાવવા પડે છે. તે કેટલેક દરજજે ખરૂં છું. વાદી તરફથી રજુ થએલા વીચારોનો સંસારીક આબરૂતીને મજબુત બનાવનારાં કારણો પુરાં પાડશે છે. વટલાવવાનું કામ મુંબઇમાં બનાવી લઇ શકાય તેમ ન હોવાનું એક કારણ બીજાઓની સાથે એવું આપવામાં આવયું છે કે પારસી જવાનોને પરણવા માટે કેટલીક કબાઇ કરવાને ઘણી આનાકાની કરવી નહીં પડે તેવી યુરોપીઅન બાનુઓ પારસી ધરમમાં વટલવાનો ઢોંગ કરે અને તેથી પારસી કોમમાં ભરથારોની ખોટ પડે. પારસી કનયાઓને તેથી તજી દેવામાં આવે; અને એક મોટા ધરમગુરૂએ એટલે સુધી ખાતરી આપી કે એવી વળણને લીધે આ ચાલીશ વરસની એક પારસી કનયા હજી કુંવારીજ રહી છે. આ ભુલ ભરયું છે. અલબત્ત મુખ્ય નેમ સંજોગો સાથે બદલાય છે. જે ચીજ માટે એક વખત ઘણી મહેનત કરવામાં આવતી હોય અને કોમને માટે તે ઇચછવા જોગ ગણવામાં આવતી હોય તેજ ચીજ કોમ આગળ વધયા અને પહેલી પંકતીએ પોંચયા પછી નહીં ઇચછવા સરખી થઇ પડેલા મને ખાત્રી છે કે આ ફંડના સથાપકોએ પોતા પાસે બધી મીલકતો મેલવામાં આવયા પછી કદાચ વટલેલાને ફંડનો લાભ આપવાની ના પાડી હોત તો પણ તે માટે આવાં નજીવાં કારણો આપયાં નહીં હોત. ધારો કે એ સથાપકો પાસે સવાલ મુકવામાં આવયો હોત કે "આ દોખમાં અને આતશ બેહેરાઓનો ઉપયોગ વટલેલા માટે પણ કરવામાં આવે એમ તમો ઇચછો છો ' તેનો જવાબ શું મળતે ! પારસીઓના વરગમાંથી તે સથાપકો નીકળયા હતા તે વધારે સારો વરગ દેશાવરના પારસીઓની નીતી સંબંધી શીથીળતા માટે કેટલી ના પસંદગી ધરાવતો હતો ને તે વરતન ધરમથી વીરૂધ હતુ. તે માટે નહી—જો કે તે વીચારો પણ તેમને દોરવયા હશે—તેથી કોમના દરજજાને હાની પોંહચતી હતી તેને લીધે તે દુબળીઓને રાખવી અને તેમના પેટે બચાં ઉતપન કરવાં એ વાત ખરા જરથોસ્તીઓને દુખદાયક હતી કારણ કે તે ધરમ વીરૂધ હતું, એટલુંજ નહીં પણ દુબળી ઘણી હલકી જાત હતી. સરખાવવા

ઉચી પંક્તી ધરાવનારા જુદદીનો સાથે બ
રાબરી લગન કરવાં તે સામે નાપસંદગી
બતાવવામાં આવત કે કેમ તે એક સવાલ
છે. પારસીઓના આગલા ઇતીહાસમાંથી જ
જાણ છે કે આવાં લગન થયાં હતાં અને
તેને કોઇએ પાપ જણાવ્યું નહતું. પણ તે
બનાવોએ કોમે એક નયાતનું સ્વરૂપ ધાર
ણ કરયું તે અગાઉ બનયા હતા. તેઓ પો
તાનાજ કે ઉંચા દરજજાના લોકો સા
થે સંબંધ ધરાવતા હતા. તોપણ આ ત્રસ્ટો
સ્થાપવામાં આવયાં તારે કોઇ પારસી બહદી
કોમની કનયા સાથે પણ પરણે એ પણ બ
નવા જોગ ન હતું. સઘળા ધરમ ગુરૂઓ અ
ને વકીલોએ સરખી રીતે કહયું છે તેમ ફં
ડના સ્થાપકો પણ એમજ જવાબ વાળતે કે
પારસી ધરમમાં વટલેલાઓ અમોને શોભા
આપે તેવા હોય તો તેઓને અમારાં ફંડો
નો લાભ લેવા દેજો " પણ તેટલેથી ખુલાસ
નહીં થતે. તેમનો ખોલાસો કરવામાં આવ
તે કે કાંતો બધાને દાખલ કરો અથવા તો
કોઇને નહીં. તેઓ તરતજ સમજતે એક અક
બર શીઠ સો દુબરા કે ભંગીઓને દાખલ કરવા
પડશે. એવી ભયંકર સ્થીતી જોઇને તેઓએ
કોઇપણ વટલેલને કોઇ પણ શરતે દાખલ
નહીંજ કરવો એમ આનાકાની વગર કહયું
હોત એમ મને ખાત્રી છે.

ઉપર બતાવવામાં આવેલાં દસ્તાવેજો
માં વપરાયલા સામાનય સબદો વધારે સારી
રીતે સમજવા માટે આપણે હવે એ જોઇશું
કે જરથોસ્તી ધરમમાં વટાળાવવું રવા હોય
કે નહીં પણ જરથોસ્તીઓ હીંદમાં આવયા
તયારે તેમને જે સંજોગો જણાયા હતા તે જો
તાં એવી સઘળી ભલામણો તેમણે બેજમાં
થી કહાડી નાખી હતી કે નહીં; પંડીતો અ
ને અકબરને વટલાવવાનું કામ ઢીલમાં પડયું
હતું કે નહીં; અને કોઇ તેમાં ફેર
ફાર કરયું તો તે ઉપર નુકતેચી
ની થઇ. આખરે નયાતના સરખા
વીચારો કરવામાં આવતા હતા કે નહીં અ
ને વટલાવવામાં આવેલાઓ હમેશાં નહીં
ઇજ્જા સરખી કોમનાજ હોવાથી, વધારે સા
રો વરગ તેમને અલગ રાખવા માગતો હતો
કે નહીં; એ સઘળું ધયાનમાં લેતાં તરત
સમજાશે કે સામાનય ભાષાનો જો અક્ષરે અ
ક્ષર અરથ કરવામાં આવે તો તેમાં વટલેલા
નો સમાવેશ થઇ જશે પણ તેથી કાંઇ એવું
કરતું નથી કે તેઓના મન પાસે એવું કાંઇ
હતુંજ નહી કે તેઓની પાસે એવા કોઇ
વીચારો હતા. આજથી દોહોડસો વરસ અ
ગાઉ જયારે હીંદી જરથોસ્તીઓના આગેવા
ન સભાસદોએ આતશબેહરામો અને દો
ખમાઓ જરથોસ્તી કોમને અરપણ કરવાનો
વીચારો કરયો તારે તેમની પાસે એ
ખીઆલો કેવી રીતે મુકાયા હતા તેનો ખ્યા
લ આપણે કરવો જોઇએ. સેંકડો વરસ
થયાં તેઓ પોતાના લોકોનાજ વીચારમાં હ
તાં. મઝદયશની ધરમ તેમનાજ લોકો એક
લા પાળતા હતા. ધરમ એ તેમનું અસલ
અને મુખય બંધન હતું તે લાંબો વખત થ
યો એક ખોલ્લી નયાતના આકારમાં બદ
લાઇ ગયું હતું. એ ધરમના સભાસદ હોવું
તે પારસી કોમના સભાસદ હોવા સરખું હ
તું. વટલાવવાનો સવાલ તે વખતે હવામાંજ
હતો પણ જો આ ત્રસ્ટોના સ્થાપકોને વટલે
લા સ્વીકારવા વીશે પુછવામાં આવયો હો
તતો તેઓ, હું કહી ગયો છું તેમ જવાબ
આપતે કે આબરૂદાર અને પસંદગી પામેલા વટ
લેલાને દાખલ કરો. પણ તે માટે તેઓ શેઠી
યાઓની એક નીયમીત કોનવોકેશન ભરીને,
જે રીતે એક પોતાને બીજાઓથી અલગ
રાખી કલબ સભાસદોને દાખલ કરે છે, તે
રીતે દાખલ કરવા માગતે. તેમ કરવામાં સ
માયલો જોખમ, એક વટલાવેલાને દાખલ
કરવાથી સઘળાને દાખલ કરવા પડવાનો સં
ભવ એ સઘળું તેમની પાસે મુકવામાં આ
વતાં તેઓ તેનો લાભ હીંદી જરથોસ્તી
કોમમાં જનમેલાઓનેજ આપતે. પુરવ તર
ફના લોકોની સાથે ઘણા વરસોનો સં
નહીં ધરાવતા એક અંગ્રેજ—એક
ધરમગુરૂને માટે પોતાને ત્રસ્ત ફંડોના સ્થ
જગાએ મુકવો મુશકેલ થઇ પં
જે લોકોને રસ્તે ચાલતાં અડકવા
આવતાં નથી તેમને આતશ બેહરામ
ખમામાં દાખલ કરવામાં આવે તેવી
વીચારના જરથોસ્તીઓમાં કેટલો ખુ
થાય તે સમજવું આપણે માટે ક
એક ગમે તેવો હલકો ધંધાદારી પણ
માનનારો દેવળમાં દાખલ થાય તેથી
અજાટ થયું એમ એક અંગ્રેજ ખ્રી
નથી નહીં, અને ખ્રીસ્તી કબરસ્તાન
માટે જગા કરી આપવાની નાતો
નહીં. પણ જરથોસ્તી કોમમાં સ્થીર

જુદી છે. મા ધારમીક કવાઓ એ ધારમીક જીંદગી સાથે સંબંધ ધરાવે છે, જ્યારે જરથોસ્તીઓમાં તે ધરમ અને નયાત બંનેને ભેળી નાખવામાં આવ્યાં છે અને એકની સાથેજ બીજાને સઘળો સંબંધ છે. તેમાં ફરક એટલો છે કે એક મા બાપ સાથે જનમવામાં જેટલો ભાગ તે ગણે છે તેના કરતાં ઘણો મોટો ભાગ તેને ધારમીક સ્થળોમાં દાખલ કરવા સાથે છે.

કોમની સ્થીતી ધ્યાનમાં લેવા વગર તે છુટાં વાકયોની મજબુતી ઉપર અમે જો આધાર બાંધી ઠેરાવીએ કે જરથોસ્તી ધરમમાં વટલાવવાનું ફરમાન હોવાથી તે ફંડો સઘળા વટલેલોને માટે ખુલ્લાં છે તો આથી કોમની લાગણીઓ દુખવવા સરખું થશે. તેથી હલકા લોકો તેમાં ભરાવા લાગે અને સઘળા સારા જરથોસ્તીઓની નજરમાં આતશ બેહેરામો અને દોખમાં અભડાયલાં થઇ પડે. આખું બંધારણ તરત ભાંગી પડે એવું તેથી કરશે. ખરા જરથોસ્તીઓને લાગે કે તેમનાં માનવંત ધરમ ખાતાંઓ તેમના ધરમને લાયક હવે રહયાં નથી આ બાબતમાં તેમની સ્થીતી મને તદન સાદી અને સમજ પડે તેવી છે. જો કોઇ તેવો ખરો ધરમાભીમાની હોય તો તેને વટલાવવાની તેઓ ના પાડતા નથી પણ તેમને માટે જુદાં આતશને હરામ અને જુદા દોખમા પુરાં પાડવામાં આવે એમ તેઓ માગે છે. ધરમ ખાતાંઓની સ્થાપના પછી તેઓ કહી અમારી જાણ મુજબ અમારી કોમમાં જનમેલા અને ઉછરેલાઓ સેવાયના દાખલ થવાની અ
યાં નથી અને તેઓ તેવાં રહેવાં
પે. તે માનયતાનો નાશ કરો અને
રું નયાતી બંધારણ તોડી નાખો. મુક
દરમીઆન વખતોવખત આ કહેવામાં
યું છે અને આ ફંડોના સ્થાપકોને જે
ખરેખર લાગયું હતું તે પણ આજ
જોઇએ એમ હું માનું છું. હાલના
મ સામે તેમણે કાંઇ રક્ષણ નથી કરયું
કે તેમને તે સુજયું ન હતું. તે ઉપ
અમો એવા સેવટ ઉપર આવીએ છી
'રથોસ્તી ધરમ મુજબ વટલાવવું' રવા
છતાં આ ત્રસ્ટના સ્થાપકોનો ઇરાદો
ો હતો. આ મુકદમાને માટે એટલું પુ
કે કોઇ ઇરાદો તેવો ન હતો. આ મુકદમાને માટે [illegible] પુરતું છે કે કોઇ પણ વટલેલને માટે [illegible] ન હતો.

સેવટ.

ત્રસ્ટો [illegible] આવ્યાં તે વખતના ધારમીક કાનુન અને રીત રેવાજો વીશે અમે ઘણું [illegible] છે. મેં એ બાબતમાં એ મારે શા માટે [illegible] કરયો તે હું જણાવી ગયો છું.

મારા [illegible] બાઇબંધના આ મુકદમના પેહેલા તેમજ [illegible] ભાગને લગતા ચુકાદા સાથે હું [illegible] થાઉં છું. મેં બીજો ચુકાદો આપ્યો છે તેથી મુદાઓમાંના કોઇ ઉપર [illegible] તે સીવાય તેમજ શુરૂઆતના કાયદા સંબંધી વાંધા ઉપરના મારા બાઇબંધના ચુકાદા સીવાય મુદાઓ ઉપરના તેઓના [illegible] ચુકાદા સાથે હું મળતો થાઉં છું. કાયદા સંબંધી વાંધાના સંબંધમાં હું તદન ઉલટાંજ [illegible] ઉપર આવયો છું. હું એવો અભીપ્રાય [illegible] છું કે ખાસ દાદ માંગવામાં આવી [illegible] આ મુકદમાને આધારે વાદીઓને તે [illegible] માટે હક ધરાવતા હોય તો આપી શકાય.

મારા [illegible] બાઇબંધે ખરચના સંબંધમાં અને [illegible] વાદીઓને મુકદમાના બધા [illegible] એક અથવા વધુ ત્રસ્ટ ફંડોમાં [illegible] બધો ખરચ મળવો જોઇએ છે [illegible] સંબંધમાં હું તદન મળતો થાઉં છું.

છેવટે [illegible] જજ મી૦ દાવરે મોટી ઉહેમત [illegible] ઉઠાવી લઇ મને કડાકુટમાંથી [illegible] કીધા છે તે માટે મારી આભારની લાગણી દરશાવીશ. તેઓએ ઘણું કામ ઉઠાવી લીધું છે જ્યારે મેં તો એક સાંભળનાર [illegible] કામ બજાવયું છે. તેઓએ એ મુકદમાની [illegible] બારીક બારીક વીગતો બરાબર [illegible] છે એટલુંજ નહી પણ મુકદમાના [illegible] ભાગને લગતી વીગતો છુટી પાડવાની [illegible] બધી બાબતો વખતોવખત મારા [illegible] લાવવાની ખાસ ઉહેમત ઉઠાવી [illegible] શુરૂઆતમાંજ જણાવયું હતું કે મારો [illegible] ફક્ત તેઓના ચુકાદાના [illegible] જેવો છે અને હું છેવટે પણ [illegible] કહું છું. જે બાબતો ઉપર અમો [illegible] જાહેર જેવું લાગતું હતું તેમાં મોટેથી તથા લખાણ

ફરી આવો વધુ વીવેચન થતાં મારા ભાઇબંધે ચાલુ સભ્યતા તથા ધીરજ બતાવી છે અને મુકદમ બત ખામી નહીં હેતાં તકરાર સાંભળયા બાદ પોતાનું અનુમાન ખેંચ્યું છે. અને મને મોટો સંતોષ ઉપજે છે કે દરેક મુખ્ય બાબત ઉપર હું તેઓ સાથે મળતો થઇ શકયો છું. તેઓ સાથે સંબંધમાં આવતો કોઇ પણ આ લંબાણ તપાસે તે તેઓ ઉપર જે લગભગ અસાધારણ બોજો તથા જોખમદારી આવી પડી હતી તે વેળા તેઓએ બતાવેલી અથંગ ધીરજ તથા શાંતીની પીછાન કરી શકયા વગર રહે નહીં. આટલું પણ યાદ રાખવાનું છે કે તેઓ પોતે કોમના એક આગેવાન સભાસદ છે તથા તેઓના પોતાના લાભો ઉપર ભારે અસર થાય તેવું હતું. તેઓની માફક મારે ધારાના હેમાયતીઓનો પણ ઉપકાર માનવાનો છે કે જેઓએ આ અગતના સવાલને અનુસરતી રીતે કુશળતાથી તથા પુર લાયકાતથી સામ સામેના મુકદમો રજુ કીધા છે.

મીસીસ સુનાબાઇ તાતાને પક્ષકાર બનાવવાની મી૦ લાઉંડસની કોર્ટને અરજ.

બપોરે કોર્ટ પાછી બેસતાં વાદીઓ તરફના ધારાના હીમાયતી મી૦ લાઉંડસે કોર્ટને એવી અરજ કરી કે તમો નામદાર તમારો ચુકાદો આગળ વાંચો તે અગાઉ હું એક ધારાસરની અરજ કોર્ટને કરવા માગું છું જે એ છે કે છઠા વાદીના ધણીયાણીને આ મુકદમામાં એક પક્ષકાર બનાવવા. હું કોઇ એ વીશે હાલ તકરાર રજુ કરવા માંગતો નથી અને તેમ કરી તમો નામદારના ચુકાદામાં ખલલ કરવાની મારી ધારણા નથી પણ જેમ બને તેમ ઉતાવળે આ અરજ કરી શકાય માટે મેં તે કરી છે.

નામદાર જજ મી૦ દાવર—હાલને તબકકે તમારી એ અરજ પ્રસંગોપાત થઇ પડશે નહીં. હાલમાં તો હું મારો ચુકાદો આગળ ચલાવું છું પણ ભરયે વખતે તમો એ ર

મી૦ લાઉંડસ—હાલ મારી અ .રજ સાંભળવી ઠીક થઇ પડશે.

નામદાર જજ મી૦ દાવર—નામદાર જજ મી૦ બીમનનો ચુકાદો સાંભળયા પછી તમો આ અરજ કરવાને વધારે સારી સ્થીતીમાં મુકાશો.

મી૦ લાઉંડસ—મેં એમ ધાર્યું કે આ વીશે જેમ બને તેમ જલદી અરજ કરવાનું વાજબી થઇ પડશે.

નામદાર જજ મી૦ દાવર—હું ત્યારે તમારા જણાવયા મુજબની નોંધ લઇશ. એ છતાં હું મારો ચુકાદો વાંચવાનું જારી કરું તે અગાઉ મારે ખુલાસા ખાતેર અને કોઇ પણ જાતની ગેરસમજુતી દુર કરવાને જણાવવું જોઇએ કે સુનાબાઇને વટલાવવાના સંબંધમાં મેં મારા ચુકાદામાં ટુકતેચીની કરતાં કાવાદાવા ચલાવવાનું જે જણાવયું તે કોઇ પણ રીતે વાદીઓના ધારાના હીમાયતીઓને લાગુ પડતી નથી. તેમજ તે મેં લાગુ પાડવાની ધારણા રાખી નથી.

એ પછી નામદાર જજે પોતાનો ચુકાદો આગળ વાંચવાનું પાછું જારી કર્યું હતું.

મી૦ લાઉંડસે કોરટને ફરીને કરેલી અરજ.

નામદાર જજ મી૦ બીમને સાંજે છ વાગતે પોતાનો ચુકાદો પુરો કરવા પછી વાદી તરફના ધારાના હેમાયતી મી૦ લાઉંડસે પોતાની બપોરની અરજ પાછી નવેસરથી કરી હતી.

મી૦ લાઉંડસ તમો નામદાર અરજની નોંધ લેશો ?

નામદાર જજ મી૦ દાવર—હું ર ચુકયો છું. મેં નીચે પ્રમાણે મારા દફ્ નોંધ લીધી છે:—

“ આજે અમોએ આ મુકદમા કાદો આપવાનું ઠરાવયું હતું અને તે માટે સહવારે અગયાર વાગતેથી ચુક ચવાનું શરૂ કીધું હતું. બપોરે ખાણું ખ ઉઠયા પછી વાદીના ધારાના હી મી૦ લાઉંડસે કોર્ટને અરજ કરી કે છઠા ધણીયાણીને આ દાવામાં પક્ષકાર

.રજ પાછળથી સાંભ

હું મારી અરજ વીશે હમણાં.. તકરાર કરવા માગું છું. હું તમો નામદારોને લાંબો વખત ખોટી ક રીશ નહીં.

નામદાર જજ મી० હાવર—હું ધારૂં છું મી० લાઈનડશ કે તમારે આ વીશે અમો ને આગળથી નોટીસ આપવી હતી.

મી० ગ્રીંગમેન—તમો નામદારોનો મુ કાદો વાંચવાને અમોને થોડા દીવસનો વખ ત આપો તો સારૂં; અમોને આંકામાં આશા ચાર પાંચ દીવસ જોઈશે.

મી० લાઈનડશ—પણ હું મુકાદા વીશે ત કરાર કરવાનો નથી.

નામદાર જજ—આપણે આવતે અઠવ ડીએ આ વીશે તકરાર કરીશું. તમો વડા જજ ને રીતસરની એ વીશે નોટીસ આપજો અને તે બેંચ મુકરર કરશે.

આ પછી કોરટ ઉઠી હતી.